કિશોરભારતી ગ્રંથમાલા ૩

# દેશ દેશની ધર્મકથાઓ

રમણલાલ સોની

પ્રયોજક
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
અમદાવાદ-૬

સોમૈયા પબ્લિકેશન્સ પ્રા લિ.,
મુંબઈ-૧૪

© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬


## તંત્રી મંડળ

શ્રી. ઈશ્વરભાઈ પટેલ

ડૉ. છોટુભાઈ સુથાર
શ્રી. નગીનદાસ પારેખ
શ્રી. વિજયગુપ્ત મૌર્ય
ડૉ. પી. સી. વૈદ્ય
શ્રી. બચુભાઈ રાવત
શ્રી. બંસીલાલ ગાંધી
શ્રી. મોહનભાઈ પટેલ
શ્રી. મનહરલાલ વોરા
શ્રી. રમણલાલ સોની
શ્રી. રમેશભાઈ ભટ્ટ



યોજનાદાન

હરિ ૐ આશ્રમ, નડિયાદ, પ્રેરિત
શ્રી માણેકલાલ ચૂનીલાલ કાંટાવાળા સ્મારક ગ્રંથમાળા



સંપાદકો

શ્રી. ઈશ્વરભાઈ પટેલ ● શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

ચિત્રકાર : શ્રી રજની વ્યાસ



કિ. રૂ. ૧૦.૦૦

મુદ્રક :
કૃ. રા. સામંત
ધી બુક સેંટર પ્રા. લિ.
૧૦૩ (એ), રોડ નં. ૬,
સાયન (પૂર્વ) મુંબઈ–૨૨.

પ્રકાશક :
કૃ. રા. સામંત
સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ.
૧૭૨, નાયગાવ ક્રોસ લેન,
મુંબઈ–૧૪.

# નિવેદન

નવી પેઢીને સર્વતોમુખી કેળવણીની સંકલ્પના સાકાર કરવી હોય એની જ્ઞાનવિજ્ઞાનની ક્ષિતિજોને, જ્ઞાનનાં સ્ફોટના હિસાબે વિચારવી હોય, એના વાચન રસને દૃઢ કરવો હોય, એની જ્ઞાન પિપાસાને સતત જાગ્રત રાખવી હોય તો એને સુયોગ્ય વાચન સામગ્રી યોગ્ય ઉંમરે પૂરી પાડવી જોઇએ. કોઇ પણ જુવાનના ઘડતરનો સર્વોત્તમ કાળ એની કિશોરાવસ્થા છે. દેહ અને આત્મમાં નવા ચેતનનો સંચાર થાય ત્યારે જ એ તે ચેતનાને જાગૃત રાખે અને સ્થિર કરે તેવું વાચન પુરું પાડ્યું હોય તો યુનિવર્સિટી શિક્ષણના કાળે આવી વિદ્યાના પ્રાદુર્ભાવનો પૂરો સંભવ રહે.

કિશોરોની વાચનભૂખ સંતોષવા એમની જ્ઞાનપિપાસાને ઉત્તેજવા અને ગુજરાતી તથા અન્ય ભારતીય ભાષાઓના કિશોર સાહિત્યને સમૃદ્ધ કરવા હરિ ૐ આશ્રમવાળા પૂજ્ય મોટાશ્રીએ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય ને રૂા. ૨,૦૦,૦૦૦/-નું દાન આપ્યું. આ શ્રેણીનો જન્મ એમાંથી થયો છે. એટલે એના પાયાનું શ્રેય હરિ ૐ આશ્રમને, એમને દાન આપનાર એમની ભકત પ્રશંસક મંડળીને ઘટે છે.

બોર્ડે દાનનો સ્વીકાર કર્યો અને કિશોરોના વિકાસમાં રસ લેતા વિદ્વાનો પાસે યોજના ને સહકારની વિનંતિ રજૂ કરી તો એ સૌએ ઉમંગભેર આવકારી, તંત્રીમંડળના સભ્યોએ પોતાના સમય અને જ્ઞાન તથા સૂઝનું યોગ્ય દાન આપી યોજનાને આકાર આપ્યો અને વીસ ગ્રંથોની શ્રેણી આયોજિત કરી. આ શ્રેણી એ સૌનું માનસ સંતાન છે.

શ્રેણીનું સદ્ભાગ્ય રહ્યું છે કે પોતપોતાના ક્ષેત્રમાં લબ્ધપ્રતિષ્ઠિત એવા વિદ્વાનોએ કિશોરો માટેની રોચક શૈલીમાં આ ગ્રંથો લખી આપવાનું સ્વીકાર્યું. ઘણા ટૂંકા ગાળામાં અમે પ્રકાશન હાથ ધરી શકયા. આ શકય બન્યું તેમાં 'જ્ઞાન ગંગોત્રી'ના અનુભવનું પીઠબળ ઘણું ખપમાં લાગ્યું છે, તેનો એકરાર કરવો જોઇએ.

કિશોરો માટેની આ શ્રેણી સ્વાભાવિક રીતે ચિત્રાત્મક અને દશ્ય રીતે શૈક્ષણિક હોવી ઘટે. ગુજરાતી એકલામાં આ કરવા જઇએ તો મોઘું પડવા સંભવ રહે. બીજી ભાષાઓમાં એને એકી સાથે રજુ કરવાની બોર્ડની મર્યાદાનો સ્વીકાર કરી અમે મુંબઇની સુપ્રસિદ્ધ પ્રકાશન સંસ્થા શ્રી. સોમૈયા પબ્લિકેશન્સ્નો સંપર્ક સાધ્યો. શ્રી. સોમૈયા પ્રકાશન ગૃહ એ સુપ્રસિદ્ધ ઉદ્યોગોનું ટ્રસ્ટ-સાહસ છે. એમનો પ્રમુખ આશય સુપ્રકાશન દ્વારા જનસેવા છે, એટલે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અને સોમૈયા વચ્ચે સમજૂતીનો સેતુ રચાયો, જેના પરિણામે સંયોજક તરીકે બોર્ડ ગુજરાતીમાં હસ્તપ્રત તૈયાર કરી આપશે અને સોમૈયા પ્રકાશન એને ગુજરાતીમાં ને અંગ્રેજી સહિત અન્ય ભારતીય ભાષાઓમાં પ્રકાશિત કરશે. આ શકય બનાવવામાં શ્રી. શાંતિલાલ સોમૈયા, શ્રી. સામંત, શ્રી. મુરલી ઠાકુર અને શ્રી. વર્તીએ જે અંગત રસ લીધો છે, તે બદલ આભાર માનું છું.

શ્રી રમણલાલ સોની જેવા લબ્ધપ્રતિષ્ઠિત લેખકની કલમે લખાયેલી 'દેશ દેશની ધર્મકથાઓ' નું આ પુસ્તક 'કિશોરભારતી'-ની શ્રેણીમાં વાચકો સમક્ષ રજૂ કરતાં સ્વાભાવિક આનંદ થાય છે. માનવીના ધર્મોમાં એના ઉપદેશોમાં જે સત્યની એકરૂપતા છે અને જે સર્વધર્મ સમભાવની બુનિયાદ છે તે આ કથાઓ દ્વારા સમુચિત રીતે પ્રગટ થાય છે તે વિશેષ આનંદની વાત છે. કિશોરના મન પર વિશ્વબંધુત્વના આ ખ્યાલની અસર આ ઉંમરે ઊઠે તો એ અતિ કલ્યાણકારી નીવડે એ આ ગ્રંથની રચના પાછળનો હેતુ છે.

તંત્રીમંડળના સભ્યો તથા સહસંપાદક શ્રી. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે વિદ્યાના ઉત્તમ પ્રેમથી પ્રેરાઇ આ ગ્રંથને તૈયાર કરવામાં જે સહાય કરી છે તે બદલ તેમનો અને મંડળના સેવકગણનો સાભાર ઉલ્લેખ કરતાં આનંદ અનુભવું છું.

અંતમાં પુન: હરિ ૐ આશ્રમ અને પૂજ્ય મોટાનો આ જ્ઞાન-સ્રોત વહેવડાવવા બદલ ભારતની કિશોર પેઢી વતી આભાર માનું છું.

**યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,**
**ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૬.**

**ઈશ્વરભાઈ પટેલ**
અધ્યક્ષ

# અનુક્રમણિકા



૧. દદદ ........ ૧
૨. કોણ શ્રેષ્ઠ? ........ ૪
૩. ઋષ્ય શૃંગ ........ ૭
૪. તલવારવાળો તપસ્વી ........ ૧૦
૫. કૂતરાની ફરિયાદ ........ ૧૨
૬. ધર્મ વ્યાધ ........ ૧૪
૭. સાવિત્રી સત્યવાન ........ ૧૭
૮. ધર્મ યુદ્ધ ........ ૨૧
૯. સોનાનો નોળિયો ........ ૨૪
૧૦. દધીચિ ........ ૨૬
૧૧. રંતિદેવ ........ ૨૮
૧૨. સૌથી મોટો કોણ? ........ ૩૦
૧૩. દત્તાત્રેય ........ ૩૨
૧૪. બૌધ ધર્મકથા ........ ૩૪
૧૫. મિગારમાતા વિશાખા ........ ૪૦
૧૬. સુવર્ણ મૃગ ........ ૪૩
૧૭. રાજાનું સ્વપ્ન ........ ૪૬
૧૮. મોટો કોણ? ........ ૪૯
૧૯. મૂંગો મધ ........ ૫૧
૨૦. મેઘ કુમાર ........ ૫૫
૨૧. શાલિભદ્ર ........ ૬૨
૨૨. બેઉ એક જ હેડમાં ........ ૬૨
૨૩. ચોર મટી ભિક્ષુ થયો ........ ૬૪
૨૪. હજરત મોહંમદ પેગંબર ........ ૬૬
૨૫. ખ્રિસ્તી ધર્મકથા ........ ૭૭
૨૬. નેકીનો ચાહક ........ ૮૩
૨૭. ગરીબનું પુણ્ય ........ ૮૫
૨૮. મનુષ્ય સામે પશુપંખીની ફરિયાદ ........ ૮૭
૨૯. લાઓત્ઝે અને તાઓ - ધર્મકથા ........ ૯૦
૩૦. કોન્ફ્યુશિયસની ધર્મકથા ........ ૯૧
૩૧. જ્ઞાનવૃક્ષનું ફળ ........ ૧૦૦
૩૨. રેબેકા ........ ૧૦૨
૩૩. સુલેમાનનો ન્યાય ........ ૧૦૪
૩૪. હજરત મૂસા ........ ૧૦૬

૧

૬૬૬

દેવ, મનુષ્ય અને અસુર—ત્રણેને બ્રહ્માએ પેદા કર્યા છે. એટલે ત્રણે થયા ભાઈભાઈ. —બ્રહ્મા સૌના પિતા—પ્રજાપતિ.

ત્રણે ભાઈઓ મોટા થયા, એટલે તેમણે વિદ્યા પ્રાપ્ત કરવાનો વિચાર કર્યો, પણ વિદ્યા પ્રાપ્ત કરવા ક્યાં જવું ? ક્યા ગુરુની પાસે




જવું? વિચાર કર્યો કે સૌથી મોટા પ્રજાપતિ? એમના જેવા ગુરુ બીજે ક્યાં મળવાના. એટલે ત્રણે પ્રજાપતિ બ્રહ્માની પાસે ગયા, ને તેમના શિષ્ય બની, બ્રહ્મચર્યવ્રત ધારણ કરી, તેમની સેવા કરવા લાગ્યા. આમ ઘણાં વર્ષ વીતી ગયાં.

ગુરુસેવા અને પરિચર્યાથી તથા બ્રહ્મચર્યના પાલનથી તેમનાં ચિત્ત હવે વિદ્યા મેળવવા માટે લાયક બની ગયાં હતાં. તેમણે હવે વિદ્યાદાન માટે ગુરુને વિનંતિ કરવાનો વિચાર કર્યો.

પહેલા તૈયાર થયા દેવો. પ્રજાપતિની પાસે જઇ પ્રણામ કરી તેમણે કહ્યું : 'ભગવાન, અમને ઉપદેશ કરો !'

પ્રજાપતિએ મુખેથી માત્ર એક જ ઉચ્ચાર કર્યો : 'દ !'



દેવો ખુશ થઈ ચાલવા માંડયા. ત્યારે પ્રજાપતિએ તેમને પાછા બોલાવીને પૂછ્યું ; 'કાં, મેં કહ્યું તે તમે સમજ્યા ?'

દેવોએ તરત જવાબ દીધો. 'હા, અમે સમજી ગયા.'

'તો કહો, શું સમજ્યા ?'

દેવોએ કહ્યું : "આપે કહ્યું : 'दाम्यत' ! એટલે કે દમન કરો, દમન કરો, અમે બહુ લહેરી અને એશઆરામી છીએ ખરા-ને, એટલે આપ અમને દમન કરવાનું, મન અને ઇંદ્રિયો ઉપર કાબૂ રાખવાનું કહો છો."

આ સાંભળી પ્રજાપતિએ ખુશ થઈ કહ્યું : 'બરાબર છે, તમે ખરું સમજ્યા છો ! તમારી તપસ્યા ફળી છે.'

એ પછી મનુષ્યોએ આવીને પ્રજાપતિના ચરણમાં પ્રણામ કર્યા, ને પ્રાર્થના કરી : 'ભગવાન , અમને ઉપદેશ કરો !'

એમને પણ પ્રજાપતિએ માત્ર આટલું કહ્યું : 'द !'

આ સાંભળી મનુષ્યો ખુશ થઈ ચાલવા માંડયા. એટલે પ્રજા-પતિએ તેમને પાછા બોલાવી પૂછ્યું: 'કાં, મેં કહ્યું તે તમે સમજ્યા?'

મનુષ્યોએ તરત જ જવાબ વાળ્યો. 'હા, અમે સમજી ગયા.'

'તો શું સમજ્યા, કહો.'

મનુષ્યોએ કહ્યું : 'આપે કહ્યું द અર્થાત્ दत्त । એટલે કે દાન કરો, દાન કરો ! અમે બહુ લોભી છીએ ખરાને, એટલે આપ અમને દાન કરવાનું કહો છો !'

આ સાંભળી પ્રજાપતિએ ખુશ થઈ કહ્યું, 'બરાબર છે, તમે ખરું સમજ્યા છો ! તમારી તપસ્યા ફળી છે.'

એ પછી અસુરોએ આવી પ્રજાપતિને પ્રણામ કર્યા, ને પ્રાર્થના કરી : 'ભગવન્, અમને ઉપદેશ કરો.'

એમને પણ પ્રજાપતિએ માત્ર એ એક જ અક્ષર કહ્યો : 'द !'

ઉપદેશ સાંભળી ખુશ થઈ અસુરોએ ચાલવા માંડયું. એ જોઈ પ્રજાપતિએ એમને પાછા બોલાવી કહ્યું : 'કાં, મેં કહ્યું તે તમે સમ-જ્યા ?'

અસુરોએ તરત જ જવાબ વાળ્યો : 'હા, અમે સમજી ગયા.'

'તો શું સમજ્યા એ કહો !'

અસુરોએ કહ્યું ! 'આપે કહ્યું : द અર્થાત્ दयध्वम् ! એટલે કે દયા કરો, દયા કરો ! અમે બહુ ક્રૂર છીએ, હિંસક પ્રકૃતિના છીએ ખરાને, એટલે આપ અમને દયા કરવાનું કહો છો !'

આ સાંભળી પ્રજાપતિએ ખુશ થઈ કહ્યું : 'બરાબર છે, તમે ખરું સમજ્યા છો ! તમારી તપસ્યા ફળી છે.'

આટલું કહ્યા પછી ઉપનિષદના ઋષિ કહે છે: આજે પણ પ્રજા-પતિનો આ ઉપદેશ આપણને સંભળાય છે. આજે પણ આકાશમાં જ્યારે વાદળાં ગડૂડે છે, ત્યારે ત્યારે એમાં પ્રજાપતિની આ વાણીનો જ ઘોષ સંભળાય છે. -'द !, द !,-द !. 'दाम्यत ! दत्त ! दय-ध्वम् ।—દમન કરો, દાન કરો, દયા કરો, ! માટે ભાઈ, આ ત્રણ વાનાં તું સીખ—દમ, દાન અને દયા.—तदेतत् त्रयं शिक्षेत्, दमम् दानम् दयाम् इति ।'

આપણા પિતામહ પ્રજાપતિનો આ ઉપદેશ છે.

[ 'બૃહદારણ્યક ઉપનિષદ'માંથી ]

૨

# કોણ શ્રેષ્ઠ?

એકવાર પ્રાણ, મન, વાણી, ચક્ષુ અને કાન વચ્ચે તકરાર થઇ. દરેક જણ કહે કે હું બધાંમાં શ્રેષ્ઠ છું, અને મને જ સૌએ માન આપવું જોઇએ, અને મારો જ સૌએ જયઘોષ કરવો જોઇએ. ઝઘડો બહુ લાંબો ચાલ્યો, પણ કોઇથી એક નિર્ણય પર આવી શકાયું નહિ, ત્યારે સૌએ વિચાર કર્યો કે પ્રજાપતિ દેવ આપણા પિતા છે; આપણે તેમની જ પાસે જઇએ ને ન્યાય કરાવીએ! તેઓ તો બધું જાણે ખરાને!

વાત પણ ખરી. પ્રજાપતિ દેવ બધું જાણે—કોણ મોટું ને કોણ છોટું તેની તેમને ખબર! કોની કેટલી કિંમત તે તેમનાથી અજાણ્યું નહિ. પરંતુ બાપને મન તો બધાંયે છોકરાં સરખાં! કોને શ્રેષ્ઠ કહે ને કોને કનિષ્ઠ કહે? કોઇ એકને શ્રેષ્ઠ કહે તો બીજાને ખોટું લાગે! એટલે પાંચે જણાં જયારે પ્રજાપતિની સામે આવી ઊભાં ને બોલ્યાં: 'પિતાજી, અમારામાં સૌથી મોટું કોણ તે કહો.' ત્યારે પ્રજાપતિએ કહ્યું. 'કોણ મોટું તેની તમારી જ મેળે પરીક્ષા કરી જુઓને, ભાઇ!'

'પણ, પિતાજી, પરીક્ષા કરતાં અમને કેમ આવડે?' વાણી, ચક્ષુ વગેરેએ કહ્યું.

'એ હું શિખવાડું! જુઓ, જેના વગર ચાલે જ નહિ તે સૌથી મોટું! જાઓ, હવે એકેએકે બધાંની પરીક્ષા કરી જુઓ.'

વાણી, ચક્ષુ, કાન, મન, પ્રાણ બધાંને આ વાત ગમી. સૌએ એ પરીક્ષામાં બેસવાનું કબૂલ કર્યું.

ત્યાં તો વાણી આગળ ધસી આવી બોલી: 'એક શું, સાત વાર પરીક્ષા લોને, હું જ શ્રેષ્ઠ ઠરવાની! મારા વગર કોઇ ચીજનો, કશાનો કશો અર્થ નથી. જે અર્થ છે, સંપત્તિ છે તે કેવળ મારામાં વસે છે. તેથી તો હું 'વસિષ્ઠ' કહેવાઉં છું. હું શ્રેષ્ઠ છું તે છું જ. મારા વગર કોઇનેયે નથી ચાલતું, અને તમનેયે નથી ચાલવાનું!'

આમ કહી એણે શરીર છોડી ચાલવા માંડયું. જતાં જતાં એ કહેતી ગઇ: 'હું જાઉં છું, મારા વગર હવે તમારી કેવી દશા થાય છે એ જોજો. મારા પગમાં પડી માફી માગી મને બોલાવવા ન આવો ત્યાં લગી હવે હું પાછી આવવાની નથી!'

વાણી શરીર છોડી ચાલી ગઇ. વાણી વગર શરીરનું બોલવાનું બંધ થઇ ગયું, પણ બીજું કામ તો જેમ ચાલતું હતું તેમ ચાલતું રહ્યું. બોબડો માણસ કંઇ મરી જતો નથી.

વાણી રાહ જોઇ રહી કે હમણાં મને બધાં કરગરવા આવશે ને કહેશે, 'રાણીજી, પધારો!' પણ દિવસો વીત્યા, મહિના વીત્યા, ને આખું વરસ વીતી ગયું, તોય કોઇએ તેને બોલાવી નહિ. ત્યારે થાકીને એ પોતે જ પાછી આવી. શરીરને તાજુંમાજું જોઇ એને બહુ નવાઇ લાગી. એણે પૂછયું. 'અરે, આટલો બધો વખત મારા વગર તમારું કેમ ચાલ્યું?'

પ્રાણ, મન, ચક્ષુ અને કાને જવાબ દીધો: 'બહુ મજેથી ચાલ્યું! દુનિયામાં અસંખ્ય મૂંગાં પ્રાણીઓ જીવે જ છે ને! આંખ જુએ, કાન સાંભળે, મન વિચાર કરે, પ્રાણ શ્વાસ લે—શરીર ખાઇપીને લહેર કરે! અમને શું દુ:ખ હતું, બાઇ?'

વાણીનો ગર્વ ઊતરી ગયો.

હવે ચક્ષુએ કહ્યું: 'એ લૂલી તો હતી જ એવી! રોજ એ મારી જોડે બાઝતી, પણ હું જાણું ને કે એનામાં કંઇ માલ નથી! પણ હવે જોઇ લેજો બંદાનો સપાટો! તમારે જખ મારીને કબૂલ કરવું પડશે કે હું શ્રેષ્ઠ છું. કારણકે મારા વગર બધું અંધારું! મારા વગર સૌ આંધળા ભીંત! હું દેખું છું ત્યારે જ શરીર હરીફરી શકે છે, મારે લીધે જ તે સ્થિર રહી શકે છે. નહિ તો બધું ધબ, ને પડે નીચે! તેથી તો ઋષિમુનિઓ મને 'પ્રતિષ્ઠા' કહે છે. હું ગઇ એટલે તમારી પ્રતિષ્ઠા ગઇ સમજો! માટે વહેલા વહેલા મને મનાવવા આવજો, નહિ તો બધાં અંધારે અંધારે અટવાશો ને નાશ પામશો!'

આમ કહી ચક્ષુએ શરીરનો ત્યાગ કર્યો. રોજ એ વાટ જુએ કે હમણાં મને બધાં પગે પડતાં આવશે, પણ દિવસો વીત્યા, મહિના વીત્યા, ને આખું વરસ વીતી ગયું, તોયે કોઇ આવ્યું નહિ. હવે તેનાથી રહેવાયું નહિ. તેને થયું કે મારા વગર શરીરની કેવી દશા છે તે જરી જોઉં તો ખરી. એટલે એ ગુપચુપ પાછું ફર્યું. તેણે મન વગેરેને પૂછયું. મારા વગર તમે કેવી રીતે રહી શકયાં? મેં તો ધાર્યું કે તમે બધાં કયારનાંયે મરી પરવાર્યાં હશો!'

મન વગેરેએ જવાબ દીધો: 'મરેને તું! અમે તો લહેરથી જીવ્યાં, ને મજા કરી! તારા વગર અહીં શું અટકી પડયું હતું તે! દુનિયામાં અસંખ્ય આંધળાં પ્રાણીઓ જીવે જ છે તો! અમે કાન વડે સાંભળતાં, મન વડે વિચાર કરતાં, પ્રાણ વડે શ્વાસ લેતાં ને વાણી વડે બોલતાં! અમને શું દુ:ખ હતું, બાઇ?' બોલતાં બોલતાં બધાં ચક્ષુની સામે જોઇ હસ્યાં.

બીજે કોઇ વખત હોત તો પોતાને 'બાઇ' કહેવા બદલ ચક્ષુ

ઝઘડો કરત, પણ આજે એનો ગર્વ ઊતરી ગયો હતો. એનાથી કંઇ જ બોલાયું નહિ !

ચક્ષુની હાર થયેલી જોઇ તેના પડોશી કાનને બહુ આનંદ થયો. તેણે મનમાં કહ્યું : 'બસ, હવે મારો વિજય નિશ્ચિત છે. માણસે બીવાનું હોય તો કેવળ પોતાના પડોશીથી જ હોય છે !'

પછી તેણે મન વગેરેને કહ્યું: 'કહું છું, મારો વિજય કબૂલ કરો, નહિ તો, બધાં પાછળથી પસ્તાશો ! વિદ્યા એ જ ખરી સંપદ છે, અને મારી કૃપા વગર એ સંપદ કોઇ ગ્રહણ કરી શકતું નથી. તેથી તો ઋષિમુનિઓ મને 'સંપદ' કહે છે. બોલો, મારી શ્રેષ્ઠતા કબૂલ કરો છો કે હું —'

કાન જવાબની રાહ જોઇ રહ્યા, પણ કોઇએ જવાબ દીધો નહિ. ત્યારે તેણે ગુસ્સો કરી કહ્યું: 'હું જાઉં છું ! એ વગર તમારામાં અકકલ નહિ આવે !'

કાને શરીરનો ત્યાગ કર્યો. વરસ દહાડો બહાર ફર્યા પછી પોતાની લાંબી ગેરહાજરીથી શરીરમાં કશોએ ફરક પડયો નથી એ જોઇ એને નવાઇ લાગી. તેને મનમાં ધ્રાસકો પડયો: હેં, તો શું હું શ્રેષ્ઠ નથી ?

તેણે બીતાં બીતાં કહ્યું : 'અરે, તમે લોકો જીવ્યાં કેવી રીતે ?'

મન વગેરેએ જવાબ દીધો: 'અમે તો લહેરથી જીવ્યાં, ને મજા કરી ! તારા વગર અહીં શું અટકી પડયું હતું તે ! ખાલી કોલાહલ સાંભળવો મટયો ! નિંદાકૂથલી સાંભળવી મટી ! અમે મન વડે વિચાર કરતાં, પ્રાણ વડે શ્વાસ લેતાં, વાણી વડે બોલતાં ને ચક્ષુ વડે દેખતાં ! અમને શું દુઃખ હતું, માડી ?'

આ સાંભળી કાનનો ગર્વ ઊતરી ગયો.

હવે મનનો વારો આવ્યો. તેને ખાતરી હતી કે હું જ સર્વ શ્રેષ્ઠ છું. હું બધી ઇન્દ્રિયોનો રાજા છું. હું બધાંનો આશ્રય છું, એટલે તો ઋષિમુનિઓ મને 'આયતન' કહે છે. મારા વગર આ આંખ, કાન, વાણી, પ્રાણ બધાં એવાં રોશે, એવાં રોશે કે એમના પર દયા કરી મારે પાછું આવવું પડશે ! મારો દયાનો જીવ ખરોને !'

આમ વિચાર કરી મન શરીર છોડી ચાલી ગયું : ચાલી ગયું ને રોજ રાહ જોઇ રહ્યું કે હમણાં મને કોઇ બોલાવવા આવશે, પણ દિવસો પર દિવસો વીત્યા, મહિના વીત્યા, ને આખું વરસ વીતી ગયું, છતાં ન કોઇ એને બોલાવવા આવ્યું, ને ન કોઇએ એને કદીએ યાદ કર્યું. ત્યારે થાકીને એ પાછું આવ્યું ને બોલ્યું: 'અરે, મારા વગર તમે જીવ્યાં કેવી રીતે ?'

ચક્ષુ, કાન, વાણી બધાં એક સાથે બોલી ઊઠયાં: 'જીવ્યાં—તારા વગર અમે બધાં મજાથી જીવ્યાં ! નાનાં બાળકોની પેઠે જ તો ! બાળકોનું જીવન કેવું મધુર હોય છે, કેવું સુખમય હોય છે ! નહિ કોઇ ચિંતા, નહિ કોઇ દુઃખ !—વાણી વડે બોલતાં, ચક્ષુ વડે દેખતાં, કાન વડે સાંભળતાં, પ્રાણ વડે શ્વાસ લેતાં ! અમને શું દુઃખ હતું, ભાઇ ?'

મન તો આ સાંભળીને એવું શરમાઇ ગયું કે એનું માથું નીચું ઢળી ગયું, એના અભિમાનના ચૂરા થઇ ગયા. પરંતુ કોણ શ્રેષ્ઠ તે હજી નકકી થયું નહિ. પ્રાણને તો કોઇ હિસાબમાં જ ગણતું નહોતું. બધાં કહે: 'એ કરે છે શું તે !'

પરંતુ હવે એના સિવાય કોઇ બાકી નહોતું. એટલે બધાંએ એની સામે જોયું. તોયે પ્રાણ મહાશય તો ચૂપચાપ બેસી રહ્યા. ત્યારે બધાંએ તેને ગોદાવીને કહ્યુ: 'કેમ રે, બતાવને હવે તારું શ્રેષ્ઠત્વ ! અમે જોઇએ તો ખરાં કે તું કેટલામાં છે !'

પ્રાણે કહ્યું: 'શું એ જોવું બાકી છે ? તમે ચારે નાપાસ થયાં, એટલે હું આપોઆપ શ્રેષ્ઠ ઠર્યો કે નહિ ?'

બધાંએ કહ્યું: 'વાહ, એમ કરીને તારે છટકી જવું છે, કાં ? તો કબૂલ કરી લે, કે તારામાં કંઇ માલ નથી. અમે તો જાણીએ જ છીએ કે તું આળસુનો પીર છે—કામ કશું કરતો નથી, ખાલી રૂવાબ કરે છે !'

પ્રાણે કહ્યું : 'ઠીક, તમે કહો છો તો હું શરીર છોડીને જાઉં છું!'

બધાંએ કહ્યું : 'જા, કાલ જતો હો તો આજ જા, અબઘડી જા !'

'જાઉંછું—'

'જા—'

ત્યાં તો પ્રાણે શરીરમાંથી નીકળવા જોર કર્યું. ઘોડો નાસી છૂટવા માટે જોર કરી જેમ ખીલાને જમીનમાંથી ઉખાડી નાખે, તેમ મન અને ઇન્દ્રિયોને મૂળમાંથી ઉખાડી નાખી પ્રાણે શરીરમાંથી નીકળવા જોર કર્યું. મન, કાન, ચક્ષુ અને વાણીને એકદમ એવો તો આંચકો લાગ્યો કે એમનાં અંગે અંગમાં ભયની ધ્રૂજારી વ્યાપી ગઇ. બધાં એક સાથે ચીસ પાડી ઊઠયાં: 'બાપરે અમને કોઇ હણે છે ! અમને કોઇ ઉથલાવી પાડે છે !'

પ્રાણે કહ્યું : 'ઉંહું, તમને કશું નથી થતું—એ તો હું શરીર છોડીને જાઉ છું. તમે તમારે શાંતિથી રહો, ને આનંદ કરો !'

આમ કહી એણે શરીરમાંથી નીકળવા ફરી જોર કર્યું. ફરી બધાં ચીસ પાડી ઊઠયાં : 'બાપરે, અમને બચાવો ! હે પ્રાણ, તું શરીર છોડી જઇશ નહિ ! તું જેમ છે તેમ જ રહે, મારા બાપ ! તું જીત્યો, અમે હાર્યાં !'

પ્રાણ કહે : 'હવે ઓળખ્યો મને ?'

સૌએ કહ્યું ; 'હા, ઓળખ્યો ! તું અમારો રાજા છે ; તારા જીવનમાં અમારું જીવન છે, તારી પુષ્ટિમાં અમારી પુષ્ટિ છે ! તું છે તો અમે છીએ ! મધમાખોની રાણી ઊડે તો મધપૂડાની બધીયે માખીઓ ઊડે છે અને રાણી બેસે તો બધીયે માખીઓ પાછી મધપૂડામાં બેસે છે તેમ અમે પણ તારી સાથે જ શરીરમાં આવીએ છીએ, ને તારી સાથે જ શરીર છોડી જઇએ છીએ !'

પ્રાણે કહ્યું : 'હવે ઓળખ્યો મને ?'

સૌએ કહ્યું: 'હા, ઓળખ્યો ! હે પ્રાણ, તું અગ્નિ છે, તું તેજ છે, તું પ્રજાપતિ છે. અમે તારી પ્રજા છીએ, તારે લીધે જ અમે જીવીએ છીએ.'

પ્રાણે કહ્યું : 'હવે ઓળખ્યો મને ?'

બધાંએ કહ્યું : 'હા, ઓળખ્યો ! હે પ્રાણ, તું અમારી માતા છે.

માતા જેમ બાળકોનું રક્ષણ કરે તેમ તું અમારું રક્ષણ કર !'

પછી પ્રાણે કહ્યું : 'વાણી, તું તો વસિષ્ઠ છે ને ?'

વાણીએ કહ્યું : 'હે પ્રાણ, હું વસિષ્ઠ, તો તુંયે વસિષ્ઠ ! મારી શકિત એ તારી જ શકિત છે. પ્રાણનો જય હો !'


પછી તો ચક્ષુએ કહ્યું: 'હે પ્રાણ, મારી શકિત પણ તારી જ શકિત છે. હું 'પ્રતિષ્ઠા,' તો તું પણ પ્રતિષ્ઠા ! પ્રાણનો જય હો !'

કાને કહ્યું: 'હે પ્રાણ, મારી શકિત પણ તારી જ શકિત છે! હું 'સંપદ', તો તું પણ સંપદ. પ્રાણનો જય હો !'

છેલ્લે મન બોલ્યું : ! 'હે પ્રાણ, મારી શકિત પણ તારી જ શકિત છે. હું 'આયતન', તો તું પણ આયતન ! પ્રાણનો જય હો !'

આમ સૌએ પ્રાણનો જયઘોષ કર્યો.

['છાંદોગ્ય અને બૃહદારણ્યક'—ઉપનિષદમાંથી]




# ૩

# ઋષ્ય શૃંગ

રોમપાદ કરીને એક રાજા હતો. તેના રાજ્યમાં એકવાર ભયંકર દુકાળ પડયો, ને પશુપંખીઓ તથા માણસો કમોતે મરવા લાગ્યાં. રૈયતને પીડાતી જોઇ રાજા બહુ દુ:ખી થયો. તેણે બ્રાહ્મણોને બોલાવી આનો ઉપાય પૂછયો.

બ્રાહ્મણોએ કહ્યું, 'મહારાજ, રાજાના દોષે જ પ્રજા દુ:ખી થાય છે. તમારા હાથે સાધુસંતોનો જોઇએ તેવો સત્કાર થયો નથી. તેથી તમારી રાજ્યભૂમિ દૂષિત બની છે. હવે જો કોઇ મહાન સંતનાં આ ભૂમિ પર પગલાં થાય તો વરસાદ વરસે ને પ્રજા મોતના મુખમાંથી બચે !'

રાજાએ એવા સંતનું નામ પૂછયું, ત્યારે બ્રાહ્મણોએ કહ્યું, 'એવા



સંત એક ઋષ્યશૃંગ છે. તેઓ વનમાં તેમના પિતાની સાથે રહે છે, ને રાતદિવસ તપસ્યામાં ને સ્વાધ્યાયમાં મગ્ન રહે છે.'

રાજાએ કહ્યું, 'તો તમે જઇને એમને તેડી લાવો.'

બ્રાહ્મણોએ કહ્યું, 'ઋષ્યશૃંગે કદી વનની બહાર પગ મૂકયો નથી. તેમણે ગામ નથી જોયું, સીમ નથી જોઇ, હાથી નથી જોયો, ઘોડો નથી જોયો, કૂકડો કે મોર નથી જોયો – આશ્રમવાસી એવા બીજા કોઇ પુરુષને નથી જોયો, સ્ત્રીનું તો નામે નથી સાંભળ્યું. એવા મહાત્માની પાસે જતાં અમને ડર લાગે છે. એમના પિતા અમને શાપ દઇ બાળીને ભસ્મ કરી નાખે!'

'તો શું કરીશું?' રાજાએ પૂછ્યું.

બ્રાહ્મણોએ વિચાર કરી કહ્યું કે એક ઉપાય છે. ઋષ્યશૃંગે કદી સ્ત્રીનું મોં નથી જોયું. કદી સંગીત નથી સાંભળ્યું, તેમ કદી નૃત્ય પણ નથી જોયું. તેથી જો નાચ ગાન કરનારી સ્ત્રીઓને મોકલીએ તો એમને જોઇ ઋષ્યશૃંગ કદાચ અહીં ખેંચાઇ આવશે. એમના પિતા પણ એ સ્ત્રીઓને શાપ દઇ શકશે નહિ, કારણકે નાચગાન એ એમનો ધંધો છે.'

રાજાએ કહ્યું, 'ભલે, તો એ સ્ત્રીઓને બધી વાત કરો!'


બ્રાહ્મણોએ અરરર કરી કાને હાથ દીધા: 'મહારાજ, અમે બ્રાહ્મણો છીએ. અમારાથી એ સ્ત્રીઓની સાથે વાત ન કરાય!'

ત્યારે રાજાએ મંત્રીઓને એ કામ સોંપ્યું, અને મંત્રીઓએ એની ગોઠવણ કરી.

નૃત્યાંગનાઓ વનમાં ગઇ, ઋષ્યશૃંગના આશ્રમ પાસે ગઇ, પણ આશ્રમમાં પગ દેવાની એમની હિંમત ચાલી નહિ. આમ ઘણા દિવસ વીતી ગયા. એવામાં એક વખત ઋષ્યશૃંગના પિતાને કંઇ કામે બહાર જવાનું થયું. ઋષ્યશૃંગ આશ્રમમાં એકલા પડયા. એ તકનો લાભ લઇ નૃત્યાંગનાઓએ પોતાનું મધુર સંગીત શરુ કરી દીધું. સંગીતના મીઠા સૂરો ઋષ્યશૃંગના કાને અથડાયા. એ ચમકયા. આશું? આટલું બધું મધુર આ શું છે? અવાજની દિશાએ તેઓ આગળ વધ્યા. ગાનની મધુરતા વધતી જતી હતી. છેવટે તેમણે તે સ્ત્રીઓને જોઇ. જિંદગીમાં આ પહેલી જ વાર તેમણે સ્ત્રીનું મોં જોયું. જોતાં જ એ આભા બની ગયા. આ કોણ પ્રાણીઓ હશે? એમના કંઠમાંથી આ કેવો મીઠો અવાજ આવે છે?

નૃત્યાંગનાઓ એમની નજીક આવી પૂછવા લાગી, 'પ્રભુ, તમે કોણ છો? કોના પુત્ર છો? તમારું નામ શું? અહીં શું કરો છો? આવા વનમાં શા સારું રહો હો? નગરમાં કેમ નથી રહેતા?'

ઋષ્યશૃંગને વધારે નવાઇ લાગી. આ પ્રાણીઓ મધુર ગાય છે, એટલુંજ નહિ, મધુર સંભાષણ પણ કરી શકે છે! એમની વાણીમાં કેટલું વહાલ છે! એમના ચહેરાઓ પર કેવું તેજ છે! ખરેખર, આ કોઇ પાવનકારી મહાત્માઓ જ છે! મારી તપસ્યાથી પ્રસન્ન થઇ તેઓ મારા પર દયા કરવા પધાર્યા છે.'



તેથી ઋષ્યશૃંગે તેમને હાથ જોડી કહ્યું, 'હે મહાત્માઓ, આ ઋષ્યશૃંગ આપને પ્રણામ કરે છે. આ મારો આશ્રમ છે. હું અહીં તપસ્યા કરું છું. આપ સૌ મારા આશ્રમમાં પધારવા કૃપા કરો ! હું ત્યાં વિધિપૂર્વક આપનું પૂજન કરીશ !'

સ્ત્રીઓને પણ આશ્રમ જોવાની ઇચ્છા થઇ હતી. તેથી સૌ ઋષ્યશૃંગની પાછળ આશ્રમમાં ગઇ. ઋષ્યશૃંગે તેમને ઊંચાં આસન પર બેસાડી અર્ઘ્યપાદ્ય વડે તેમનો અતિથિસત્કાર કર્યો ; પછી તેમને ફળ અર્પણ કરી તે હાથ જોડી તેમની સામે ઊભો.

ઋષ્યશૃંગની આ રીતભાત જોઇ સ્ત્રીઓને હસવું આવતું હતું. એમનું હાસ્ય જોઇ ઋષ્યશૃંગને ઓર નવાઇ લાગતી હતી. તે મનમાં બોલતો હતો : 'ખરેખર, આ દેવતાઓ છે. દેવતાઓ વિના આવું મધુર હસતાં કોઇને ન આવડે !' એમના પગનો સ્પર્શ કરતાં તે બોલ્યો: 'આહા, આ મહાત્માઓનાં શરીર કેવાં કોમળ છે ! એમનો સ્પર્શ કેવો મધુર છે! ધન્ય છે કે આજે હું એમનાં દર્શન પામ્યો !'

ઋષ્યશૃંગે ધરેલાં ફળ સ્ત્રીઓએ સ્વીકાર્યાં, પછી તેમણે પોતાની સાથે આણેલા લાડુ ઋષ્યશૃંગને આપ્યા, ને કહ્યું, 'આ અમારાં ફળ છે. તમારાં ફળ અમે લીધાં, અમારાં ફળ તમે લો !'

ગોળ ગોળ લાડુ હાથમાં લઇ ઋષ્યશૃંગ વિચાર કરવા લાગ્યો, 'કેવાં સુગંધીદાર ફળ છે ! કયા ઝાડ પર આ થતાં હશે !'

મહાત્માઓની પ્રસાદી સમજી ઋષ્યશૃંગ તરત જ લાડુ ખાઇ ગયો : 'આહ ! કેવાં સરસ ફળ ! વનમાં રહેનારાઓએ આવાં ફળ કદી ચાખ્યાં નહિ હોય !'

હવે, ઋષ્યશૃંગના પિતા આવી જશે તો ભારે પડી જશે એ બીકે નૃત્યાંગનાઓએ જવાની રજા માગી. ઋષ્યશૃંગે તેમને રહેવા આગ્રહ કર્યો, પણ તેમણે જવાબ દીધો કે 'અમારો આશ્રમ સૂનો છે. અમારે ત્યાં જઇને વ્રત કરવાનું છે.' આમ કહી તે જતી રહી.

ઋષ્યશૃંગ ઉદાસ બની ગયો. મહાત્માઓની કૃપા થઇ પણ પૂરી ન થઇ એમ તેને થયું. એ દિવસ એણે જેમતેમ પૂરો કર્યો. સવાર થતાં ફરી એ વાત એને યાદ આવી ગઇ. ફરી એ આશ્રમની બહાર નીકળ્યો. ફરી તેણે મધુર સંગીત સાંભળ્યું. એ હર્ષમાં આવી ગયો, દોડયો ને સ્ત્રીઓને પગે લાગ્યો. સ્ત્રીઓએ કહ્યું: 'ગઇ કાલે અમે તમારા આશ્રમમાં આવ્યાં, આજે તમે અમારા આશ્રમમાં પધારો !' ઋષ્યશૃંગ આ સાંભળી ખુશ ખુશ થઇ ગયો.

સ્ત્રીઓ ઋષ્યશૃંગને ઘેરીને લઇ ચાલી. નાચગાન હાસ્યવિનોદ કરતી કરતી તેઓ છેક રોમપાદ રાજાના નગરમાં આવી પહોંચી. ઋષ્યશૃંગે પહેલી જ વાર આજે નગર જોયું. તેણે સ્ત્રીઓને પૂછ્યું, 'આ શું ?'

સ્ત્રીઓએ હસીને જવાબ દીધો, 'અમારો આશ્રમ !'

'ખૂબ સરસ છે !' ઋષ્યશૃંગે કહ્યું.

રોમપાદ રાજા પોતાના પ્રધાનો અને બ્રાહ્મણો સહિત પગે ચાલતો, ઋષ્યશૃંગનો સત્કાર કરવા સામો આવ્યો. તેણે ઋષિના પગમાં પડી પ્રણામ કર્યા, અને પાદ્યઅર્ઘ્ય વડે તેની પૂજા કરી. ઋષ્યશૃંગે પ્રસન્ન થઇ નગરમાં પ્રવેશ કર્યો. તે જ વખતે આકાશમાં વાદળાં દોડી આવ્યાં ને વરસાદ વરસવો શરુ થઇ ગયો. રાજા અને પ્રજા સૌએ આનંદથી જયજયકાર કર્યો. વરસાદમાં ભીંજાતાં સૌ ગામમાં ફર્યાં. સંતનાં પગલાં થતાં દુષ્કાળના કારમા ઓળા દૂર થઇ ગયા.

['વાલ્મીકિ રામાયણ'માંથી]

## ૪

# તલવારવાળો તપસ્વી

એક વન હતું. વનમાં એક સાધુ તપ કરતો હતો. એનું મન તપમાં એવું લીન હતું કે બહારની દુનિયાનું એને કંઇ જ ભાન નહોતું. એ જોઇ ઇન્દ્રને ડર લાગ્યો કે આ મારો હરીફ તો નહીં થાય? મારું ઇન્દ્રપદ તો એ નહિ પડાવી લે? મને એ ઉથલાવી તો નહિ પાડે?

એટલે એણે એનું તપ ભંગ કરવાનો વિચાર કર્યો. એણે અપ્સરાઓ અને કિન્નરીઓ મોકલી નાચગાનની મહેફિલ મંડાવી દીધી, વૃક્ષવેલીઓને વસંતના વાઘા સજાવ્યા, ચારે તરફ એવું કરી દીધું કે ઘડીકમાં માણસનું મન ચંચળ બની જાય. પણ તપસ્વી પર એની કશી જ અસર થઇ નહિ. ઇન્દ્રનું એ મોટામાં મોટું હથિયાર નકામું ગયું.

હવે શું કરવું? વિચાર કરીકરીને એણે એક બીજો ઉપાય યોજ્યો. વીર યોદ્ધાનો વેશ લઇને એ તપસ્વીના આશ્રમમાં ગયો, ને એમની સેવામાં લાગી ગયો. ધ્યાનમાંથી જાગીને તપસ્વી જુએ છે તો એક રાજ પુરુષ તેની સેવા કરી રહ્યો છે.

રાજપુરુષે તપસ્વીના ચરણમાં માથું મૂકી કહ્યું, 'હે દેવ, મારી એક પ્રાર્થના છે,'

તપસ્વીએ કહ્યું, 'શી પ્રાર્થના છે, કહે!'

'હું એક થાપણ આપને ત્યાં મૂકવા ચાહું છું.'

તપસ્વીને હસવું આવ્યું. તેણે કહ્યું. 'થાપણ? આ કંઇ શાહુકારની દુકાન ભાળી, ભાઇ?'

રાજપુરુષે કહ્યું, 'આપના કરતાં મોટો ને સાચો શાહુકાર મને બીજો કયાં મળવાનો, બાપુ? અમે રહ્યા ક્ષત્રિય - અમારું ધન બધું અમારા હથિયારમાં, એ અમારો યશ, ને એ અમારું જીવન.'

'એટલે, તારે તારાં હથિયાર અહીં મૂકવાં છે?'

'હથિયારમાં બીજું કંઇ નથી. ભગવન્, માત્ર આ એક તલવાર છે- આ તલવાર મને મારા જીવ કરતાંયે વહાલી છે. એના પ્રતાપે મેં કેટકેટલાક વિજયો મેળવ્યા છે. એ હું ગમે તેને ત્યાં કેમ રાખી શકું?'

રાજપુરુષનો આગ્રહ જોઇ, છેવટે તપસ્વીએ હા પાડી. તપસ્વીના ચરણમાં તલવાર મૂકીને રાજપુરુષ ચાલી ગયો.

તપસ્વીને પહેલાં તો એમ લાગ્યું કે છોને એની તલવાર અહીં પડી રહેતી. એને જોઇશે ત્યારે આવશે ને પાછી લઇ જશે. પણ રાજપુરુષના ગયા પછી થોડી જ વારમાં એને માલમ પડ્યું કે પારકી થાપણ સાચવવાનું કામ અઘરું છે. થાપણ આડીઅવળી કયાંક મુકાઇ જાય ને ખોવાઇ જાય કે ચોરાઇ જાય તો વિશ્વાસ ભંગ કર્યો કહેવાય. એને તો જતન કરીને સાચવવી જોઇએ.

ઝૂંપડીમાં તલવાર રાખવી કયાં એની તપસ્વીને કંઇ સમજ પડી નહિ. ખાડો ખોદીને દાટવાનો એને વિચાર આવ્યો, પણ એમ કરવાથી તલવારને કાટ ચડી જાયતો? ઝૂંપડામાં તલવાર લટકાવી રાખવામાંએ જોખમ લાગ્યું. કોઇ ચોરી જાય તો?

બહુ વિચાર પછી તપસ્વીએ તલવાર પોતાના આસન હેઠળ મૂકી. તલવારની ઉપર બેસી હવે એણે પરમાત્માનું ધ્યાન ધરવા માંડ્યું! વનમાં કંદમૂળ કે સમિધ લેવા જાય ત્યારે પણ એ તલવારને સાથે રાખે, કારણકે પારકી થાપણને સૂની મૂકીને જવાય કેવી રીતે? નદીએ સ્નાનસંધ્યા કરવા જાય તોયે તલવાર એની સાથે ખરી. આથી થોડા વખતમાં સૌ એને તલવારવાળા તપસ્વી તરીકે ઓળખતું થયું.

દિવસો વીતતા ગયા, તેમ તપસ્વીનું ધ્યાન વધારે ને વધારે તલવાર ઉપર જતું ગયું, અને પરમાત્માનું ચિંતન ઓછું ને ઓછું થતું ગયું. એક દિવસ તપસ્વી વનમાં ગયા હતા. તેમને વડની પાતળી વડવાઇઓ જોઇતી હતી - અચાનક કમરે લટકતી તલવાર પર તેમનો હાથ ગયો. તરત જ એને તલવાર મ્યાનમાંથી ખેંચી કાઢીને એમણે ખપખપ કરીને ઘડીકમાં પાંચસાત વડવાઇઓ કાપી નાખી.

'વાહ! કેવું ઝડપથી ને સુંદર કામ થાય છે!' તેમનું મન બોલ્યું. 'ઉપયોગી પદાર્થનો ઉપયોગ કરવામાં કંઇ દોષ નથી!'

તે દિવસથી તપસ્વીએ ડાળડાંખળાં તોડવામાં ને એવાં નાનાં મોટાં કામોમાં તલવારનો ઉપયોગ કરવા માંડયો. પછી તો એમના હાથ તલવાર વાપરવાને સળવળવા લાગ્યા. એક દિવસ વનમાં એક રાની બિલાડો તેમની સામે થયો ને ઘુરકવા લાગ્યો. ખપ કરીને તપસ્વીએ તલવાર ખેંચી. રાની બિલાડાનું માથું કપાઇને આઘું જઇ પડ્યું! તપસ્વી ગર્વથી આ ચમત્કાર જોઇ રહ્યો. તે મનમાં બોલ્યો : 'વાહ. રંગ રાખ્યો તલવારે.'

થોડા વખતમાં તપસ્વીની તલવાર જંગલી પશુઓ પર ચાલતી થઇ ગઇ. એક દિવસ સસલું માર્યું, તો બીજે દિવસે નોળિયો માર્યો. એમ કરતાં એક દિવસ એક શિકારીની સાથે શિકારની બાબતમાં



એને કજિયો થયો. શિકારી કહે. 'તેં મારું સસલું કેમ માર્યું ?'

તપસ્વી કહે, 'હું ચૌદ વરસથી આ વનમાં રહું છું. હું આ વન-નો માલિક છું.'

શિકારીએ એનો વિરોધ કર્યો, એમાંથી એવો કજિયો જામી ગયો કે તપસ્વીએ ગુસ્સામાં આવી એકદમ ખપ કરીને શિકારીનું માથું ધડથી જુદું કરી નાખ્યું. તપસ્વી ગર્વથી બોલ્યો, 'હું વનનો માલિક છું. મારા સિવાય કોઈને અહીં શિકાર કરવાનો હક નથી. આ તલવાર મારું ભૂષણ છે.'

ધર્મકર્મ ભુલાઇ ગયાં ને એ તપસ્વી મટી હિંસક લૂટારો બની ગયો. સ્વર્ગના વૈભવ જેને લલચાવી શક્યા નહિ, તે માત્ર એક તલવારના સંગથી તપોભ્રષ્ટ બની ગયો, અગ્નિના સંગથી લાકડું લાકડું નથી રહેતું, પણ રાખ થાય છે, તેમ શસ્ત્રોના સંગથી મનુષ્ય મનુષ્ય નથી રહેતો, પણ પશુ થાય છે. શસ્ત્રનો સંગ એ અનર્થનું મૂળ છે.

['વાલ્મીકિ રામાયણ'માંથી]

૫

# કૂતરાની ફરિયાદ

રાજા રામચંદ્ર દરબારમાં બિરાજ્યા હતા. તેમણે લક્ષ્મણને હુકમ કર્યો કે બહાર કોઈ અરજદાર હોય તો બોલાવો. લક્ષ્મણે એક વાર બહાર આવીને જોયું, પણ કોઈ અરજદાર દેખાયો નહિ, એટલે એ પાછો આવ્યો, રામચંદ્રે કહ્યું, 'ફરી તપાસ કરો, કદાચ કોઈ અરજદાર હોય !'

આ વખતે લક્ષ્મણે બહાર આવીને જોયું તો બહાર એક કૂતરો



બેઠેલો દેખાયો. લક્ષ્મણની સામે તે દયામણું મોં કરીને જોઇ રહ્યો હતો. લક્ષ્મણે કહ્યું, 'કેમ, ભાઇ, તારે કંઇ અરજ કરવાની છે. '

કૂતરાએ કહ્યું : 'હા, મારે રામને કંઇક કહેવું છે. '

લક્ષ્મણે કહ્યું: 'તો ચાલ મારી સાથે. '

કૂતરાએ કહ્યું : 'રામની આજ્ઞા હોય તો જ મારાથી અંદર અવાય.'

લક્ષ્મણે દરબારમાં જઇને આ વાત કરી, ત્યારે રામે કહ્યું, 'એને દરબારમાં આવવાની રજા છે.'

કૂતરો બીતો બીતો ડગલાં ભરી દરબારમાં આવ્યો. એનું માથું લોહીથી ખરડાયું હતું. રામે એ જોઇ કહ્યું, 'હે મહાભાગ શ્વાન, તને શું કોઇએ માર્યો છે ? તારે જે કહેવાનું હોય તો નિર્ભય થઇને કહે. '

કૂતરાએ કહ્યું. 'હે રામ સ્વાર્થ સિદ્ધિ નામે એક બ્રાહ્મણે આજે મને વગર વાંકે માર્યો છે.'

રામે તરત જ બ્રાહ્મણને બોલાવવાનો હુકમ કર્યો, બ્રાહ્મણ આવ્યો એટલે રામે એને પૂછહ્યું. 'બોલો વિપ્ર, તમે શા સારુ આ કૂતરાને માર્યો ?

બ્રાહ્મણે કહ્યું. 'મહારાજ, હું ભિક્ષા માગવા નીકળ્યો હતો. તેવે વખતે આ કૂતરો રસ્તામાં લાંબો થઇને પડયો હતો. મેં તેને કહ્યું કે ઊઠ, બાજુએ ખસ, ' પણ તેણે માન્યું નહિ. એક તો મને મોડું થઇ ગયું હતું, ને વળી હું ભૂખથી પીડાતો હતો. એટલે મને ક્રોધ ચડયો. ક્રોધમાં ભાન ભૂલી મેં એનું માથું ફોડી નાખ્યું ! મારા ગુના-નો હું સ્વીકાર કરું છું. '

રામે કહ્યું, 'હે વિપ્ર. ખરેખર તેં મોટી ભૂલ કરી છે. ક્રોધથી તપનો નાશ થાય છે, પુણ્યનો નાશ થાય છે, ધર્મનો નાશ થાય છે. એ વાત તું કેમ ભૂલી ગયો. ધારદાર તલવાર કરતાં કે છંછેડાયલા સાપ કરતાં પણ ક્રોધ ખરાબ છે ! ' પછી તેમણે સભાસદોને કહ્યું : 'કહો આ બ્રાહ્મણને શી સજા કરવી ? '

કોઇએ કહ્યું કે એને ઠપકો આપી છોડી દો, તો કોઇએ કહ્યું કે એને સખ્ત સજા કરો. આ ચર્ચા ચાલતી હતી ત્યાં ફરિયાદી કૂતરાએ કહ્યું, 'હે રામ, મારી એક વિનંતિ છે, આ બ્રાહ્મણને હું સૂચવું તે સજા કરો.'

રામે કહ્યું 'ભલે, એમ !'

ત્યારે શ્વાને કહ્યું. 'મહારાજ, આ બ્રાહ્મણને કાલંજરનો મઠા-ધીશ બનાવો .'

રામે એની આ વિનંતિનો સ્વીકાર કરી બ્રાહ્મણને કાલંજરનો મઠાધીશ નીમ્યો, અને ત્યાં ને ત્યાં એનો એ પદ ઉપર અભિષેક કર્યો. બ્રાહ્મણ ખુશ ખુશ થઇ ગયો. એને સાયબી મળી, નોકર ચાકર મળ્યા, મહંતપણું મળ્યું. હાથી પર સવાર થઇ લોકોની સલામો ઝીલતો, એ કાલંજરનું મહંતપણું કરવા ગયો.

સભાસદોની નવાઇનો પાર નહોતો. તેમણે રામચંદ્રને કહ્યું ! 'બ્રાહ્મણને સજા કરવાને બદલે તમે તો ઊલટું તેને વરદાન આપ્યું!'

રામે કૂતરાને કહ્યું, 'હે શ્વાન, આનું રહસ્ય શું?'

ત્યારે શ્વાને કહ્યું. 'સાંભળો, એ બ્રાહ્મણને ઉચિત સજા થઇ છે. હું પોતે પણ એક વખત કાલંજરનો મઠાધીશ હતો - મારા કબજામાં અસંખ્ય નોકરચાકર હતા, અધિકાર હતો, વૈભવ હતો. હું બહુ વિવેકથી રહેતો હતો, દેવ બ્રાહ્મણની પૂજા કરતો હતો, નોકરચાકર પર પ્રીતિ રાખતો હતો, પ્રાણીમાત્રનું હિત ચાહતો હતો, છતાંયે થોડા વખતમાં મારી બુદ્ધિ ભ્રષ્ટ થઇ અને છેવટે હું આવી અધમ અવસ્થાને પામ્યો ! તો આ બ્રાહ્મણની શી વલે થશે એનો વિચાર કરો. તે ક્રોધી છે, અભિમાની છે. નિર્દય છે, ને સ્વાર્થી છે. મને ખાતરી છે કે મઠાધીશનો અધિકાર તે પચાવી શકવાનો નથી, ને પોતાની આગલી તથા પાછલી સાત સાત પેઢીઓને તે ઘોર નરકમાં નાખશે, કહો, બ્રાહ્મણને ઉચિત સજા થઇ છે કે નહિ ? '

સાંભળીને આખી સભા તાજુબ થઇ ગઇ.

['વાલ્મીકિ રામાયણ'માંથી]

# ૬

# ધર્મવ્યાધ

કૌશિક નામે એક બ્રાહ્મણ હતો. નાનપણથી જ તેનું ચિત્ત ધર્મ તરફ વળેલું હતું. પણ તેને થયું કે ઘરમાં રહીને વેદાભ્યાસ કે તપ - ધ્યાન થઇ શકશે નહિ. એટલે માતાપિતાની રજા લીધા વગર જ એ છાનોમાનો ઘર છોડી ચાલી ગયો, ને વનમાં જઇ વેદાભ્યાસ તથા તપધ્યાન કરવા લાગ્યો.

આમ ઘણો વખત વીતી ગયો, બ્રાહ્મણ વેદાભ્યાસમાં ઘણો આગળ વધી ગયો, એક દિવસ એ એક ઝાડ હેઠળ બેઠોબેઠો વેદાભ્યાસ કરતો હતો, તેવામાં એવું બન્યું કે એ ઝાડ ઉપર એક બગલીનો માળો હતો. તેણે ઉપરથી અઘાર કરી. અઘાર બ્રાહ્મણની ઉપર પડી. આથી બ્રાહ્મણને ક્રોધ ચડયો. તેણે ક્રોધ ભરી આંખે ઝાડ ઉપર બેઠેલી બગલી ઉપર નજર કરી. એની આંખોમાંથી નીકળેલી એ ક્રોધની જ્વાળામાં બાપડી બગલી બળીને ભસ્મ થઇ ગઇ.

કૌશિક બ્રાહ્મણને થયું કે મેં ક્રોધ કર્યો તે ઠીક ન કર્યું, પણ સાથેસાથે પોતાના તપનો પ્રભાવ જોઇ તેને પોતાની શકિતનો ગર્વ થયો.

તે પછી તે ગામમાં ભિક્ષા માગવા ગયો, ને એક ઘર આગળ આવી 'ભિક્ષાંદેહિ' કરી ઊભો. ઘરવાળી બાઇ તે વખતે વાસણ માંજતી હતી, એટલે એણે કહ્યું, 'આપ જરી થોભો,' એટલામાં એ બાઇનો પતિ બહારથી થાકયો પાકયો ને ભૂખ્યો ઘેર આવ્યો. એટલે બાઇ બધું મૂકી પતિની સેવામાં લાગી ગઇ. તેણે એને હાથ પગ ધોવા પાણી આપ્યું, પછી આસન ઢાળી આપી જમવા બેસાડયો, ને પોતે બાજુએ બેસી તેને વા નાખવા લાગી. બહાર બ્રાહ્મણ ભિક્ષાર્થી ઊભો છે એ વાત તે ભૂલી જ ગઇ. અચાનક પતિની સેવા કરતાં કરતાં તેને બ્રાહ્મણ યાદ આવ્યો એટલે તેને ભિક્ષા આપવા તે આવી.

આવીને જુએ તો બ્રાહ્મણની આંખો ક્રોધથી લાલ થયેલી હતી. બ્રાહ્મણે ગુસ્સામાં કહ્યું, ' તપસ્વી બ્રાહ્મણને બહાર વા ખાતો ઊભો રાખી તું એક ગૃહસ્થની સેવા કરવા દોડી જાય છે ? '

બાઇએ કહ્યું, 'એ મારા પતિ છે. એ થાકયા પાકયા ને ભૂખ્યા હતા તેથી હું એમની સેવામાં રોકાઇ ગઇ હતી. મારા પતિ મારે મન મહા - દેવ છે. '

'જોયા નહોય તો મહાદેવ ! જાણે છે, બ્રાહ્મણનો ક્રોધ પૃથ્વીને પણ બાળી મૂકવા સમર્થ છે ? '

બાઇએ કહ્યું, 'બ્રાહ્મણ ? કોણ બ્રાહ્મણ ? ક્રોધ તો મનુષ્યના શરીરમાં રહેલો મોટામાં મોટો શત્રુ છે. એ બ્રાહ્મણમાં હોય કેવી રીતે? જેનામાં ક્રોધ નથી, મોહ નથી, પોતાની હિંસા થવા છતાં જે સામાની હિંસા કરતો નથી તેને જ દેવો બ્રાહ્મણ કહે છે. બાકી હું કંઇ બગલી નથી કે તમારા ક્રોધથી બળી મરું ! '

આ સાંભળી બ્રાહ્મણ આભો જ બની ગયો. વન વગડામાં બનેલા એ બનાવની આ બાઇને ઘેર બેઠાં કેવી રીતે ખબર પડી ?

ત્યાં તો બાઇએ જ કહ્યું 'હું તો ઘરમાં બેઠી બેઠી માત્ર પતિ સેવા જ કરી જાણું છું. પણ મને લાગે છે કે તમે ધર્મને યથાર્થ સમજતા નથી. જો સમજવો હોય તો મિથિલાનગરીમાં માતાપિતાની સેવા કરનારો એક ધર્મવ્યાધ રહે છે તેની પાસે જાઓ. '

આ વળી બીજી નવાઇ ! મિથિલાના ધર્મવ્યાધની આ બાઇને કેવી રીતે ખબર પડી? કદાચ કોઇની પાસેથી એને વિશે એણે સાંભળ્યું હોય એમ સમજી બ્રાહ્મણે પૂછ્યું ! 'તમે એને જોયો છે?'

બાઇએ કહ્યું, 'ના, મેં એને કદી જોયો નથી, પણ જાણું છું. '

'જોયો નથી, પણ જાણું છું ! ' આ શબ્દો બ્રાહ્મણના અંતરમાં પડઘો પાડી રહ્યા. તેને થયું કે આ જાણવું એ જ ખરેખરું જાણવું છે. તેને બાઇના શબ્દો પર શ્રદ્ધા બેઠી. તે તરત જ મિથિલા જવા નીકળ્યો, ને અનેક દિવસોની સફર પછી મિથિલા આગળ આવી પહોંચ્યો. પૂછપરછ કરી એણે ધર્મવ્યાધનો પત્તો મેળવ્યો. ખાટકીવાડાની એક દુકાનમાં એક માણસ માંસ કાપીકાપીને વેચતો હતો. લોકોએ કહ્યું, 'એ જ ધર્મવ્યાધ !'

બ્રાહ્મણને એ જોઇ એવી ઘૃણા છૂટી કે એની દુકાને ન જતાં એ બાજુએ વળી ગયો, ને કોઇ જુએ જાણે નહિ એવા એક ખૂણે જઇને ભરાઇ બેઠો. પણ ધર્મવ્યાધને એની મેળે એની ખબર પડી ગઇ. એટલે એ કામ છોડી દુકાન પરથી ઊતરી ગયો, અને સંતાઇને બેઠેલા બ્રાહ્મણને શોધી કાઢી એણે કહ્યું, 'ભગવન્ ! પેલી પતિવ્રતા બાઇએ આપને મોકલ્યા છે ને ? '

વળી બ્રાહ્મણ નવાઇ પામ્યો, હવે વ્યાધે કહ્યું, 'આપને હરકત ન હોય તો મારે ઘેર પધારો ! '

વ્યાધની દુકાને જતાં જ ડર્યો હતો તે હવે એને ઘેર જવા તૈયાર થઇ ગયો. જતાંજતાં તેણે વ્યાધને કહ્યું, ' તમે માંસ વેચવાનું કામ કરો છો તે તમને શોભતું નથી. આવું ઘોર કર્મ તમે કેવી રીતે કરી કરી શકો છો ? '

વ્યાધે કહ્યું: 'બાપદાદાથી ઊતરી આવેલો મારો એ ધંધો છે, મારો એ સ્વધર્મ છે. હું માંસ વેચું છું, પણ જાતે માંસ ખાતો નથી, તેમ જાતે પ્રાણીની હત્યા પણ કરતો નથી. હું માનું છું કે અહિંસા પરમ-ધર્મ છે.


આમ વાતો કરતા કરતા તેઓ વ્યાધને ઘેર આવી પહોંચ્યા. ઘર ખૂબ સાફ અને સ્વચ્છ હતું. તેની સુઘડતા જોઈ બ્રાહ્મણને આનંદ



થયો. વ્યાધે એને આસન ઢાળી બેસાડયો અને પાદ્યઅર્ઘ્ય અર્પણ કરી તેનો સત્કાર કર્યો.

હવે બ્રાહ્મણે પૂછ્યું, 'પેલી બાઇએ મને અહીં મોકલ્યો છે તે તમે કેવી રીતે જાણ્યું ? તમે એવી કઇ સાધના કરો છો ?'

વ્યાધે કહ્યું : 'સાધના તો હું શું કરવાનો, ભાઇ ? હું તો માત્ર મારાં વૃદ્ધ માતાપિતાની સેવા કરી જાણું છું. યજ્ઞ કહો, તપ કહો, જ્ઞાન કહો, વેદ કહો, જે કહો તે બધું મારે મન મારાં માતાપિતા છે. એ જ મારા દેવ છે, એજ મારું પરમ દૈવત છે, એ જ મારા પરમ ગુરુ છે. હું એમને સ્નાન કરાવું છું, ભોજન કરાવું છું, ને એમની બધી રીતની



સેવાચાકરી કરું છું. મને જે કંઇ થોડું ઘણું ધર્મનું જ્ઞાન છે, તે પણ એમની જ કૃપાથી મળ્યું છે, ને પેલી સાધ્વીએ તમને મારે ત્યાં મોકલ્યા છે તે પણ મેં એમની જ કૃપાથી જાણ્યું છે. કેવી રીતે તે હું સમજાવી શકતો નથી, પણ તમે મને મળવા આવ્યા છો, ને એ સાધ્વી બાઇએ તમને મોકલ્યા છે તેની મને આપોઆપ ખબર પડી ગઇ છે. એ બાઇને મેં કદી જોઇ નથી. પણ હું આ જાણું છું. '

આમ કહી વ્યાધ બ્રાહ્મણને ઘરની અંદરના ઓરડામાં લઇ ગયો. ત્યાં એનાં માતાપિતા એક ખાટ ઉપર બિરાજમાન હતાં. વ્યાધે એમનાં ચરણમાં મસ્તક મૂકયું એટલે એમણે એને ઉઠાડતાં કહ્યું: 'હે પુત્ર તારું કલ્યાણ થાઓ ! તું ધર્મમાર્ગે ચાલે છે ને? કોઇની ઈર્ષા કરતો નથી ને ? કોઇની નિંદા કરતો નથી ને ? ઈર્ષ્યા કરવી એ પણ હિંસા છે એ જાણે છે ને ? અતિથિના સત્કારમાં આળસ કરતો નથી ને ? મિથ્યા ભાષણ કરતો નથી ને ? હમેશાં સત્યમાં સ્થિત રહે છે ને ? પાપીની સાથે પાપી થતો નથી ને? પ્રિય અપ્રિયનો હર્ષશોક કરતો નથી ને ? '

વ્યાધે કહ્યું: 'આપની કૃપાથી હું ધર્મ માર્ગે ચાલું છું. ' આમ કહી એણે બ્રાહ્મણ આવ્યાની ખબર આપી, એટલે એનાં માતાપિતાએ બ્રાહ્મણને અતિથિ જાણી તેનો પણ સત્કાર કર્યો.

છૂટા પડતી વખતે વ્યાધે કૌશિક બ્રાહ્મણને કહ્યું : 'હે બ્રાહ્મણ તમે વેદવિદ્ છો, પણ હજી તમારા કોઠામાં અજવાળું થયું નથી ! '

બ્રાહ્મણે હાથ જોડી કહ્યું ! 'સાચી વાત !'

વ્યાધે કહ્યું : 'તમે માતા પિતાની આજ્ઞા લીધા વિના ઘરમાંથી ચાલી ગયા એથી આમ બન્યું છે. તમારા શોકથી એ બાપડાં આંધળાં થયાં છે. હવે ઘેર જઇ તમે એમને પ્રસન્ન કરો ! મારે મન આથી ચડિયાતો બીજો કોઇ ધર્મ નથી ! '

બ્રાહ્મણે એની આજ્ઞા માથે ચડાવી કહ્યું, 'મારું સદ્ભાગ્ય કે મને આપનાં દર્શન થયાં. તમે બ્રાહ્મણને તાર્યો છે ! '

આમ કરી બ્રાહ્મણે વિદાય લીધી ને સીધો પોતાના ઘરનો રસ્તો લીધો.

('મહાભારત'માંથી)


# ૭

# સાવિત્રી સત્યવાન

મદ્ર દેશમાં અશ્વપતિ નામે એક રાજા હતો. સંતાનમાં તેને માત્ર એક દીકરી હતી. દીકરીનું નામ સાવિત્રી.

સાવિત્રી ઉંમરમાં થઇ એટલે રાજાએ તેને કહ્યું : 'તું પોતે જ તારા જેવા કોઇ ગુણવાનને વર તરીકે શોધી લે.' વૃદ્ધ મંત્રીઓને સાથે લઇને સાવિત્રી રથમાં બેસી વરની પસંદગી કરવા ચાલી.

સાવિત્રીનું મન સાધુજનનું હતું. અનેક રાજાઓ જોયા, રાજકુંવરો જોયા, પણ ક્યાંય તેનું મન બેઠું નહિ. નગરો છોડી હવે એ વનઉપવનોમાં આવેલા આશ્રમોમાં ફરવા લાગી. એમ કરતાં એ એક આશ્રમમાં આવી. ત્યાં ઋષિમુનિઓની સાથે ધુમત્સેન નામનો રાજા પણ પર્ણકુટિ બાંધીને રહેતો હતો. તે રાજા વૃદ્ધવયે અંધ થતાં તેના દુશ્મનોએ ચડાઇ કરી તેનું રાજ્ય પડાવી લીધું હતું. તેથી બાળક પુત્ર સત્યવાન તથા પત્નીને લઇને રાજા આ વનમાં આવી



વસ્યો હતો. વાતને કેટલાંક વરસ વીતી ગયાં હતાં, ને હવે સત્યવાન જુવાન થયો હતો. તેને ગુણવાન, રૂપવાન જોઇ સાવિત્રીએ પોતાના વર તરીકે પસંદ કર્યો, અને ત્યાંથી જ તે પોતાના પિતાને ત્યાં પાછી ફરી.

પિતા દરબાર ભરીને બેઠા હતા. તે વખતે તેમને મળવા નારદ-મુનિ પધારેલા, તે પણ તેમની બાજુમાં બિરાજ્યા હતા, એવામાં સાવિત્રીએ આવી પોતાની આ પસંદગી જાહેર કરી. એ સાંભળી નારદ મુનિ બોલ્યા. 'તેં મોટી ભૂલ કરી, બેટા ! '

રાજાને એકદમ ધ્રાસ્કો પડયો. તેણે પૂછ્યું. 'શું સત્યવાન નામ પ્રમાણે સત્યવાન નથી ? ગુણવાન નથી ? ક્ષમાવાન નથી ? '

નારદે કહ્યું. 'મનુષ્યમાં હોઇ શકે એવા તમામ રૂપગુણથી એ વિભૂષિત છે. પણ એનામાં એક મોટો દોષ છે. '

'કયો દોષ છે ? ' રાજાએ પૂછ્યું. આખી સભા સ્તબ્ધ બની સાંભળી રહી.

નારદે કહ્યું, 'આજથી બરાબર એક વર્ષે તેનું મૃત્યુ છે.'

આ સાંભળી રાજાને ઘણો આઘાત થયો. તેણે સાવિત્રીને બીજો વર પસંદ કરવાનું કહ્યું, પણ સાવિત્રીએ દૃઢતાપૂર્વક કહ્યું 'ગુણવાન કે ગુણહીન, દીર્ઘાયુ કે અલ્પાયુ - એ સત્યવાન જ મારો પતિ !'

હવે બીજો કોઇ ઉપાય રહ્યો નહિ. સૌએ સાવિત્રીના નિર્ણયને આવકાર્યો, ને સાવિત્રી - સત્યવાનનાં લગ્ન થઇ ગયાં. પિતાનો મહેલ છોડી, નગર છોડી સાવિત્રી પતિગૃહે - જંગલની પર્ણકુટિમાં રહેવા આવી, શરીર પરથી વસ્ત્રાભૂષણો ઉતારી નાખ્યાં, ને વલ્કલ ધારણ કર્યાં, ને વૃદ્ધ સાસુસસરાની તથા પતિની સેવા કરી આનંદથી પોતાના દિવસો કાઢવા લાગી.

પણ નારદના શબ્દો એ ભૂલી નહોતી એ દિવસોની બરાબર ગણતરી રાખતી હતી વર્ષ પૂરાં થવાને ચાર દિવસ રહ્યા એટલે એણે 'ત્રિરાત્રવ્રત' ત્રણ દિવસનું અનશન વ્રત લીધું. ત્રીજા દિવસ-ની આખી રાત તે ઊંઘી શકી નહિ તેણે સતત પતિના કલ્યાણની પ્રાર્થના કર્યા કરી. ચોથે દિવસે એણે સાસુ સસરા તથા ગુરુજનોની અને આશ્રમવાસી ઋષિમુનિઓની વિધિપૂર્વક પૂજા કરી. એમને પગે લાગી એમના આશીર્વાદ મેળવ્યા, સૌએ ધાર્યું કે હવે એ પારણાં કરશે, પણ સાવિત્રીએ કહ્યું : 'મારું વ્રત પૂરું થવાને હજી વાર છે. '

એટલામાં સત્યવાન ખભે કુહાડી લઇને વનમાં લાકડાં કાપવા જવા નીકળ્યો, અગ્નિહોમ માટે લાકડાં લાવ્યા વિના ચાલે તેમ ન હોતું. એને જતો જોઇ સાવિત્રીએ કહ્યું : 'હું પણ તમારી સાથે આવું છું. આજે મને વન જોવાનું મન થયું છે.' સાસુસસરા-એ પણ કહ્યું: 'પરણીને આવ્યા પછી એ કદી વનમાં ગઇ નથી, ને આજે જવાનું કહે છે તો એને રોકવી એ ઠીક નહિ ! '

આમ સાવિત્રી પતિની સાથે વનમાં ગઇ. મોઢે હસતી હતી , પણ એનો જીવ તો વલોવાઇ જતો હતો. પતિની પાછળ ને પાછળ એ ફરતી હતી. એમ કરતાં સાંજ પડવા આવી. એવામાં લાકડાં ચીરતાં ચીરતાં સત્યવાને કહ્યું : 'મને માથામાં ભયંકર વેદના થાય છે. મારા શરીરે પરસેવો વળી ગયો છે. મારાથી ઊભા રહેવાતું નથી. ' અને એકદમ એ બેહોશ થઇને પડયો. સાવિત્રીએ તરત જ એનું માથું પોતાના ખોળામાં લઇ લીધું. એ સમજી ગઇ કે નારદે કહેલી પળ આવી પહોંચી.

ત્યાં સાવિત્રીએ પોતાની સામે રાતાં વસ્ત્રવાળા એક દિવ્ય પુરુષને ઊભેલો જોયો. હાથ જોડી તેને પ્રણામ કરી તેણે પૂછ્યું : 'આપ કોણ છો ? '

જવાબ મળ્યો : 'હું મૃત્યુનો દેવ યમ છું, અને સત્યવાનના પ્રાણ હરવા આવ્યો છું. આજે આ ઘડીએ એનું આયુષ્ય પૂરું થાય છે. '

આમ કહી એમણે સત્યવાનના પ્રાણ ખેંચી લીધા. પ્રાણ ખેંચાઇ જતાં સત્યવાનનું શરીર જડ થઇ ગયું. સત્યવાનના અંગુષ્ઠ-પ્રમાણ એટલે કે અંગૂઠા જેવડા જીવને પોતાના પાશમાં બાંધી યમે દક્ષિણ દિશા તરફ ચાલવા માંડયું, ત્યાં દુ:ખાતુર સાવિત્રી પણ ઊભી થઇને એમની પાછળ ચાલી.

એને પોતાની પાછળ આવતી જોઇ યમે કહ્યું : 'સાવિત્રી પાછી વળ ! આટલે આવી તેટલું ઘણું છે. '

સાવિત્રીએ કહ્યું : 'દેવ થઇને તમે શું પતિને નહિ અનુસરવાનું પત્નીને કહેશો ? '

આ સાંભળી યમ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : 'સાવિત્રી , હું તારા પર પ્રસન્ન છું. સત્યવાનના પ્રાણ સિવાય માગ, તું માગે તે આપું ! '

સાવિત્રીએ કહ્યું : 'મારા સસરાજી અંધ છે તે દેખતા થાઓ ! '

યમે કહ્યું : 'તથાસ્તુ ! '

આમ કહી તેઓ આગળ ચાલ્યા. પણ સાવિત્રી તો હજી તેમની પાછળ ચાલતી હતી. યમે કહ્યું : 'સાવિત્રી પાછી વળ ! '

સાવિત્રીએ કહ્યું : 'તત્ત્વને જાણવાવાળાઓ કહે છે કે સજ્જન-ની સાથે એક ડગલું ચાલવાનું મળે તો પણ મહાભાગ્ય કહેવાય, સત્પુરુષનો સમાગમ કદી નિષ્ફળ જતો નથી. '

યમે કહ્યું : 'તારી વાણીથી હું પ્રસન્ન છું, સાવિત્રી, સત્યવાનના પ્રાણ સિવાય માગ, તું માગે તે આપું ! '

સાવિત્રીએ કહ્યું : 'મારા સસરાજીને એમનું ગયેલું રાજ્ય પાછું મળો ! '

'તથાસ્તુ !' કહી યમે આગળ ચાલવા માંડયું. સાવિત્રી એમની પાછળ ચાલી. યમે કહ્યું : 'અરે સાવિત્રી, હજી તું મારી પાછળ આવે છે? પાછી વળ, પાછી વળ ! '

સાવિત્રી બોલી : 'મનુષ્યો મારા પતિની જેમ અલ્પાયુ છે , અને મારી જેમ શકિતહીન છે. પણ સંતો પરમ દયાળુ હોય છે. તેઓ શરણે આવેલા દુશ્મન ઉપર પણ દયા કરે છે. '

આ સાંભળી યમે પ્રસન્ન થઇ કહ્યું : 'તરસ્યો પાણીથી સંતુષ્ટ થાય તેમ તારી વાણીથી હું સંતુષ્ટ છું, સાવિત્રી, સત્યવાનના પ્રાણ સિવાય માગ, તું માગે તે આપું !'

સાવિત્રીએ કહ્યું: 'મારા પિતા પુત્રહીન છે, તેમને પુત્રો થાઓ! ભાઈઓ વિના મને પિતૃગૃહ ખાલી ખાલી લાગે છે, મારી એ હોંશ પૂરી થાઓ !'

'તથાસ્તુ !' કહી યમે આગળ ચાલવા માંડ્યું. સાવિત્રી પણ એમની પાછળ ચાલી. એ જોઈ યમે કહ્યું : 'અરે સાવિત્રી, હજી પણ તું મારી પાછળ આવે છે ? કહું છું, હવે, તું પાછી વળ ! તું બહુ દૂર આવી ગઈ છે.'

સાવિત્રીએ કહ્યું : 'પતિની નજીક હોવાથી મને કશું દૂર લાગતું નથી. સજ્જનોની સાથે સાત ડગલાં ચાલવાથી મૈત્રી થાય છે એમ શાસ્ત્રો કહે છે; તો એવી મૈત્રી હું કેમ છોડું? મનુષ્યને સત્પુરુષ-માં જેવી શ્રદ્ધા હોય છે તેવી તો પોતાનામાં પણ નથી હોતી. એ શ્રદ્ધાથી હું તમારી પાછળ ચાલું છું.'

આ સાંભળી યમે પ્રસન્ન થઈ કહ્યું : 'આવાં વચનો મેં કદી સાંભળ્યાં નથી, હે પતિવ્રતા, સત્યવાનના પ્રાણ સિવાય, માગ તું માગે તે આપું !'

સાવિત્રીએ કહ્યું : 'તો આ પતિવ્રતાને સો પુત્રો થાય એવું વરદાન આપો !'

'તથાસ્તુ !' કહી યમે આગળ ચાલવા માંડ્યું.

સાવિત્રી તો હજી એમની પાછળ ચાલતી હતી. એ જોઈ યમે કહ્યું : 'સાવિત્રી, હવે પાછી ફર !'

સાવિત્રીએ કહ્યું : 'સંતસમાગમ કદી નિષ્ફળ જતો નથી, સંતો-ની કૃપા હમેશાં ફળદાયી હોય છે. સંતો કદી કોઈનું માનખંડન કરતા નથી. મારું પણ નહિ કરે! હે દેવ, તમે મને પતિવ્રતા કહી છે, પુત્રવતી થવાનું વરદાન આપ્યું છે, તો સત્યવાનના પ્રાણને કેવી રીતે હરી જઈ શકો છો ?'

એકદમ યમ ઊભા રહી ગયા. તેમણે કહ્યું : 'સાવિત્રી, હું તારા પર પ્રસન્ન છું, સત્યવાનના પ્રાણ પાછા આપું છું, ને તેને દીર્ઘ આયુષ્ય આપું છું.'

યમને પગે લાગી સાવિત્રી પાછી ફરી, ને સત્યવાનનું મસ્તક ખોળામાં લઈને બેઠી. ધીરે ધીરે સત્યવાન ભાનમાં આવ્યો. તેણે કહ્યું : 'હું બહુ ઊંઘી ગયો, નહિ? પણ હજી મારાં અંગ કળે છે! અરે, પણ મને સમયસર ઘેર નહિ આવેલો જોઈ મારાં માતા-પિતા કલ્પાંત કરતાં હશે.'

માતાપિતા યાદ આવતાં સત્યવાનને એટલો બધો કલેશ થયો કે તે મોટેથી રડી પડ્યો. સાવિત્રીએ તેનાં આંસુ લૂછી નાખી તેને દિલાસો આપતાં કહ્યું :

'મેં જો કંઈ તપ કર્યું હોય, કંઈ દાન કર્યું હોય, મશ્કરીમાં પણ હું કદી અસત્ય ન બોલી હોઉં તો મારા પતિની અને મારાં



સાસુસસરાની આજની રાત સુખમાં જજો!'

અંધારું થઇ ગયું હતું ને રસ્તો દેખાતો નહોતો, તોયે પતિનો એક હાથ પોતાના ખભા પર રાખી, તેને ટેકો આપી, ધીરેધીરે ચલાવતી સાવિત્રી મોડી રાતે આશ્રમમાં પાછી આવી.

યમના વરદાનથી તેના સસરા દેખતા થઇ ગયા હતા, ને સાસુસસરા બંને રાતે પુત્રને શોધવા ચારેકોર દોડાદોડ કરી રહ્યાં હતાં. ઋષિમુનિઓ એમને આશ્વાસન આપતા હતા. તેવે વખતે સાવિત્રી સત્યવાનને લઇને ત્યાં આવી પહોંચી. સઘળે આનંદ આનંદ થઇ રહ્યો.

[ 'મહાભારત' માંથી ]

# ૮

# ધર્મ યુદ્ધ

કુરુક્ષેત્રના મેદાનમાં પાંડવ કૌરવનું યુદ્ધ મંડાયું છે. બંને પક્ષના સેનાપતિઓએ પોતપોતાનાં સૈન્યોને સામસામાં ગોઠવી દીધાં છે. યુદ્ધ શરુ થવાને હવે બહુ વાર નથી.

કૌરવ સૈન્યના સેનાપતિ ભીષ્મે શંખ ફૂંકી સિંહનાદ કર્યો. તેની સાથે જ હજારો શંખો, રણશિંગાં અને નગારાંનો ગગન ભેદી ઘોષ થયો.

જવાબમાં પાંડવોની સેનામાંથી શંખ ફૂંકાયા. તેના અવાજથી આકાશ કંપી ઊઠ્યું. પછી અર્જુને પોતાનું ગાંડીવ ધનુષ્ય હાથમાં લઇ કૃષ્ણને કહ્યું: 'બેઉ સેનાની વચમાં મારા રથને લઇ જાઓ! મારે બંને પક્ષમાં કોણકોણ લડવા આવ્યા છે તે જોવું છે.'

કૃષ્ણ અર્જુનના સારથિ બન્યા હતા. તેમણે બંને સેનાઓની વચમાં અર્જુનના ધોળા ઘોડાવાળા રથને ઊભો રાખ્યો. અર્જુને જોયું તો કાકા, મામા, ભાઇ, પુત્ર, ભત્રીજા, મિત્ર વગેરે તમામ ભકિતપાત્ર વ્યકિતઓ યુદ્ધક્ષેત્રમાં એક બીજાને મારી નાખવાને સજ્જ થઇને ઊભી હતી. રાજ્યના લોભે બધા એકબીજાનું ગળું રહેંસી નાખવા તૈયાર થઇ ગયા હતા. આ જોઇ અર્જુનનું હૃદય દુ:ખથી ચિરાઇ ગયું.

તેના મન પર યુદ્ધની અસારતાની અસર તરવરી રહી હતી. એ વિચારતો હતો : આ બધું શા માટે? તુચ્છ રાજ્યલોભ માટે ભાઇ ભત્રીજાઓ અને અન્ય અસંખ્ય સગાઓને મારીને રાજ્યપાટ ભોગવવામાં શો આનંદ છે? બીજાું તો ઠીક, પણ દાદા ભીષ્મ પિતામહને મારીને અમે કેવી રીતે સુખી થઇશું? એમના પર મારાથી ઘા કેમ થશે? એમને રોળી નાખવાની કલ્પના પણ મને ધ્રૂજાવે છે!

અર્જુનની આ ઉદાસીનતાનું કારણ કૃષ્ણ સમજી ગયા. કૃષ્ણે અર્જુનને કહ્યું: 'તું શું જોઇ રહ્યો છે? ભીષ્મ પર વાર કેમ નથી કરતો? તું જોતો નથી કે એમણે તો યુદ્ધનો ઘોષ કરી દીધો છે!'

અર્જુને જવાબ દીધો: 'તુચ્છ રાજ્યને ખાતર હું ગુરુજનનો વધ કરું? જેમના પાદ પૂજવા જોઇએ એમને હું હણું? અરે, કૌરવોને હાથે હું હણાઉં એ ભલે, પણ સ્વરક્ષણ માટેય હું હાથમાં હથિયાર નહિ ઉપાડું!'

બોલતાં બોલતાં અર્જુનના હાથમાંથી ગાંડીવ ધનુષ્ય સરી પડ્યું. એનું આખું શરીર ધ્રૂજતું હતું.

કૃષ્ણે કહ્યું: 'અરે અર્જુન, તને આવો મોહ કયાંથી થયો? આવી દુર્બળતા તને શોભતી નથી!'

અર્જુને કહ્યું: 'ગુરુજનોને હણવા કરતાં તો ભિક્ષા માગીને પેટ ભરવું સારું એવું મને લાગે છે. શું મારે હાથે હું મારા ગુરુજનોને હણું? શા માટે? તુચ્છ રાજપાટ માટે?' બોલતાં બોલતાં એણે ભયથી આંખો મીંચી દીધી. તેનું મન ખૂબ મૂંઝાઇ ગયું હતું- તેને કંઇ સૂઝતું નહોતું.

એકાએક તે બોલી ઊઠયો, 'મારી મતિ મૂંઝાઇ ગઇ છે, મને કંઇ સૂઝતું નથી. હે કૃષ્ણ, હું તારે શરણે છું. હું તારો શિષ્ય છું! તું મને રસ્તો દેખાડ!'

આમ કહી અર્જુને દીનભાવે કૃષ્ણના પગ પકડી લીધા.

કૃષ્ણે કહ્યું : 'વાહ, ભાઇ, તું વાતો બડીબડી કરે છે, પણ જેનો શોક ન કરવો જોઇએ એનો શોક કરે છે! તું એવી રીતે વાત કરે છે, જાણે તું આ પહેલી જ વાર જન્મ્યો છે, ને ફરી કદી જન્મવાનો નથી! તારા ગુરુજનોયે જાણે આ પહેલી જ વાર જન્મ્યા છે, ને ફરી કદી જન્મવાના નથી એવું તું માને છે! એટલે એમના મરવાનો તું શોક કરે છે! પરંતુ ખરી વાત એ છે કે તારો કે એમનો આ પહેલો જન્મ નથી અને છેલ્લોયે નથી! પરંતુ દેહધારીને જેમ આ દેહમાં બાળપણ આવે છે, ઘડપણ આવે છે, તેમ મરણ પણ આવે છે, ને બીજો દેહ પણ આવે છે. એટલે સમજુ માણસ મૂઆજીવ્યાનો શોક કરતો નથી!'

અર્જુન સાંભળી રહ્યો .

કૃષ્ણે કહ્યું : 'અર્જુન, આ શરીર જન્મે છે ને મરે છે. એ નાશવંત છે ; પણ એની અંદર વસનારો આત્મા અમર છે. એ નથી જન્મતો કે નથી મરતો! નથી એ મરતો કે નથી એ મારતો! માણસ જેમ જૂનું વસ્ત્ર ઉતારી નાખી નવું પહેરે તેમ આત્મા જૂનાં શરીરો છોડી નવાં ધારણ કરે છે. પછી એ શરીરનો શોક કરવાનો કેવો? તું કહે છે કે કાકામામા તરીકે ઓળખાતાં આ શરીરોને હું નહિ મારું; પણ તું નહિ મારશે તો તારી અપકીર્તિ થશે. લોકો કહેશે કે તું રણમાંથી બીને ભાગી ગયો, — વીર પુરુષને માટે આવી અપકીર્તિ તો મોત કરતાંયે ભૂંડી! તને એ કેમ ગમશે?'


અર્જુન આ સાંભળી થથરી ગયો. ખરેખર, વીર પુરુષ મોતથી ન ડરે એટલો અપજશથી ડરે છે.

કૃષ્ણે કહ્યું : 'માટે આ મોહ છોડ ને યુદ્ધ કર! યુદ્ધ કરવું એ

તારો ધર્મ છે !'

હજી અર્જુનના મનનું સમાધાન થયું નહોતું. તેથી તેણે કહ્યું: 'આ સગાં વહાલાંને હણવાથી મને પાપ નહિ લાગે ?'

કૃષ્ણે કહ્યું : 'ના ! કારણકે આજે એ પાપનાં પક્ષકાર બનેલાં છે. આ ધર્મયુદ્ધ છે. તું ક્ષત્રિય છે, ને ક્ષત્રિયનો ધર્મ કૌરવોના અન્યાયનો નાશ કરવાનો છે. ધર્મની સંસ્થાપના માટે આ ન છૂટકાનું યુદ્ધ છે. યુદ્ધમાં ઊતર્યા પછી સગાં વહાલાં જોવાનાં ન હોય. અને શું તું એમ સમજે છે કે તું એમને મારે છે? મેં કહ્યુંને કે આત્મા મરતો નથી, મારતો નથી. તું તો માત્ર નિમિત્ત છે. માટે જયપરાજય, લાભહાનિ, સુખદુ:ખ બધું સરખું માની તું યુદ્ધે ચડી જા, ને તારું કર્તવ્ય અદા કર! પરિણામ શું આવશે ને કેવું આવશે તેની જવાબદારી તારી નથી. તારી જવાબદારી કેવળ



ફરજ બજાવવાની છે, કર્તવ્યકર્મ કરવાની છે. કર્મ પર તારો અધિકાર છે, કર્મના ફળ પર નહિ ! માટે શું પરિણામ આવશે ને શું નહિ એના મોહમાં પડ્યા વિના તું તારું કામ કર! તને એથી પાપ નહિ લાગે !'

અર્જુન એક ચિત્તે બધું સાંભળી રહ્યો હતો. એણે આજે કૃષ્ણનું કોઇ નવું જ રૂપ જોયું. અત્યાર સુધી એ સમજતો કે કૃષ્ણ મારા સખા છે, મિત્ર છે, અને એ રીતે એ એમની સાથે વર્તતો હતો. પણ હવે તેને ખબર પડી કે આ તો યોગેશ્વર કૃષ્ણ છે—વિશ્વવિરાટ એનો મહિમા છે. જગતના એ અધિદેવ છે, એ આદિ દેવ છે, પુરુષ પુરાણ છે, વિશ્વનો આધાર છે. એ જ જ્ઞાતા છે, એ જ જ્ઞાન છે, એ જ જ્ઞેય છે !

અર્જુનને આ નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થઇ. તેણે હવે કૃષ્ણના આ વિશ્વવ્યાપી તેજોમય વિરાટ સ્વરુપનું દર્શન કર્યું. પૂર્વે કદી નહિ જોયેલા એવા કૃષ્ણના આ ભવ્ય રૂપને જોઇ એને હર્ષ થયો—સાથે સાથે ભય પણ પેદા થયો. એ બોલી ઊઠયો : 'પ્રભુ, ક્ષમા કરો !'

પછી કૃષ્ણે કહ્યું : 'હે અર્જુન, તું જે કંઇ કરે તે બધું મારું નામ લઇને કર ! જાણ કે એ કર્મનો કરનારો તું નથી, પણ હું છું, પ્રભુ છે! આમ સમજી તુ તારુ મન મને દઇ દે ! તું જે કંઇ કરે તે બધું તું મને અર્પણ કરી દે ! બસ , પછી તું છુટ્ટો ! કર્મફળને ને તારે કશી લેવાદેવા નહિ ! ઊઠ, હે પરંતપ, જો , તારું સૈન્ય તારું પરાક્રમ નિહાળવા તારા ભણી જોઇ રહ્યું છે !'

અર્જુન હવે ઠીકઠીક સ્વસ્થ થઇ ગયો હતો.

કૃષ્ણે કહ્યું : 'તું ક્ષત્રિય છે. ખાતરીથી જાણ કે ધર્મયુદ્ધમાં શત્રુઓને મારવાથી તને કદી પાપ લાગવાનું નથી ! બોલ, હવે તું શું કહે છે ?'

આમ કહી કૃષ્ણે અર્જુનની સામે એવી રીતે જોયું કે એનો મોહ

ક્યાંનો ક્યાં ઊડી ગયો, ને એ લડવા તૈયાર થઇ ગયો. તેણે કહ્યું: 'ભગવન્, આપનું કહેવું સાચું છે. હવે મારો સંશય ગયો ! મારો મોહ પણ ગયો ! આપની દયાથી હું અપ્રતિષ્ઠા અને વિનાશમાંથી ઊગરી ગયો! હવે હું પૂરા દિલથી યુદ્ધ શરુ કરું છું. આપ ચિંતા ન કરશો !'

એ યુદ્ધમાં અર્જુને અપૂર્વ પરાક્રમ કર્યું ને જીત મેળવી. યોગેશ્વર કૃષ્ણ જેવા જેના સારથિ હોય એવા ધનુર્ધારી અર્જુનને યુદ્ધમાં વિજય ન મળે તો શું થાય ? વિજયની સાથે શ્રી અને ભૂતિ પણ એને જ વરેલાં છે.

['મહાભારત' માંથી]

# ૯

# સોનાનો નોળિયો

મહારાજા યુધિષ્ઠિરે અશ્વમેધ યજ્ઞ નામે મહાયજ્ઞ કર્યો. યજ્ઞનો અશ્વ આખા ભારતમાં ફર્યો અને એક વર્ષે પાછો આવ્યો. ક્યાંયે કોઈએ તેને રોક્યો નહિ. ધામધૂમપૂર્વક યજ્ઞ પૂરો થયો. બ્રાહ્મણોને અને ગરીબોને પુષ્કળ દ્રવ્ય મળ્યું ! અને સઘળે યુધિષ્ઠિરનો જય-જયકાર ગવાયો.

રાજા યુધિષ્ઠિર મિત્રો, સ્વજનો અને રાજામહારાજાઓથી વીંટ-ળાઈને યજ્ઞ ભૂમિમાં બેઠા હતા, તેવામાં ક્યાંકથી એક નોળિયો આ-વ્યો. તેની આંખો નીલવર્ણી હતી અને અડધું અંગ સોનાનું હતું ! તે આવીને યજ્ઞભૂમિમાં ખૂબ આળોટયો, પછી માણસની પેઠે ખડખડ હસી પડીને સભામાં બિરાજેલા રાજાઓ અને પંડિતોની સામે જોઈ બોલ્યો : 'આને તમે મોટા યજ્ઞ કહો છો! છી! કુરુક્ષેત્રમાં ઉંગ-છવૃત્તિ પર જીવનારા એક ગરીબ બ્રાહ્મણે એક વાર શેર સાથ વાનું દાન કરેલું તે તમારા આ અશ્વમેધ યજ્ઞ કરતાં ચડી જાય !'

આ સાંભળી બ્રાહ્મણો એક સાથે બોલી ઊઠયા : 'ખોટી વાત ! શાસ્ત્રાનુસાર અમે આ યજ્ઞ કરાવ્યો છે, ને એમાં ક્યાંય કશી ચૂક થઈ નથી. વળી હજારો માણસો દાનથી સંતુષ્ટ થયા છે. '

નોળિયો ફરી ખડખડાટ હસ્યો. તેણે કહ્યું : 'હે બ્રાહ્મણો, હું તો જે સાચું છે તે કહું છું. ખરેખર, આ તમારો યજ્ઞ એક શેર સાથ-વાના દાનની તોલે નથી ! '

આમ કહી એણે વિસ્તારથી એ વાત કહી :

કુરુક્ષેત્રમાં એક ગરીબ બ્રાહ્મણ તેની સ્ત્રી, પુત્ર અને પુત્રવધૂ-ની સાથે રહેતો હતો. ખેડૂત ખેતરમાંથી અનાજ લઈ જાય, પછી જે કંઈ દાણા પડી રહ્યા હોય તે હોલાની પેઠે વીણીને આ ચાર જણાં પોતાનું ગુજરાન ચલાવતાં. કોઈ વાર પૂરતા દાણા ન મળે તો તેઓ ઉપવાસ કરતાં, પણ કોઈ દિવસ જરુર કરતાં વધારે લાવતાં નહિ, અને આવતી કાલ માટે કશું રહેવા દેતાં નહિ. આવું કઠોર એમનું ઉંગ-છવૃત્તિવ્રત હતું.

આમ કેટલાંક વરસ વીતી ગયાં. એવામાં દેશમાં દુષ્કાળ પડયો. ખેડૂતોના ઘરમાં કશું આવ્યું નહિ, પછી ખેતરોમાં શું હોય તે બ્રાહ્મણ-ને મળે ? બ્રાહ્મણ અને એનું કુટુંબ ભૂખે મરવા લાગ્યું. એમ કરતાં એક દિવસ ભૂખ અને તડકો વેઠીને તેઓ મહાપરિશ્રમે થોડા જવ ભેગા કરી શક્યાં. તે દળીને તેમણે સાથવો બનાવ્યો. પછી સાથ-વાના ચાર સરખા ભાગ કરી ચારે જણાં ખાવા બેઠાં. બરાબર એ વખતે એક ભૂખ્યો માણસ તેમના ઉંબરામાં આવી ઊભો. અતિ-થિને જોઈ બધાંએ તેનો ખૂબ ભાવથી સત્કાર કર્યો. બ્રાહ્મણે કહ્યું: 'અતિથિદેવ, ધર્મને રસ્તે ચાલીને આ અન્ન મેળવેલું છે, તેનો આપ સ્વીકાર કરો. ' આમ કહી બ્રાહ્મણે પોતાના ભાગનો સાથવો અતિથિને ધરી દીધો. અતિથિ એવો ભૂખ્યો હતો કે ઘડીકમાં તે ખાઈ ગયો.

અતિથિ હજી ભૂખ્યો છે એ જોઈ બ્રાહ્મણીએ પોતાના ભાગનો સાથવો પતિને આપી કહ્યું: 'આ વડે અતિથિને તૃપ્ત કરો !' બ્રાહ્મણે પોતાની સ્ત્રીના ભાગનો સાથવો પણ અતિથિને આપી દીધો. અતિથિ તે પણ ઘડીકમાં ખાઈ ગયો. હજી તે ભૂખ્યો જણાતો હતો. એ જોઈ બિચારો બ્રાહ્મણ મનમાં મૂંઝાતો હતો, ત્યાં તો એના દીકરાએ પોતાના ભાગનો સાથવો આપી કહ્યું : 'પિતાજી, આ વડે અતિથિ-દેવને તૃપ્ત કરો !'

પિતાએ કહ્યું : 'ભાઈ, ઘરડાંથી ભૂખ વેઠાય, પણ જુવાનથી કેમ વેઠાશે ? '


પણ પુત્રે કહ્યું : 'પિતા ને પુત્ર કંઈ જુદા નથી ; મારો ભાગ અતિથિને આપો, મને તેથી સુખ થશે. '

પિતાએ રાજી થઈ પુત્રના ભાગનો સાથવો પણ અતિથિને ધરી દીધો. અતિથિ ઘડીકમાં તે સાફ કરી ગયો. તોયે હજી એ ભૂખ્યો લાગતો હતો ! બ્રાહ્મણની મૂંઝવણનો હવે પાર નહોતો. ત્યાં તેની પુત્રવધૂએ કહ્યું : 'કૃપા કરી મારો આ ભાગ અતિથિને આપો ! '

ભૂખથી સુકાઈને હાડપિંજર બની ગયેલી પુત્રવધૂના આ શબ્દો સાંભળી બ્રાહ્મણની આંખમાં આંસુ આવી ગયાં. તેણે કહ્યું: 'વહુ બેટા, તું ભૂખથી ચીમળાતી જાય છે તેવે વખતે તારો ભાગ લઈને હું નિર્દય કેમ બની શકું ?'

પણ પુત્રવધૂએ કહ્યું : 'હું તો મારા પતિના પગલે ચાલનારી છું . હું બીજું કંઈ ન સમજું !'

છેવટે બ્રાહ્મણે તેનો ભાગ પણ અતિથિને આપી દીધો. અતિથિ એ ખાઈને તૃપ્ત થયો. તે બોલ્યો : 'હાશ હું ધરાયો ! હે બ્રાહ્મણ, તારી અતિથિસેવાને ધન્ય છે ! ભૂખથી માણસની અક્કલ બહેર મારી જાય છે ને માણસ વિમાર્ગે ચડી જાય છે. સાધુપુરુષો પણ ભૂખના દુ:ખથી ચલિત થઈ જાય છે. તેં ભૂખને જીતી, અને ધર્મનું પાલન કર્યું. તારી આ નાનકડી અતિથિસેવા આગળ, હું કહું છું કે રાજ-



સૂય યજ્ઞ અને અશ્વમેધ યજ્ઞ ઝાંખા પડી જાય છે !'

આટલું કહીને અતિથિ ત્યાંથી ચાલી ગયા.

વાત પૂરી કરીને નોળિયાએ કહ્યું : 'હું તે વખતે નજીકમાં હતો. દરમાંથી નીકળી હું તે અતિથિની એંઠી પતરાળી પર જઇને આળોટયો ત્યાં તો એ પતરાળીના સ્પર્શથી મારું આ અડધું અંગ સોનાનું બની ગયું ! હવે બાકીના શરીરને સોનાનું કરવા હું જ્યાં જ્યાં મોટો યજ્ઞ થતો સાંભળું છું ત્યાં જાઉં છું. આજે મહારાજા યુધિષ્ઠિરના યજ્ઞની વાત સાંભળી અહીં આવ્યો, ને હોંશેહોંશે આ યજ્ઞભૂમિમાં આળોટયો, પણ મારું બાકીનું શરીર સોનાનું થયું નહિ. તેથી હું કહું છું કે પેલા ગરીબ બ્રાહ્મણે અતિથિને સાથવો ખવડાવ્યો તે તમારા આ યજ્ઞ કરતાં ચડી જાય !'

આમ કહી નોળિયો જતો રહ્યો.

['મહાભારત' માંથી]

૧૦

# દધીચિ

દધીચિ નામે ઋષિ હતા. તેઓ મહા તપસ્વી અને જ્ઞાની હતા. પણ એકવાર તેમણે ઈન્દ્રનું કહ્યું માન્યું નહિ, તેથી ઈન્દ્ર તેમના પર ગુસ્સે થઇ ગયો. વાત એટલી વધી ગઇ કે ઈન્દ્ર તેમનું માથું કાપી નાખવા પણ તૈયાર થઇ ગયો હતો. પણ દેવો વચમાં પડયા ને તેમણે ઈન્દ્રને શાંત કર્યો.

આ વાતને ઘણાં વરસ વીતી ગયાં.

એવામાં દેવો અને દાનવોનો ઝઘડો શરુ થયો. વૃત્ર નામના એક અસુરે દાનવોની સરદારી લીધી. તેણે ઠેરઠેર દેવોને હરાવ્યા, અને મારી કાઢયા. કોઇ દેવ એમની સામે ટકી શકયો નહિ.

આ વૃત્રને મારવો કેવી રીતે? તપાસ કરતાં દેવોને ખબર પડી કે આ વૃત્ર સાધારણ હથિયારથી મરે એવો નથી, પણ કોઇ પવિત્ર પુરુષ રાજી ખુશીથી પોતાના શરીરનાં હાડકાંનું હથિયાર બનાવવા દે તો એ હથિયારથી એ મરે. દેવોએ આવા પરોપકારી પુરુષની શોધ કરવા માંડી. અનેક જણને તેમણે પ્રાર્થના કરી, પણ જીવતા શરીર-



માંથી હાડકાં કાઢી આપવા કોઈ તૈયાર થયું નહિ.

હવે એક દધીચિ ઋષિ રહ્યા, પણ ઇન્દ્રની તો એમના આશ્રમમાં પગ દેવાનીયે હિંમત નહોતી. એને બીક હતી કે એક વાર મેં અપમાન કરેલું છે એટલે ઋષિ એનો બદલો લેવાનો આ અવસર નહિ ચૂકે. મારું ત્યાં અપમાન થવાનું, ભેગી મશ્કરી પણ થવાની. આથી તે બહુ ગભરાતો હતો. પણ ગભરાયે છૂટકો નહોતો. દધીચિ જેવા સંતપુરુષ જો પોતાના શરીરનાં હાડકાં આપે તો વૃત્રાસુરનો જરુર નાશ થઇ જાય એ વિશે એને શંકા નહોતી. તેથી માન અપમાનનો ખ્યાલ કાઢી નાખી નમ્ર બની, બીજા દેવોની સાથે તે ઋષિની પાસે ગયો, અને તેણે ઋષિના ચરણમાં માથું મૂકયું.

ઋષિએ એના આવવાનું કારણ પૂછયું.

દેવોએ કહ્યું : 'આપના પવિત્ર શરીરનાં હાડકાં મળે તો એ હાડકાનું વજ્ર બનાવી અમે દુષ્ટ વૃત્રાસુરને મારીએ !'

ઋષિ હસ્યા : 'પોતાનું શરીર કોને વહાલું નહિ હોય ? ખુદ ભગવાન માગવા આવે તોયે એ ન અપાય !'

ઇન્દ્રના પેટમાં તેલ રેડાયું. તે નિરાશ થઇ ગયો.

પણ થોડી વાર રહી, હતી એટલી હિંમત ભેગી કરી, એ બોલ્યો: 'આપે કહ્યું તે અમારા જેવા સાધારણ માણસોને માટે સાચું છે, બાકી આપને શું અશકય છે ?'

દધીચિ જવાબમાં હસીને બોલ્યા : 'ખરું, ખરું ! અનેક પ્રાણીઓનું ભલું થતું હોય તો આ દેહનું બીજું કામે શું છે ? છેવટે તો એ માટી જ છે ને ! ભલે, હમણાં જ હું તમારી ઇચ્છા પૂરી કરું છું !'

એમની વાણીમાં જૂના અપમાનનો જરીકે ડંખ ન મળે. ઋષિના અંતરની આ મહત્તા જોઇ ઇન્દ્રને શરમથી ભોંમાં મોં સંતાડવા જેવું લાગ્યું.

તે જ વખતે ઋષિએ આત્માને પરમાત્મામાં જોડી દઈ દેહનો ત્યાગ કર્યો.

પછી દધીચિના શરીરનાં હાડકાંનું વજ્ર બનાવી દેવો દાનવોની સામે લડયા. ત્રણસો સાઠ દિવસ એ યુદ્ધ ચાલ્યું. છેવટે એ યુદ્ધમાં વૃત્ર મરાયો ને દેવોને વિજય થયો.

[ 'શ્રીમદ્ ભાગવત' માંથી ]

# ૧૧


# રંતિદેવ

રંતિદેવ નામનો એક રાજા હતો. તે ઘણો ઉદાર અને દયાળુ હતો.

એક વખત દેશમાં દુકાળ પડયો. વરસાદ પડયો નહિ, એટલે અનાજ કંઇ પાકયું નહિ. નદીનાળાં સુકાઇ ગયાં. લોકોને અન્ન-જળ મળવું મુશ્કેલ થઇ પડયું. રાજા જેવા રાજાનેય અન્નજળના સાંસા પડવા લાગ્યા, તો ગરીબ બિચારી પ્રજાનું તો શું કહેવું ?

અડતાલીસ દિવસના ઉપવાસ પછી એક દિવસે સવારે રાજાએ ભોજન કરવાની તૈયારી કરી. પહેલો જ કોળિયો એ મોંમાં મૂકવા જાય છે ત્યાં એક બ્રાહ્મણ અતિથિ બારણે આવી ઊભો. રાજાએ તેને માનપૂર્વક બોલાવ્યો અને પોતાની થાળીમાંથી અન્ન આપી એને જમાડયો. બ્રાહ્મણના ગયા પછી રાજા ભોજનની તૈયારી કરે છે ને કોળિયો મોંમાં મૂકવા જાય છે ત્યાં એક શૂદ્ર બારણે આવી ચડયો ને 'ભૂખે તરસે જીવ જાય છે' કહી કંઇ ભોજનની માગણી કરવા લાગ્યો. રાજાથી રહેવાયું નહિ. તેણે પોતાની થાળીમાંથી થોડું એને આપ્યું. એ શૂદ્રના ગયા પછી, જેટલું રહ્યું તેટલાથી સંતોષ માની રાજા ભોજન કરવા બેઠો. કોળિયો ભર્યો ન ભર્યો ત્યાં એક શિકારી કેટલાક કૂતરા લઇને આવી ઊભો, ને બોલ્યો : 'અમે ભૂખે મરી જઇએ છીએ, ને રાજા, તું કેવો નિરાંતે ખાવા બેઠો છે !'

રાજાએ એને થોડું અન્ન આપ્યું, ત્યાં એ બોલ્યો : 'રાજાને મૂગાં પ્રાણીઓની જરાયે દયા નથી ! બાપડાં કૂતરાંનાં પેટપીઠ ચોંટી ગયાં !'



રાજાએ બાકીનું અન્ન કૂતરાંને દઈ દીધું.

હવે બાકી રહ્યું માત્ર થોડું પાણી. રાજાએ વિચાર કર્યો કે આટલું પાણી પી ચલાવીશ. પણ ઝારી ઊંચકી જ્યાં એ પાણી મોમાં મૂકવા જાય છે ત્યાં એક ચંડાળ આવી પહોંચ્યો ને બોલ્યો : 'તરસે મારો જીવ જાય છે ! કોઈ જરી પાણી આપો !'

રાજાનું હૈયું ચંડાળનું દુઃખ જોઈ પીગળી ગયું. તેણે બધું જ પાણી એ ચંડાળને આપી દીધું.

ચંડાળના ગયા પછી રાજા બોલ્યો : 'સ્વાર્થી બની મેં કોઈને કશું ન આપ્યું હોત તો કદાચ મારા એકલાનો જીવ બચત, હવે ભૂખે-તરસે હું એકલો મરીશ, પણ સાતઆઠ જીવ તો બચી ગયા !'

રાજાનો આ અદ્‌ભુત ત્યાગ જોઈ ભગવાન પ્રસન્ન થયા અને તેને દર્શન દઈ બોલ્યા : 'માગ, માગ, માગે તે આપું !'

રાજા રંતિદેવે ન માગ્યું ધન, ન માગ્યું સામ્રાજ્ય. એણે કહ્યું: 'સૃષ્ટિનાં સર્વ પ્રાણીઓનાં મનની પીડા હું ભોગવું, ને સર્વ પ્રાણીઓ સુખી થાય એટલું હું માગું છું.'

ભગવાને પૂછ્યું : 'તારે સુખ નથી જોઈતું ?'

રાજાએ કહ્યું : 'સૌને સુખ મળે એટલે મને સુખ મળ્યું જ એમ હું સમજું છું.'

['શ્રીમદ્ ભાગવત'માંથી]

## ૧૨


# સૌથી મોટો કોણ?

એક વાર સરસ્વતી નદીને તીરે ઋષિમુનિઓની સભા મળી હતી. સભામાં પ્રશ્ન થયો : 'બ્રહ્મા, શિવ અને વિષ્ણુ–આ ત્રણ દેવોમાં મોટો કોણ ?'

એકે કહ્યું : 'બ્રહ્મા સૌને ઉત્પન્ન કરે છે, એ સૌના પિતા છે, માટે એ જ સૌથી મોટા !' બીજાએ કહ્યું : 'બ્રહ્મા સૌને ઉત્પન્ન કરે છે એ ખરું, પણ સૌનું રક્ષણ તો વિષ્ણુ કરે છે. વિષ્ણુના રક્ષણ વગર કોણ જીવી શકે એમ છે ? માટે વિષ્ણુ સૌથી મોટા !' ત્યારે ત્રીજાએ કહ્યું : 'વિષ્ણુ રક્ષણ કરે છે એ વાત ખરી, પણ એમનું રક્ષણ કેટલી ઘડી ? છેવટે શિવ તમામનો સંહાર કરે છે. શિવની આણ સૌને માનવી પડે છે, માટે શિવ જ સૌથી મોટા.'

વાદવિવાદ લાંબો ચાલ્યો, પણ કંઈ નિર્ણય થઈ શકયો નહિ. ત્યારે સૌએ ભૃગુ ઋષિને આનો નિર્ણય કરવાનું કામ સોંપ્યું. ઋષિઓએ ભૃગુને કહ્યું : 'તમે ત્રણે દેવને મળો, તેમની પરીક્ષા કરી જુઓ , ને પછી તમારો અનુભવ અમને જણાવો.' ભૃગુએ કામ માથે લીધું.

સૌથી પહેલાં ભૃગુ ગયા બ્રહ્માને મળવા. સભા ભરીને બ્રહ્મા



બેઠા હતા, ત્યાં ભૃગુએ પ્રવેશ કર્યો. 'આવો, બેટા !' કહી બ્રહ્માએ તેમને આવકાર આપ્યો , પણ ભૃગુએ બ્રહ્માની સ્તુતિ કે પ્રાર્થના કરી નહિ. અકકડ ડોક રાખી તેઓ સભામાં દાખલ થયા. આ જોઇ બ્રહ્માને ક્રોધ ચડયો. પણ હમણાં જ 'આવો, બેટા !' કહ્યા પછી તરત જ પુત્ર ઉપર ક્રોધ કરવો ઠીક નહિ એમ સમજી તેમણે ક્રોધ શમાવ્યો. ભૃગુ ઘણો વખત સભામાં બેઠા, પણ બ્રહ્માએ રીસમાં એમની સાથે બિલકુલ વાત જ કરી નહિ.

ત્યાંથી ભૃગુ ગયા શિવને મળવા. ભૃગુને જોઇ શિવ પ્રેમથી સામા આવ્યા ને 'આવો ભાઇ ! ' કહી તેમનો સત્કાર કર્યો. જવાબમાં ભૃગુએ સુણાવી દીધું : 'જોયા જોયા મોટા ભાઇવાળા ! ભૂતડાં નચાવ્યાં કરે, એને ઘેર આવવા કોણ નવરું બેઠું છે ? ' આમ કહી એમણે શિવના નિમંત્રણનો તિરસ્કાર કર્યો. એ જોઇ શિવને ગુસ્સો ચડયો. એકદમ ત્રિશૂળ ઉપાડી એ ભૃગુને મારવા દોડયા. પાર્વતીએ વચમાં પડી એમને વાર્યા ન હોત તો પરિણામ શું આવત એ કહેવાય નહીં !

પછી ભૃગુ ગયા વિષ્ણુને મળવા. વિષ્ણુ ઊંઘતા હતા. ભૃગુએ એકદમ એમની છાતીમાં લાત લગાવી દીધી. વિષ્ણુ જાગી ગયા. સામે ભૃગુને જોતાં જ, તેઓ પ્રેમથી તેમને પગે લાગ્યા, અને તેમને આસન પર બેસાડી 'મારા કઠોર શરીરને વાગવાથી આપના કોમળ પગ દુખતા હશે ! ' કહી તેમના પગ દબાવવા માંડયા. વિષ્ણુની આ નમ્રતા અને ક્ષમાવૃત્તિ જોઇ ભૃગુ ગળગળા થઇ ગયા.

પછી ભૃગુએ ઋષિઓની સભામાં જઇ ત્રણે દેવોનો પોતાને થયેલો અનુભવ કહી સંભળાવ્યો, ને કોણ મોટો તેનો નિર્ણય કરવાનું કામ સભાને જ સોંપ્યું.

સભાએ એક મતે પોતાનો નિર્ણય જાહેર કર્યો : 'ક્ષમા કરે તે મોટો, ક્રોધ કરે તે નહિ. માટે વિષ્ણુ સૌથી મોટા ! '


['શ્રીમદ્ ભાગવત' માંથી]

## ૧૩

# દત્તાત્રેય

મહાત્મા કપિલની બહેન અનસૂયાને દત્તાત્રેય કરીને એક પુત્ર હતો. દત્તાત્રેયનું મન નાનપણથી જ ઈશ્વર તરફ લાગેલું હતું. નદી-કિનારે, પહાડોમાં, ને જંગલમાં ફરવાનું એમને બહુ ગમતું. એ બધે ફર્યા કરતા, ને જે જુએ તે પર વિચાર કરતા.

એક દિવસ દત્તાત્રેયે મધપૂડો જોયો. મધમાખીઓ દૂરદૂર જઈને ફૂલોમાંથી મધ ચૂસી લાવી મધપૂડામાં ભરતી હતી. દત્તાત્રેય રોજ એ જોતા. એવામાં એક દિવસ કોઈ ભીલે આવી મધપૂડો તોડી પાડયો. મધમાખીઓને ઘર છોડી ઊડી જવું પડયું.



તેમનું ભેગું કરેલું મધ બધું પેલો ભીલ લઈ ગયો.

આ જોઈ દત્તાત્રેયે વિચાર કર્યો : ભેગા કરેલા ધનની આ દશા થાય છે ! ભેગું કરે કોઈ ને ભોગવે કોઈ ! જેની પાસે હોય છે તે લુંટાય છે. માટે હું મારી પાસે કશું જ નહિ રાખું. પછી તેમણે એ મધપૂડાની મધમાખીઓને કહ્યું : 'હે મધમાખીઓ ! તમે મને આજે સુંદર જ્ઞાન આપ્યું છે, માટે હું તમને મારા ગુરુ ગણું છું, અને તમારાં ચરણમાં પ્રણામ કરું છું.'

દત્તાત્રેય ઘણી વાર નદીકિનારે ફરવા જતા. એક દિવસ તેમણે એક માછીમારને માછલાં પકડતો જોયો. માછીમાર એક લાકડીના છેડે આંકડામાં ગલ ભેરવતો, ને પછી એ ગલ પાણીમાં નાખતો. ખાવાની લાલચે માછલાં એ ગલ મોંમાં ઘાલતાં, ને આંકડાથી તેમનું તાળવું વીંધાઈ જવાથી તેઓ પકડાઈ જતાં ! આ જોઈ દત્તાત્રેયે વિચાર કર્યો : 'ખાવાની લાલચે આ માછલાંએ જીવ ખોયો ! જીભને વશ ન રાખવાથી આવું પરિણામ આવે છે. માટે જીભને કદી લાડ કરવાં નહિ !' પછી તેમણે એ પકડાએલી માછલીને કહ્યું: 'હે માછલી ! તેં મને આ જ્ઞાન આપ્યું, માટે હું તને મારી ગુરુ ગણું છું ને તારા ચરણમાં પ્રણામ કરું છું !'

એક વખત તેમણે એક અજગરને પડેલો જોયો. ઘણી વાર સુધી તેમણે તે શું કરે છે તેની તપાસ રાખી, પણ અજગર ખાવાનું મેળવવાની જરાયે ચિંતા કરતો હોય એવું લાગ્યું નહિ. તે જોઈ તે બોલ્યા : 'મારે પણ આવા બેફિકર રહેવું જોઈએ. ખાવાનું મળ્યું તો વાહ, ન મળ્યું તોયે વાહ !' પછી તેમણે અજગરને કહ્યું : 'હે અજગર! હું તને મારો ગુરુ ગણું છું, ને તારા ચરણમાં પ્રણામ કરું છું !'

આવી રીતે દત્તાત્રેયે હૈયાઉકલતથી બધું જ્ઞાન મેળવ્યું હતું, ને તેઓ જ્ઞાની બન્યા હતા.

જ્ઞાનમાં મસ્ત બની તેઓ ગમે ત્યાં ફરતા. મળ્યાનો એમને આનંદ નહોતો, ન મળ્યાનો એમને ખેદ નહોતો. ગઈ કાલની, આજની કે આવતી કાલની — એકે કાળની તેમને ચિંતા નહોતી. કોઈ બોલાવે તો વાહ, ન બોલાવે તોયે વાહ !

આવા દત્તાત્રેયને જોઈ એક રાજાએ પૂછ્યું : 'દુનિયામાં સૌને ચિંતા ને દુ:ખ છે, તમને કેમ કશું નથી ? લોકો કહે છે કે તમે કોઈને ગુરુ કર્યા નથી તેથી આવા મસ્ત છો ! '

દત્તાત્રેયે કહ્યું : 'મારા ગુરુ એક નથી, ચોવીસ છે ! '

ચોવીસ ગુરુ ! રાજાને નવાઈ લાગી. તે વિચારમાં પડી ગયો : લોકો તો કહે છે કે દત્તાત્રેયે કોઈનેયે ગુરુ કર્યા નથી, અને દત્તાત્રેયજી પોતે તો કહે છે કે મારે ચોવીસ ગુરુ છે. આ કેવી વાત !

પછી દત્તાત્રેયે પોતાના એ ગુરુઓનાં નામ ગણાવ્યાં : સૂરજ, ચંદ્ર, આકાશ, પૃથ્વી, પાણી, દેવતા, અજગર, માછલું, મધમાખી, પારધી, હોલો, પતંગિયું, કરોળિયો, ભમરી, હરણ, વગેરે વગેરે.

પછી દત્તાત્રેયે આ દરેક ગુરુ પાસેથી પોતાને શું શું જ્ઞાન મળ્યું તે કહી સંભળાવ્યું, ને બોલી રહ્યા એટલે ઊંધું ઘાલી ચાલવા માંડ્યું.

[ 'શ્રીમદ્ ભાગવત'માંથી ]

# ૧૪

# બૌદ્ધ ધર્મ કથા



૧

એક વાર ભગવાન બુદ્ધ ભિક્ષા માટે રાજગૃહ નગર ભણી જતા હતા, ત્યાં તેમણે એક યુવાનને નહાઇધોઇ દિશાઓને નમસ્કાર કરતો જોયો. તેમણે પૂછ્યું: 'તું આ શું કરે છે ?'

યુવાને કહ્યું : 'મારા પિતા મરતી વખતે છ દિશાઓની પૂજા કરવાનું કહી ગયા છે તે કરું છું !'

બુદ્ધે કહ્યું : 'એ દિશાઓ કઇ તે તું જાણે છે ?'

યુવાને કહ્યું; 'આ ઉત્તર દક્ષિણ વગેરે જ તો !'

બુદ્ધે કહ્યું; 'ના, એ નહિ!'

'તો કઇ ?' બુદ્ધે પૂછ્યું.

બુદ્ધે કહ્યું; 'તારે જાણવું છે તો સાંભળ : પૂર્વ દિશા તે? માબાપ, માટે પૂર્વ દિશાની પૂજા કરવા માબાપની સેવા કરવી, તેમનું પોષણ કરવું, કુળ પરંપરાનાં સત્કર્મો ચાલુ રાખવાં, અને તેમના નામે દાનધર્મ કરવો. દક્ષિણ દિશા તે ગુરુ, માટે દક્ષિણ દિશાની પૂજા કરવા ગુરુની સેવા કરવી, તેમને માન આપવું, એને તેમની પાસેથી શ્રદ્ધાભાવે વિદ્યા ગ્રહણ કરવી. પશ્ચિમ દિશા તે પત્ની, પુત્ર, માટે પશ્ચિમ દિશાની પૂજા કરવા માટે પત્નીનું સન્માન કરવું, એક પત્ની વ્રત આચરવું અને ઘરનો કારભાર તેને સોંપી દેવો. ઉત્તર દિશા તે સગાં સંબંધી, માટે ઉત્તર દિશાની પૂજા કરવા માટે સગાંસંબંધીઓ સાથે સ્નેહથી, સમાનભાવે, નિષ્કપટભાવે વર્તવું ને તેમને મદદ કરવી. પાંચમી દિશા પાતાળ તે સેવકો. પાતાળની પૂજા કરવા માટે નોકર ચાકરને કુટુંબીજન જેવા જ ગણવા, તેમને ઉત્તમ ભોજન આપવું, યોગ્ય પગાર આપવો, વખતોવખત બક્ષિસ આપવી અને માંદા પડે તો તેમની ચાકરી કરવી. છઠ્ઠી દિશા આકાશ તે સાધુસંત. આકાશની પૂજા કરવા માટે સાધુસંતોનો આદર કરવો, તેમની સેવા કરવી.

આ સાંભળી યુવાન ખુશ થઇ ગયો.

૨

એક વાર બે બ્રાહ્મણો વાતવાતમાં બાઝી પડયા. એક કહે કે જન્મથી બ્રાહ્મણ થવાય છે, બીજો કહે કે કર્મથી બ્રાહ્મણ થવાય છે. ચર્ચા લાંબી ચાલી , પણ કંઇ સમાધાન થયું નહિ, ત્યારે તેઓ ભગવાન બુદ્ધની પાસે આવ્યા, ને કહેવા લાગ્યા કે અમારામાં કોનું કહેવું ખરું છે ને કોનું ખોટું છે એ કહો.

ત્યારે બુદ્ધે કહ્યુ : 'પશુપંખીઓમાં જુદીજુદી જાતિ – કાગડો, કોયલ, મોર, હાથી, ઘોડો, હરણ-વગેરે એનાં રૂપરંગથી પરખાય છે, પણ મનુષ્યોમાં એક મનુષ્ય બીજા મનુષ્યથી અવયવોમાં જુદો પડતો નથી. મનુષ્યમાત્ર મનુષ્ય હોવાથી મનુષ્યની જાતિ કેવળ કર્મથી જ નકકી કરવી શકય છે. જન્મને લઇને બ્રાહ્મણ કે અબ્રાહ્મણ થતા નથી, કર્મથી જ બ્રાહ્મણ થાય છે, અને કર્મથી જ અબ્રાહ્મણ થાય છે. ચોર કર્મથી થાય છે, સિપાઇ કર્મથી થાય છે, રાજા પણ કર્મથી થાય છે. જેમ રથ ધરીને આધારે છે તેમ સર્વ મનુષ્ય પોતપોતાનાં કર્મને આધારે છે. જેનામાં આસકિત નથી, બીજો ગાળો દે, મારે બાંધે કે મારી નાખે તોયે જે સહન કરે છે, ક્ષમા એ જ જેનું બળ છે તે બ્રાહ્મણ છે.'

૩

એકવાર ભગવાન બુદ્ધ એક બ્રાહ્મણના ઘર આગળ ભિક્ષા માટે આવી ઊભા. બ્રાહ્મણ ગુસ્સે થઇને બોલી ઊઠયો : 'અરે

મૂંડિયા ! ચાંડાળ, ! અહીંથી ટળ !'

ત્યારે બુદ્ધે કહ્યું : 'હે બ્રાહ્મણ, ચંડાળ કોને કહેવો તેજ તું જાણતો નથી. જે વાતવાતમાં ગુસ્સે થાય, વેરભાવ ના રાખે, પ્રાણીની હત્યા કરે, ચોરી કરે, બીજાની પાસેથી કરજ લઇ પાછું આપે નહિ, ખોટી સાક્ષી પૂરે, માતાપિતાની સેવા ન કરે, સગાંવહાલાં પર જુલમ કરે, પોતાનાં પાપકર્મો છુપાવે, તે ચાંડાળ છે. માણસ જન્મથી જ ચાંડાળ કે બ્રાહ્મણ પાકતો નથી, પણ કર્મથી જ ચાંડાળ કે બ્રાહ્મણ થાય છે !'

'ઓહ, તમે તો ઢાંકેલી વસ્તુ ખોલી આપી ! ' કહી બ્રાહ્મણ તેમને પગે પડયો.

૪

કેટલાક બ્રાહ્મણો બ્રહ્મપ્રાપ્તિનો શ્રેષ્ઠ માર્ગ કયો તેની ચર્ચા કરતા હતા. ચર્ચાનું સમાધાન ન થયું ત્યારે તેઓ બુદ્ધની પાસે ગયા. બુદ્ધે જોયું કે આ લોકો કેવળ વાદવિવાદ કરનારા છે તેથી તેમણે કહ્યું: 'એક માણસ ચૌટા વચ્ચે નિસરણી ચણતો હતો. કોઇકે તેને પૂછ્યું કે ભાઇ, આ સીડી કયા મહેલે પહોંચાડશે ? 'ત્યારે પેલાએ કહ્યું, કે એ મહેલ કયો તેની તો મને ખબર નથી, પણ એ મહેલના મેડા પર જવા આ સીડી બાંધું છું.' આ માણસનું બોલવું જેવું વિચિત્ર છે તેવું જ બ્રહ્મને જોયા જાણ્યા વિના તેની પ્રાપ્તિના માર્ગ વિશેનું તમારું બોલવું છે. કોઇ માણસ નદીના આ કાંઠા પર ઊભો રહી સામા કાંઠાને અહીં બોલાવશે તો સામો કાંઠો અહીં આવશે ખરો ? તો મોઢે માથે ઓઢી લાંબો થઇને એ આ કાંઠે સૂઇ જશે તો સામે કાંઠે પહોંચશે ખરો ? તેવી રીતે કામ, ક્રોધ, આળસ, વૈરવૃત્તિ વગેરે દુર્ગુણો ધરાવતો માણસ નિર્મલ, નિર્વૅર, નિષ્કામ, અને સ્વતંત્ર એવા બ્રહ્મને કેવી રીતે પહોંચવાનો? આવા બે પરસ્પરવિરોધીનો મેળાપ કેમ થાય ?

૫

ફરતાફરતા બુદ્ધ એક ગામમાં આવી પહોંચ્યા. કૂટદંત નામનો બ્રાહ્મણ એ ગામનો ધણી હતો. તે એક મોટો યજ્ઞ કરાવતો હતો. યજ્ઞમાં હોમવા માટે એણે સાતસો બળદ, સાતસો વાછરડાં, સાતસો બકરાં અને સાતસો ઘેટાં આણ્યાં હતાં.

યજ્ઞમાં બેઠેલા કૂટદંતે અસંખ્ય માણસોને ભગવાન બુદ્ધનાં દર્શને જતા જોયા. એ જોઇ એને કુતૂહલ થયું, એટલે એ પણ બુદ્ધનાં દર્શને જવા નીકળ્યો. યજ્ઞ માટે બહારગામથી આવેલા બ્રાહ્મણોએ કહ્યું કે તમે તો ગામના ધણી છો; તમે શા સારુ બુદ્ધને મળવા જાઓ? એ બુદ્ધને જ અહીં બોલાવો ને !'

પણ કૂટદંતે કહ્યું: 'ના, હું જ જઇશ, ત્યાગીને મળવા ગૃહસ્થે જ જવું જોઇએ. વળી જે મારા ગામમાં આવે તે મારો અતિથિ ગણાય. અતિથિનો સત્કાર કરવા મારે જાતે જ જવું જોઇએ. '

એટલે તો બીજા બ્રાહ્મણો પણ કૂટદંતની સાથે થયા. બધા બુદ્ધને પ્રણામ કરી તેની સામે બેઠા. પછી કૂટદંતે કહ્યું : 'ભગવાન, આપ ઉત્તમ યજ્ઞવિધિ જાણો છો એમ સાંભળ્યું છે, તો અમને એ સમજાવો!'

ત્યારે બુદ્ધે આ દૃષ્ટાન્ત કહ્યું:

"પ્રાચીન કાળમાં એક રાજા હતો. તેની પાસે ઘણી ધનસંપત્તિ હતી. તેણે વિચાર કર્યો કે એક મહાયજ્ઞ કરું, તેથી તેણે પોતાના પુરોહિતને એ વાત કરી. પુરોહિતે કહ્યું : 'હાલ રાજ્યમાં ચોર લૂંટારાઓનો ઘણો ઉપદ્રવ છે, માટે પહેલાં તો એ ઉપદ્રવ બંધ કરો' !

રાજાએ કહ્યું : 'ગુનેગારોને ગરદન મારીને હું એ ઉપદ્રવ બંધ કરી દઇશ.'

પુરોહિતે કહ્યું : 'એથી અંધાધૂંધીનો અંત નહિ આવે. બીકથી જે શરણે આવશે તે ફરી લાગ મળતાં તોફાન કરશે. '

'તો શું કરવું ? ' રાજાએ પૂછ્યું.

'રાજ્યમાં ખરેખરી શાંતિ સ્થાપવી હોય તો જે ખેતી કરવા ઇચ્છે છે તેને બી આપો, વેપાર કરવા ઇચ્છે છે તેને ધન આપો, ને મજૂરી કરવા ઇચ્છે છે તેને કામ આપો. આથી રાજ્યમાં શાંતિ થશે, ને રાજ્યની આવક પણ વધી જશે.'

રાજાને આ વાત ગમી. એણે એ પ્રમાણે બધી વાત કરી, તો થોડા વખતમાં એના રાજ્યની સમૃદ્ધિ વધી, અને લોકો એવા સુખી થયા કે ચોરી લૂંટફાટનું કયાંય નામ નિશાન રહ્યું નહિ. લોકો ઘરનાં બારણાં ઉઘાડાં મેલી સૂવા લાગ્યા.

તે પછી રાજાએ પુરોહિતને કહ્યું : 'હવે મહાયજ્ઞ કરાવો ! '

પુરોહિતે કહ્યું : ' જરુર, પણ એ પહેલાં આપે આપની સમગ્ર પ્રજાની અનુમતિ મેળવવી જોઇશે.'

રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે હું મહાયજ્ઞ કરવા માગું છું, તેમાં જેને વાંધો હોય તે જાહેર કરે. કોઇનો વાંધો આવ્યો નહિ, ત્યારે રાજાએ પુરોહિતને યજ્ઞની તૈયારીઓ કરવાનું કહ્યું.

પુરોહિતે કહ્યું : 'હે રાજા, આ યજ્ઞમાં ઘણું ધન ખરચાઇ જાય છે કે ખરચાઇ ગયું એવો વિચાર પણ કદી તારા મનમાં આવવો ન જોઇએ. યજ્ઞમાં સારા ખોટા લોકો આવશે, પણ એમાં સારા માણસો તરફ અને સત્કૃત્યો તરફ જ તારે નજર રાખવી ! '

રાજાએ તે પ્રમાણે કબૂલ કર્યું.

પછી ધામધૂમપૂર્વક યજ્ઞ થયો. સમસ્ત પ્રજાએ એમાં ભાગ લીધો. એ યજ્ઞમાં ગાયો, બકરાં કે કોઇ પ્રાણીનો વધ કરવામાં આવ્યો નહિ. નોકરોને કે મજૂરોને બળજબરીથી કામે લગાડયા નહિ. જેની ઇચ્છા હતી તેણે કામ કર્યું, જેની ઇચ્છા નહોતી તેણે ન કર્યું. યજ્ઞને અંતે શ્રીમંતો કિંમતી કિંમતી ચીજો રાજાને ભેટ ધરવા આવ્યા, પણ રાજાએ કહ્યું, મારે એની જરૂર નથી, મારી તિજોરીમાં છે એ તમારું જ છે ને ! એટલે એ શ્રીમંતોએ એમનું ધન બધું ગરીબ ગુરબાંની સેવામાં વાપરી નાખ્યું ! આમ યજ્ઞ પૂરો થયો.

વાર્તા પૂરી થતાં સૌ શ્રોતાઓના મુખમાંથી નીકળી ગયું : 'વાહ, કેવો સરસ યજ્ઞ !'

કૂટદંતે તેને તે જ વખતે યજ્ઞ માટે આણેલાં બધાં પ્રાણીઓને



મુકત કરી દીધાં ! એનો પણ યજ્ઞ પૂરો થયો.

૬

બુદ્ધપુત્ર રાહુલ પણ ભિક્ષુ બની રહેતો હતો. એક વખત ભગવાન બુદ્ધ ભિક્ષુ રાહુલને મળવા ગયા. રાહુલે તેમને આસન પર બિરાજમાન કરી તેમના ચરણ પખાળ્યા. પછી પ્રણામ કરી એ બેઠો.

પાત્રમાં હજી થોડું પાણી હતું. તે બતાવી બુદ્ધે કહ્યું: 'પાત્રમાં પાણી કેટલું છે ?'

'નહિ વત્ !' રાહુલે કહ્યું.

બુદ્ધે કહ્યું : 'જે ખોટું બોલતાં શરમાતો નથી તેનું સાધુપણું આ પાણી જેવું નહિવત્ છે.'

પછી બુદ્ધે એ પાણી ઢોળી નાખ્યું અને કહ્યું: 'જે ખોટું બોલતાં શરમાતો નથી તેનું સાધુપણું આ પાણી જેવું ત્યાજ્ય છે.'

પછી પાત્ર ઊંધું પાડી તેમણે કહ્યું : 'જે ખોટું બોલતાં શરમાતો નથી તેનું સાધુપણું આ પાત્રની જેમ ઊંધું થઇ ગયું છે એમ જાણવું !'

પછી પાત્ર છતું કરી તેમણે કહ્યું : 'જે ખોટું બોલતાં શરમાતો નથી તેનું સાધુપણું આ પાત્ર જેવું ખાલીખમ છે એમ જાણવું !'

વળી તેમણે કહ્યું : 'સૂંઢને બચાવી હાથી જેમ યુદ્ધમાં લડી શકે નહિ, તેમ જે ખોટું બોલતાં શરમાતો નથી તે કદી પુણ્યકર્મ કરી શકતો નથી. કારણકે કોઇ પણ પાપ કરતાં તે અચકાતો નથી. માટે હે રાહુલ, મશ્કરીમાં પણ હું કદી ખોટું નહિ બોલું એવો તું નિશ્ચય કર!'

૭


એકવાર કેટલાક બ્રાહ્મણો વાદવિવાદે ચડયા. એક કહે : 'આત્મા અમર છે.' બીજો કહે : 'નથી.' એક કહે : 'જગત નાશવંત છે.' બીજો કહે : 'નથી !'

આ વિવાદની વાત સાંભળી બુદ્ધ ભગવાને કહ્યું : 'પ્રાચીન-કાળમાં એક રાજા થઇ ગયો. તેણે એકવાર પોતાના રાજયમાં જેટલા જન્માંધ લોકો હતા તેમને ભેગા કર્યા, ને તેમની વચમાં એક હાથીને ઊભો કરી કહ્યું : 'જુઓ, આ હાથી !'

જન્માંધોએ હાથીને જોયો – હાથીના જે અંગ પર જેનો હાથ પડયો તેણે તે અંગ પર હાથ ફેરવી કહ્યું : 'મેં હાથી જોઇ લીધો !'

રાજાએ કહ્યું : 'હાથી કેવો છે તે કહો !'

જેણે હાથીનું માથું જોયું હતું તેણે કહ્યું: 'હાથી પાણીના ઘડા જેવો



ગોળમટોળ છે.'

ત્યાં તો બીજો બોલ્યો : 'ખોટી વાત ! હાથી સૂપડા જેવો છે !' કારણકે તેણે હાથીનો કાન જોયો હતો.

ત્યાં ત્રીજાએ કહ્યું : 'અરે, હાથી તો ઝાડના થડ જેવો છે !' તેણે એનો પગ જોયો હતો.

તો ચોથો બોલ્યો : 'અરે, હાથી તો દોરડા જેવો છે ! ' એણે હાથીની પૂછડી જોઇ હતી.

તો પાંચમો બોલ્યો : 'હાથી જાડી ભીંત જેવો છે ! '

આમ બધા જુદીજુદી વાત કરવા લાગ્યા, ને પોતાની વાત જ ખરી છે કહી બાઝવા લાગ્યા. મહામુસીબતે રાજાએ એમને જુદા પાડયા.

આટલું કહી બુદ્ધે કહ્યું : 'પેલા વાદવિવાદ કરનારા બ્રાહ્મણો આ જન્માંધો જેવા છે. સત્યની તેમને ખબર નથી.'

૮

એક વાર એક ગામના મુખીએ બુદ્ધની પાસે આવી ફરિયાદ કરી કે આપને મન તો બધા સરખા ; છતાં કોઇને આપ ચાહીને ઉપદેશ કરો છો, ને કોઇના સામુંયે જોતા નથી, એમ કેમ ?'

બુદ્ધે કહ્યું: 'હે મુખી, ખેડૂતની પાસે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવી ત્રણ જાતની જમીન હોય તો કઇ જમીનમાં એ પહેલી વાવણી કરશે ?'

મુખીએ કહ્યું : 'ઉત્તમ જમીનમાં જ તો ! પછી મધ્યમ અને કનિષ્ઠમાં તો બળદના ઘાસચારા પૂરતી ખેડ કરે તો ! '

બુદ્ધે કહ્યું : 'બસ તો ! ભિક્ષુ એ ઉત્તમ ખેતર છે, એને હું પહેલો ઉપદેશ આપું છું. કારણકે એ સર્વસ્વનો ત્યાગ કરી મારે શરણે આવેલો છે. પછી ઉપાસકોને ઉપદેશ આપું છું. ને છેલ્લે અન્ય સૌને ઉપદેશ આપું છું—કદાચ એમાંથી ઘાસચારા જોગ કંઇ પેદા થાય તો !'

૯

સારિપુત્ર કરીને બુદ્ધના એક મહાન શિષ્ય હતા. એક વાર તેમણે બુદ્ધને વંદન કરી કહ્યું : 'ભગવાન, મારી એવી શ્રદ્ધા છે કે ભૂમંડળ પર આપના જેવો કોઇ છે નહિ, થયો નથી અને થવાનો નથી.'

આ સાંભળી બુદ્ધે કહ્યું : 'સારિપુત્ર પ્રાચીનકાળમાં ઘણા બુદ્ધો થઇ ગયા છે, ને ભવિષ્યમાં થવાના છે. શું એ બધા વિશે તને માહિતી છે ?'

સારિપુત્રે કહ્યું : 'ના, ભગવન્, મને પ્રાચીન બુદ્ધોની માહિતી નથી કે ભવિષ્યમાં થનારા બુદ્ધોના સ્વભાવનીયે મને ખબર નથી !'

'અને મારા સ્વભાવની તને પૂરી ખબર છે ? '

'ના, ભગવન્ ! '

'તો તું કેવી રીતે કહે છે કે તમારા જેવો કોઇ છે નહિ, થયો નથી, ને થવાનો નથી ? તારી આ શ્રદ્ધાનો આધાર શો ?' સારિપુત્ર ચૂપ થઇ ગયો.

૧૦

વૈશાલી કરીને એક નગરી હતી. ત્યાંના લોકો લિચ્છવી અથવા

વજ્જીઓ નામે ઓળખાતા. વજ્જીઓ બધા ભેગા મળીને નગર-નું રાજ્ય ચલાવતા. એ એમનું પ્રજાસત્તાક હતું. એકવાર બુદ્ધ વૈશાલીમાં હતા, ત્યારે તેમણે વજ્જીઓને સાત નિયમો આપ્યા હતા. વજ્જીઓ એ નિયમોનું બરાબર પાલન કરતા હતા.

મગધના રાજા અજાત શત્રુને વૈશાલી આંખોની કણી જેમ ખૂંચતું હતું. વજ્જીઓનો નાશ કરવા તે તલપાપડ હતો. આ વિશે બુદ્ધના આશીર્વાદ લેવા તેણે પોતાના એક પ્રધાનને બુદ્ધની પાસે મોકલ્યો.

પ્રધાને બુદ્ધની આગળ આવી રાજાની પ્રાર્થના પેશ કરી.

તે વખતે પટ્ટ શિષ્ય આનંદ બુદ્ધને વા નાખતો હતો. બુદ્ધે તેને પૂછ્યું : ' આનંદ, આ વજ્જીઓ રાજકાજનો વિચાર કરવા વખતોવખત ભેગા મળે છે ખરા ? '

આનંદે કહ્યું : 'હા, ભગવન્ !'

બુદ્ધે કહ્યું: 'સભામાં છૂટથી ચર્ચા વિચારણા કર્યા પછી જ્યારે તેઓ સભા પૂરી કરી ઘેર જાય છે, ત્યારે તેમનાં મનમાં કડવાશ હોય છે ખરી?'

'ના, ભગવન્ !'

'સભા પછી પણ એમનો સંપ એવો ને એવો હોય છે ? '

'હા, ભગવન્ !'

'પોતાના કરેલા કાયદાઓનો વજ્જીઓ ભંગ કરતા નથી ને ? કાયદાનો મનગમતો અર્થ કરતા નથી ને?'

'ના, ભગવન્ ! તેઓ કાયદાનું બરાબર પાલન કરે છે.'

'વૃદ્ધ પુરુષોનું યોગ્ય સન્માન કરી વજ્જીઓ એમની સલાહ લે છે ખરા ?'

'હા, ભગવન્ !'

'વજ્જીઓ સ્ત્રીઓનું માન સાચવે છે ખરા ? '

'હા, ભગવન્ !'

'વજ્જીઓ દેવસ્થાનોની સંભાળ રાખે છે ખરા ? '

'હા, ભગવન્ !'

'સાધુસંતોને એમના રાજ્યમાં આવવાનું મન થાય એવી રીતે વજ્જીઓ સાધુસંતોની સેવા કરે છે ખરા ? '

'હા, ભગવન્ !'

હવે બુદ્ધે અજાતશત્રુના પ્રધાનને કહ્યું : 'જો ભાઈ! જ્યાં સુધી વજ્જીઓ આ નિયમો પ્રમાણે વર્તે છે, ત્યાં સુધી કોઈ તેમનો વાળ વાંકો કરી શકનાર નથી !'

## ૧૧

પૂર્ણ કરીને ભગવાન બુદ્ધનો એક શિષ્ય હતો. એક વાર ધર્મ પ્રચારાર્થે તે દૂર દેશ જવાનો હતો. ત્યારે બુદ્ધે કહ્યું : 'પૂર્ણ, તું જે પ્રદેશમાં જવાનો છે એ પ્રદેશના લોકો ઘણા ક્રૂર છે. તેઓ તને ગાળો દેશે.'

પૂર્ણ કહે : 'તો હું તેમનો ઉપકાર માનીશ, અને તેઓ મને મારતા નથી એટલા સારા છે એમ માનીશ.'

બુદ્ધ કહે : 'અને તેઓ તને મારશે તો ? '

'તો તેઓ શસ્ત્ર પ્રહાર કરતા નથી એટલા સારા છે એમ માનીશ.'

'અને તેઓ શસ્ત્ર પ્રહાર કરશે તો ? '

'તો તેઓ મને મારી નાખતા નથી એટલા સારા છે એમ માનીશ.'

'અને કદાચ તેઓ તને મારી નાખશે તો ?'

'તો ધર્માર્થે દેહ તજવાની તેમણે મને તક આપી એટલા સારા છે એમ માનીશ !'

આ સાંભળી ખુશ થઈ બુદ્ધે તેને ધન્યવાદ સાથે આશીર્વાદ આપ્યા.

બુદ્ધ ભિક્ષુઓને ઘણીવાર કહેતા કે લોકો તમને પ્રેમથી ભિક્ષા આપે ને વંદન કરે ત્યાં સુધી તમે નમ્ર ને શાંત રહો એ કાંઈ તમારો ગુણ ન કહેવાય, પણ લોકો તમારી નિંદા કરે, તમને મારે, છતાં તમે શાંત રહો, તો જ એ તમારો ગુણ ગણાય. લૂંટારાઓ આવીને કરવત-થી વહેરે તો પણ જેના મુખમાંથી કઠોર શબ્દ નીકળે નહિ, અને જેના અંતઃકરણમાં દયા અને મૈત્રી રહે તે સાચો ભિક્ષુ !

## ૧૨

એક વાર એક બ્રાહ્મણે બુદ્ધને પુષ્કળ ગાળો દીધી. પણ બુદ્ધે તેને પોતાની પાસે બેસાડી પૂછ્યું : 'હે બ્રાહ્મણ, તારે ઘેર કોઈ વાર અતિથિ આવે ખરો ? '

બ્રાહ્મણે મિજાજમાં કહ્યું : 'આવે, નહિ કેમ આવે ?'

બુદ્ધે કહ્યું : 'એને તું જમાડે ખરો કે ? '

'જમાડું વળી ! '

'પણ મહેમાન જમે નહિ તો એ ભોજનથાળ ક્યાં જાય ?'

'ક્યાં જાય વળી ? મારા ઘરમાં જ રહે ! '

બુદ્ધે કહ્યું: 'તો એ પ્રમાણે, હે બ્રાહ્મણ, આજે તેં મને ગાળોનો થાળ ધર્યો તેનો મેં સ્વીકાર કર્યો નથી. મેં જો તને સામી ગાળો દીધી હોત તો તારી ગાળો મેં સ્વીકારી ગણાત, પણ મેં એમ કર્યું નથી, એટલે તારો ગાળોનો થાળ તારી પાસે જ રહ્યો, તારી માલિ-કીનો જ રહ્યો, ખરું ને ? '

બ્રાહ્મણ શરમાઈ ગયો.

## ૧૩

શ્રાવસ્તીની આસપાસના જંગલમાં એક ભયંકર લૂંટારો રહે-તો હતો. તે જતા આવતા લોકોને લૂંટતો, મારી નાખતો અને તેમની આંગળીઓ કાપી લઈ એ આંગળીઓનો હારડો કરી પોતાની ડોકમાં પહેરતો. આથી એ અંગુલિમાલ કહેવાતો હતો. મોટા મોટા યોદ્ધાઓ પણ એનાથી ડરતા હતા.

એક વાર બુદ્ધ એકલા એ જંગલમાં થઈને નીકળ્યા. વિકરાળ ગર્જના કરી અંગુલિમાલ એમનો વધ કરવા એમની સામે આવી



ઊભો ને બોલ્યો : 'એ ઇ સાધુડા, ઊભો રહે !'

બુદ્ધ તો શાંતિથી ચાલી જતા હતા.

ચાલતાં ચાલતાં જ તેમણે કહ્યું : 'હું ઊભો છું. અને તું પણ ઊભો રહે !'

અંગુલિમાલ નવાઇ પામ્યો. તેણે કહ્યું : 'અરે સાધુ, હું ઊભો છું તેને તું ઊભો રહેવાનું કહે છે, અને તું ચાલે છે છતાં તું ઊભો છે એમ તું કહે છે એ તારી કેવી વાત ?'

ત્યારે બુદ્ધે કહ્યું : 'ભાઇ, મારું મન ધર્મમાર્ગે સ્થિર છે, અચલ છે, તેથી હું ઊભો છું એમ હું કહું છું, ને તારું મન અસ્થિર છે તેથી હું તને સ્થિર થવા, ઊભો રહેવા કહું છું, તું સ્થિર થા !'

બુદ્ધની કરુણામય દૃષ્ટિ પડતાં ને આ શબ્દો સાંભળતાં અંગુલિમાલના હૃદયમાં અજવાળું થઇ ગયું. હથિયારો ફેંકી દઇ, આંગળીઓનો હારડો ફેંકી દઇ, એ બુદ્ધના ચરણમાં પડયો ને બોલ્યો : 'મહારાજ , હું મહાપાપી છું. મારો ઉદ્ધાર કદી થવાનો નથી !'

બુદ્ધે કહ્યું: 'થશે, પાપીનો જ ઉદ્ધાર થશે. ધર્મ ડૂબતાને તારવા માટે છે.'

અંગુલિમાલ તે જ ઘડીએ બુદ્ધનો શિષ્ય બની સાથે ચાલ્યો, ને ભિક્ષુ બની રહ્યો. મોટે ભાગે તે જંગલમાં જ રહેતો, ભિક્ષાનું અન્ન ગ્રહણ કરતો નહિ, વનમાં જે મળે તે ખાઇ લેતો, અને રસ્તા પર ઊડતાં ચીંથરાં ભેગાં કરી શરીર ઢાંકતો. દેશના રાજાએ તેનાં અન્નવસ્ત્રની જવાબદારી પોતાને માથે લેવાની ઇચ્છા દેખાડી, પણ તેણે ના પાડી, ને મસ્ત હાલતમાં ભૂમિની પથારી ને આકાશનું છાપરું કરી રહેવા લાગ્યો.

એક વાર આવી મસ્ત હાલતમાં એ શ્રાવસ્તી નગરીમાં થઇને ચાલ્યો જતો હતો, ત્યાં કેટલાક લોકો 'આ તો પેલો લૂંટારો અંગુલિમાલ ! મારો, મારો,' ! કરતા એની ઉપર તૂટી પડયા. લાકડીઓ અને પથરા મારી મારી તેમણે એને લોહી લુહાણ કરી નાખ્યો. પણ અંગુલિમાલે એક હરફ પણ ઉચ્ચાર્યો નહિ, એ મૂંગોમૂંગો બધી પીડા સહી રહ્યો. લોહી લુહાણ હાલતમાં અધમૂઆ જેવો થઇને એ બુદ્ધની પાસે આવ્યો ત્યારે બુદ્ધે એને ધન્યવાદ આપી કહ્યું : 'અંગુલિમાલ, ભદંત અંગુલિમાલ, આજે તારું પ્રાયશ્ચિત્ત પૂરું થયું ! તારાં પાપ બધાં ધોવાઇ ગયાં !'

૧૫

# મિગારમાતા વિશાખા

શ્રાવસ્તી નામે એક નગરી હતી. તેમાં મિગાર નામે એક શ્રીમંત શેઠિયો રહેતો હતો. તેણે પોતાના એકના એક દીકરા પૂર્ણવર્ધનનાં લગ્ન સાકેત નામે શહેરના ધનંજય નામે શેઠની દીકરી વિશાખા સાથે કર્યાં હતાં.

દીકરીને સાસરે વળાવતાં ધનંજય શેઠે મિગાર શેઠને કહ્યું: 'શેઠજી, આપની પાસે મારે એક નાનકડી ભિક્ષા માગવાની છે.'

મિગાર શેઠ શરમિંદા બની બોલ્યા : 'એ શું બોલ્યા, વેવાઈ ! ફરમાવો !'

ત્યારે ધનંજય શેઠે કહ્યું : 'ન કરે નારાયણ ને કોઈ વાર મારી દીકરીનો કંઈ દોષ આપના દિલમાં વસે, તો આપણી જ્ઞાતિના શ્રાવસ્તીના આઠ આગેવાન ગૃહસ્થોને બોલાવી તમારે તેમની આગળ એના દોષની ખાતરી કરાવવી.'

'અરે ! એમાં શું ?' હસીને મિગાર શેઠે કહ્યું. પછી ઉમેર્યું : 'પણ એવો વખત આવશે જ નહિ. '

પછી ધનંજય શેઠે પોતાની દીકરી વિશાખાને કહ્યું: 'દીકરી , આજે તું પિતાનું ઘર છોડી પતિગૃહે જાય છે, ત્યારે મારે તને કશું નવું કહેવાનું નથી. કહેવાનું હોય તો એનો અર્થ એ થયો કે તારું ઘડતર એટલું અધૂરું છે. પરંતુ એક વાત ફરીને યાદ આપું છું : આપણા દશ નિયમ તું કદી ભૂલતી નહિ !'

મિગાર શેઠને કુતૂહલ થયું કે કેવા હશે આ દશ નિયમ ! ધનંજય શેઠ એ સમજી ગયા. એટલે મિગાર શેઠના સાંભળતાં જ તેમણે એ દશ નિયમો દીકરીને યાદ દેવડાવ્યા :

પહેલો નિયમ : અંદરની આગ બહાર લઈ જવી નહિ.
બીજો નિયમ : બહારની આગ અંદર લાવવી નહિ.
ત્રીજો નિયમ : આપનારને જ આપવું.
ચોથો નિયમ : ન આપનારને ન આપવું.
પાંચમો નિયમ: આપનાર કે ન આપનાર હોય તોયે આપવું.
છઠ્ઠો નિયમ : સુખેથી બેસવું.
સાતમો નિયમ: સુખેથી જમવું.
આઠમો નિયમ: સુખેથી સૂવું.
નવમો નિયમ : અગ્નિની પૂજા કરવી. અને છેલ્લે
દશમો નિયમ : ગૃહદેવતાની પૂજા કરવી.

દીકરી, આ દશ નિયમ તું બરાબર પાળજે !

આ સાંભળી મિગાર શેઠે મૂછમાં હસી લીધું. તેમને થયું, આ તે કંઈ નિયમો છે ! કેવા ધડમાથા વગરના છે ! પણ એ વખતે એ કંઈ બોલ્યા નહિ.

વિશાખા પતિગૃહે આવી ને આનંદથી વડીલોની પરિચર્યામાં દિવસો નિર્ગમન કરવા લાગી.

હવે એક વાર એવું બન્યું કે મિગાર શેઠ ભોજન કરવા બેઠા હતા, ને વિશાખા તેમને પંખાથી વા નાખતી તેમની બાજુમાં ઊભી હતી. એવામાં એક બૌદ્ધ ભિક્ષુ ભિક્ષાર્થે તેમના ઘરના બારણે આવી ઊભો. મિગાર શેઠને બુદ્ધ ભગવાન અને એમના ભિક્ષુઓ પ્રત્યે જરા પણ આદરભાવ નહોતો ; તેથી એ ભિક્ષુને જોયો, છતાં ન જોયો કરી તેઓ શાંતિથી ભોજન કરતા રહ્યા. વિશાખાને આ ઠીક લાગ્યું નહિ. તેના પિતાના ઘરમાં બધાં બુદ્ધનાં ઉપાસક હતાં, અને તે પોતે પણ બુદ્ધની ઉપાસિકા હતી. એટલે પોતાના ઘરના બારણેથી ભિક્ષુ ખાલી હાથે જાય એ તેને કેમ ગમે ? તે આશા રાખી રહી કે હમણાં સસરાજી ભિક્ષુને કંઈક આપવાની મને આજ્ઞા કરશે. પરંતુ મિગાર તો ભોજનમાં જ મગ્ન હતો ; અને ભિક્ષુની સામે જોતોયે નહોતો. ભિક્ષુ તો હજી ભિક્ષાની આશાએ ઊભો જ હતો. છેવટે વિશાખાએ તેની સામે જોઈ કહ્યું: 'ભિક્ષુજી, મારા સસરા વાશી ધાન ખાનારા છે, આપ બીજે ઘેર જાઓ !'

આ શબ્દોએ મિગાર શેઠને અંગારાની પેઠે દઝાડયા. એકદમ ભર્યું ભાણું ઠેલી દઈ તે ઊભા થઈ ગયા. ને વિશાખાની સામે જોઈ બોલ્યા: 'હમણાં ને હમણાં મારા ઘરમાંથી નીકળ ! મને વાશી ધાન ખાનારો કહી એક ભટકતા ભિક્ષુની આગળ મારું અપમાન કરનારી વહુ મારા ઘરમાં ન જોઈએ !'

વિશાખાએ શાંતિથી કહ્યું: 'આપ વડીલ છો, મુરબ્બી છો, આપ મારા પર ગુસ્સો કરી શકો છો, પણ પહેલાં મને મારો અપરાધ સમજાવો, અને પછી મને અહીંથી જવાનું કહો ! મારા પિતા રૂબરૂ આપે કબૂલ કર્યું છે કે મારો કંઈ દોષ જણાય તો શ્રાવસ્તીના આઠ આગેવાન ગૃહસ્થોને બોલાવી એમની આગળ મારા દોષની ખાતરી કરાવવી.'

ગુસ્સામાં મિગારે કહ્યું : 'હમણાં જ હું સૌને બોલાવું છું.'

આમ કહી એણે તરત જ નોકરોને દોડાવ્યા, ને જ્ઞાતિના આઠ આગેવાન ગૃહસ્થોને પોતાને ઘેર બોલાવી મંગાવ્યા. પછી તેમની

આગળ વિશાખાનો ગુનો વર્ણવી કહ્યું : 'આવડી અમથી છોકરી એક ભટકતા ભિક્ષુ આગળ મને વાશી ધાન ખાનારો કહીને મારું અપમાન કરે ? શું હું વાશી ધાન ખાનારો છું?'

આઠ ગુહસ્થોએ બધી વાત સાંભળી લઇ વિશાખાને પૂછ્યું : 'તેં આવું કહ્યું હતું બહેન ?'

વિશાખાએ વિનય પૂર્વક કહ્યું: "મારા સસરાજી જૂનાં પુણ્યકર્મ પર નિર્વાહ કરે છે, અને ભિક્ષુઓને અન્ન આપી નવાં પુણ્યકર્મનો સંચય કરતા નથી એવો મારા કહેવાનો અર્થ હતો ! તેથી મેં તેમને વાશી ધાન ખાનારા એટલે કે જૂનાં પુણ્યકર્મનો ભોગવટો કરનારા કહ્યા હતા.'

'હેં ! ' મિગારના મુખમાંથી એકદમ નીકળી ગયું. ગૃહસ્થો પણ સમજ્યા કે વિશાખાનું બોલવું યુકિતસંગત છે અને ધર્મયુકત પણ છે. એટલે તેમણે જાહેર કર્યું કે અમે એને દોષિત ગણતા નથી.

પણ હજી મિગારનો જીવ હેઠો નહોતો. વિશાખાના પિતાએ વિદાય વખતે જે દશ નિયમો દીકરીને કહ્યા હતા તે એના મગજમાં અફળાતા હતા. તેનો એને કંઇ જ અર્થ સમજાતો નહોતો. અત્યારે ગુસ્સામાં એને એ યાદ આવી ગયું. એટલે એણે બોલી નાખ્યું: 'શી ખબર એના બાપે એને શું સમજાવીને મોકલી છે !'

વિશાખાએ નમ્રતાથી કહ્યું : 'તમારા સાંભળતાં જ એમણે મને દશ નિયમો પાળવાનું કહ્યું હતું, એનો મેં ભંગ કર્યો હોય તો કહો!'

'કયા દશ નિયમો ? ' આઠ ગૃહસ્થોએ પૂછ્યું.

'અરે, ધડમાથા વગરની વાતો છે બધી !' મિગારે કહ્યું.

ગૃહસ્થોએ જોયું કે ગેરસમજનું મૂળ અહીં છે, એટલે એમણે વિશાખાને એ દશ નિયમો સમજાવવાનું કહ્યું.

વિશાખાએ વિનય પૂર્વક કહ્યું : ' મારા પિતાએ મને જે દશ નિયમોનું પાલન કરવાની આજ્ઞા કરી છે, તેમાં પહેલો નિયમ છે કે અંદરની આગ બહાર લઇ જવી નહિ. એટલે કે ઘરમાં કંઇ તકરાર થઇ હોય તો તેની વાત બહાર કોઇને કહેવી નહિ. બીજો નિયમ એ છે કે બહારની આગ અંદર લાવવી નહિ. એટલેકે આડોશીપડોશી કોઇ આપણાં ઘરનાંનું ભૂંડું બોલતાં હોય તો તે વાત ઘરમાં કહેવી નહિ. ત્રીજો ચોથો અને પાંચમો નિયમ છે કે આપનારને જ આપવું; ન આપનારને ન આપવું, અને આપનાર કે ન આપનારને પણ આપવું આનો અર્થ એ છે કે જે ઊછીની લીધેલી ચીજ પાછી આપતો હોય તેને જ ઘરની ચીજ આપવી, જે પાછી આપતો નહોય, તેવાને કોઇ ચીજ આપવી નહિ. પરંતુ કોઇ સગું સંબંધી ગરીબ હોય અને ઊછીની લીધેલી ચીજ પાછી આપી શકે તેમ નહોય, તો પણ તેને ચીજ આપવી. છઠ્ઠો, સાતમો ને આઠમો નિયમ એ છે કે સુખેથી બેસવું, સુખેથી જમવું અને સુખેથી સૂવું. એટલે કે વડીલ જનોની આવજા હોય તેવી જગાએ બેસવું નહિ, તેમના જમ્યા પહેલાં જમવું નહિ અને વડીલજનો સૂઇ જાય પછી જ સૂવું. નવમો નિયમ એ છે કે અગ્નિની પૂજા કરવી, એટલે કે પતિ અગ્નિ સમાન પૂજ્ય છે, એની સેવા કરવી; અને દશમો નિયમ એ છે કે ગૃહદેવતાની પૂજા કરવી. એનો અર્થ એ કે સાસુસસરા વગેરે વડીલજનોને ગૃહદેવતા સમજી તેમની સેવા કરવી. મારા પિતાએ મને આ દશ નિયમો શિખવાડ્યા છે, ને હું એનું યથાશકિત પાલન કરું છું, એમાં મેં કંઇ ચૂક કરી હોય તો મારા અપરાધની હું ક્ષમા માગું છું. '

આ સાંભળી મિગારની આંખોનાં પડળ ખસી ગયાં. એ એવો ખુશ થઇ ગયો કે બોલી ઊઠયો : 'અપરાધ તારો નથી, મારો છે: હું તારી માફી માગું છું. ખરેખર, તું મારા ઘરની લક્ષ્મી છે.'

ત્યારે વિશાખા બોલી : 'આપ વડીલ છો, આપે કોઇ અપરાધ કર્યો નથી. પરંતુ મને મનમાં એક વાતની વિમાસણ રહે છે – હું બુદ્ધની ઉપાસિકા છું, અને આપને બૌદ્ધ ભિક્ષુ દીઠો ગમતો નથી. આનું શું થાય ?'

મિગારે કહ્યું: 'એની તું ચિંતા ન કર! તું ઘેર ભિક્ષુઓને આમંત્રે ને એમને અન્ન વસ્ત્રનું દાન કરે તેનો હું વિરોધ નહિ કરું—એ ખાતે તું ગમે તેટલું ખર્ચ કરે તેનો પણ હું વાંધો નહિ લઉં ! પણ મને એ પસંદ નથી, એટલે હું એમાં ભાગ નહિ લઉં ! એ ભિક્ષુઓનું મોં પણ હું નહિ જોઉં !'

સસરાના છેલ્લા શબ્દો વિશાખાને ગમ્યા નહિ, પણ ભિક્ષુઓને આમંત્રવા જમાડવાની છૂટ મળી તેથી તેને ઘણો આનંદ થયો. તે વખતે ભગવાન બુદ્ધ પોતાના ભિક્ષુસંઘ સાથે શ્રાવસ્તીમાં બિરાજ-



માન હતા. વિશાખાએ બીજે જ દિવસે તેમને જમાડયા. આ બધો વખત મિગાર ઘરના એક ખૂણામાં ભરાઈ રહ્યો હતો. ભૂલથી પણ બુદ્ધનું કે કોઈ ભિક્ષુનું મોં જોવાઈ ન જાય તેની એણે ખૂબ કાળજી રાખી હતી.

ભિક્ષુ-ભોજન પતી ગયા પછી વિશાખાએ ભગવાનને કંઈક ધર્મોપદેશ કરવાની પ્રાર્થના કરી. ઘરનાં બધાં બુદ્ધનો ઉપદેશ સાંભળવા આવીને બેઠાં, પણ મિગારે ચોખ્ખું કહ્યું કે 'હું બુદ્ધનું મોં જોવા માગતો નથી.' ત્યારે વિશાખાએ એને વિનંતિ કરી કે 'મોં ન જોશો, પણ સાંભળવામાં શી હરકત છે ? સાંભળીને એક કાનથી બીજે કાન કાઢી નાખજો ! '

વિશાખાના અતિ આગ્રહથી મિગારે એની વિનંતિ સ્વીકારી. પડદાની મોટી આડ ઊભી કરી, બુદ્ધનું મોં દેખાય નહિ એવી રીતે, એ પડદાની પાછળ બેઠો; ને વખતે કંઈક દેખાઈ જાય એ બીકે આંખો મીંચી એ બુદ્ધનું પ્રવચન સાંભળી રહ્યો.

પણ આંખો બંધ કરવાથી તો ઊલટી અસર થઈ.

એનું ચિત્ત બુદ્ધના ઉપદેશ પર સ્થિર થયું, અને એ ધ્યાનપૂર્વક બુદ્ધનો ઉપદેશ સાંભળી રહ્યો. બુદ્ધે દાન અને શીલ વિશે ઉપદેશ કર્યો. એ સાંભળી મિગાર પર એટલી બધી અસર થઈ કે એનું મન પશ્ચાત્તાપથી ભરાઈ ગયું કે અરેરે, આવા વિશ્વવંદ્ય મહાપુરુષ મારે ઘેર પધાર્યા છે ને હું એમનું મુખ પણ જોતો નથી ! ધિક્કાર છે મારા જનમને !

એકદમ પડદો ખેંચીને તોડી નાખી એ બહાર ધસી આવ્યો, ને દોડીને બુદ્ધનાં ચરણમાં જઈને પડયો, ને બોલ્યો : 'ભગવાન, મારા અપરાધની ક્ષમા કરો, ને મને આપના શરણમાં લો !'

ભગવાને કરુણામય સ્મિત કરી એની સામે જોયું.

પછી મિગારે વિશાખાની સામે જોઈ કહ્યું : 'તું મારે માતા સમાન છે. તું જો મારે ઘરે ન આવી હોત તો ભગવાનની અમૃતવાણી મને સાંભળવા નહિ મળત, અને ભગવાનનું શરણું મને પ્રાપ્ત ન થાત. આજથી હું તને મારી માતા જ કહીશ. '

ત્યારથી વિશાખા 'મિગારમાતા' તરીકે ઓળખાઈ.

વિશાખા ખૂબ લજ્જિત થઈ, પરંતુ આજે તેના આનંદનો પાર ન રહ્યો. હળવેથી આવીને તેણે બુદ્ધનાં ચરણોમાં માથું મૂકયું.

અને સકળ ભિક્ષુસંઘે જયઘોષ કર્યો :

બુધ્ધં સરણં ગચ્છામિ !
ધમ્મં સરણં ગચ્છામિ !
સંઘં સરણં ગચ્છામિ !

# ૧૬

# સુવર્ણમૃગ

કાશીપુરીમાં બ્રહ્મદત્ત નામે રાજા રાજ્ય કરતો હતો. તેને રોજ મૃગનું માંસ ખાવા જોઇતું. આથી દરરોજ અસંખ્ય માણસોને તેમનો કામધંધો છોડાવી એ પોતાની સાથે શિકાર ખેલવા લઇ જતો, ને રોજ કેટલાંયે હરણાંને મારી લાવતો.

આવી રીતે રોજ જંગલમાં જવું પડતું , તેથી લોકો શાંતિથી પોતાનો કામધંધો કરી શકતા નહિ. એટલે તેમણે વિચાર કર્યો કે આવી રીતે રોજરોજ કામધંધો છોડી રાજાની સાથે જંગલમાં જવું પડે તેના કરતાં એક સામટાં ઘણાં મૃગોને જો આપણે એક જ જગાએ ભેગાં કરી દઇએ, તો પછી રાજા મન ફાવે ત્યારે એમનો શિકાર કરી શકે અને આપણે પણ શાંતિથી આપણો ધંધો કરી શકીએ.

પછી એક ઉદ્યાન નક્કી કરી તેમાં ઘાસપાણીની વ્યવસ્થા કરી, લોકો હરણાંને હાંકી લાવવા જંગલમાં ગયા, ને એક યોજન વિસ્તારમાં વનને ઘેરો ઘાલી હાકોટા કરવા લાગ્યા, ઢોલનગારાં વગાડવા લાગ્યા, થાળીઓ પીટવા લાગ્યા, અને એમ કરીને ગુફાઓમાં સંતા-યેલાં મૃગોને બહાર કાઢવા લાગ્યા. પછી તેઓ ઘેરો સાંકડો ને સાંકડો કરતા ગયા, અને એમ કરીને બધાં મૃગોને તેમણે રાજાના ઉદ્યાન-માં હાંકી આણ્યાં. પછી એમણે ઉદ્યાનનું મોં બંધ કરી દીધું. મૃગો બધાં ઉદ્યાનમાં પુરાઇ ગયાં.

ઉદ્યાનમાં પુરાયેલાં મૃગોમાં બે જૂથ હતાં. દરેક જૂથમાં પાંચસો જેટલાં હરણ હતાં. એક ટોળીનો આગેવાન હતો નિગ્રોધ નામનો મૃગરાજ. તેનું આખું શરીર સોનેરી હતું. માથા પર સોનેરી શિંગડાં હતાં. મણિ જેવી ગોળ ગોળ આંખો હતી, પૂંછડી ચમરી ગાય જેવી હતી, ચામડી સુંવાળી રેશમ જેવી હતી. મોં ચળકતા લાલ રંગનું હતું. પગના નખ પણ લાલ હતા. અને ઊંચાઇમાં એ ઘોડા-ના વછેરા જેવડો હતો.

બીજા જૂથનો આગેવાન પણ એવો જ સુવર્ણમૃગ હતો. એની ચામડીનો વાન સોનેરી હતો, ને એયે શરીરે કદાવર અને રૂપાળો હતો. એનું નામ હતું શાખામૃગ.

રાજા મૃગોને જોવા ઉદ્યાનમાં આવ્યો. અસંખ્ય મૃગોને જોઇ એ ખુશ થયો. મૃગોના આગેવાન શાખામૃગ અને નિગ્રોધને જોઇ એ વધારે ખુશ થયો. તેણે હેતથી બંનેના માથા પર હાથ ફેરવ્યો ને કહ્યું : 'તમને બેઉને હું અભયદાન આપું છું, તમને હું નહિ મારું.' પછી તેણે પોતાના માણસોને હુકમ કર્યો કે આ બે મૃગોને છૂટથી હરવા - ફરવા દેવા, તેમને કદી મારવા નહિ.

હવે રોજ રાજા મૃગનો શિકાર કરવા ઉદ્યાનમાં આવતો, ને વન-માં જે રીતે શિકારની પાછળ પડતો તેવી રીતે અહીં પણ મૃગોની પાછળ પડતો, ને તેમના પર બાણ છોડતો. આથી કોઇવાર બે, તો કોઇવાર ચાર, તો કોઇવાર એથીયે વધારે મૃગ મરી જતાં કે ઘાયલ થતાં. આમ બધાંયે મૃગોને કાયમ મરવાની બીકમાં રહેવું પડતું. તેથી તેમને ન ખાવું ભાવે, ન પીવું ભાવે.

આ જોઇ નિગ્રોધને બહુ દુ:ખ થયું. તેણે વિચાર કર્યો કે આના કરતાં તો રાજાને રોજ એક મૃગનો વારો બાંધી આપવો સારો. તેણે આ વાત શાખામૃગને કરી. એને પણ એ ગમી, અને બધાં મૃગોએ એ સ્વીકારી.

રાજાએ પણ સ્વીકારી. તેણે રસોયાને હુકમ કર્યો કે રોજ સવારે એક મૃગ રાજીખુશીથી મરવા માટે ધર્મગંડિકા આગળ આવશે. ' તારે એ એકને જ મારવું.'

તે દિવસથી એવો નિયમ બંધાઇ ગયો. એક દિવસ નિગ્રોધની ટોળીમાંથી એક મૃગનો વારો આવતો, તો બીજે દિવસે શાખામૃગ-ની ટોળીના મૃગનો વારો આવતો. જેનો વારો આવે તે રાજીખુશી-થી મરવા માટે નક્કી કરેલા સ્થળે ચાલી જાય.

એમ કરતાં એક દિવસ શાખામૃગની ટોળીની એક મૃગલીનો વારો આવ્યો. મૃગલી સગર્ભા હતી. તેથી તેને થયું કે મારા બચ્ચાનો જન્મ થયા પછી મારે મરવાનું આવે તો સારું. એટલે તેણે આ વાત શાખામૃગને કરી. શાખામૃગે કહ્યું : 'આજે તારો વારો છે, ને તારે મરવું જોઇએ. હું બીજા કોઇને તારે બદલે મરવાનું કહી શકું નહિ. નિયમ એટલે નિયમ ! એમાં દયામાયા ન ચાલે ! '

નિરાશ થઇ મૃગલી રોતીરોતી નિગ્રોધની પાસે ગઇ. નિગ્રોધે હેતથી તેની શિંગડીઓ રમાડી કહ્યું : 'શા દુ:ખે રડે છે, બેટી ! તારા મનમાં જે દુ:ખ હોય તે બોલી નાખ ! '

ત્યારે મૃગલીએ કહ્યું : 'મારા બચ્ચાનું મોં જોયા પછી મરવા હું તૈયાર છું'

નિગ્રોધે કહ્યું : 'ઓહ, આ વાત છે ! જા, ઘેર જઇ આરામ કર ! '

મૃગલીએ બીતાં બીતાં કહ્યું : 'પણ બાપજી, આજે મરવાનો

મારો વારો છે. હું મરવા નહિ જાઉં તો રાજા ગુસ્સે થઇ કેટલાયને વગર મોતે મારી નાખશે !'

નિગ્રોધે તેને આશ્વાસન આપતાં કહ્યું : 'એવું નહિ બને, બેટી ! તારે બદલે જરુર એક મૃગ રાજીખુશીથી ત્યાં મરવા જશે !'

આ સાંભળી મૃગલીની આંખોમાં આનંદનાં આંસુ આવ્યાં, અને એ આંસુથી નિગ્રોધના પગ ધોવાઇ ગયા.

મૃગલીના ગયા પછી કોઇને કંઇ પણ કહ્યા વગર, નિગ્રોધ પોતે મૃગલીની જગાએ મરવા માટે જઇને ઊભો. થોડીક વારે રસોયો ત્યાં આવ્યો. જુએ તો સુવર્ણમૃગ લાકડાના થડા પર ડોક રાખીને મરવા માટે લાંબો થઇને પડયો હતો ! તેને નવાઇ લાગી કે આ શું? સુવર્ણમૃગને તો રાજાએ અભયદાન આપેલું છે, ને આજે એ અહીં મરવા કેમ સૂતો છે ?

તેણે દોડતા જઇને રાજાને આ વાત કરી. રાજા તરત જ રથ પર સવાર થઇને કેટલાયે માણસોની સાથે ત્યાં આવી પહોંચ્યો. મૃગને થડા પર પડેલો જોઇ તેણે પૂછ્યું : 'હે મૃગરાજ, શું મેં તને અભયદાન આપ્યું નથી ? તો પછી અત્યારે તું અહીં કેમ મરવા આવ્યો છે ?'

સુવર્ણ મૃગે કહ્યું : 'મહારાજ, મારો ધર્મ મને અહીં લઇ આવ્યો છે.'

'ધર્મ ? ધર્મ કેવી રીતે ?'


સુવર્ણ મૃગે કહ્યું : 'મહારાજ, આજે એક મૃગલીનો અહીં મરવા આવવાનો વારો હતો. પણ એ સગર્ભા હતી. એટલે એ મરે તો એની સાથે એનું બાળક પણ મરે. વળી એને એના બચ્ચાનું મોં જોઇને મરવું હતું. એટલે મેં એને દિલાસો આપ્યો કે તું સુખેથી તારે ઘેર જા, તારે બદલે બીજો મૃગ મરવા જશે.'

રાજાએ કહ્યું: 'તો એ બીજો મૃગ કેમ ન આવ્યો? તું કેમ આવ્યો?'

સુવર્ણમૃગે કહ્યું : 'હું જ એ બીજો મૃગ છું ને, મહારાજ ! આ દુનિયાનો મોહ એવો છે કે કોઇને મરવું ગમતું નથી. મરણનું દુ:ખ હું કોઇ બીજાને માથે નાખું, તે કરતાં હું પોતે જ તે શા માટે ન ભોગવી લઉં ? મારેયે એક દિવસ મરવાનું તો છે જ ને ? તો આજે જ હું શા માટે ન મરું ? મારો એક જીવ જતાં મૃગલીનો અને એના બચ્ચાનો એમ બે જીવ તો બચી જશે ને ? એવો વિચાર કરી હું રાજીખુશીથી મરવા આવ્યો છું. મહારાજ !'

આ સાંભળી રાજા આભો બની ગયો. તેના હૃદયની કઠોરતા બધી ઓગળી ગઇ.

તે બોલ્યો : 'હે મૃગરાજ, તારા દિલમાં છે તેવાં દયા ને કરૂણા મેં કોઇ મનુષ્યમાંયે નથી જોયાં ! આજે મને સમજાય છે કે મોટામાં મોટું કામ કોઇને મારવામાં નથી, પણ જિવાડવામાં છે. તેં તારા પ્રાણના ભોગે એક મૃગલીને અભયદાન આપ્યું એ તારું મોટામાં મોટું કામ છે. તે જોઇ મને પણ એક મોટું કામ કરવાનું



મન થયું છે. એટલે જા, હું તને ને એ મૃગલીને બેઉને અભયદાન આપું છું. તમને બેઉને હું નહિ મારું !'

સુવર્ણમૃગે કહ્યું : 'હે રાજા, મોટું કામ કરવું છે તો ખરેખરું મોટું કામ કર ! માત્ર અમને બેને અભયદાન મળશે તો ઉદ્યાનનાં બીજા મૃગોનું શું થશે ?'

રાજાએ કહ્યું : 'બીજાં બધાંયે મૃગોને હું અભયદાન આપું છું.'

'હે રાજા, હજીયે મોટું કામ કર ! ઉદ્યાનના મૃગોને અભયદાન મળશે તો વનનાં બીજાં મૃગોનું શું થશે ?'

'એમને પણ હું અભયદાન આપું છું .'

'હે, રાજા, તને ધન્ય છે ! તું હજીયે મોટું કામ કર ! મૃગમાત્રને તો અભયદાન મળ્યું, પણ બીજાં ચોપગાંનું શું થશે ?'

રાજાએ કહ્યું : 'એમને પણ હું અભયદાન આપું છું.'

સુવર્ણમૃગે કહ્યું : 'હે રાજા, તને ધન્ય છે ! તું હજીયે મોટું કામ કર! ચોપગાંને તો અભયદાન મળ્યું, પણ પંખીઓનું શું થશે ?'

રાજાએ કહ્યું : 'પંખીઓને પણ હું અભયદાન આપું છું.'

'હે રાજા, તને ધન્ય છે ! તું હજીયે મોટું કામ કર ! પશુ પંખી-ઓને તો અભયદાન મળ્યું, પણ જળચરોનું શું થશે ? '

રાજાએ કહ્યું : 'એમને પણ સૌને હું અભયદાન આપું છું.'

હવે સુવર્ણમૃગે કહ્યું: 'હે રાજા, તને ધન્ય છે ! તારું જીવ્યું સાર્થક છે ! લાખલાખ દિગ્વિજય કરતાં તેં આજે મોટો વિજય પ્રાપ્ત કર્યો છે. તેં આજે તારા મનને જીત્યું છે. તેં આજે દુનિયાનું મોટા-માં મોટું કામ કર્યું છે. સૃષ્ટિનાં લાખો મૂંગાં પ્રાણીઓના તને આશીર્વાદ છે — તું સુખી થા !'

રાજાના આનંદનો પાર ન રહ્યો. બીજાનો જીવ બચાવવાથી કેવું સુખ થાય છે તેની આજે પહેલી વાર તેને ખબર પડી.

તે પછી બંને સુવર્ણમૃગો પોતપોતાની ટોળી લઈને વનમાં ચાલ્યા ગયા, અને નિર્ભય બની વનમાં ફરવા લાગ્યા.

બૌદ્ધ ધર્મકથા કહે છે કે બુદ્ધ ભગવાન પોતે એમના અગાઉના એક જન્મમાં આ નિગ્રોધ મૃગ રૂપે જન્મ્યા હતા અને આવાં પુણ્યકર્મ કરી બોધિસત્ત્વ બન્યા હતા.

# ૧૭

# રાજાનું સ્વપ્નું

એક હતો રાજા. એક રાતે એને એક સ્વપ્નું આવ્યું.

સ્વપ્નામાં એણે એક મોટા તાવડામાં લોખંડનો રસ ઉકળતો જોયો. પછી એમાંથી એણે ચાર પ્રકારના અવાજ સાંભળ્યા. એક અવાજ 'દા' બોલીને રહી ગયો, બીજો 'દ' બોલીને રહી ગયો, ત્રીજો પણ 'દ' બોલીને રહી ગયો, ને ચોથો 'મ' બોલીને રહી ગયો.

રાજા ચમકીને જાગી ગયો. તેણે રાજ્યના બધા પંડિતોને, બ્રાહ્મણોને અને જોષીઓને બોલાવી આ સ્વપ્નનો અર્થ પૂછ્યો. બધાએ ખૂબખૂબ વિચાર કરીને જવાબ દીધો : 'મહારાજ, મહા-ભયંકર સ્વપ્નું આવ્યું છે તમને! તમારે માથે મોટી ઘાત છે, ને તમારું ભારે અમંગળ થવાનું છે એમ એ સ્વપ્નું કહે છે.'

આ સાંભળી રાજા ગભરાયો. તેણે કહ્યું : 'હે ભૂદેવો, હે પંડિતો, હે જ્યોતિર્વિદો, મને આ સ્વપ્નાની અમંગળ અસરમાંથી બચાવો!'

ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે 'સર્વ ચતુષ્પદ યજ્ઞ' કરો, ને એમાં બધી જાતનાં ઉત્તમ પ્રાણીઓને હોમો તો તમે એની અનિષ્ટ અસરમાંથી બચી જશો.'

ભારે ધામધૂમપૂર્વક યજ્ઞ શરુ થયો. યજ્ઞકુંડમાં હોમવા માટે સેંકડો ઉત્તમ પશુઓને લાવવામાં આવ્યાં.

તેવે વખતે રાજપુરોહિતનો એક શિષ્ય ગુરુની પાસે જઇને બોલ્યો : 'મહારાજ, પશુઓનો વધ કરવાથી માણસનું કલ્યાણ થાય એ કેવી રીતે બને ? '

રાજપુરોહિતે કહ્યું : 'ચૂપ ! તું તારે માલપાણી ઉડાવ, અને દક્ષિણાથી તારાં ખિસ્સાં ભર ! '

છતાં શિષ્યના મનનું સમાધાન થયું નહિ. એનું મન અસ્વસ્થ બની ગયું હતું. એટલે એ યજ્ઞમંડપ છોડીને રાજાના ઉદ્યાનમાં ફરવા ચાલી ગયો. ત્યાં એણે જોયું તો કયાંકથી એક સાધુ પધાર્યા હતા, અને એક મોટી શિલા પર આસન વાળીને બેઠા હતા. જાણે સુવર્ણની પ્રતિમા જોઇ લો !

રાજપુરોહિતનો શિષ્ય સાધુને જોઈ ખુશ થયો. ભકિતભાવપૂર્વક પ્રણામ કરી તે તેમના ચરણમાં બેઠો.

સાધુએ પૂછ્યું : 'હે વત્સ, રાજા ધર્મ પ્રમાણે ચાલે છે ને ? '

શિષ્યે કહ્યું : 'હા, મહારાજ! પણ એક વાત એવી બની છે કે ધર્મ અધર્મ સમજાતો નથી. એક રાતે રાજાને સ્વપ્નું આવ્યું. સ્વપ્ના-માં એણે લોઢાનો રસ ઉકળતો જોયો, ને એમાંથી એક પછી એક દા-દ-દ-મ એવા ચાર અવાજ એણે સાંભળ્યા. બ્રાહ્મણોએ કહ્યું કે આ સ્વપ્નથી તમારું અનિષ્ટ થશે, માટે 'સર્વચતુષ્પદયજ્ઞ' કરો, ને ઉત્તમ પશુઓનો હોમ કરો. એટલે એ રાજા અત્યારે મોટો યજ્ઞ કરાવી રહ્યો છે. સેંકડો પશુઓને એમાં હોમવાનાં છે. એ પશુ-ઓની ચીસો સાંભળી હું ભાગી આવ્યો છું. ખરેખર, શું પ્રાણી-ઓનો હોમ કરવાથી રાજાનું કલ્યાણ થશે, મહારાજ ? આપના જેવા સંતપુરુષ શું રાજાને એના સ્વપ્નનો અર્થ નહિ બતાવી શકે ?'

સાધુએ કહ્યું : 'જો ભાઇ, હું તારા રાજાને ઓળખતો નથી , અને તારો રાજા મને ઓળખતો નથી. પણ એના સ્વપ્નનો અર્થ હું જાણું છું. તારો રાજા પોતે આવીને એ વિશે જિજ્ઞાસા પ્રગટ કરે તો હું એને એ કહું ! '


'તો , મહારાજ , આપ જરી દયા કરો— હું હમણાં જ રાજાને બોલાવી લાવું છું !' આમ કહી એ દોડતો રાજાની પાસે પહોંચી ગયો. રાજા તે વખતે યજ્ઞમાં બેઠો હતો. શિષ્યે તેની પાસે જઇને કહ્યું કે સુવર્ણની પ્રતિમા જેવા એક મહાત્મા આપના ઉદ્યાનમાં પધાર્યા છે; તેઓ આપના સ્વપ્નનો અર્થ જાણે છે.

આ સાંભળતાં જ રાજા ઊભો થયો, ને ઝડપથી પગલાં ભરતો સાધુની પાસે આવ્યો, ને એને પ્રણામ કરી એની સામે બેઠો ને બોલ્યો : ' મહારાજ, ખરેખર મારા સ્વપ્નનું રહસ્ય આપ જાણો છો ? '

સાધુએ કહ્યું : 'હા ! '

'તો કહો, મહારાજ ! કૃપા કરી મને એ કહો ! મેં ઉકળતો લોહરસ જોયો એ શું, ને ચાર અવાજો સાંભળ્યા એ શું ? '

સાધુએ કહ્યું : 'હે રાજા, ઘણાં વર્ષો પહેલાં આ નગરીમાં ચાર મિત્રો રહેતા હતા. તેઓ ભારે દુરાચારી હતા. સાધુસંતોને તેઓ ખૂબ પીડતા, સ્ત્રીઓને અને બાળકોને પણ સતાવતા. આથી મૂઆ પછી તેઓ કુંભી નરકમાં પડયા. ત્યાં ઉકળતા લોહ-રસની અંદર તેઓ શેકાવા લાગ્યા. હજી પણ તેઓ ત્યાં શેકાઈ રહ્યા છે. તને સ્વપ્નમાં જે દા-દ-દ-મ એવા અવાજો સંભાળાયા તે આ ચાર જણાના હતા. તેઓ અત્યારે પશ્ચાત્તાપથી બળી રહ્યા છે, અને પોતાના અનુભવની વાત કાન ફાડી નાંખે એવા અવાજે આખી દુનિયાને સંભળાવવા માગે છે, જેથી કોઈ એમના જેવાં પાપકર્મ કરે નહિ. ઉકળતા લોહરસમાંથી મોં કાઢી તેઓ પશ્ચાત્તાપ-



નો એકએક શ્લોક બોલવા ગયા પણ શ્લોકનો માત્ર એક જ અક્ષર તેઓ બોલી શક્યા ને તરત પાછા લોહરસમાં ડૂબી ગયા !'

રાજાએ કહ્યું : 'એવું તે એ લોકો શું કહેવા માગતા હતા ? '

સાધુએ કહ્યું : 'પહેલો એમ કહેતો હતો કે

દાન કર્યું જો હોત તો દશા ન આવી થાત ,
લોહતણા રસની મહીં દ્વીપ મજાનો થાત !

એટલે કે જો મેં સારી રીતે દાન કર્યું હોત તો અત્યારે આ ઉકળતા લોહરસની અંદર એ દાન દ્વીપ બનીને મને આશરો આપત.

બીજો એમ કહેતો હતો કે

દયા કરી મેં હોત તો દશા ન આવી થાત,
દુ:ખના સરવરની મહીં નાવ રૂપાળું થાત !

એટલે કે જો મેં પ્રાણીઓ પર દયા રાખી હોત, તો આ દુ:ખના દરિયામાં એ દયા નાવડું બનીને મને આશરો આપત.

ત્રીજો એમ કહેતો હતો કે

દમન કર્યું મેં હોત તો દશા ન આવી થાત.
ઉકળતા આ મોત પર સેતુ સુખનો થાત !

એટલે કે જો મેં મન તથા ઇન્દ્રિયો પર કાબૂ રાખ્યો હોત તો આ ઉકળતા મોતમાં એ સંયમ પુલ બનીને મને આશરો આપત.

ચોથો એમ કહેતો હતો કે

મળે ફરી નરદેહ તો સૌને કરું સહાય,
દા-દ-દ-ભૂલું નહિ, પ્રાણ ભલેને જાય !

એટલે કે હવે ફરી જો મને મનખાદેહ મળશે તો ફરી આવી ભૂલ નહિ કરું. હવે હું દાન, દયા ને દમન ત્રણેને બરાબર યાદ રાખીશ, ને ત્રણેનું બરાબર પાલન કરીશ.

આ સાંભળી રાજાએ કહ્યું : "વાહ ! આવું સ્વપ્ન કદી મને અમંગળ કરનારું હોઈ શકે નહિ. '

'નહિ જ ! ઊલટું, અર્થ જાણ્યા પછી એ સૌનું કલ્યાણ કરનારું છે.' સાધુએ કહ્યું.

ત્યારે રાજાએ કહ્યું : 'તો પછી આ યજ્ઞ શા માટે ? પશુઓની આ હત્યા શા માટે ? '

સાધુએ કહ્યું : 'એ બંને નકામાં છે. નિર્દોષ મૂગાં પ્રાણીઓનો વધ કરીને માણસ કદી પોતાનું કલ્યાણ કરી શકે નહિ. જ્યાં દયા નથી, પ્રેમ નથી, ત્યાં સુખ ક્યાંથી ? '

સાધુને પ્રણામ કરી રાજા યજ્ઞમંડપમાં પાછો ફર્યો. યજ્ઞ બંધ કરાવી હોમવા માટે આણેલાં પશુઓને છોડી દીધાં.

પછી રાજાએ પોતાના સ્વપ્નનો અર્થ સૌને કહી સંભળાવ્યો, જે સાંભળીને સૌ ખુશ થતાં ઘેર ગયાં.

બૌદ્ધધર્મકથા કહે છે કે ભગવાન બુદ્ધ પોતે એમના અગાઉના એક જન્મમાં આ સાધુ રૂપે જન્મ્યા હતા, અને હિમાલયની કંદરાઓમાં તપસ્યા કરી બોધિસત્ત્વ બન્યા હતા.

# ૧૮

# મોટો કોણ ?

કાશીના રાજા બ્રહ્મદત્ત કુમારે તક્ષશિલા વિદ્યાપીઠમાં ભણીને વિદ્યા પ્રાપ્ત કરી હતી. તે ન્યાય અને નીતિથી રાજ્ય ચલાવતો હતો. દરેકે દરેક કામ પર તે જાતે નજર રાખતો હતો. રાગ-દ્વેષ વગર લોકોના કજિયાઓના તે ફેંસલા આપતો હતો, અને ફરી કજિયા નહિ કરવાની લોકોને શિખામણ આપતો હતો. એના પ્રધાનો અને ન્યાયાધીશો પણ એવી જ રીતે કામ કરતા હતા. આથી એના રાજ્યમાં લોકો સલાહસંપથી રહેતા હતા. ન્યાયાધીશો રોજ કચેરીઓમાં આવીને બેસતા, પણ કોઇ ફરિયાદ કરવા આવતું નહિ. તેઓ આખો વખત માત્ર બેસી રહેતા, ને સાંજ પડયે ઘેર જતા.

હવે રાજાએ વિચાર કર્યો કે મેં ધર્મ પ્રમાણે રાજ્ય ચલાવીને રૈયત-ને સુખી કરી. હવે મારા પોતાનામાં કંઇ દોષ છે કે નહિ તે જોવું જોઇએ, અને દોષ જણાય તે દૂર કરવો જોઇએ. તેથી તેણે બધા દરબારીઓને કહ્યું કે હે સજ્જનો, તમે મારા મિત્રો, શુભેચ્છકો અને મુરબ્બીઓ છો, તો મને મારા દોષો બતાવો, જેથી હું તે સુધારી સાચો મનુષ્ય બની શકું.

આખી સભા આ સાંભળી સ્તબ્ધ થઇ ગઇ. રાજાનો દોષ કોણ બતાવે ? વળી આ તો ધર્મમાર્ગે ચાલનારો રાજા હતો. એનામાં દોષ કેવો ? બધાએ કહ્યું : 'મહારાજ, અમને તો તમારામાં કંઇ દોષ દેખાતો નથી. '

ત્યારે રાજાએ રાજમહેલમાં બધાંને આ પ્રશ્ન કર્યો. ત્યાં પણ બધાંએ કહ્યું : 'અમને તો તમારામાં કંઇ દોષ દેખાતો નથી.'

રાજાએ પછી નગરમાં બધે આ સવાલ પૂછવા માંડયો., પણ ત્યાંયે કોઇ દોષ દેખાડનારું મળ્યું નહિ. તેણે આસપાસનાં ગામ-ડાંમાં ફરવા માંડયું. પણ ગામડાંમાંયે બધા તેનાં માત્ર વખાણ કરતા હતા. એટલે હવે તેણે દૂરનાં ગામડાંમાં ફરવા માંડયું ; રાજ્યનો વહીવટ પ્રધાનોને સોંપી દીધો.

એક ગામથી બીજે ગામ એમ કરતાં રાજા બ્રહ્મદત્તકુમાર છેક પોતાના રાજ્યની સીમા સુધી પહોંચી ગયો. ત્યાં પણ એને કોઇ દોષ દેખાડનારું મળ્યું નહિ. હવે તે નદીના કાંઠે પાછો કાશીપુરી આવવા નીકળ્યો.

હવે એવું બન્યું કે કોશલ નગરનો રાજા મલ્લિક પણ કાશી રાજા-ની પેઠે જ પોતાના દોષો જોવા નીકળ્યો હતો. સાદા વેશમાં રથમાં બેસીને તે ગામેગામ ફરતો હતો, પણ હજી સુધી એના દોષ દેખાડ-નારું કોઇ એને મળ્યું નહોતું. ફરતાં ફરતાં એ પણ અહીં નદી - કિનારાના પ્રદેશમાં આવી પહોંચ્યો હતો. અચાનક એક દિવસ કાશીરાજ અને કોશલરાજના રથ એક સાંકડા રસ્તા પર સામસામા આવીને ઊભા. રસ્તો એવો સાંકડો હતો કે બે રથ એક સાથે તેના પર થઇને પસાર થઇ શકે નહિ. બંને રથ સામસામા થંભી ગયા.

બંને રાજાઓ સાદા પોશાકમાં હતા , એટલે કોઇએ કોઇને ઓળખ્યો નહિ.

મલ્લિક રાજાના સારથિએ કાશીરાજના સારથિને કહ્યું : 'ભાઇ, તારો રથ છોડીને પાછો વાળી લે ! '

ત્યારે કાશીરાજના સારથિએ કહ્યું : 'અરે, તું જાણે છે મારા રથમાં કોણ બેઠું છે તે ? તેઓ કાશીનરેશ બ્રહ્મદત્તકુમાર છે, માટે મારો રથ પાછો નહિ વળે; તું જ ધીરેથી તારો રથ વાળી લે, ભઇલા, ને કાશીરાજનું ગૌરવ કર ! '

જવાબમાં કોશલ રાજના સારથિએ કહ્યું : 'તો ભાઇ, મારા રથમાં કોણ બિરાજમાન છે એ તું જાણી લે ! તેઓ કોશલ નરેશ મલ્લિક મહારાજ પોતે છે. માટે તું તારો રથ પાછો વાળી લે, ભઇલા, ને કોશલનરેશનું સન્માન કર !'

હવે કાશીરાજનો સારથિ વિચારમાં પડી ગયો કે શું કરવું ? સામો રથ પણ રાજાનો છે. બે રાજાઓમાં કોણ કોને મારગ આપે ? વિચાર કરતાં તેને લાગ્યું કે બેમાં જે નાનો હોય તે મોટાને માન આપે, ને એનો રથ ખસેડી લે. તેણે આ વાત કોશલરાજના સારથિને કહી, તો તેણે પણ તેનો સ્વીકાર કર્યો.

પછી કાશીરાજના સારથિએ કોશલરાજના સારથિને કોશલ - રાજની ઉંમર પૂછી. તેણે કહી તો બંને રાજાઓ ઉંમરમાં સરખા સરખા માલમ પડયા ! ઉંમર સરખી છે તો રાજ્ય કોનું મોટું છે એ જોવા કાશીરાજના સારથિએ કોશલરાજ્યનો વિસ્તાર પૂછ્યો તો એ પણ સરખો જ નીકળ્યો. બંને રાજાઓ ત્રણસો યોજન ધરતીના સ્વામી હતા. પછી બંનેની સેનાની વાત નીકળી, ધનસંપત્તિની વાત નીકળી કુલ ગોત્રની વાત નીકળી, યશની વાત નીકળી, તો એ બધામાંયે બેઉ સરખા માલમ પડયા. સરખા સમૃદ્ધિવાન, સરખા યશસ્વી, સરખા વિદ્યાકળાના જાણકાર, અને સરખા વિદ્વાનોને ઉત્તેજન આપનારા !

હવે એવું નકકી થયું કે બંનેમાં જે વધારે શીલવાન હોય તેનો રથ

આગળ વધે.

ત્યારે કોશલરાજના સારથિએ પોતાના રાજાના ગુણોનું વર્ણન કરતાં કહ્યું : 'મારો રાજા મહાન વીર છે. તે કઠોરની સાથે કઠોર થાય છે, ને કોમળની સાથે કોમળ થાય છે. તે શઠની સાથે શઠ થાય છે, ને સુશીલની સાથે સુશીલ થાય છે. સારા માણસને તે સારપથી જીતે છે, ને દુંગાને દુંગાઈથી. મારો રાજા આવો પરાક્રમી છે, માટે હે કાશીરાજના સારથિ, તું રસ્તો છોડ !'

જવાબમાં કાશીરાજના સારથિએ કહ્યું : 'આ તેં તારા રાજાના ગુણનું વર્ણન કર્યું કે અવગુણનું ?'

કોશલરાજના સારથિએ કહ્યું : 'ગુણનું ! અવગુણનું વળી કઇ રીતે ?'

કાશીરાજના સારથિએ કહ્યું : 'તારો રાજા કઠોરની સાથે કઠોર થાય છે, શઠની સાથે શઠ થાય છે, અને દુંગાની સાથે દુંગો થાય છે, એનો અર્થ તો એ થયો કે તારા રાજામાં કઠોરતા છે, શઠતા છે ને દુંગાઇ પણ છે !'

કોશલરાજના સારથિએ કહ્યું : 'તો તારો રાજા કેવો છે ?'

કાશીરાજના સારથિએ કહ્યું : 'મારો રાજા ક્રોધીને અક્રોધથી જીતે છે, વેરીને પ્રેમથી જીતે છે, શઠને વિશ્વાસથી જીતે છે, ભૂંડાને ભલાઇથી જીતે છે, કંજૂસને દાનથી જીતે છે, ને જૂઠને સત્યથી જીતે છે. તે કદી ક્રોધ કરી શકતો નથી. કઠોર થઇ શકતો નથી, કુટિલ થઇ શકતો નથી, શઠ થઇ શકતો નથી. આવો શીલવાન છે મારો રાજા ! માટે હે કોશલરાજના સારથિ, તું રસ્તો છોડ !'

આ સાંભળી કોશલરાજે જ પોતાના સારથિને કહ્યું : 'ભાઇ સારથિ, એની વાત ખરી છે. તું મારો રથ છોડી નાખ, ને કાશીરાજને રસ્તો આપ !'

પછી તેણે કાશીરાજને કહ્યું : 'હે કાશીરાજ, હું જગતમાં મારા દોષો જાણવા નીકળ્યો હતો, પણ કોઇ મને તે બતાવતું નહોતું. આજે અચાનક મને તે જાણવા મળી ગયું. માટે હું તમારો અત્યંત ઋણી છું.' આમ કહી તે રથમાંથી નીચે ઊતરી પડયો. એના સારથિએ રથના ઘોડા છોડી નાખ્યા, ને રથને પાછળ હઠાવી બાજુ પર પર લઇ કાશીરાજના રથને રસ્તો આપ્યો.

આવો શીલવાન હતો બ્રહ્મદત્તકુમાર.

બૌદ્ધધર્મ કથા કહે છે કે ભગવાન બુદ્ધ પોતે એમના અગાઉના એક જન્મમાં કાશીરાજ બ્રહ્મદત્તકુમાર રૂપે જન્મ્યા હતા.

## ૧૯

# મૂંગો મઘ

મચલગામ કરીને એક ગામ હતું.

ગામ નાનું હતું : એમાં શાળા નહિ, ધર્મશાળા નહિ, પણ દારુનું પીઠું ખરું. ગામમાં ઘર થોડાં ને કજિયા કંકાસ વધારે. કજિયા કંકાસ પતાવવાના નામે ગામનો મુખી લોકો પાસેથી પૈસા પડાવતો, ને ફુલ્યો ફાલ્યો ફરતો. એનો એ ધંધો જ થઇ પડયો હતો.

આ ગામમાં એક ખેડૂતને ઘેર એક છોકરાનો જન્મ થયો. માબાપે એનું નામ મઘકુમાર પાડ્યું.

મઘકુમાર ઉંમરલાયક થયો, ત્યારે એણે જોયું તો આખું ગામ કજિયા કંકાસથી ખદબદતું હતું. લોકો દારુ પીતા, જુગાર રમતા, મારામારી કરતા. આથી એમનાં ઘરનાં કામ બગડતાં ને ખેતીનાં કામ પણ બગડતાં.

આ જોઇ મઘકુમારને બહુ દુ:ખ થયું. તેણે સંકલ્પ કર્યો કે ગામની થાય તે સેવા કરવી, અને લોકોને સીધે રસ્તે વાળવા.

પણ એમ લોકોની વાતો કોઇ માને નહિ. મઘકુમારે એવી મોઢાની વાતો કરી પણ નહિ. એણે હાથમાં કોદાળી પાવડો લીધાં, ને ગામમાંથી કાદવકીચડ સાફ કરવા માંડયાં, આજે એક લત્તો સાફ



કર્યો, કાલે બીજો. મોઢે કશું બોલવાનું નહિ, આમ કરો, તેમ કરો , આમ ન કરો, તેમ ન કરો, એવું કોઈને કહેવાનું નહિ. માત્ર મૂંગાં મૂંગાં કામ કરવાનું. આથી લોકો મઘને મૂંગો મઘ કહેતા.

લોકો જુએ કે મઘ એમની શેરીઓ સાફ કરી જાય છે, એમનાં ઘરઆંગણાંયે સાફ કરી જાય છે. તેમને થાય કે આ ગાંડિયો આમ શું કરવા કરતો હશે ? એને શું બીજો કામધંધો નહિ હોય ?

પણ પછી એમણે જોયું કે મઘ એનું ખેતર ખેડે છે, ને પાક સાચવે પણ છે. ઘરનાં બીજાં કામકાજ પણ એ કરે છે, અને સાથે સાથે બીજાઓનાં આવાં કામ પણ કરે છે. એને આટલી બધી ફુરસદ મળી રહે છે, અને એનામાં કામની આટલી સ્ફૂર્તિ રહે છે, કારણકે એ દારુના પીઠામાં જતો નથી ; દારુ કે એવી કેફી ચીજોનું સેવન કરતો નથી; કોઈની સાથે ગાળાગાળી કે મારામારી કરતો નથી; કોઈની નિંદાકૂથલી કરતો નથી કે કોઈની સાથે વેરઝેર રાખતો નથી. કોઇ બોલાવે તો વાહ, ન બોલાવે તોયે વાહ ! ઊંધું ઘાલીને એ માત્ર પોતાને ઠીક લાગે તે કામ કર્યે જાય છે.

ધીરે ધીરે મઘે ગામના બધા રસ્તા સાફ કરી નાખ્યા. રસ્તામાં ભેગો થયેલો કચરો ઉપાડીને ગામબહાર ખાડાઓમાં નાખી એણે ખાડા પૂર્યા ; પીવાના પાણીમાં ગંદુ પાણી જાય નહિ એટલા માટે એણે કૂવાને પાળો બાંધી.

ગામમાં થયેલો આ ફેરફાર લોકો નજરે જોતા હતા.—પહેલાં તો માત્ર જોઈ રહ્યા, પણ પછી ધીરે ધીરે એમનાં મન વિચાર કરતાં થયાં કે માનો, ન માનો, પણ આ ગાંડિયો મઘ ગામના ભલાનું કામ કરે છે! ગામના પીઠા પર એ કદી જતો નથી, કોઈની સાથે કદી ટંટાફિસાદ કરતો નથી ; ઊંહુ ! એ ગાંડિયો નથી, ગામમાં જો કોઇ ડાહ્યો માણસ હોય તો એ જ એકલો છે ! પણ એ મૂંગો કેમ છે એ સમજાતું નથી.

ધીરે ધીરે એક બે માણસો મઘની સોબતે ચડયા, ને કોદાળી પાવડો લઇ ગામના ભલાનાં કામ કરવા તરફ વળ્યા. હવે મઘ બોલ્યો. એણે એમને પંચશીલનો ઉપદેશ આપ્યો. પંચશીલ એટલે પાંચ નિયમ : કોઇ જીવની હત્યા કરવી નહિ, ચોરી કરવી નહિ, જૂઠું બોલવું નહિ, કેફી પદાર્થનું સેવન કરવું નહિ, અને પારકી સ્ત્રીને માબહેન ગણવી. આ પાંચ નિયમ જે પાળે તે સુખી થાય ! આખા ગામમાં વાત ફેલાઇ ગઇ કે મઘ બોલ્યો !

હવે લોકો એની વાત સાંભળવા ટોળે વળવા લાગ્યા. એકએક કરતાં ત્રીસ જુવાનિયા મઘના જૂથમાં સામેલ થયા. આ ત્રીસ જણા પોતાના ઘરનું ને ખેતીનું કામ સંભાળે, ને ફુરસદના વખતમાં ગામના હિતનું કામ કરે. ગામની આસપાસના રસ્તાઓ પણ તેમણે સાફ કરી નાખ્યા; માણસ કે ઢોર સારી રીતે ચાલી શકે એટલા માટે રસ્તામાં ખાડા હતા તે પૂરી નાખ્યા, તળાવ પુરાઇ ગયું હતું તેને ખોદીને ઊંડું કર્યું, કૂવા ગાળ્યા, હવાડા બાંધ્યા, અને નદીનાળાં પર નાનાનાના પુલ પણ બાંધ્યા. બહારગામથી આવતા અતિથિ અભ્યાગતો માટે એક ધર્મશાળા પણ બાંધી, ને તેમના માટે સીધાપાણીની પણ વ્યવસ્થા કરી. મૂંગાં પ્રાણીઓની સારવાર માટે પશુઔષધાલયની પણ ગોઠવણ કરી. આની આખા ગામ પર એટલી બધી અસર પડી કે દારુનું પીઠું ખાલી રહેવા લાગ્યું; પીઠામાં પગ દેવો એ શરમભરેલું ગણાવા લાગ્યું. ગામના કજિયા બંધ થઇ ગયા — લોકો બધા એક કુટુંબની પેઠે રહેવા લાગ્યા. એટલે મુખી નવરો પડયો. એની કમાણી બંધ થઇ ગઇ. લોકો ખેતીવાડી પર વધારે ધ્યાન આપતા થયા એટલે એમની ખેતી સુધરી, અને તેઓ આબાદ થયા. ગામમાં ચોરી લૂંટ તો ભૂતકાળની વાત બની ગઇ. નાનાં બાળકો બધાં પાઠશાળામાં જતાં થઇ ગયાં, ને મોટાં બધાં સટાક ચોરે બેસી તડાકા મારવાને બદલે ગામના હિતની ચર્ચાઓ કરતાં થઇ ગયાં. ગામ આખાની હવા જ જાણે એકદમ બદલાઇ ગઇ. અને એની અસર આસપાસનાં ગામો પર પણ પડી. ત્યાં પણ મઘની દોરવણી હેઠળ જનહિતનાં નાનાંમોટાં કામો થવા માંડયાં, અને દારુની દુકાનો સૂની પડવા માંડી.

આવું બધું જોઇને મુખીની આંખો ફાટી. લોકો પંચશીલનું પાલન કરી સુખી થાય એમાં એનું શું રંધાયું ? લોકો દારુ પીએ, કજિયા કરે, મારામારી કરે, ચોરી લફંગાઇ કરે તો એનો ભાવ પુછાય, બેઉ પક્ષવાળા એની ખુશામત કરે અને એનાં ખિસ્સાં ભરે !

એટલે મઘની આ મંડળી પર મુખી રોષે ભરાયો. એ પહોંચ્યો ગામના રાજા પાસે. ત્યાં જઇ એણે ફરિયાદ કરી કે મારા ગામમાં ભારે ઉત્પાત મચાવી દીધો છે! ગામમાં જાણે ચોર ડાકુઓનું રાજય થઇ ગયું છે !

આ સાંભળતાં જ રાજાએ હુકમ કર્યો : ‘હાથે પગે દોરડાં બાંધી એ એકત્રીસે જણને અહીં પકડી લાવો !’

મુખી ખુશખુશ થઇ ગયો. સિપાઇઓની ફોજ લઇને એ મચલ ગામ આવ્યો. એ જ દિવસે એણે મઘ અને એના ત્રીસ સાથીદારોને પકડી લીધા , ને એમના હાથે પગે દોરડાં બાંધ્યાં.

મઘે એના સાથીદારોને કહ્યું : ‘ દોસ્તો , ગભરાશો નહિ ! આપણા પંચશીલ વ્રતની આ કસોટી છે. આપણે વિનાવિરોધે રાજાના દરબારમાં હાજર થશું.’

રાજાના સિપાઇઓ એકત્રીસે જણને બાંધીને રાજાની રાજધાનીમાં લઇ આવ્યા. પછી રાજાને ખબર આપી કે મચલ ગામના તોફાનીઓને અમે પકડી લાવ્યા છીએ.’

લાંબો ટૂંકો વિચાર કર્યા વગર રાજાએ તરત હુકમ કર્યો: ‘એ સૌને હાથીના પગ નીચે છૂંદી નાખો !’

ભયંકરમાં ભયંકર ચોરલૂંટારાઓને જે સજા થાય તે મઘ અને એના સાથીદારોને ફરમાવવામાં આવી. પરંતુ મઘ જરા પણ વિચલિત થયો નહિ. એના સાથીદારો પણ સ્વસ્થ રહ્યા.

મઘે એમને કહ્યું : ‘દોસ્તો, આજ સુધી આપણે સદાચારમાં જીવ્યા છીએ. છતાં તમારામાંથી કદાચ કોઇને એમ લાગશે કે સદાચારમાં જીવ્યા એનું આ ફળ ? સદાચારમાં જીવ્યા છતાં અમારા પર આવી આપત્તિ કેમ ? પરંતુ પંચશીલને યાદ કરી તમારા મનમાંથી એ વિચાર કાઢી નાખજો. સદાચારનું ફળ સારું જ છે એમ

માનજો. નજરે સારું ન દેખાય તોયે એ સારું જ હશે એની ખાતરી રાખજો. કારણકે સદાચાર એ જ સદાચારનું ફળ છે. એથી મોટું ફળ બીજું કંઇ નથી. આ સિવાય બીજો કોઇ વિચાર, અત્યારે આપણે મરણના ખોળે પડેલા છીએ, તેવે વખતે તમારા મનમાં આવવા દેશો નહિ. નહિ તો આપણું મરણ બગડશે. તમારાં મનમાં સૌ પ્રત્યે માત્ર મૈત્રી ભાવના દૃઢ કરજો. જે મૈત્રીભાવનાથી આપણે જીવ્યા છીએ તે જ મૈત્રીભાવના અત્યારે આપણી સામે ફરિયાદ કરનાર મુખી પ્રત્યે રાખજો, આપણને મારી નાખવાનો હુકમ કરનાર રાજા પ્રત્યે રાખજો, અને આપણને છૂંદી નાખવા આવનાર હાથી પ્રત્યે પણ રાખજો ! શત્રુ, મિત્ર, તટસ્થ અને હું એવો ભેદ મનમાંથી કાઢી નાખી સર્વની ઉપર સરખી મૈત્રી થવા દો ! અને આજ પર્યંત કરેલાં સત્કર્મોનું જ ચિંતન કરો ! '

મધનાં વચન સાંભળી સૌએ હાથી પર, રાજા પર ને મુખી પર મૈત્રી ભાવના દૃઢ કરી. પોતાનું ભૂંડું તાકનારને પણ તેમણે પોતાના પરમ હિતચિંતક માન્યા, મિત્ર માન્યા !

આનું પરિણામ એ આવ્યું કે મધ અને એના સાથીદારોને મારવા માવત હાથી લઇને આગળ આવ્યો, ત્યારે હાથીએ આગળ વધવાની ના પાડી ! માવતે અંકુશનો માર માર્યો, પણ હાથી આગળ ડગ ભરે જ નહિ ! કીકિયારી પાડી એ પાછો હઠી ગયો !

એટલે કોટવાલે બીજો હાથી આણ્યો. આ બીજો હાથી પણ મધ વગેરેને હાથેપગે બાંધીને ઊંધે માથે નાખ્યા હતા ત્યાં આવ્યો, તેમની છેક નજીક આવ્યો, ને પછી એકદમ કશાકથી બી ગયો હોય એમ એ ચીસ પાડી પાછો હઠી ગયો ! પછી ત્રીજો હાથી આણવામાં આવ્યો. તેણે પણ એવું જ કર્યું. ચોથો હાથી આવ્યો, તેનું પણ એમ જ થયું !

છેવટે રાજાને આ વાતની ખબર આપવામાં આવી. રાજાને એ સાંભળી ભારે નવાઇ લાગી. તેને થયું કે આ લોકોની પાસે કંઇક ઔષધી હોવી જોઇએ, જેની ગંધથી હાથી ભડકીને પાછો હઠી જાય છે.

એટલે એણે હુકમ કર્યો કે એકત્રીસે જણને અહીં લઇ આવો, ને મારી રૂબરૂ એ સૌનાં શરીર તપાસો ! એકત્રીસે જણને હાથપગ બાંધેલી હાલતમાં જ રાજાની આગળ રજૂ કરવામાં આવ્યા. રાજાએ આ પહેલી જ વાર એમને જોયા. નિર્દોષ જુવાન ચહેરા જોઇ રાજાનું મન વિમાસણમાં પડ્યું કે આવા લોકોને મારી નાખવાનો હુકમ કરવામાં હું કંઇ ભૂલ તો નથી કરતો ને ? પણ તેણે ગુસ્સામાં કહ્યું : 'હાથીને ભગાડવાની તમારી પાસે કઇ ઔષધી છે, દેખાડો !'

મધે કહ્યું : 'અમારી પાસે એવી કોઇ જ ઔષધી નથી ! '

રાજાએ કહ્યું : 'છે !'

આમ કહી તેણે સૌની જડતી લેવાનો હુકમ આપ્યો. સિપાઇઓએ એકએક જણનાં કપડાં તપાસ્યાં, મોં પહોળાં કરાવીને યે જોયું, પણ કયાંય કોઇ ઔષધી સંતાડેલી દેખાઇ નહિ.

ત્યારે રાજાએ કહ્યું : 'ઔષધી નથી, તો હાથીને વશ કરવાનો કોઇ મંત્ર તમને આવડતો હોવો જોઇએ. એ વિના હાથી તમારા શરીર પર ચાલવાની ના પાડે એ બને જ કેમ ? '

મધે વિનયપૂર્વક કહ્યું : 'મંત્રનું પૂછો છો તો કહું, મહારાજ , અમારી પાસે મંત્ર છે ! '

'મંત્ર છે ? બોલો, કયો મંત્ર છે એ ? ' રાજાએ આતુરતાથી બોલી નાખ્યું .

મધે સ્વસ્થતાથી કહ્યું : 'અમારા મંત્રનું નામ પંચશીલ છે. અમે આજ સુધી એ મંત્રનું, એટલે કે પંચશીલનું પાલન કરતા આવ્યા છીએ. અમે કોઇ પ્રાણીની હત્યા કરતા નથી. ચોરી કરતા નથી, અસત્ય ભાષણ કરતા નથી, દારુ કે એવા કેફી પદાર્થનું સેવન કરતા નથી, અને પરસ્ત્રીને માબહેન સમજીએ છીએ. અમે હમેશાં સૌ પ્રત્યે મૈત્રી ભાવના રાખીએ છીએ. અમે કોઇને શત્રુ માનતા નથી. અમારી સામે ફરિયાદ કરનાર મુખી પ્રત્યે, અમને હાથીના પગ તળે છૂંદી નાખવાની સજા ફરમાવનાર આપ પ્રત્યે, કે અમને છૂંદી નાખવા આવનાર હાથી પ્રત્યે પણ અમે માત્ર મૈત્રીની ભાવના જ રાખી હતી ! અમારું આ શીલ અને અમારી આ મૈત્રીભાવના એ અમારો મંત્ર છે ! હાથીએ અમારાં શરીર ઉપર ચાલવાની ના પાડી એ આ મંત્રનો પ્રતાપ છે ! '

આ સાંભળી રાજા વિચારમાં પડી ગયો. તેણે તરત જ એકત્રીસે જણને બંધનમુકત કરવાનો અને એમને રાજભવનમાં મહેમાન તરીકે રાખવાનો હુકમ કર્યો. બીજી બાજુ એણે મચલ ગામની સાચી સ્થિતિ જાણી લાવવા મુદ્દામ માણસો દોડાવ્યા. એ લોકોએ ત્યાં બધે ફરીને તપાસ કરી, પાછા આવી રાજાની આગળ નિવેદન કર્યું કે મધ અને એના સાથીદારોએ એ આખા પ્રદેશની શિકલ બદલી નાખી છે. ત્યાંના લોકો ખૂબ સુખ અને સંતોષથી હળી મળીને રહે છે, ને ભેગા મળી ગામનાં કામો કરે છે. ત્યાં ચોરી, મારામારી, ટંટાફિસાદ વગેરેનું તો નામનિશાન નથી ! મુખીએ કરેલી ફરિયાદ સાવ ખોટી છે !

રાજાને હવે મુખી પર એવો ગુસ્સો ચડયો કે એણે એને તે જ ઘડીએ હાથીના પગ તળે છૂંદી નાખવાનો હુકમ કર્યો, અને મધ અને તેના સાથીદારોને ખૂબ ધન્યવાદ આપ્યા.

મુખીને મોતની સજા થયાનું જાણી મધે રાજાને વિનંતિ કરી : 'મહારાજ, મારી એક અરજ છે !'

'તમારી અરજ સ્વીકારાઇ ગઇ સમજો ! મુખીનાં ઘરબાર માલમિલકત બધું જપ્ત કરી દેવાની વાત છે ને ?' રાજાએ કહ્યું.

મધે વિનયપૂર્વક કહ્યું : 'ના, મહારાજ. મારી અરજ જરા જુદી છે. મારી અરજ એ છે કે મુખીને આપ માફી બક્ષો ને છોડી દો !'

રાજાએ નવાઇ પામી કહ્યું : 'ખોટી રીતે તમને બધાને આટલા હેરાન કર્યા તોયે ? '

મધે કહ્યું : 'એમના પ્રતાપે તો અમને આપનાં દર્શન થયાં, આપની અનુકંપાનાં દર્શન થયાં ! વળી અમારાં પંચશીલ અને મૈત્રી ભાવનાને કસોટીએ ચડાવી જોવાની અમને તક મળી ! '

રાજાએ કહ્યું :'ખરું ! ખરું ! પણ મુખીને સજા કરવાનું એક

બીજું પણ મોટું કારણ છે. એણે મારો પણ ભયંકર અપરાધ કર્યો છે. મારા વિશ્વાસનો એણે દુરુપયોગ કર્યો છે. હાથીઓના ડહાપણથી હું બચી ગયો, નહિ તો એકત્રીસ નિર્દોષ માણસોનાં ખૂનનું પાપ મારે માથે ચડી ગયું હોત! મને આવા પાપકર્મમાં પ્રેરનારનો વધ કરવો એ જ ઉચિત છે.'

ત્યારે મઘે કહ્યું: 'મહારાજ, ક્ષમા એ સમર્થ નો ગુણ છે. આથી વધારે કંઇ કહેવાને હું લાયક નથી!'

'સમજી ગયો! સમજી ગયો!'

કહી એકદમ આનંદમાં આવી રાજાએ મુખીને છોડી દેવાનો હુકમ કર્યો.

સઘળે આનંદ આનંદ થઇ રહ્યો.


બૌદ્ધ ધર્મ કથા કહે છે કે ભગવાન બુદ્ધ પોતે એમના અગાઉના એક જન્મમાં મઘકુમાર રૂપે જન્મ્યા હતા, ને અપૂર્વ મૈત્રી ભાવના સિદ્ધ કરી હતી.

# મેઘકુમાર

ફરતાફરતા મહાવીર સ્વામી રાજગૃહ નામે નગરમાં આવ્યા. તેમના આવ્યાના ખબર ફેલાતાં લોકોનાં ટોળેટોળાં તેમનાં દર્શન માટે ઊમટયાં. ચોરે ને ચૌટે જ્યાં જુઓ ત્યાં લોકોની મેદની કોલાહલ કરતી ભગવાનનાં દર્શન માટે જતી દેખાય. રાજકુંવર મેઘ પોતાના મહેલના જરૂખામાં આ બધું જોઇ રહ્યો હતો ને વિચાર કરી રહ્યો હતો કે આજે નગરમાં કંઇ ઉત્સવ છે કે શું ? તો મને એની કેમ ખબર નથી ? એણે નોકરોને બોલાવી પૂછ્યું તો જવાબ મળ્યો: ભગવાન મહાવીર નગર બહાર ઉદ્યાનમાં પધાર્યા છે ; તેમનાં દર્શન કરવા જનારાઓની ભીડ છે.

'તો હું પણ એમનાં દર્શન કરવા જાઉં !' એવો વિચાર કરી મેઘકુમાર રથમાં બેસી મહાવીરનાં દર્શને ચાલ્યો. ઉદ્યાન સમીપ આવતાં તે રથમાંથી ઊતરી પડયો, અને સામાન્ય માણસની પેઠે પગે ચાલીને મહાવીરની પાસે ગયો તથા તેમની પ્રદક્ષિણા કરી. વંદન કરી બધાં ભેગાં બેઠાં.

મહાવીર ઉપદેશ કરતા હતા. તેમણે કહ્યું : 'એક ઘેટો હતો. તેનો માલિક તેને ખવડાવી પિવડાવીને સારી રીતે રાખતો હતો. ઘેટો રોજ તગડો થતો જતો હતો. ને મનમાં ને મનમાં માલિકનાં વખાણ કરતો જતો હતો. પછી એક દિવસ અતિથિ આવ્યા, ને માલિકે ઘેટાને મારી અતિથિનો સત્કાર કર્યો. દુનિયામાં રચ્યા પચ્યા રહેતા લોકો આ ઘેટા જેવા છે. તેઓ જૂઠ, શઠતા, ને ક્રૂરતા આચરી મોજ મજા કરે છે. પણ પેલા તગડા થતા જતા ઘેટાને જેમ ખબર નથી કે એ કપાવા માટે તગડો થઇ રહ્યો છે, તેમ આ દુનિયાના જીવોને યે ખબર નથી કે પોતે નરકમાં કપાવા માટે અહીં મોજ માણી રહ્યા છે.'



મેઘકુમાર વિચારમાં પડી ગયો.

પછી મહાવીરે બીજો દાખલો આપતાં કહ્યું : 'માણસ કેવો છે જાણો છો ? એ કોડી ખાતર હજાર રૂપિયા ખોનારા મૂર્ખ જેવો છે! એક માણસ હતો. તે દૂર દેશાવર નોકરી કરી હજાર રૂપિયા કમાયો. ને પછી એ રૂપિયા લઇ પોતે ઘેર આવવા નીકળ્યો. વાટખર્ચી માટે તેણે માત્ર એક જ રૂપિયો બહાર રાખ્યો હતો, બાકીના નવસો નવાણું તેણે સંતાડી રાખ્યા હતા. આ એક રૂપિયાની તેણે કોડીઓ લીધી, ને ખૂબ જ કરકસરથી એકએક કોડી વાપરવા માંડી, જેથી નવસો નવાણું પૂરા ઘેર પહોંચી શકે.

'બન્યું એવું કે એક ઠેકાણે રસ્તામાં એ ત્યાંથી ખાવા બેઠો ત્યાં અચાનક એક કોડી એ ભૂલી ગયો. થોડાક ગાઉ ચાલી નાખ્યા પછી એને એકાએક યાદ આવ્યું કે પેલા મુકામ પર એક કોડી રહી ગઇ ! મોંઘા મૂલની કોડી જવા કેમ દેવાય ? ઘર હજી દૂર છે, અને એક કોડી ખાતર કદાચ મારે બીજો રૂપિયો વટાવવા વખત આવે, તો તો નવસો નવાણું ઘેર પહોંચાડવાની મારી પ્રતિજ્ઞા તૂટે! આવો વિચાર કરી તેણે એ એક કોડી પાછી લઇ આવવાનું નક્કી કર્યું.


'પણ રૂપિયાનું અધમણ પોણોમણ વજન લઇને ફાવે નહિ તેથી તેણે પોતાની પાસેના નવસો નવાણું રૂપિયાની કોથળી ત્યાં રસ્તામાં જ એક ઝાડ નીચે દાટી. પછી હળવો ફૂલ થઇને એ કોડી લેવા પાછલા મુકામ તરફ દોડતો ગયો. આ તરફ બન્યું એવું કે એણે રૂપિયાની થેલી દાટી એ કોઇએ જોઇ લીધું હતું, તેથી એણે આવીને એ રૂપિયા કાઢી લીધા, ને પછી એ ભાગી ગયો.

'કોડીવાળો માણસ કોડી લેવા ગયો - ત્યાં એણે ખૂબ શોધ કરી, પણ કોડી હાથ લાગી નહિ. 'હાય, મારી કોડી ગઇ !' કરતો હતાશ થઇ એ પાછો ફર્યો ; પણ જ્યાં એ રૂપિયાની કોથળી ખોદી કાઢવા ગયો ત્યાં માલમ પડયું કે કોથળી કોઇ ઉઠાવી ગયું છે ! કોડી ગઇ, રૂપિયા ગયા, અને એના શોકમાં એ બાપડાનો જીવ પણ ગયો ! માણસ આવો છે !'

મેઘકુમાર મનમાં બોલ્યો ; 'માણસ આવો છે ! કોડી લેવા જતાં એ હજાર ખૂએ છે ! '

મહાવીર વાણી આગળ ચાલી. 'એક રાજા હતો. એને કેરીઓ બહુ ભાવે. આખો વખત કેરીઓ ચૂસ્યા જ કરે, ચૂસ્યા જ કરે, એમ કરતાં એ માંદો પડયો. વૈદે ઘણાં ઓસડિયાં કરી એને સાજો તો કર્યો, પણ ચેતવણી આપી કે ફરી તમારે કદી કેરી ખાવી નહિ ! જીભનો સ્વાદ કરી ખાશો તો પછી કોઇ દવા કામ નહિ કરે. રાજાએ કહ્યું : 'કેરી કરતાં જીવ મોંઘો છે એટલું શું હું સમજતો નથી ?'

કેટલાક વખત તો બધું બરાબર ચાલ્યું. પણ પછી આવડું મોટું રાજ્યસુખ ભોગવવા છતાં રાજાનું મન કેરીમાં ને કેરીમાં રહેવા લાગ્યું. અને એક દિવસ એના મનની લગામ છટકી અને એણે ખવાય એટલી કેરીઓ ખાઇ નાખી. પરિણામ એ આવ્યું કે એ



ફરી બીમાર પડયો, અને આ વખતે એ પથારીમાંથી ઊઠયો નહિ. કેરીના સ્વાદનું નાનકડું સુખ લેવા છતાં એ આવડું મોટું રાજ્યસુખ ખોઇ બેઠો ! આવું છે માણસનું મન !'

મેઘકુમાર ઊંડા વિચારમાં પડી ગયો હતો. તે મનમાં બોલ્યો: 'સ્વાદ કરવા જતાં એકલી માછલી નથી મરતી, માણસ પર મરે છે.'

મહાવીરનો વાણી પ્રવાહ આગળ ચાલ્યો :

'ત્રણ વાણિયા હતા. ત્રણે સરખી મૂડી લઇને વેપાર કરવા ચાલ્યા. એક જણે એવો વેપાર કર્યો કે એમાં એને ઘણો નફો મળ્યો ; બીજો જે મૂડી લઇને ગયો હતો તે જ લઇને પાછો આવ્યો, અને ત્રીજો વેપારમાં મૂડી સાફ કરીને આવ્યો. આ ત્રણ વાણિયા જેવા આ દુનિયામાં લોકો છે, તો કેટલાક સદાચરણમાં મધ્યમ રહી મનુષ્યના મનુષ્ય રહેવા જેટલું પુણ્યકર્મ કરે છે, જ્યારે કેટલાક દુરાચારી મિથ્યાચારી લોકો મનુષ્ય મટી પશુકોટીને પામે છે. આ ત્રણમાંથી પોતે શું થવું એ દરેકે વિચારીને નકકી કરવું છે.'

મેઘકુમાર મનમાં મનમાં દૃઢતાપૂર્વક બોલ્યો : 'દેવ વળી !'

'સૂર્યના પ્રકાશમાં કમળની પાંખડીઓ ઊઘડે તેમ મહાવીરની વાણીના શ્રવણથી તેના અંતરનું સહસ્રદલ કમળ પાંખડીએ પાંખડીએ ઊઘડી ગયું હતું. સભા પૂરી થયા પછી તેણે મહાવીરનાં ચરણોમાં પ્રણામ કરી કહ્યું : 'ભગવન્, મને આપના ચરણમાં સ્વીકારો !'

મહાવીરે કહ્યું : 'તારાં માતાપિતાની રજા લઇને આવ !'

મેઘકુમાર તરતજ રથમાં બેસી પોતાનાં માતા પિતાની પાસે આવ્યો ને બોલ્યો : 'મહાવીરનો ઉપદેશ મને બહુ ગમ્યો.'

માતાપિતા એ સાંભળી ખુશ થયાં, પણ જ્યાં મેઘકુમારે ઘરબાર તજી મહાવીરની સાથે રહેવાની રજા માગી, ત્યાં તેઓ ચોંકયાં. એની માતા તો બેભાન જ થઇ ગઇ. બહુ વારે ભાનમાં આવી ત્યારે એ બોલી : 'હું તને સાધુ નહિ થવા દઉં, સાધુ થઇને લૂખું સૂકું ખાવાનું, ફાટયાં તૂટયાં કપડાં પહેરવાનાં, અરણ્યમાં, મસાણમાં ખંડેરમાં કે એવી કોઇ જગાએ પડી રહેવાનું; ભૂખતરસ વેઠવાનાં, ઘેર ઘેર ભટકીને ભિક્ષા માગવાની - નહિ,નહિ, મારો લાડલો સાધુ થાય એ મને પસંદ નથી!'

પણ મેઘકુમાર પોતાના નિશ્ચયમાંથી ચળ્યો નહિ, ત્યારે છેવટે તેની માતાએ કહ્યું : 'તને એકવાર રાજા થયેલો જોવાની મને ઘણી હોંશ છે. છેવટે એક દિવસ માટે પણ તું રાજા થા ! મારું આટલું માન !'

મેઘકુમારે માતાના માન ખાતર એ વાતનો સ્વીકાર કર્યો. રાજાએ તેજ દિવસે ભારે ધામધૂમપૂર્વક મેઘકુમારનો રાજ્યાભિષેક કર્યો, ને પોતાનો રાજ્યદંડ તેને સોંપ્યો.

માતા એ જોઇ ખુશ થઇ. ઊંડેઊંડે તેના મનમાં એવી આશા હતી કે રાજા થયા પછી મેઘકુમારને રાજસત્તાનો મોહ થશે. એટલે ગાદીએ બેઠેલા પુત્રને આશીર્વાદ આપતાં તેણે કહ્યું : 'હે પુત્ર ! તારો જય હો ! તારું રાજ્યસુખ અમર તપો !'

પણ મેઘકુમારે તો રાજા થયા પછી પહેલો જ હુકમ રજોયાણું અને ભિક્ષાપાત્ર લાવવાનો કર્યો, અને વાળંદને બોલાવી પોતાના કેશ કાપવાનું કહ્યું.

માતાએ જોયું કે હવે મેઘકુમાર પોતાના નિશ્ચયમાંથી ડગનાર નથી. એટલે મનનું દુઃખ મનમાં જ દબાવી એ પોતે મેઘકુમારને લઇને ભગવાન મહાવીરની પાસે ગઇ, અને પુત્રને મહાવીરનાં ચરણોમાં અર્પણ કરી બોલી : 'આ મારો એકનો એક પુત્ર છે, મને પ્રાણ સમો પ્રિય છે, — એ હું આપને અર્પણ કરું છું.'

મહાવીરે મેઘકુમારનો સ્વીકાર કર્યો.

છૂટા પડતી વખતે માતાએ મેઘકુમારને કહ્યું : 'બેટા, સતત પ્રયત્નથી વિજયી થજે, પરિશ્રામી થજે ; જેથી તારી પાછળ અમે પણ આ માર્ગે વિચરીએ !'


મેઘકુમાર સાધુસંઘમાં દાખલ થઇ ગયો. તે નવો જ સાધુ હતો. એટલે એને મુકામ પણ સૌથી છેલ્લે મળ્યો. રાતે સૂતી વેળા એ સૌના છેવાડે સૂતો. રાતે સાધુઓ લઘુશંકા કે શૌચ માટે ઊઠે તે તેને ઘસાઇને જાઆવ કરે, એટલે તેના પર કોઇનો પગ પડે કે કોઇનો હાથ પડે, અને ધૂળ પણ ઊડે. આવું આખી રાત ચાલ્યું. મેઘકુમારને રાતે જરા પણ ઊંઘ આવી નહિ.

આ વિશે મહાવીરને વાત કરવાનો તેણે વિચાર કર્યો, ત્યાં તો મહાવીરે જ તેને કહ્યું : 'પશુના અવતારમાં પણ તેં અદ્દભુત સમભાવ અને સહનશકિત દાખવ્યાં છે, ને હવે સાધુઓની ઠેસોથી ને તેમની ચરણરજથી તું વ્યાકુળ બની જાય એ કેમ ચાલે ?'

મેઘકુમાર આશ્ચર્ય પામી જોઇ રહ્યો. કારણકે તેને તો તેના પશુ અવતારની કંઇ માહિતી નહોતી. એનું એ અજ્ઞાન દૂર કરવા મહાવીરે કહ્યું :

'એક જનમમાં તું હાથી હતો – હાથીઓનો રાજા હતો. એવામાં એક વાર જંગલમાં દવ લાગ્યો, ને ચારે બાજુ આગના ભડકા જ ભડકા દેખાવા માંડયા. બધા હાથીઓ નાઠા, તેમ તું પણ નાઠો. દોડતાં દોડતાં તું એક તળાવના કાદવમાં ફસાઇ ગયો. ભૂખેતરસે તું અધમૂઆ જેવો થઇ ગયો હતો, ત્યાં તારા એક દુશ્મન હાથીએ આવી તને મારી નાખ્યો.

'તે પછી બીજા જન્મે તું ફરીને હાથી થયો. આ વખતે પણ તું હાથીઓનો રાજા હતો. એક વાર જંગલમાં દવ લાગતાં તેં દોડી જઇને તારી જાતને બચાવી લીધી. પણ પૂર્વજન્મનો અનુભવ યાદ આવતાં તેં આવા દાવાનળથી બચવાનો ઉપાય શોધ્યો. તેં નદી કિનારાના જંગલના એક વિસ્તારને ઝાડ પાન વગરનો કરી નાખી દાવાનળથી સુરક્ષિત બનાવ્યો. બન્યું એવું કે થોડા વખત પછી ફરી એ જંગલમાં દવ લાગ્યો, ને જંગલનાં પ્રાણીઓએ જીવ બચાવવા નાસભાગ કરી મૂકી. બધાં તેં સુરક્ષિત કરેલી જગાએ દોડી ગયાં. જાનવરોની ત્યાં એટલી મોટી ભીડ જામી કે તને પોતાને પણ માંડ ત્યાં ઊભા રહી શકાય એટલી જગા મળી. તું ત્યાં સંકોચાઇને ઊભો રહ્યો, એટલામાં તને શરીરે ખંજવાળ આવી, એટલે તેં એક પગ ઊંચો કર્યો. ત્યાં એક સસલો ભીડમાંથી ધકેલાઇને તેં ઊંચા



કરેલા પગની જગાએ આવીને પડયો. હવે જો તું પગ નીચે મૂકે છે તો એ સસલો તારા પગ હેઠળ કચડાઈને મરી જાય છે. એટલે તને એ નાનકડા પ્રાણી પર દયા આવી. તેં તારો પગ ઊંચો ને ઊંચો રાખ્યો; ને મહા દુ:ખ સહીને પણ તું ત્રણ પગે ત્યાં ઊભો રહ્યો. બીજી બાજુ જંગલ ભડકે બળતું હતું. દાવાનળ હોલવાય નહિ ત્યાંસુધી અહીંથી કોઇ ખસી શકે તેમ નહોતું. અઢી દિવસ સુધી બધાં ભૂખ્યાં ને તરસ્યાં ભરાઇ રહ્યાં. તું પણ એ જ પ્રમાણે ત્રણ પગે ત્યાં ઊભો રહ્યો. પછી દાવાનળ અટકયો, એટલે બધાં પ્રાણી-ઓ ત્યાંથી ચાલી ગયાં. તારા પગ હેઠળ સૂતેલું પેલું સસલું પણ ચાલી ગયું. ત્યારે તેં પગ નીચે મૂકવાનો વિચાર કર્યો. પણ પગ એવો અકડાઇ ગયો હતો કે એ મૂકવાનો પ્રયત્ન કરવા જતાં તું ધારણ ગુમાવી બેઠો ને જમીન પર ઢગલો થઈને પડયો! ને ત્રણ દિવસ ભયાનક વેદના ભોગવી તું મરણ પામ્યો.

'આમ એક નાનકડા પ્રાણીને બચાવવા તેં તારો ભોગ આપ્યો. તેથી પછીના જન્મે, એટલે આ જન્મે તું રાજાનો દીકરો થયો, અને દયામાયા, વિનયવિવેક, પરાક્રમ, સહનશકિત વગેરે તારા ગુણોને લીધે તું એક જ ટકોર થતાં, રાજપાટ અને બધાં દુન્યવી સુખોનો ત્યાગ કરી, સંતશ્રામણ બની અહીં ચાલી આવ્યો! પશુજન્મે જેણે આવડું સામર્થ્ય બતાવ્યું એ તું શું હવે ચંચળ બની જશે? કાયર બની જશે?'

મેધકુમારનું મન એકદમ શાંત થઇ ગયું. તેની વ્યાકુળતા ચાલી ગઇ. મહાવીરનાં ચરણમાં મસ્તક મૂકી તેણે કહ્યું: 'મારું આ શરીર સંતોની સેવામાં સમર્પણ કરું છું. સંતોનાં ચરણની રજ થઇને રહો!'

## ૨૧

# શાલિભદ્ર

મગધની રાજધાની રાજગૃહમાં ગોભદ્ર નામે એક શેઠ હતા; અને ભદ્રા નામે શેઠાણી હતાં. તેમને શાલિભદ્ર નામે પુત્ર હતો. એકનો એક પુત્ર એટલે માબાપે એને ખૂબ લાડકોડમાં ઉછેર્યો હતો. શેઠનું અવસાન થતાં પુત્ર શાલિભદ્ર તેમની અપાર સંપત્તિનો માલિક બન્યો, ને ખૂબ એશઆરામમાં જીવન ગાળવા લાગ્યો. સાત માળ-ની ઊંચી હવેલીના છેક ઉપરના માળે એ રહે ; પુત્રને સાતમા માળથી છઠ્ઠા માળ પર આવવું ન પડે એવી દોમદોમ સાયબી સાતમા માળે ખડકેલી હતી.

એક વાર એવું બન્યું કે કેટલાક પરદેશી વેપારીઓ રત્નજડિત ગાલીચા લઈને ત્યાં વેચવા આવ્યા, મગધનો રાજવી એમના આ ગાલીચા ખરીદશે એવી એમની ગણતરી હતી, પણ ગાલીચાની કિંમત એટલી મોટી હતી કે રાજાએ તે ખરીદવાની ના પાડી. આથી વેપારીઓ નિરાશ થઈ ગયા. રાજા ન ખરીદી શકે એ ચીજ ગામમાં કોણ ખરીદવાનું એમ સમજી તેઓ ઉદાસ બની ફરતા હતા, ત્યાં ભદ્રા શેઠાણીએ એમને જોયા. પરદેશી વેપારીઓ કદાચ કોઈ નવાઈ-ની ચીજ લાવ્યા હશે તો દીકરાના વૈભવવિલાસમાં એનો ઉમેરો થશે એમ સમજી શેઠાણીએ એમને બોલાવ્યા, ને એમનો માલ દેખાડવા કહ્યું.

વેપારીઓએ કમને માલ બતાવ્યો. તેમના મનથી કે રાજા જેવો રાજા જે ખરીદી શક્યો નહિ, તે શું આ બાઈ ખરીદવાની છે? સ્ત્રીના હાથમાંથી આટલો પૈસો કદી છૂટે નહિ. પણ નવાઈની વાત બની. રત્નજડિત ગાલીચા જોઈ ભદ્રા શેઠાણી એવી પ્રસન્ન થઈ કે એણે એકેએક ગાલીચો મોંમાગી કિંમતે ખરીદી લીધો, ને એના પૈસા ત્યાં ને ત્યાં ચૂકવી આપ્યા. વેપારીઓ દંગ થઈ ગયા.

બીજી બાજુ રાજાની એક રાણીએ એવી હઠ પકડી કે મારે એક રત્નજડિત ગાલીચો તો જોઈએ જ. એટલે રાજાએ ગાલીચાવાળા વેપારીઓને બોલાવી લાવવા માણસો દોડાવ્યા. વેપારીઓ આવ્યા, પણ એમની પાસેથી એક પણ ગાલીચો મળ્યો નહિ. તેમણે કહ્યું કે બધા ગાલીચા ભદ્રા શેઠાણીએ ખરીદી લીધા !

આ સાંભળી રાજાને નવાઈ લાગી કે 'હું એક ગાલીચો ખરીદી શકતો નથી, ને આણે બધા ખરીદી લીધા ! ભલે ખરીદ્યા પણ એમાંથી એક ગાલીચો તે મને આપે તો મારી રાણીનું રૂસણું ટળે !' એટલે એણે ભદ્રા શેઠાણી પાસે માણસ મોકલી વિનંતિ કરી કે તમારે જે કિંમત લેવી હોય તે લો, પણ મારી રાણી માટે એક ગાલીચો મને આપો !

પણ ભદ્રા શેઠાણીએ તો એ બધા ગાલીચાઓને કાપીને પોતાના પુત્ર માટે એનાં પગલૂછણિયાં કરી નાખ્યાં હતાં! રાજાના માણસો-એ આવી રાજાને એ ખબર કહ્યા ત્યારે એના આશ્ચર્યનો પાર ન રહ્યો : ઓહોહો ! આવા શ્રીમંતોયે મારા રાજ્યમાં વસે છે! રત્ન-જડિત પગલૂછણિયાં વાપરનારો આ શેઠપુત્ર કેવો હશે એ જોવાનું એને કુતૂહલ થયું. એટલે એણે ફરી માણસ મોકલી શાલિભદ્રને પોતાને ત્યાં પધારવા નિમંત્રણ આપ્યું.

નિમંત્રણનો જવાબ આપ્યો ભદ્રા શેઠાણીએ. તેણે કહ્યું :'મારો પુત્ર સાતમા માળથી નીચે કદી ઊતરતો નથી. માટે આપ જ કૃપા કરીને અહીં પધારો ! '

રાજા કહે : વાહ ! આ પણ ખરું ! શાલિભદ્ર એવી કેવી સાયબી ભોગવે છે કે સાતમા માળથી એ નીચે ઊતરતો જ નથી !

એના કુતૂહલનો હવે પાર ન રહ્યો. એ શાલિભદ્રને મળવા એને ઘેર ગયા, ને દાદરા ચડી ચોથા માળ પર પહોંચ્યા. ભદ્રા શેઠાણી એને ત્યાં બેસાડી, પોતે સાતમે માળે ગયાં. શાલિભદ્રને તો આ બધી વાતની કશી ખબર જ નથી. એટલે રાજાને મળવા માતાએ એને ત્રણ દાદર ઊતરી ચોથા માળ પર આવવાનું કહ્યું ત્યારે એનું મોં બગડી ગયું. તેણે કહ્યું : 'મા, તેં એમને અહીં બોલાવ્યા શું કરવા ? મારે એમનું કંઈ કામ નથી!'

માએ કહ્યું : 'એ રાજા છે, મારા, તારા, ગામના ને દેશના ! આપણે એમની રૈયત છીએ, રાજા બોલાવે તો આપણે દોડીને મળવા જવું પડે. પણ આ તો સામેથી ચાલીને આપણે ત્યાં આવ્યા છે, એ ચાર દાદરા ચઢ્યા છે, તો ત્રણ દાદરા તો તું ઊતર, તારી એ ફરજ છે!'

લાચાર બની શાલિભદ્ર નીચે ઊતર્યો, ને રાજાને મળ્યો.

પણ આ પ્રસંગથી તેનું મન વિચારે ચડ્યું : ઊંહું, આ સુખ નથી ! મારે તો એવું સુખ જોઈએ જેમાં કોઈની ડખલ ન હોય, કોઈની તાબેદારી નહોય !

એવામાં એક વાર એણે ઝરૂખામાંથી લોકોનાં ટોળેટોળાંને ક્યાંક જતાં જોયાં. પૂછતાં માલમ પડ્યું કે ભગવાન મહાવીર પધાર્યા છે, એમનાં દર્શન કરવા સૌ જાય છે. ખુદ રાજા ને રાણી પણ એમની

સામે હાથ જોડીને બેસે છે !

આ સાંભળી શાલિભદ્ર કહે : 'ત્યારે તો રાજા કરતાં એ મુનિ મોટો ઠર્યો ! હું એની પાસે જાઉં, ને એવા મોટા થવાની વિદ્યાકળા જે હોય તે એની પાસેથી શીખી લઉં !'

શાલિભદ્ર મહાવીરનાં દર્શન કરવા ગયો, ને ભાવપૂર્વક એમની પ્રદક્ષિણા કરી વંદન કરી સામે બેઠો. મહાવીરે એમની ઢબે દૃષ્ટાન્તો આપીને સમજાવ્યું કે સંસારનું સુખ તે સુખ જ નથી, ખરું સુખ એનો ત્યાગ કરવામાં છે, તપસ્યામાં છે.

શાલિભદ્રને થયું : 'હં, હવે મને સાચું સુખ કયાં છે તે જડયું !'

ઘેર આવી તેણે માતા ભદ્રા શેઠાણીને કહ્યું : 'મને બધું છોડી ચાલી જવાની રજા આપો ! મારે દીક્ષા લઇ સાધુ થવું છે.'

પુત્ર કેવો હઠીલો છે તે માતા જાણતી હતી. મનની ઇચ્છા પૂરી કર્યા વિના તે કદી રહેતો નહિ. એટલે માતા ભદ્રા શેઠાણીએ તેને પટાવવાની યુકિત કરી. તેણે કહ્યું : 'એકદમ બધું છોડવા જઇશ તો તું દુ:ખી થઇશ. માટે રોજ તું થોડું થોડું છોડતો જા, એમ કરતાં છેવટે બધું છૂટી જશે !'

પુત્ર ભોળવાઇ ગયો. તેણે રોજ થોડું થોડું ત્યાગવા માંડયું.

શાલિભદ્રની એક નાની બહેન હતી. તે પરણીને પતિગૃહે રહેતી હતી. તેણે સાંભળ્યું કે મારો ભાઇ બધું છોડી દીક્ષા લેવાનો છે, અને અત્યારથી થોડું થોડું ત્યાગવા માંડયો છે . ત્યારે ભાઇનો કઠોર નિર્ણય સાંભળી એ રડી પડી. એ જોઇ તેના પતિએ મશ્કરીમાં હસીને કહ્યું : 'એમ થોડું થોડું કરીને કદી તજાય નહિ ! ત્યાગવું હોય તો એક ઘા ને બે કટકા !'

આ સાંભળી શાલિભદ્રની બહેનને ખોટું લાગ્યું. તેણે ટોણો માર્યો: 'ત્યાગવું એટલું સહેલું લાગતું હોય તો તમે જ ત્યાગી બતાવોને !'

'તો આ ત્યાગ્યું !' કરી એનો પતિ કપડાં ખંખેરીને ઊભો થયો, એ સીધો ભગવાન મહાવીરની પાસે પહોંચી ગયો ને દીક્ષા લઇ સાધુ બની ગયો.

આ સમાચાર શાલિમારના કાને પહોંચ્યા એટલે એને થયું: હું શું કમ છું ? હું યે ત્યાગી શકું છું.

એ પણ તરત જ બધું ત્યાગીને શ્રામણ બની ગયો.

શાલિભદ્રે મહાવીરના શિષ્ય બની કઠોર તપશ્ચર્યા આદરી. ઉપવાસો કરી કરીને એનું શરીર હાડકાંનો માળો બની ગયું—હાડચામ એક થઇ ગયાં.

આવી રીતે શ્રામણવેશે ફરતો એ ફરી એકવાર ભગવાન મહાવીરની સાથે રાજગૃહ આવ્યો. એક મહિનાના ઉપવાસનાં હવે પારણાં કરવાનાં હતાં. એટલે ગામમાં ભિક્ષા માગવા જવાની એણે મહાવીરની પાસે રજા માગી.

મહાવીરે કહ્યું : 'આજે તારી માતા તને પારણાં કરાવશે.'

શાલિભદ્રને એ સાંભળી ખૂબ આનંદ થયો. તે ભિક્ષા માગવા ભદ્રા શેઠાણીના ઘર આગળ આવી ઊભો. ભદ્રા શેઠાણીને ખબર મળ્યા હતા કે મહાવીર પધાર્યા છે ; મહાવીરની સાથે શાલિભદ્ર પણ હશે એવું એને લાગતું હતું. તેથી પુત્રનું મોં જોવા તે અધીરી બની ગઇ હતી, અને ઝટઝટ મહાવીરના મુકામે જવાની તૈયારીઓ કરી રહી હતી. એટલે બારણે આવી ઊભેલા શ્રામણ તરફ એણે ધ્યાનથી જોયું નહિ. વળી, ઉપવાસથી શાલિભદ્રનું શરીર એવું કૃશ અને હાડ-પિંજર જેવું થઇ ગયું હતું કે ખુદ એની માતા પણ એને ઓળખી શકી નહિ. એટલે એના તરફ એણે ધ્યાન આપ્યું નહિ. શ્રામણ શાલિભદ્ર થોડીવાર બારણા આગળ ઊભો રહ્યો. પછી એ ત્યાંથી પાછો વળી ગયો. રસ્તામાં એને એક ગોવાલણ મળી. એ દહીં વેચવા જતી હતી. શાલિભદ્રને જોઇ, શી ખબર શાથી, એ એકદમ ઊભી રહી ગઇ, અને એણે એને દહીં વહોરાવ્યું. આ દહીંથી શાલિભદ્રનાં પારણાં થયાં.

પછી શાલિભદ્રે મહાવીરની પાસે આવી વંદન કરી કહ્યું: 'ભગવન્, આપે કહ્યું કે તારી માતા તને પારણાં કરાવશે, પણ એવું તો કંઇ થયું નહિ !'

મહાવીરે કહ્યું : 'તારી માતાએ જ તને પારણાં કરાવ્યાં છે.'

શાલિભદ્રે કહ્યું : 'મને તો એક ગોવાલણે પારણાં કરાવ્યાં !'

હસીને મહાવીરે કહ્યું : 'એ જ તો તારી માતા હતી !'

નવાઇ પામી શાલિભદ્ર મહાવીરની સામે જોઇ રહ્યો. મહાવીરે તેની શંકાનું નિવારણ કરવા કહ્યું : 'તારી એ પૂર્વભવની માતા હતી! તું ગયા જન્મે એ ગોવાલણનો દીકરો હતો. તારું નામ સંગમક, એ ગોવાલણનું નામ ધન્યા, અને ગોવાલણના ગામનું નામ શાલી. તું એનો એકનો એક દીકરો હતો, ને નાની ઉંમરે ગામનાં ઢોરો ચારી માને મદદ કરતો હતો. એવામાં એકવાર ગામમાં ઉજાણી હતી, સૌને ઘેર ખીર થઇ, એટલે તેં પણ ઘેર આવી માને ખીર કરવાનું કહ્યું. માની હાલત ખીર કરવા જેવી હતી નહિ, પણ એકનો એક દીકરો ખીર ખાવા માગે, ને એને એ આપી ન શકાય એ દુ:ખ જેવું તેવું નથી. તેથી એ રડી પડી. એને રડતી જોઇ પડોશણોને દયા આવી. રડવાનું કારણ જાણી લઇ એમણે સૌએ થોડુંથોડું દૂધ વગેરે તારી માને આપ્યું, ને એમાંથી તારી માએ ખીર કરી. તને થોડી ખીર ખાવા માટે આપી તારી મા ઘરના બીજા કામમાં પડી. એટલામાં મહિનાના ઉપવાસી એક મુનિ તારે બારણે પારણાં માટે ભિક્ષા માગવા આવી ઊભા. એમને જોઇ તને થયું કે આ ભિક્ષુ ઘણા વખતથી ભૂખ્યા લાગે છે, હાડચામ ચોંટી ગયાં છે, મારા કરતાં એમને અત્યારે ભોજનની વધારે જરૂર છે. એટલે તેં તારા ભાણાની બધીયે ખીર એ મુનિને ભિક્ષામાં આપી દીધી. મુનિએ પ્રસન્ન થઇ તને આશીર્વાદ દીધા. મુનિના ગયા પછી તારી માએ આવીને જોયું તો તારા ભાણામાં ખીર નથી, એટલે તે સમજી કે તું એ ખાઇ ગયો છે, ને તને એ બહુ ભાવી છે. એટલે એણે બાકી વધેલી હતી તેટલી બધી ખીર તને પીરસી દીધી, તું એ બધી ખાઇ ગયો. તે વખતે તારું ધ્યાન બધું પેલા મુનિ મહારાજમાં હતું, એટલે પેટનો વિચાર કર્યા વિના તેં ખાધે રાખ્યું. બન્યું એવું કે અતિ આહારથી તે જ રાત્રે તારું મરણ થયું, અને દાનના પુણ્યકર્મના બળે તું ભદ્રા શેઠાણી-

ને પેટે અવતર્યો!'

મહાવીરની વાણી સાંભળી શાલિભદ્રને સંતોષ થયો. હવે અનશન કરી દેહત્યાગ કરવાનું અંતિમ વ્રત ધારણ કરી એ પહાડ પર તપસ્યા કરવા ચાલી ગયો. દરમિયાન ભદ્રા શેઠાણી ત્યાં આવી પહોંચી. મહાવીરને વંદન કરી એણે શાલિભદ્રને મળવાની ઇચ્છા પ્રગટ કરી.

મહાવીરે કહ્યું : 'એ જ તો તમારે ત્યાં ઉપવાસનાં પારણાંની ભિક્ષા માગવા આવેલો પણ તમે એની સામેયે જોયું નહિ!'

'હેં શું એ મારો લાડલો હતો !' બોલતાં બોલતાં ભદ્રા શેઠાણીનું ગળું ફાટી ગયું.

મહાવીરે કહ્યું : 'તમે એને ઓળખ્યો નહિ, પણ એની પૂર્વજન્મની માતા ગોવાલણે એને ઓળખ્યો - એણે એને ઉપવાસનાં પારણાં કરાવ્યાં !'

ભદ્રા શેઠાણીના દુ:ખનો, પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. મહાવીરે કહ્યું: 'તમે માન્યું કે એ કોઈ બીજો મુનિ છે. પણ મુનિ મુનિમાં કદી ભેદ કરાતો હશે ? મુનિ બધા એક. તમે મુનિમુનિમાં ભેદ કર્યો તેનું આ પરિણામ આવ્યું !'

શાલિભદ્ર અનશન વ્રત ધારણ કરી પહાડ પર ચાલી ગયો છે એ જાણી ભદ્રા શેઠાણી રડતી રડતી પહાડ પર પણ આવી. એના રૂદનથી જાણે પહાડ પણ રડવા લાગ્યો. પણ શાલિભદ્ર તો પાષાણની પ્રતિમાની પેઠે સ્થિર બેઠો હતો.

ભદ્રા શેઠાણી એ અવિચળ પ્રતિમાને વંદન કરી પાછી વળી.

## ૨૨

# બેઉ એક જ હેડમાં

એક હતા શેઠ, અને એક હતાં શેઠાણી, ઘરડે ઘડપણ એમને પુત્ર પ્રાપ્તિ થઇ તેથી તેમના આનંદનો પાર નહોતો. દેવના દીધેલ એ પુત્રનું નામ એમણે દેવદત્ત પાડયું.

દેવદત્તને સાચવવા તેમણે એક નોકર રાખ્યો. નોકર દેવદત્તને લઇને ફરે, એની સાથે રમે, એને રમાડે અને એમ એને આનંદમાં રાખી પોતે આનંદમાં રહે. દેવદત્ત જેમ મોટો થતો ગયો, તેમ નોકર-નો એના પરનો પ્રેમ વધતો ગયો. હવે એ એને ઘડીયે વિખૂટો મૂકે નહિ. ફક્કડ કપડાં પહેરાવી , કીંમતી દાગીનાથી શણગારી, રૂડો રૂપાળો કરીને એ બધે એને તેડીને ફરે, અને મહોલ્લાનાં છોકરાંને ભેગાં કરી એમની જોડે રમે.

એકવાર નોકર દેવદત્તને લઇને ફરવા નીકળ્યો હતો. રોજની ટેવ પ્રમાણે એને જોઇને છોકરાં ભેગાં થઇ ગયાં. એટલે દેવદત્તને એક ઓટલા પર બેસાડી નોકર આ છોકરાં જોડે રમવા લાગી ગયો. નાનકડો દેવદત્ત પણ છોકરાંને હોહોહીહી કરી રમતાં જોઇ આનંદમાં આવી ગયો.

રમત જોરમાં ચાલતી હતી, અને બધાનું ચિત્ત રમવામાં હતું, એવામાં એક દુષ્ટ ત્યાં આવી ચડયો. દેવદત્તના શરીર પર ઢગલો આભૂષણો જોઇ એની દાનત બગડી. હાથથી દેવદત્તનું મોઢું બંધ કરી એ એને ઉપાડીને ત્યાંથી ભાગ્યો. થોડે દૂર જઇ એણે એને લૂંટી લીધો ને પછી એને મારી નાખી એક અવાવરા કૂવામાં ફેંકી દીધો. પછી એ પોતાના ઘરમાં ભરાઇ ગયો.

થોડી વાર પછી નોકરને દેવદત્ત યાદ આવ્યો. જુએ તો ઓટલા પર કોઇ નહિ ! દેવદત્ત ! દેવદત્ત ! દેવદત્ત ! કરી એણે બૂમો પાડી પણ, પણ દેવદત્ત હોય તો બોલેને ? બધાં છોકરાંઓ પણ દેવદત્તના નામની બૂમો પાડી એને શોધવા માંડયાં. દેવદત્ત ગુમ થયાનું જાણી શેઠશેઠાણીનો તો જાણે જીવ ઊડી ગયો. તેમણે રાજાને ફરિયાદ કરી અને રાજાએ કોટવાલને હુકમ કર્યો. સિપાઇઓ છૂટયા, ને તેમણે ગામનો ખૂણે ખૂણો જોઇ નાખ્યો. છેવટે એક અવાવરા કૂવામાંથી દેવદત્તનું શબ મળ્યું. ત્યાંથી ચોરનું પગેરું પણ હાથ લાગ્યું, ને એ પગેરાને અનુસરી તેમણે ચોરને પણ લૂંટના માલ સાથે પકડી પાડયો.

રાજાએ ચોરને બાંધી કોટડીમાં પૂરવાનો અને એને માર સિવાય બીજું કંઇ ખાવાપીવાનું નહિ આપવાનો હુકમ કર્યો.

કેટલાક દિવસ પછી, કોઇક કારણ સર રાજાને આ શેઠ સાથે વાંકું પડયું. શેઠે પોતાની વાતનો ખુલાસો કર્યો, પણ રાજાએ કહ્યું : ‘નહિ, તું મને છેતરે છે, હું તને સખ્ત સજા કરીશ !’

એણે કોટવાલને બોલાવી શેઠને પેલા ચોરની સાથે જ હેડમાં પૂરવાનો હુકમ કર્યો. એક જ કોટડીમાં, બેઉને એક જ હેડમાં બાંધી-ને રાખવામાં આવ્યા. પોતાના એકના એક પુત્રને મારનારા હત્યા-રાની જોડે પોતાને બંધાયેલો જોઇ શેઠના ગુસ્સાનો પાર ન રહ્યો. પણ કરે શું ? તેણે અરજ કરી કે મને બીજી કોટડીમાં પૂરો, પણ એની અરજ કોઇ સાંભળે તોને ?

ચોરને ખાવાપીવાનું આપવાનું મનાઇ હતી, પણ એવી શેઠને નહોતી. તેથી શેઠાણીએ ભોજનનો થાળ ભરીને શેઠ માટે મોકલ્યો. શેઠ ભોજન કરવા બેઠા, ત્યારે પેલા હત્યારાએ કહ્યું : ‘હું ઘણા દિવસથી ભૂખ્યો છું, મને થોડું ખાવાનું આપો !’

શેઠે ગુસ્સામાં કહ્યું : ‘તું મહા દુષ્ટ છે, તું મારા પુત્રનો હત્યારો છે ; હું તને એક દાણો નહિ આપું !’

હત્યારાએ કહ્યું : ‘પણ આટલું બધું તમે ખાઇ શકવાના નથી !’

શેઠે કહ્યું : ‘વધશે તો ફેંકી દઇશ, પણ તને નહિ આપું ! તું ભૂખ્યો મરી જાય એ જ મારે જોઇએ છે.’

અને ખરેખર, શેઠે વધેલું ખાવાનું બહાર ફેંકી દેવડાવ્યું, પણ એને આપ્યું નહિ.

ખાઇને શેઠે એમની હમેશની ટેવ મુજબ થોડો આરામ કર્યો . પછી એમને લઘુશંકાએ જવાનું થયું. પણ ઊભા થવા જાય છે ત્યાં એમને ભાન થયું કે એમનો એક પગ હેડમાં બાંધેલો છે, અને એ જ હેડમાં પેલા હત્યારાનો પણ એક પગ બાંધેલો છે. એટલે લઘુ-શંકાએ જવું હોય તો પેલા હત્યારાનેયે સાથે લઇ જવો પડે. એટલે શેઠે એને કહ્યું : ‘ચાલ મારી જોડે !’

હત્યારો કહે : ‘મારે કંઇ જવું નથી !’

શેઠ ઘણું કરગર્યા, પણ હત્યારો નાની હા કરે નહિ. છેવટે એણે કહ્યું : ‘તમારા ભાણામાંથી મને ભાગ આપવાનું કબૂલ કરો તો જ હું ઊઠું !’

ન છૂટકે શેઠને એ વાત સ્વીકારવી પડી.

આમ પોતાના હડહડતા શત્રુને, પોતાના એકના એક દીકરાના હત્યારાને, શેઠ પોતાના ભાણામાંથી ખાવાનું આપી પોષવા લાગ્યા,

આ વાત શેઠાણીના જાણવામાં આવી એટલે એના ગુસ્સાનો પાર ન રહ્યો. માંડ શેઠને એકલાને પૂરું થાય એટલું ખાવાનું એણે મોકલ્યું જેથી શેઠ પેલા હત્યારાને કશું આપે નહિ. પણ અહીં પરિસ્થિતિ એવી હતી કે શેઠે અડધા ભૂખ્યા રહીને પણ હત્યારાને ખાવાનું આપ્યું. શેઠાણીનો રોષ વધતો જતો હતો. એક વાર તો એને થયું કે કશું જ ખાવાનું મોકલું નહિ, પણ શેઠને ભૂખે મારી પોતાના ગળે કોળિયો કેમ ઊતરે? એટલે એ ખાવાનું તો મોકલતી જ રહી.

સદ્દભાગ્યે થોડા વખતમાં શેઠ વિશેની રાજાની ગેરસમજ દૂર થઇ અને એણે શેઠને છૂટો કરી દઇ એની માફી માગી લીધી.

શેઠ છૂટીને ઘેર આવ્યા, ત્યારે શેઠાણીએ એમને ઊધડા લીધા કે પુત્રના હત્યારાનું મેવા મીઠાઈથી પેટ ભરતાં તમને શરમે ન આવી?

ત્યારે શેઠે એને ખરી પરિસ્થિતિની જાણ કરી કહ્યું : 'મેં કંઇ રાજીખુશીથી એને નથી ખવડાવ્યું. પરંતુ એની સાથે એક જ હેડમાં બંધાયેલો હોવાથી મારા માટે બીજો કોઇ રસ્તો જ નહોતો.

આ દૃષ્ટાન્ત કહી મહાવીરે કહ્યું: 'આવી જ રીતે આપણા શરીરની સાથે આત્મા એક હેડમાં બંધાયેલો છે. બંને પરસ્પર વિરોધી સ્વભાવના છે, પણ શેઠે જેમ કમને પણ દુશ્મનને ભોજન આપી જિવાડયો, તેમ ત્યાગી શ્રમણોએ પણ શરીરને ખોરાક આપવો પડે છે. એ શરીર રૂડું રૂપાળું છે ને રસાસ્વાદ માણે એવું છે એટલા માટે નહિ, પણ એ વિદ્યા અને શીલનું વાહન છે, નિર્વાણનું સાધન છે માટે.'

# ૨૩

# ચોર મટી ભિક્ષુ થયો !


એક હતો ચોર. આખી જિંદગી એણે ચોરી કરવામાં કાઢી હતી. એના દીકરાને પણ એણે ચોરીની કળામાં પારંગત કરી દીધો હતો.

એ મરવા પડ્યો ત્યારે એણે પોતાના દીકરાને બોલાવી કહ્યું : 'બેટા, મેં તને મારી વિદ્યા આપી છે, તું એને શોભાવજે ! ભૂલેચૂકે પણ કોઈ સાધુસંતની પડખે ચડતો નહિ કે એમની વાણી સાંભળતો નહિ, નહિ તો, મારી સાત પેઢીની આબરૂને તું બટ્ટો લગાડશે.'

દીકરાએ બાપને વચન આપ્યું કે તમારી શિખામણ પ્રમાણે હું વર્તીશ.

બાપના મરી ગયા પછી દીકરો જોરશોરથી એના ચોરીના ધંધામાં આગળ વધ્યો; થોડા વખતમાં તો એણે રાજગૃહ નગરમાં અને આસપાસના પ્રદેશમાં રાડ પડાવી દીધી.

એક વાર એ રાજગૃહ જતો હતો. એના જવાના રસ્તા પર જ ભગવાન મહાવીરનો મુકામ હતો અને મહાવીર ત્યાં લોકોને ઉપદેશ કરતા હતા. લોકોની મેદની છેક રસ્તા સુધી હતી. બાપની શિખા-



મણ યાદ કરી ચોરે બંને કાનમાં આંગળીઓ ઘાલી ઉતાવળે ત્યાંથી પસાર થઈ જવાનો પ્રયાસ કર્યો. પણ અકસ્માત એને પગમાં કાંટો વાગ્યો. એટલે કાંટો કાઢવા એને કાનમાંથી એક હાથ કાઢવો પડયો. બરાબર એ જ પળે એના કાને મહાવીરના આ શબ્દો પડયા : 'દેવો-ના પગ જમીનને અડતા નથી, દેવોની આંખ મટકું મારતી નથી , દેવોના ડોકની માળાઓ કરમાતી નથી, અને દેવોના શરીરે પરસેવો વળતો નથી !'

પગમાથી કાંટો ખેંચી કાઢી ચોરે ફરી કાનમાં આંગળી ઘાલી દીધી અને જે સંભળાઈ ગયું તે સાંભળ્યું નથી કરી તેણે ચાલવા માંડ્યું.

આ વાતને કેટલોક વખત વીતી ગયો. રાજાએ હવે આ ચોરને પકડવા ચારે કોરે માણસો મૂકી દીધા હતા. રજા વગર કોઈ શહેરમાં પ્રવેશી ન શકે કે શહેરમાંથી બહાર જઈ ન શકે એવો કડક બંદોબસ્ત એણે ગોઠવી દીધો હતો. અને રાત્રે તો કોઈને પણ શહેરમાં પ્રવેશ-વાની કે શહેરમાંથી બહાર જવાની રજા નહોતી. એવે વખતે આ ચોર રાતે શહેરમાંથી બહાર નીકળવા ગયો ને પકડાઈ ગયો.

પણ તે વખતે એની પાસે ચોરીનો કંઈ મુદ્દામાલ નહોતો. એટલે એને ચોર સાબિત કરવો કઈ રીતે ? કોટવાલે એનાં નામઠામ પૂછ્યાં તો એણે ભળતાં જ નામઠામ બતાવ્યાં. એણે કહ્યું : 'હું કંઈ ચોર નથી ; હું તો શાલિગ્રામનો દુર્ગચંડ નામનો ખેડૂત છું. '

તરત જ રાજાના સિપાઈઓ શાલિગ્રામ દોડયા દર્ગચંડની તપાસ કરવા. તો ત્યાંના લોકોએ દુર્ગચંડનું ઘર પણ દેખાડ્યું, ને એ ઘર-માંથી એક છોકરાએ આવી કહ્યુંયે ખરું કે મારા બાપા ખેતરનું કામ મને સોંપી રાજગૃહ ગયા છે ! ચોરે પોતે પોતાના બચાવ માટે અગા-ઉથી આ ગોઠવણ કરી રાખેલી હતી.

હવે પેલા પકડાયેલાને ચોર કેમ કહેવાય ? પણ રાજાનો મુખ્ય મંત્રી અભયકુમાર ભારે બુદ્ધિશાળી માણસ હતો. તેણે એક એવી યુકિત કરી કે ચોર પોતે જ પોતાના ગુનાની કબૂલાત કરે. ચોરને કેફી પીણું પાઈ તેણે બેભાન કરી દીધો ને પછી એને સુંદર વસ્ત્રાલંકારો પહેરાવી સાત માળની હવેલીના ઊંચામાં ઊંચા માળ પર મશરુની ગાદીવાળા છત્રપલંગ પર પોઢાડી દીધો.

ચોર ભાનમાં આવ્યો કે જય જય દેવ ! જય જય દેવ ! કરતી બે દેવાંગનાઓ બે તરફથી દોડી આવી. એક સુવર્ણ કલશમાં જળ લઈને આવી. તો બીજી રત્નજડિત પાત્રમાં તાંબુલ લઈને આવી. ચોર એમની સામું જુએ છે ત્યાં તો બીજી દેવીઓ પ્રગટ થઈ. તેમણે સંગીત અને નૃત્ય શરુ કરી દીધું ! ચોર વિમાસણમાં પડી ગયો કે હું કયાં છું !

એટલામાં એક દૈવી પુરુષે ત્યાં પ્રવેશ કર્યો. એનું આખું શરીર અલંકાર મંડિત હતું. એના હાથમાં સુવર્ણનો રાજદંડ હતો. તેણે આવતાં જ ચોરને 'જય દેવ ! જય જય દેવ !' કરી વંદન કરી કહ્યું: 'આપના આગમનથી આ સ્વર્ગલોક અધિક ભાગ્યશાળી થયો છે, આજે સ્વર્ગમાં આપનો મંગલપ્રવેશ કરાવવાનું મારે માથે આવ્યું છે. એટલે સ્વર્ગના નિયમ પ્રમાણે મારે આપને વિનંતિ કરવાની કે પૃથ્વી લોક પર આપના હાથે થયેલાં તમામ સારાં ખોટાં કૃત્યોની આપ નોંધ કરાવો - જે પછી અમે બધાં દેવદેવીઓ આપના સ્વર્ગ પ્રવેશનો અભિષેકવિધિ કરીએ !'

ચોર ખુશખુશ થઈ ગયો: વાહ, ત્યારે તો હું સ્વર્ગલોકનો સ્વામી બની અહીં આવ્યો છું. આ બધાં દેવદેવીઓ મારી સેવા માટે છે ! એણે એ સૌ તરફ ગર્વથી નજર કરી. ત્યાં અચાનક પેલે દિવસે મહા-વીર સ્વામીએ કથામાં કહેલા શબ્દો એને અત્યારે યાદ આવી ગયા : 'દેવોના પગ જમીનને અડતા નથી, દેવોની આંખો મટકું મારતી નથી, દેવોની ડોકની માળાઓ કરમાતી નથી, અને દેવોના શરીરે પરસેવો વળતો નથી ! ' એણે પોતાની આસપાસ ઊભેલાં દેવદેવીઓ તરફ નજર કરી તો એકદમ એની આંખો આગળથી ભ્રમનો પડદો હટી ગયો. એને ખાતરી થઈ ગઈ કે આ બધાં દેવ-દેવીઓ બનાવટી છે, આ સ્વર્ગ બનાવટી છે, અને મને સપડાવવા-ની આ જાળ ગોઠવાઈ છે.

એટલે એ જાળમાં સપડાઈ ન જવાય એની સાવચેતી રાખીને એણે પોતાનાં બધાં સુકૃત્યો જ સંભળાવવા માંડયાં : સાતસો બ્રાહ્મણોને મેં દાન આપ્યું છે; ચારસો ભિક્ષુઓને મેં ઉપવાસનાં પારણાં કરાવ્યાં છે, અસંખ્ય અનાથ, નિરાધાર બાળકોને મેં આશરો આપ્યો છે, ને કેટલીયે ગરીબ દુ:ખી સ્ત્રીઓનાં આંસુ લૂછયાં છે. કૂવાતળાવ ને જળાશયો તો એટલાં બધાં મેં ખોદાવ્યાં છે કે એનો કોઈ પાર નથી. કેટલીયે કુંવારી કન્યાઓનાં મેં ગાંઠના પૈસા ખરચી કન્યાદાન આપ્યાં છે. કેટલાંયે ઝાડો મેં રોપાવ્યાં છે, કેટલાયે લોકોને મારો જીવ જોખમમાં નાખીને મેં મોતના મોંમાંથી બચાવ્યા છે. પ્રાણી હિંસા તો જિંદગીમાં મેં કદી કરી જ નથી — દુષ્કૃત્યો કોને કહેવાય એ હું જાણતો જ નથી, પછી દુષ્કૃત્ય કરવાની વાત જ કયાં રહી ?'

કહેવાની જરૂર નથી કે એનાં આ બધાંયે સત્કૃત્યો કેવળ કાલ્પ-નિક હતાં. મનમાં ઉપજાવી કાઢીને એ બધું બોલતો હતો.

પરંતુ એના મુખમાંથી એણે કરેલા એક પણ દુષ્કૃત્યની વાત જયારે નીકળી નહિ, ત્યારે એને કારાગારમાં પૂરી રાખવાનું અશકય બની ગયું. રાજાએ એને નિર્દોષ જાહેર કરી છોડી દીધો.

છૂટયો તો ખરો, પણ હવે એનું મન વિચારે ચડી ગયું : અનિ-ચ્છાએ સાંભળેલાં સંત પુરુષના મુખનાં બે વેણે મને મૃત્યુના મુખ-માંથી બચાવ્યો, તો ચાહીને જો હું એમની વાણી સાંભળું ને એનું પાલન કરું તો મને શો લાભ નહિ થાય ? આમ વિચાર કરી એ ઘેર ન જતાં સીધો મહાવીરની પાસે ગયો, ને એમના ચરણમાં ઢગલો થઈને પડયો ને બોલ્યો : 'હવે હું તમારા ચરણ છોડી કયાંય જવાનો નથી ! '

મહાવીરે એને દીક્ષા આપી પોતાનો શિષ્ય બનાવ્યો.

# ૨૪

# હજરત મોહંમદ પેગંબર

'ક્યાં છે તમારા બાદશાહ ?' મદીનાની બજારમાં એક પરદેશી જુવાને એક માણસને પૂછ્યું. તરત જવાબ મળ્યો : 'પે...લા આવે !'

પરદેશીએ જોયું તો સામે એક માણસ આવતો હતો. ગરીબ જેવો એનો વેશ હતો. તેને થયું કે મદીનાવાસીએ મને પરદેશી ભાળી મારી મશ્કરી કરી કે શું ? આવો તે બાદશાહ હોય ? છતાં તેણે તેની પાસે જઇ સલામ કરી કહ્યું : 'હું આરબોના બાદશાહ મોહંમદ પેગંબર સાહેબને મળવા આવ્યો છું.'

'ભલે પધારો ! હું જ મોહંમદ ! આપનું નામ શું ?'

પરદેશીની નવાઇનો પાર ન રહ્યો. તેણે પોતાની ઓળખ આપતાં કહ્યું : 'હું અદી. સુલતાન હાતિમતાઈનો દીકરો ! આપના લશ્કરે મારા દેશ પર ચડાઇ કરી ત્યારે હું જીવ બચાવવા ભાગી ગયો હતો પણ મારી બહેન કેદ પકડાઇ હતી પરંતુ તેને આપે છોડી દીધી' પેગંબર સાહેબે કહ્યું : 'છોડી દીધી, કારણકે પ્રખ્યાત દાનવીર હાતિમ તાઈની એ દીકરી હતી. એક મુસલમાનમાં હોવા જોઇએ એવા બધા ગુણ હાતિમમાં હતા. અલ્લા એવાઓને ચાહે છે. એટલે હું પણ એમને ચાહું છું. ચાલો, મારી સાથે મારે ઘેર ચાલો ! આપણે નિરાંતે વાતો કરીશું !'

આમ કહી પેગંબર સાહેબ અદીને પોતાની સાથે લઇ ચાલ્યા. જતાં જતાં રસ્તામાં એક દૂબળી માંદલી બાઇ મળી. એણે પેગંબર સાહેબને ઊભા રાખી એમની આગળ પોતાના ઘરની ને કુટુંબની દાસ્તાન ઉકેલવા માંડી. પેગંબર સાહેબ શાંતિથી સાંભળી રહ્યા, ને વચમાં વચમાં પ્રશ્ન પૂછી એની હકીકત જાણી એને સલાહ આપવા લાગ્યા—અદી આભો બની ગયો : આ તે કેવો બાદશાહ ! મામુલી ડોશીની મામુલી વાતો સાંભળવા રસ્તામાં ઊભો રહે છે !

ડોશીની વાતો પૂરી થઇ એટલે પેગંબર સાહેબ અદીને લઇને પોતાને ઘેર આવ્યા. અદીના મનથી કે બાદશાહને રહેવા મોટો મહેલ હશે, પણ અહીં તો નાની ઝૂંપડી હતી ! ગારાની ભીંતો ને ખજૂરીનાં તાડછાંથી છાયેલું છાપરું ! દરવાજે કોઇ પહેરેગીર નહિ, ઘરમાં કોઇ નોકર ચાકર નહિ !

ઝૂંપડીમાં દાખલ થઇ પેગંબર સાહેબે ચામડાનું એક ગાદલું અદીને બેસવા માટે પાથરી આપ્યું. અદી એના પર બેઠો. એ ગાદલું પણ ખજૂરીનાં તાડછાંથી ભરેલું હતું !

પેગંબર સાહેબ અદીની સામે બેઠા - ઉઘાડી ભોંય પર ! એમને બેસવા માટે ઘરમાં બીજું આસન નહોતું ! અદી વિચારમાં પડી ગયો કે આ કાંઇ બાદશાહોની રીત નથી ! આવો ફકીર બાદશાહ તેણે કદી જોયો નહોતો.

વાત શરૂ કરતાં પેગંબર સાહેબે અદીને પૂછ્યું : 'એક અલ્લા સિવાય બીજો કોઇ અલ્લા ખરો ?'

અદીએ કહ્યું : 'ના !'

બીજો પ્રશ્ન થયો : 'અલ્લા કરતાં કોઇ મોટું ખરું ?'

અદીએ કહ્યું : 'ના !'

'જે આ સમજે છે તેને મારે બીજું કંઇ કહેવાનું નથી !'

એમની સાથેની વાતો પરથી, તથા એમનું જીવન જોઇને અદીને ખાતરી થઇ ગઇ કે નક્કી આ માણસ ખુદાનો પેગંબર છે.

આ વાત મુસલમાન ધર્મના સ્થાપક હજરત મોહંમદ પેગંબર સાહેબની છે. આખા અરબસ્તાન પર તેમની હકૂમત ચાલતી હતી, અને બીજાં પરદેશી રાજ્યોમાં પણ તેમની હાક વાગતી હતી. પણ તેઓ પોતે તો એક સાધારણ ગરીબ માણસની પેઠે રહેતા હતા. ઈરાન, રોમ અને ઈથિયોપિયાના એલચીઓ એમની મુલાકાતે આવતા, ત્યારેયે આરબોના આ બાદશાહને તેઓ જમીન પર બધા લોકો ભેગો બેઠેલો જોતા. જમીન પર એમનો દરબાર ભરાતો ! ન સિંહાસન, ન ગાદી, કે ન ઊંચું આસન !

તેઓ બાદશાહ હતા, ગૃહસ્થજીવન જીવતા હતા, છતાં ફકીર હતા. સરકારી આવકમાંથી તેઓ કશું લેતા નહિ. તેમની પાસે મિલકતમાં થોડાં ખજૂરીનાં ઝાડ ને થોડાં ઊંટબકરાં હતાં. એમાંથી એમને ને એમના કુટુંબને ખજૂર અને દૂધ મળી રહેતું. કોઈવાર મળે તો જવની રોટી ને પાણી લેતા. ડુંગળી ને લસણની તો વાસ પણ તેમને ગમતી નહિ. આવતી કાલ માટે તેઓ ઘરમાં કશું બચાવી રાખતા નહિ, કોઇકોઇવાર તો મહિનાઓ સુધી તેમના ઘરમાં ચૂલો સળગતો નહિ, અને કેવળ ખજૂર અને પાણી પર મહિનાઓ નીકળી જતા. એવે વખતે કોઇકોઇવાર ત્રણત્રણ દિવસના ઉપવાસ પણ થતા. કેટલીયે વાર ઘરમાં દીવો કરવા તેલ નહોતું. તેઓ પોતે ઘરમાં ઝાડુ કાઢતા, જાતે બકરીઓ દોહતા, પોતાનાં કપડાં સાંધતા, પગરખાં સાંધતા, ને ઊંટને ખરેરો કરતા. તેઓ રેશમી કપડું કદી પહેરતા નહિ, માત્ર સફેદ રંગનું જાડું સુતરાઉ કપડું કે ઘેટાના વાળ-

નું કપડું પહેરતા. પાયજામો તેમણે કદી પહેર્યો નથી. માટીના કે લાકડાના લોટા સિવાય તેમની પાસે બીજું વાસણ નહોતું. રહેવા માટે ગારાની ઝૂંપડી ! એને બારણું નહિ ! બારણાની જગ્યાએ ચામડાનો કે કાળા ધાબળાનો પડદો !

હજરત મોહંમદ પેગંબર સાહેબનો જન્મ ઇ. સ. ૫૭૧ ના ઑગસ્ટની ઓગણત્રીસમી તારીખે અરબસ્તાનના મકકા શહેરમાં થયો હતો. (કેટલાકની ગણતરીએ ઇ. સ. ૫૭૧ ના એપ્રિલની ૨૦મી તારીખ આવે છે). તે વખતના આરબો અજ્ઞાન અને વહેમોમાં ડૂબેલા હતા; ને અસંખ્ય ટોળીઓમાં વહેંચાયેલા હતા. એક ટોળીમાં એક જણનું અપમાન થાય તો એ આખી ટોળી પોતાનું અપમાન થયું સમજી બીજી આખી ટોળી પર વેરલે! પરિણામે અંદર-અંદર મારામારી ને ઝપાઝપી ચાલ્યા જ કરે. લોકોમાં દારૂ ને જુગારની બદી હતી. આરબોનો સામાન્ય ધંધો ઢોર ચરાવવાનો. કેટલાક ખેતી પણ કરતા, તો કેટલાક દૂરદેશાવર ઊંટનો કાફલો લઈને જતા, ને વેપાર ખેડતા. આવા કાફલાઓને લૂંટી લેવાનો પણ એક ધંધો હતો.

આરબોનો એક પુરાણો ધર્મ હતો. તેઓ ઘણાં દેવદેવીઓને માનતા. કોઈ દેવની મૂર્તિ લાકડાની, તો કોઈની પથ્થરની, કોઈની તાંબાપિત્તળની, તો કોઈની ગૂંદેલા લોટની ! કાબાનું મંદિર એ તમામ આરબોનું યાત્રા નું સ્થાન હતું, તેમાં ૩૬૦ દિવસની ૩૬૦ મૂર્તિઓ હતી ! આ મૂર્તિઓ આગળ પશુઓનો ભોગ અપાતો, તો કોઈ દેવની આગળ માણસનોયે ભોગ અપાતો!

આરબો બહાદુર હતા. બીજા માટે મરી ફીટવાની તેમનામાં તાકાત હતી. પણ ખોટાવહેમો ને બૂરા રિવાજોમાં ફસાવાથી એ તાકાત અંગત વેર ઝેરમાં પ્રગટ થતી હતી. પેગંબર સાહેબે એને બીજે રસ્તે વાળી. તેમણે આરબ પ્રજામાં કોમ માટે, ધર્મ માટે, દેશ માટે મરી ફીટવાની અદ્દ્ભુત શકિત પ્રગટાવી. તમામ આરબોને એમણે એક કર્યા. તેમનામાંથી ગરીબ તવંગરના, ગુલામ માલિકના, અને કુળ, વંશ, રંગ વગેરેના ભેદ દૂર કરી માણસ માત્ર ખુદાનાં બાળક છે, માટે સૌ સમાન છે એ વાત પર તેમણે ભાર મૂકયો. તેમણે કહ્યું કે 'જે સૌથી ભલો ને સંયમી તે સૌથી મોટો !'

પેગંબરસાહેબે પ્રબોધેલા આ ધર્મને ઇસ્લામધર્મ કહે છે. ઇસ્લામ એટલે શાંતિ. ઇસ્લામ એટલે ઇશ્વરની ઇચ્છાને અધીન થવું, ઇશ્વરમય બની જવું, ફના થઇ જવું. ઇસ્લામનો સૌથી મોટો સિદ્ધાંત એ છે કે ઇશ્વર એક છે, અને સર્વ કાંઇ તેને આધારે છે. એક તેની જ ઇબાદત કરવી. સત્કર્મ કરવાં ને દુષ્કર્મોથી દૂર રહેવું.

પેગંબર સાહેબે વારંવાર એ વાત પર ભાર મૂકયો છે કે દુનિયાના સૌ ધર્મો એક છે, અને સૌ સાચા છે. દુનિયાની શરુઆતથી દરેક કોમ અને દરેક જમાનામાં રસૂલ (પેગંબર) થયા છે; દુનિયાની કોઇ કોમ એવી નથી જેમાં ઇશ્વરનો કોઇ ને કોઇ પેગંબર થયો ન હોય.

વહેમોમાં સબડતા આરબ સમાજમાં પેગંબર સાહેબે એવી ઝડપથી સુધારાઓ દાખલ કરી દીધા કે એનાથી એ સમાજ એક નવી સંસ્કૃતિના તેજે ઝળહળતો બની ગયો. એમણે દારૂની બંધી ફરમાવી, જુગારની બંધી ફરમાવી, સ્ત્રીઓને મિલકતની વારસદાર અને મિલકતની માલિક બનાવી, મૂડી પર વ્યાજ લેવાની મના ફરમાવી, મિલકતનો અમુક ભાગ દાનધર્મમાં વાપરવાની આજ્ઞા કરી, નમાજ, ઉપવાસ અને હજની આજ્ઞાઓ કરી, અને એમ કરીને ધર્મને રોજિંદા જીવનની સાથે ઓતપ્રોત કરી દીધો.

પેગંબર સાહેબનું જીવન એક ઉઘાડી કિતાબ જેવું છે. તેમણે નાનપણમાં ઘેટાં બકરાં પણ ચાર્યાં છે ને વેપારી કાફલાઓ જોડે દૂરના દેશોમાં પ્રવાસ પણ કર્યો છે. તેમનું જીવન સચ્ચાઇથી એવું ભરપૂર હતું કે લોકો તેમને 'અલ અમીન' કહેતા. મકકાની જાત્રા કરવા અરબસ્તાનના દૂરદૂરના ભાગોમાંથી લોકો આવતા, પણ તે વખતના મકકાની હકૂમતએવી નબળી પડી ગઇ હતી કે એ હજ કરવા આવેલાઓ ધોળે દહાડે લૂંટાતા. આવા યાત્રીઓના જાનમાલનું રક્ષણ કરવા મકકાના કેટલાક જુવાનોએ એક સ્વયંસેવક દળ રચ્યું હતું, અને યુવાન મોહંમદ સાહેબ તેમાં જોડાયા હતા. તે વખતે તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે સમુદ્રમાં પાણીનું એક ટીપું હશે ત્યાં સુધી હું આ યાત્રાળુઓનું રક્ષણ કરીશ. મોટપણે આ વાતનો તેઓ ખૂબ ગર્વથી ઉલ્લેખ કરતા.

એક વાર પાણીની રેલને લીધે કાબાના મંદિરની દીવાલોમાં ફાટો પડી, ને તેને સમરાવવાની જરૂર પડી. ત્યાં 'સંગે અસવદ' નામે ઈંડાના આકારનો એક પવિત્ર પથ્થર છે. તે બહુ પુરાણા જમાનાનો છે, ને હજારો વર્ષથી પુજાય છે. તે માત્ર દોઢ ફૂટ લાંબો ને આઠ ઈંચ પહોળો છે. દીવાલની મરામત વખતે આ પથ્થરને યોગ્ય જગાએ ગોઠવવાની વાતમાં મકકાના કુરેશ કબીલાની ચાર મોટી શાખાઓમાં ઝઘડો થયો. દરેક જણ પોતે એ માન લેવા માગતું હતું, ત્યાં કોઇકે અલ-અમીન મોહંમદ સાહેબનું નામ દીધું. સૌને એમના પ્રત્યે આદર, એટલે ઝઘડાનો નિકાલ કરવાનું કામ એમને સોંપાયું. મોહંમદ સાહેબે પોતાની ચાદર પાથરી તેની ઉપર પવિત્ર પથ્થરને પધરાવી, ચારે શાખાના આગેવાનોને ચાદરનો એકએક છેડો પકડીને ઉઠાવવાનું કહ્યું. આમ બધાએ મળીને પવિત્ર પથ્થરને ઊંચકયો, ને મોહંમદ સાહેબની મદદથી તેને યોગ્ય જગાએ પધરાવ્યો, ને ઝઘડો ટળી ગયો. આવું ન થયું હોત તો ત્યાં તલવારો ખેંચાઇ હોત, ને ઊંડાં વેરઝેર બંધાયાં હોત. મોહંમદ સાહેબની ઉંમર એ વખતે પાંત્રીસેક વર્ષની હતી.

નાનપણથી જ મોહંમદ સાહેબને એકાંતમાં રહેવાની અને ચિંતન કરવાની ટેવ હતી. તેઓ શહેરથી દૂર, હીરા નામે પર્વતની એક ગુફામાં ચિંતન કરવા માટે ચાલી જતા. ત્યાં લાંબા ઉપવાસો કરતા, જાગરણો કરતા, ને પ્રાર્થનાઓ કરતા. પ્રાર્થના કરતી વખતે તેમની આંખોમાંથી આંસુની ધાર વહેતી.

એમ કરતાં એક વાર રમજાન મહિનાની એક રાતે તેઓ ઊંડા ધ્યાનમાં હતા ત્યાં એક ફિરસ્તો દેખાયો. તેણે કહ્યું : 'વાંચ ! વાંચ!'

મોહંમદ સાહેબ લખી વાંચી જાણતા નહોતા. તેમણે કહ્યું : 'હું તો અભણ છું.'



ત્યારે ફિરસ્તાએ તેમને બાથમાં લઇને દબાવ્યા, ને ફરી કહ્યું : 'વાંચ !'

હવે મોહંમદ સાહેબે કહ્યું : 'શું વાંચું ?'

'વાંચ, તારા ખુદાના નામે જેણે જગત સરજ્યું, માણસ સરજ્યો.'

"વાંચ, ખુદા પરમ દયાળુ છે, માણસ જે નહોતો જાણતો તે તેણે શીખવ્યું."

ફિરસ્તો અદૃશ્ય થયો, પણ આ શબ્દો મોહંમદ સાહેબના અંતરમાં કોતરાઇ રહ્યા. તેમને બીક લાગી કે કંઇ ભૂતપ્રેત તો નહિ હોય. એકદમ ઘેર જઇ તે ચાદર ઓઢી સૂઇ ગયા. પછી કંઇક સ્વસ્થ થતાં તેમણે પત્ની હજરત ખદીજાને બધી વાત કરી કહ્યું : 'હું ગપાટિયો કે ગાંડો તો નથી થઇ ગયો ને ?'

હજરત ખદીજાએ કહ્યું : 'તમે જિંદગીમાં કદી જૂઠું બોલ્યા નથી કે બુરાઇનો જવાબ તમે કદી બુરાઇથી આપ્યો નથી. તમે હમેશાં વચનના સાચા રહ્યા છો, ને પવિત્ર જિંદગી ગાળી છે. પછી તમે ગપાટિયા કે ગાંડા કેમ હોઇ શકો ? નક્કી, ખુદાની જ તમારા તમે મહેર ઊતરી છે.

તોયે મોહંમદ સાહેબનું મન વિમાસણમાં રહ્યું. એમને એવી અકળામણ થતી હતી કે એક વાર તો ટેકરી પરથી ભૂસકો મારી મરી જવાનો પણ એમને વિચાર આવ્યો. એટલામાં ફરી પેલો અવાજ સંભળાયો : 'ઓ મોહંમદ, સાચે જ તું ખુદાનો પેગંબર છે !'

ત્યારથી તેઓ પેગંબર તરીકે ઓળખાયા. હજરત ખદીજા તેમનાં પહેલાં અનુયાયી બન્યાં. આ વખતે તેમની ઉંમર ચાલીસ વર્ષની હતી.

મુસલમાન ધર્મનો પવિત્ર ગ્રંથ કુરાન પેગંબર સાહેબને થયેલી આવી દૈવી પ્રેરણાઓનો ગ્રંથ છે. આ દૈવી પ્રેરણા થતી ત્યારે પાગલની પેઠે તેઓ નીચે પડી જતા ; તેમનું આખું શરીર કંપવા લાગતું , અને ભર શિયાળામાં પણ તેમના કપાળ પરથી પરસેવો ઝરતો ને તેનાથી તેમની ચાદર ભીંજાઇ જતી. જો તે વખતે તેઓ સાંઢણી પર બેઠેલા હોય તો સાંઢણી પર પણ તેની અસર થતી - સાંઢણી એવી ચંચળ બની જતી કે એ પગ પછાડવા લાગી જતી. પેગંબર સાહેબે પોતે કહ્યું છે કે 'આ વેળાએ મને એવું દર્દ ને કષ્ટ થતું કે તેનાથી તો મારા માથાના વાળ ધોળા થઇ ગયા !'

મૂર્તિ પૂજા છોડી દેવાનો પેગંબર સાહેબ ખુલ્લંખુલ્લા ઉપદેશ કરતા, તેથી કાબાની મૂર્તિઓના પૂજારી કુરેશીઓ ખૂબ ગુસ્સે થયા હતા. 'જોયા નહોય તો મોટા પેગંબર !' કહી તેઓ તેમની મશ્કરી કરતા, એમના રસ્તામાં કાંટા નાખતા, એમના પર પથરા ફેંકતા. એક વાર કાબામાં નમાજ પઢતાં કોઇએ એમની ડોકમાં ઊંટનાં

આંતરડાં પહેરાવ્યાં! તો એક વાર નમાજ પઢતાં એક ગુંડાએ એમની ડોક પર પગ મૂકી ડોક એવી દબાવી કે ડોળા નીકળી પડશે એવું થયું!

અને એમના અનુયાયીઓ પર જે જુલમ થતો એની તો કંઇ હદ નહોતી. તેમાંયે જે ગુલામ મુસલમાન ધર્મ સ્વીકારે તેનું તો આવી જ બને! તેને બાંધી ઘરમાં પૂરી ભૂખેતરસે મારે, રણની અંગારા જેવી રેતી પર સુવાડી તેની છાતી પર મણમણના પથરા મૂકે ને રેતીની એ ભઠ્ઠીમાં એને ચણામમરાની જેમ શેકી નાખે!

આવો જુલમ છતાં કોઇ ડગ્યા નહિ, ત્યારે કુરેશીઓએ લાલચ દેખાડી. પેગંબર સાહેબને તેમણે કહ્યું : 'તમારો ઉપદેશ બંધ કરો તો અમે તમને અમારા મોવડી બનાવીએ, ને તમને માગો એટલાં ઊંટ આપીએ !'

પેગંબર સાહેબે કહ્યું : 'મારે નથી જોઇતું ધન કે નથી જોઇતું રાજ્ય. હું તમને માત્ર મારા ખુદાનો સંદેશો સંભળાવવા માગું છું.'

ત્યારે લોકોએ કહ્યું : 'તમે પેગંબર હો તો કંઇ ચમત્કાર કરી દેખાડો !'

પેગંબર સાહેબે કહ્યું : 'અલ્લાના ગુણ ગાઓ ! હું માત્ર ખુદાનો મોકલેલો એક માનવી છું. મારા પહેલાં પણ ખુદાએ જે જે રસૂલ મોકલ્યા હતા તે બધાયે મારી તમારી પેઠે જ ખાતા પીતા હતા. ને શેરીઓમાં આંટા મારતા હતા !'

હવે કુરેશીઓએ પેગંબર સાહેબના કાકા અબૂ તાલિબને કહ્યું કે તમારા ભત્રીજાને સમજાવો, નહિ તો એનો જાન જોખમમાં છે. કાકાએ ભત્રીજાને બોલાવીને કહ્યું કે શા સારુ આટલા બધા માણસો સાથે દુશ્મનાવટ કરે છે? ત્યારે પેગંબર સાહેબે જે જવાબ દીધો તે ઇતિહાસમાં અમર થઇ ગયો છે. તેમણે કહ્યું : 'લોકો મારા જમણા હાથમાં સૂરજ અને ડાબા હાથમાં ચાંદો લાવીને મૂકે તો પણ અલ્લાના હુકમમાંથી હું ચળવાનો નથી !'

આ શબ્દોની કાકાના દિલ પર એવી અસર થઇ કે એમણે કહ્યું: 'ભલે, જા, દીકરા, તારે કરવો હોય તે ઉપદેશ કર! ખુદાના કસમ ખાઇને કહું છું કે હું કદી તારો ત્યાગ નહિ કરું !'

કાકા અબૂ તાલિબની સચ્ચાઇ પરની આ શ્રદ્ધા હેરત પમાડે તેવી છે. તેમણે કદી ઇસ્લામનો સ્વીકાર કર્યો નહોતો. પણ તેઓ ઉદાર દિલના હતા, ને નેક હતા કે તેમણે હમેશાં પેગંબર સાહેબની સાચી વાત કહેવાના અધિકારનું રક્ષણ કર્યું હતું.

લોકોનો જુલમ તો ચાલુ જ રહ્યો. એક વાર પેગંબર સાહેબના માથા પર તેમણે મળ નાખ્યો. પેગંબર સાહેબની દીકરી પિતાનું માથું ધોતાંધોતાં રડી પડી. પેગંબર સાહેબે તેને શાંત પાડતાં કહ્યું: 'દીકરી, રડ મા ! અલ્લા તારા બાપની પડખે છે !'

એકવાર પેગંબર સાહેબ તાયફ નામે એક શહેરમાં ઉપદેશ કરવા ગયા. ત્યાં લોકોએ તોફાન કરી તેમને પથરા માર્યા, ને તેમને લોહી લુહાણ કરી ગામમાંથી કાઢી મૂકયા. આવી હાલતમાં પેગંબર સાહેબે ખુદાની બંદગી કરી : 'હે દયાળુ, હું સાવ નાનો છું, સાવ નબળો છું. એક તું મારો આધાર છે. તું નિરાધારનો આધાર છે, તું નિર્બળનું બળ છે. હું તો માનું છું કે તારી મારા પર ઘણી દયા છે.'

મક્કાથી યસરબ ૪૫૭ કિલો મીટર દૂર છે. ત્યાંના લોકોને પેગંબર સાહેબનો ઉપદેશ ગમી જતાં તેમણે તેમને યસરબ આવી રહેવા નિમંત્રણ આપ્યું. પેગંબર સાહેબે પહેલાં પોતાના બધા અનુયાયીઓને યસરબ મોકલી દીધા, પછી પોતે જવાનું નક્કી કર્યું. મક્કાના લોકોને બીક લાગી કે તેઓ ત્યાં પહોંચી જશે તો તેમનું જોર વધી જશે; માટે એમને અહીં જ પૂરા કરી નાખવા. તેમણે મારાઓ નક્કી કર્યા. મારાઓ રાતે પેગંબર સાહેબના ઘર આગળ સંતાઇને ઊભા. પેગંબર સાહેબને પણ એ મારાઓની ખબર પડી ગઇ હતી. તેથી રાતે પોતાની જગાએ પોતાના ભત્રીજા અલીને સુવાડી, તેને પોતાની લીલી ચાદર ઓઢાડી, તેઓ પાછલે બારણેથી નીકળી ગયા. તેમની સાથે માત્ર એક જ માણસ હતો. તેનું નામ અબૂ બક્ર. બંને જણ મક્કાથી ત્રણચાર માઇલ પર એક અવાવરૂ ગુફા હતી તેમાં સંતાઇ રહ્યા. પંખી ઊડી ગયું છે એવી ખબર પડતાં દુશ્મનોએ પેગંબર સાહેબને જીવતા કે મરેલા પકડી લાવનારને મોટું ઇનામ આપવાનું જાહેર કર્યું, ને ઠેરઠેર ઊંટસવારો ને ઘોડેસવારો દોડાવ્યા. એક વાર તો આ દુશ્મનો છેક ગુફાના મોં સુધી આવી પહોંચ્યા હતા. તેમનાં પગલાં સાંભળી અબૂ બક્રે કહ્યું: 'દુશ્મનો કેટલા બધા છે! આપણે તો માત્ર બે જ છીએ!' પેગંબર સાહેબે અચળ શ્રદ્ધાથી કહ્યું : 'ના, આપણે બે નથી, ત્રણ છીએ! ખુદા આપણી સાથે છે!' અને ખરેખર એમની શ્રદ્ધા ફળી. દુશ્મનો ગુફાના મોં આગળથી જ પાછા ફરી ગયા. ત્રણ રાત પેગંબર સાહેબ આ ગુફામાં ભરાઇ રહ્યા, ને પછી ત્યાંથી નીકળી યસરબ પહોંચ્યા.

મક્કા છોડવાના આ પ્રસંગને હિજરત કહે છે. હિજરત એટલે ધર્મ ખાતર પોતાનું ઘર છોડી બીજે જવું તે - આ ૨૦મી જૂન ઇ. સ. ૬૨૨ (કેટલાક ૨૦મી સપ્ટેમ્બર કહે છે.) થી મુસલમાનોનો હિજરી સંવત શરૂ થાય છે.

યસરબમાં પેગંબર સાહેબને પોતાને ઘેર ઉતારવા ઘણાઓને મન હતું. આરબોના સ્વભાવ પ્રમાણે આવી વાતમાંથી હોંસાતૂંસી થતી, ને એમાંથી વાત મારામારી પર આવી જતી. તેથી પેગંબર સાહેબે કહ્યું : 'મારી સાંઢણી જ્યાં જઇને ઊભી રહેશે ત્યાં હું મુકામ કરીશ.' ઊંટ તો અરબસ્તાનનું જીવન ગણાય, એટલે ઊંટની પ્રેરણાનો વિરોધ કેમ કરાય? બધાએ આ વાત કબૂલ કરી. બધા ઊંટની પાછળ પાછળ ચાલ્યા, અને ઊંટ એક ગરીબ માણસના ઘર આગળ જઇને ઊભું. પેગંબર સાહેબ એ ગરીબના મહેમાન બન્યા. એ દિવસ શુક્રવાર હતો, તેથી શુક્રવાર જાહેર નમાજનો વાર બન્યો. પેગંબર સાહેબના આગમનની ખુશાલીમાં લોકોએ પોતાના ગામનું નામ બદલી મદીન - તુન્નબી એટલે નબી (પેગંબર) નગર એવું રાખ્યું. એ ટૂંકમાં મદીના કહેવાયું.

મક્કાથી હિજરત કરીને આવેલાઓને મદીનાવાસીઓએ પોતાના

ભાઈ ગણી તેમણે પોતાની મિલકતમાંથી પણ તેમને ભાગ આપ્યો. આ આશરો આપનારાઓ અન્સાર એટલે મદદગાર કહેવાયા. ઈસ્લામનો આ ચમત્કાર હતો. બીજો ચમત્કાર એ થયો કે મદીનામાં સેંકડો વરસથી ચાલતા આવેલા કબીલાઓના કજિયા બંધ થઈ ગયા, ને એની જગાએ ભાઈચારો દેખાવા લાગ્યો. પરિણામે મદીનામાં એક નવી જ જાતની રાજ્ય વ્યવસ્થા ઊભી થઈ. આજની ભાષામાં આપણે એને કૉમનવેલ્થ એટલે કે બંધુરાષ્ટ્ર કહીએ છીએ. એનો બોજો પેગંબર સાહેબને માથે આવ્યો. આખા શહેરે એક મતે તેમને શહેરના હાકેમ ચૂંટી કાઢ્યા. પેગંબર સાહેબે જાહેર કર્યું કે ગમે તે કુળ કબીલાનો હોય, અહીં બધાં સંપીને રહેશે, બધા એક કોમના થઈ રહેશે. '

તે વખતે અરબસ્તાનમાં ખ્રિસ્તી વસતી હતી, ને ખ્રિસ્તી મઠો પણ હતા. પેગંબર સાહેબે જાહેર કર્યું કે ખ્રિસ્તીઓના જાનમાલનું રક્ષણ કરવા અમે તેમની સાથે છીએ. તેમનાં દેવળ તેમની પાસેથી છીનવી લેવાનો કોઈને હક નથી. જો કોઈ ખ્રિસ્તી સ્ત્રી મુસલમાન જોડે લગ્ન કરે તો તે મુસલમાન તેની એ પત્નીને દેવળમાં જતાં, પ્રાર્થના કરતાં કે તેના ધર્મ પ્રમાણે વર્તતાં રોકશે નહિ. કોઈ યહૂદી કે ખ્રિસ્તી માતાનો પુત્ર મુસલમાન થયો હશે તો એ પુત્ર પોતાની માને ટટ્ટુ પર બેસાડી દેવળના દરવાજા સુધી પહોંચાડશે, ટટ્ટુ નહિ હોય તો એ માને પોતાના ખભા પર બેસાડીને ત્યાં લઈ જશે.

આમ પેગંબર સાહેબે સૌને પોતપોતાનો ધર્મ પાળવા છૂટ આપી હતી. તેઓ કહેતા : 'જે લોકો પાસે બીજાં ધર્મપુસ્તકો છે તેમની સાથે ચર્ચામાં ન ઊતરો. તેમને કહો કે ખુદાએ જે પુસ્તક અમને આપ્યું છે તેને અમે માનીએ છીએ, અને જે પુસ્તક તેણે તમને આપ્યું છે તેને પણ અમે માનીએ છીએ. તમારો ને અમારો અલ્લા એક જ છે, અને તે જ એક અલ્લા આગળ અમે માથું નમાવીએ છીએ !'

મદીનામાં મોહંમદ સાહેબની તાકાત વધતી જતી હતી તે મક્કાના કુરેશીઓથી સહન થયું નહિ. તેમણે મદીના પર ચડાઈ કરી, પણ હાર્યા. આ લડાઈમાં કેટલાક મક્કાવાસીઓ કેદ પકડાયા. તે વખતે યુદ્ધનો એવો રિવાજ હતો કે કેદીઓને મારી નાખવા અથવા તો ગુલામ તરીકે વેચી દેવા. પરંતુ મોહંમદ સાહેબે એવું ન કર્યું. તેમણે ઘણા કેદીઓને માફી આપી છોડી દીધા, ને જે કેટલાક કેદી ભણેલા ગણેલા હતા તેમને કહ્યું કે તમે દરેક દશ દશ મદીનાવાસીને લખતાં વાંચતાં શીખવી દો એટલે તમે છુટ્ટા ! મોહંમદ સાહેબ પોતે અભણ હતા, પણ ભણતરનું મૂલ્ય સમજતા હતા. આ કેદીઓને મદીનાવાસીઓએ માનથી પોતાનાં ઘરોમાં રાખ્યા. એટલે સુધી કે મદીનાવાળાઓ પગે ચાલતા, ને એમને વાહન પર બેસાડતા; પોતે ખજૂર ખાઈને રહેતા ને એમને ઘઉંના રોટલા ખવડાવતા !

લડાઈમાં મરેલા કે ઘાયલ થયેલા દુશ્મનોનાં નાક, કાન કાપી લેવાનો પણ એક રિવાજ હતો. વિજેતાઓની સ્ત્રીઓ એ નાક, કાનના હારડા કરી ગળામાં પહેરતી. એક વાર જીતેલા મુસલમાનોએ દુશ્મનોનાં નાક, કાન કાપી લેવાની રજા માગી. પેગંબર સાહેબે કહ્યું: 'અરે, આ શું બોલ્યા ? કમનસીબો પર દયાથી કામ લો. માણસાઈથી ખુદા રાજી રહે છે.' આમ એ ઘાતકી રિવાજ એમણે બંધ કરાવ્યો. લડાઈમાં લડતા મુસલમાનોને એમણે સ્પષ્ટ હુકમ કર્યો હતો કે કપટ કદી કરવું નહિ, દગો કરવો નહિ, બાળકોની હત્યા કરવી નહિ, સ્ત્રીઓ પર હુમલો કરવો નહિ, વૃદ્ધ કે બીમારને સતાવવો નહિ; લડતા ન હોય તેવા નિર્દોષ લોકોને દુઃખ દેવું નહિ, અને ફળાઉ ઝાડનો નાશ ન કરવો.

એક વાર મદીનાના રક્ષણ માટે શહેર ફરતી ખાઈ ખોદવાની જરૂર પડી, તો પેગંબર સાહેબ પોતે બીજાઓની સાથે કોદાળી લઈને કામે લાગી ગયા, ને ટોપલો લઈને માટી વહેવા લાગ્યા. મજૂરી કરતા જાય ને ખુદાનો મહિમા ગાતા જાય : 'હે દયાળુ, હે ખુદા, અમને શાંતિ આપ, લડાઈમાં અમારા પગ મજબૂત કર !'

આ ખાઈ ખોદાતી હતી તે વખતે એક જણે ફરિયાદ કરી કે બે દિવસથી મેં કશું ખાધું નથી, ને પેટમાં પથરો બાંધી રાખી કામ કરું છું. જવાબમાં પેગંબર સાહેબે પોતાનું પહેરણ ઊંચું કરી દેખાડ્યું તો ત્યાં બે પથરા બાંધેલા હતા ! તેઓ ભૂખે પેટે પથરા બાંધી કામ કરતા હતા !

મક્કા મદીનાની લડાઈઓ ચાલતી હતી, તેથી મદીનાવાસી મુસલમાનો પવિત્ર કાબાની હજ (જાત્રા) કરવા મક્કા જઈ શકતા નહોતા. એમ કરતાં છ વરસ વીતી ગયાં. હવે પેગંબર સાહેબ ચૌદસો માણસોને લઈને મક્કાની હજ કરવા નીકળ્યા. હજ માટેનો સમય નક્કી કરેલો હતો. એ સમયે તમામ આરબો લડાઈ ઝઘડા બંધ કરી દેતા. સૌએ હજનાં લીલાં કપડાં પહેર્યાં. આ કપડાં પહેર્યાં પછી યાત્રાળુ કીડીનેયે મારી શકે નહિ કે ઝાડનું પાંદડુંયે તોડી શકે નહિ. ચૌદસો યાત્રાળુઓ શાંતિથી હજ કરવા ચાલ્યા. કોઈની પાસે હથિયાર નામે નહોતું, લાકડી સુદ્ધાં નહિ. પણ મક્કાના એંશી કુરેશીઓની એક ટુકડીએ તેમના પર હુમલો કર્યો. મુસલમાનોએ વગર હથિયારેય તે બધાને પકડી લીધા, ને પેગંબર સાહેબ પાસે રજૂ કર્યા. પેગંબર સાહેબે માફી આપી એમને છોડી દીધા. આની મક્કાવાસીઓ પર એટલી બધી અસર થઈ કે તેમણે મદીનાવાસીઓ સાથે સંધિ કરી. એ સંધિમાં એવું નક્કી થયું કે મુસલમાનોએ આ વખતે હજ કર્યા વગર પાછા જવું, પણ આવતા વર્ષે હજ કરવા આવવું. તે વખતે તેમને કોઈ રોકશે નહિ.

બીજે વર્ષે એટલે ઈ. સ. ૬૨૯ માં બે હજાર મુસલમાનોને લઈને પેગંબર સાહેબ મક્કા હજ કરવા આવ્યા. આ વખતે મક્કાવાસીઓએ અદ્ભુત કામ કર્યું. તેમણે ત્રણ દિવસ માટે શહેર ખાલી કરી નાખ્યું, ને એમનાં એ ખાલી ઘરોમાં મદીનાવાસી મુસલમાનો ત્રણ દિવસ રહ્યા. તેમણે કાબાની પ્રદક્ષિણા કરી. તે વખતે કાબામાં ૩૬૦ મૂર્તિઓ મોજૂદ હતી, પણ મૂર્તિપૂજક મક્કાવાસીઓનું દિલ દુભાયુ નહિ એટલા માટે કોઈએ તેને કશું કર્યું નહી : ચોથે દિવસે મદીનાવાસીઓ પાછા ફર્યા, ત્યારે મક્કાવાસીઓ

પોતાનાં ઘરોમાં જઈને રહ્યા. દુનિયામાં આ અજબ બનાવ ગણાય છે.


અરબસ્તાનની બહારના પ્રદેશોમાં પણ હવે ઇસ્લામના ઉપદેશકો જતા હતા. કોઈ જગાએ એમનો સત્કાર થાય, તો કોઈ જગાએ માથું કપાય. એમાંથી નાની મોટી લડાઈઓ થતી. વેરઝેરથી પીડાતા, વેરવિખેર આરબોમાં ઇસ્લામે હવે ભાઈચારાની એવી પ્રબળ હવા પેદા કરી હતી કે એની સામે અનેકગણી મોટી મોટી સંખ્યાવાળાં, તથા સાધન સામગ્રીવાળાં લશ્કરો પણ ટકી શકતાં નહિ. તેઓ કહેતા કે અમે સંખ્યાને ભરોસે લડવા નથી નીકળ્યા, પણ અલ્લાના ભરોસે નીકળ્યા છીએ ! એક વખતના ગુલામના હાથ નીચે રહી લડવામાં પણ હવે એમને નાનમ નહોતી. આવો એક મુસલમાન હતો. એનું નામ ઝૈદ. ઊંચા કબીલામાંઓના નબીરાઓ પણ એના હાથ નીચે લડવામાં માન સમજતા હતા, અને સાહેબે તો એ ઝૈદને પોતાનો દીકરો માન્યો હતો !

પેગંબર સાહેબના આ વિજયોથી છેવટે મક્કા પણ એમના શરણે આવી ગયું. વીસ વીસ વરસ સુધી મુસલમાનોને હેરાન કરનાર મક્કાના આગેવાનોને પેગંબર સાહેબે ઉદારતાથી ક્ષમા માગી. એવા એક આગેવાનની પત્નીએ તો એટલે સુધી કહ્યું : 'હે અલ્લાના રસૂલ, પહેલાં અમારે મન તમારા તંબુ જેવું કોઈ ભયાનક સ્થાન નહોતું, પણ આજે એ તંબુ કરતાં અધિક પ્રિય અમારે મન દુનિયાની કોઈ ચીજ નથી.'

કાબાના યાત્રાળુનાં કપડાં પહેરી ઊંટ પર સવાર થઈ પેગંબર સાહેબે વગર હથિયારે મક્કામાં વિજય પ્રવેશ કર્યો. પણ વિજયનું એમને ગુમાન નથી. નમ્રતા ને દીનતાથી એમનું શિર એવું ઝૂકી ગયું હતું કે સવારીના જીન સાથે એ એક થઈ જતું હતું ! કાબાના મંદિરમાંથી તમામ મૂર્તિઓ હવે દૂર કરવામાં આવી. મુસલમાનોએ કાબાની પ્રદક્ષિણા કરી. નમાજ પછી પેગંબર સાહેબે ઉપદેશ આપતાં કહ્યું : 'ખુદા એક છે, અને માણસો સૌ ભાઈભાઈ છે. ખુદા દયાળુઓનો દયાળુ છે. બૂરાઈનો જવાબ ભલાઈથી આપો. ભલાઈ કરે છે તેને જ ખુદા ચાહે છે.'

તાયફ કરીને એક ગામ હતું. મક્કાની પેઠે આરબોના પુરાણા ધર્મનું તે પણ એક મોટું ધામ હતું. એક વાર ત્યાંના લોકોએ પેગંબર સાહેબને લોહી લુહાણ કરીને કાઢ્યા હતા. પણ મક્કા શરણે આવ્યા પછી લડાઈમાં તેની હાર થઈ. તેના છ હજાર માણસો કેદ પકડાયા તેમાં એક વૃદ્ધ બાઈ પણ હતી. તેણે પેગંબર સાહેબને મળવા માગણી કરી. હલીમા નામે ભરવાડણે પેગંબર સાહેબને જન્મથી પાંચ વર્ષ સુધી પોતાના દીકરાની પેઠે ઉછેરીને મોટા કર્યા હતા. તેહલીમાની એ દીકરી હતી. તેને જોતાં જ પેગંબર સાહેબ એકદમ ઊભા થઈ ગયા, ને પોતે ઓઢેલી કાળી કામળી જમીન પર પાથરી દઈને બોલ્યા : "શૈમા, મારી બહેન, અહીં બેસ !" પછી એ બંને ભાઈબહેને એક જ કામળી પર બેસી બાળપણની વાતો કરી. શૈમાને ખૂબ માનપાન તથા ભેટો સાથે તેને ઘેર વિદાય કરી પેગંબરસાહેબે પકડાયેલા તમામ કેદીઓને છોડી દીધા !

ઇ. સ. ૬૩૨માં પેગંબર સાહેબે મક્કાની છેલ્લી યાત્રા કરી. આને વિદાયયાત્રા કહે છે. આ યાત્રામાં એમની સાથે મદીનાથી એક લાખ ચાલીસ હજાર માણસો મક્કા ગયા હતા. હજ પૂરી કર્યા પછી તેમણે લોકોને ઉપદેશ આપતાં કહ્યું : 'હજનો આ દિવસ જેમ પવિત્ર છે, તેમ માણસ માત્રના જાનમાલ પવિત્ર છે. કોઈ બીજાના જાનમાલ પર હાથ ન લગાડે. વેર લેવાનો રિવાજ બંધ કરવામાં આવે છે, તેવી રીતે વ્યાજ લેવાની મના ફરમાવવામાં આવે છે. કોઈકોઈને નાનો ન સમજે, કોઈ કોઈનો સાથ ન છોડે, કોઈકોઈ પર જુલમ ન કરે. તમે બધા એક બીજાના ભાઈ અને



અલ્લાના બંદા બની રહેજો. હે પુરુષો, તમારા હક છે, અને હે સ્ત્રીઓ, તમારા પણ હક છે. જે વસ્તુને અલ્લા સૌથી વધારે બૂરી માને છે તે તલ્લાક છે. તમારા ગુલામોને તમે જે ખાતા હો તે ખવડાવજો, ને તમે પહેરતા હો તેવાં જ કપડાં પહેરાવજો. તેને ગજા ઉપરવટ કામ કરવા કહેશો નહિ, અને એવું કામ હોય તો તમે પોતે તે કામ કરવામાં તેને મદદ કરજો. ગુલામને આઝાદ કરવાથી ખુદા જેટલો રાજી થાય છે તેટલો બીજા કશાથી નથી થતો.'

હવે પેગંબર સાહેબ ખરેખરા બાદશાહ બન્યા. સીરિયાની સરહદથી હિંદી મહાસાગર સુધી તેમનું એકચક્રી રાજ્ય ફેલાયું હતું. રાજ્યોનો વહીવટ કરવા તેમણે સૂબાઓ નીમ્યા હતા. એક વાર આવા એક સૂબાને તેમણે પૂછ્યું : 'રાજ્ય ચલાવવામાં તું કઈ વસ્તુને પ્રમાણ ગણશે ?'

સૂબાએ કહ્યું : 'કુરાનને.'

'પરંતુ કોઈ પ્રસંગને બરાબર લાગુ પડે તેવી આજ્ઞા કુરાનમાં ન મળી તો ?'

'તો હું પેગંબરનો દાખલો લઈશ.'

'અને પેગંબરનો દાખલો પણ બંધબેસતો ન થયો તો ?'

'તો હું મારી અકકલ ચલાવીશ.'

પેગંબર સાહેબે ખુશ થઈ બીજાઓને પણ તે પ્રમાણે ચાલવાનું કહ્યું.

પેગંબર સાહેબની ઉંમર ૬૩ વર્ષની થવા આવી હતી. તેમની તબિયત લથડી હતી. આવી માંદગીમાં એક મધરાતે ઊઠીને તેઓ કબ્રસ્તાનમાં ગયા. કબરો વચ્ચે બહુ વાર ધ્યાનમગ્ન બેસી રહ્યા, ને પછીર ડતે હૈયે બોલ્યા : 'હે કબરોના વાસી, તમે વહેલા ચાલ્યા ગયા, અમે તમારી પાછળ આવીએ છીએ.'

બીજી સવારે જેમ તેમ ટેકો લઈને તેઓ મસ્જિદમાં ગયા. ત્યાં નમાજ પછી તેમણે લોકોને કહ્યું : 'કોઈનું મારી પાસે કંઈ લેણું હોય તો બોલી દેજો !' એક જણે કહ્યું કે મેં તમારી વતી એક ગરીબને ત્રણ દિરહમ આપ્યા છે. પેગંબર સાહેબે તરત જ તેને તે પૈસા ગણી આપ્યા . એક સામાન્ય માણસ ભર સભામાં પોતાની પાસે ઉઘરાણી કરે તેની પણ તેમણે શરમ ગણી નહિ. તેમણે તો કહ્યું : 'પરલોકમાં શરમાવું પડે તેના કરતાં અહીં શરમાવું સારું !'

ચોથે દિવસે પેગંબર સાહેબને બદલે હજરત અબૂ બક્રને નમાજ પઢાવતા જોઈ અફવા ઊડી કે પેગંબર ચાલ્યા ગયા ! એકદમ બધાંનાં મોં પર જાણે શાહી ઢળી ગઈ. એ ખબર મળતાં બે માણસોનો ટેકો લઈને પણ તેઓ મસ્જિદમાં આવ્યા; ને અંતિમ ઉપદેશ આપતાં બોલ્યા : 'શું મારા પહેલાં કોઈ પેગંબર મર્યા નથી કે હું નહિ મરું એવું તમે ધારો છો ? હું તેની જ પાસે જાઉં છું, જેણે મને મોકલ્યો હતો. મારી તમને એટલી જ વિનંતિ છે કે સંપીને રહેજો, એક બીજા પર પ્રેમ રાખજો, ને ભલાં કામમાં એક બીજાની પડખે રહેજો !'

આવી માંદગીમાં પણ પેગંબર સાહેબ ખજૂરીની ચટાઈ પર સૂઈ જતા, તેથી તેમની પીઠ પર સાદડીનાં ચાઠાં પડી ગયાં હતાં. એ જોઈ કોઈએ ગાદી પાથરવાની ઈચ્છા કરી. પણ 'હું આરામ ભોગવવા પેદા નથી થયો.' કહી પેગંબર સાહેબે એની ના પાડી.

વળી તેમણે કહ્યું : 'મારી કબરની કદી કોઈ પૂજા ન કરે !'

પત્ની હજરત આયશાને બોલાવી તેમણે કહ્યું: 'તમે કંઈ બચાવીને રાખ્યું હોય તો ગરીબોને દઈ દો !' હજરત આયશા પાસે સોનાના છ દીનાર હતા. તેમણે તરત જ તે ગરીબોમાં વહેંચી દીધા. એવી સ્થિતિ થઈ કે એ રાતે ઘરમાં દીવો કરવા માટે પડોશીને ત્યાંથી તેલ માગી લાવવું પડયું !

સાત દિવસ આ માંદગી ચાલી. સાતમા દિવસની સવારે તેમણે નમાજમાં હાજરી આપી. ત્યાંથી પાછા આવ્યા પછી થોડા જ વખતમાં તેમણે દેહ છોડી દીધો. તા. ૧૨-૬-૬૩૨. સોમવાર.

પેગંબર સાહેબનું સમગ્ર જીવન પ્રેરણાના ભંડાર જેવું છે, તેમાંથી થોડાક પ્રસંગો નીચે ઉતાર્યા છે :

૧. પેગંબર સાહેબ પોતાની પાસે તો કશું રાખતા નહિ, પણ રાજ્યની તિજોરીમાંયે કશું રાખતા નહિ. જે આવે તે તરત જ લોકોમાં વહેંચી દેતા. એ વહેંચણીમાં નાનામોટાનો કે સગાસાગવીનો કોઈ ભેદ કરતા નહિ. તેઓ કહેતા : 'સોનાનો આખો પહાડ આવે તોયે ત્રણ રાત પછી મારી પાસે એક દીનાર રહેવો ન જોઈએ'- કોઈ દેવું વાળવા કંઈ રાખ્યું હોય તો જુદી વાત. બધું ખેરાત ન થાય ત્યાં લગી તેઓ ઘેર જતા નહિ. એક વાર એક અમીરે ચાર ઊંટ પર લાદી અનાજ ભેટ મોકલ્યું. તેમાંથી વહેંચતાં થોડું બાકી રહ્યું, તો ઘેર ન જતાં તેઓ મસ્જિદમાં જ રાત પડી રહ્યા, ને સવારે બધું વહેંચાઈ ગયું ત્યારે જ ઘેર ગયા.

૨. એક વાર તેઓ માલ વહેંચતા હતા. ચારે બાજુ ભીડ હતી. તેવામાં એક જણ એમની ઉપર આવી પડયો. હજરતના હાથમાં તે વખતે એક પાતળી લાકડી હતી. તે વડે તેને વારવાનો તેમણે પ્રયત્ન કર્યો. એમ કરતાં લાકડી એને વાગી ગઈ, અને એના મોં પર ઉઝરડો પડયો. હજરતે તરત જ કહ્યું : 'લે, તું પણ મને મોં પર આ લાકડી માર !'

૩. એક વાર એક જણે ભરી સભામાં ધૂસી આવી એમણે ઓઢેલી ચાદર ખેંચી તોછડાઈથી કહ્યું : 'માલ તારો નથી કે તારા બાપનો નથી ! મને આપ !' ચાદર ખેંચવાથી હજરતની ડોક લાલલાલ થઈ ગઈ હતી. તોયે જરા પણ ગુસ્સે થયા વગર તેમણે એમનું અપમાન કનારની મનોકામના પૂરી કરી.

૪. એક મુસલમાને પોતાની શાદીની ખુશાલીમાં મિત્રોને ઘેર જમવા નોતર્યા. પણ પછી ખબર પડી કે ઘરમાં એટલું ખાવાનું નથી. એટલે એ દોડયો હજરત પાસે. હજરતે એને પોતાનાં ઘરમાંથી લોટ આપવાનું કહ્યું. પણ ઘરમાં માંડ એક ટોપલી લોટ હતો. તેમણે એ બધોયે એ મુસલમાનને આપી દીધો. એ દિવસે હજરતના ઘરમાં ચૂલો સળગ્યો નહિ.

૫. એક વાર હજરતને ઘેર એક મહેમાન આવ્યો. ઘરમાં જેટલું

ખાવાનું હતું તેટલું બધું એણે એકલાએ ખાઇ નાખ્યું. ઘરમાં જેટલી બકરીઓ હતી તે બધીનું દૂધ એ એકલો પી ગયો. પછી રાતે મસ્જિદ-માં જઇને સૂઇ ગયો. પણ ખૂબ ખાધેલું તેથી તેને આફરો ચડયો, ને ખાધેલું બધું ઓકી કાઢયું ત્યારે તેને શાંતિ થઇ. મસ્જિદને ગંદી કરી, સવાર થતાં તો એ ભાગી ગયો, પણ હજરતે જાતે એણે કરેલી ગંદકી સાફ કરી નાખી. કોઇકે તેમાં મદદ કરવા કહ્યું ત્યારે તેમણે કહ્યું : 'મહેમાન મારો હતો, એટલે સાફ કરવાની મારી ફરજ છે.'

આવા મહેમાનો અવારનવાર આવ્યા કરતા, ને તેમની સેવામાં હજરતને ઘણીવાર ભૂખ્યા રહેવું પડતું.

૬. હજરત અતિથિસત્કારને ઘણું જ મહત્ત્વ આપતા. એક વાર એક માણસે ફરિયાદ કરી કે એક માણસ મારે ત્યાં મહેમાન છે, પણ હું જયારે એને ત્યાં ગયો ત્યારે એણે મારા સામુંયે જોયું નહોતું. તો મારે એની સાથે કેવી રીતે વર્તવું ?'

હજરતે કહ્યું : 'પ્રેમાળ યજમાન તરીકે !'

૭. એક વાર એવું બન્યું કે રણમાં રહેતો એક આરબ મદીનામાં માંસ વેચવા આવ્યો. હજરતે તેની પાસેથી થોડી ખરીદી કરી પછી ખબર પડી કે ઘરમાં દમડીયે નથી. પેલાએ તો બૂમાબૂમ કરી મૂકી કે આણે મને છેતર્યો ! લોકોએ એને ઘણો સમજાવ્યો પણ એ તો માને જ નહિ ! ત્યારે લોકો એના પર ખિજાયા, હજરતે કહ્યું : 'આમાં એના પર ખિજાવાની જરૂર નથી. વાંક એનો નથી, મારો છે. માલના પૈસા અત્યારે ને અત્યારે માગવાનો એને હક છે, આમ કહી કોકની પાસેથી ઊછીના લઇ એમણે એને દામ ચૂકવી દીધા.

૮. હજરત દયાળુ હતા, ઉદાર હતા, પણ એમની ઉદારતા આંધળી નહોતી. એક વાર એક માણસે આવી એમની પાસે ભીખ માગી. હજરતે કહ્યું : 'તારી પાસે મૂડીમાં કંઇ છે ખરું ?' એ માણસે કહ્યું : 'એક ચાદર અને એક પવાલું છે.' એણે એ લાવીને હાજર કર્યાં. એટલે હજરતે એ વેચી નાખી એના જે પૈસા ઉપ-જ્યા તેમાંથી એને એક કુહાડી અને એક દોરડું ખરીદી આપ્યાં , ને જંગલમાં જઇ લાકડાં કાપી, તેની ભારી બાંધી શહેરમાં લાવી વેચવાનું કહ્યું. આમ એમણે એને ભીખનું અન્ન ખાતો રોકી પરસેવાનું અન્ન ખાતો કર્યો.

૯. એક વાર એક ઊંચા કુળની સ્ત્રીએ કંઇ ચોરી કરી. હજરત-ની આગળ મોટામોટા માણસોએ આવી સિફારસ કરી કે બાઇ ઉપર રહેમ રાખજો. જવાબમાં હજરતે કહ્યું : 'અમીરોને ક્ષમા કરવામાં, ને એકલા ગરીબોને સજા કરવામાં તો ભલભલાં રાજ્યો ખતમ થઇ ગયાં ! અને મારી દીકરી ફાતમા પણ જો ચોરી કરે તો તેને પણ સજા કરતાં હું નહિ ખચકાઉં'.

૧૦. એક વાર એમને કોઇકે ચાદર ભેટ આપી. એમને એ વખતે ચાદરની ખરેખરી જરૂર હતી. એમણે ખુશ થઇ એ સ્વીકારી. ત્યાં કોક બોલી ઊઠયો : 'કેવી ફક્કડ ચાદર છે !' હજરતે તરત જ એનું મન પારખી લીધું ને ચાદર એને ભેટ દઇ દીધી.

૧૧. એક વાર એક માણસને આવી કહ્યું : 'મેં રોજાનો નિયમ પાળ્યો નથી. હું ગુનેગાર છું, મને સજા કરો !' હજરતે કહ્યું : 'જા એક ગુલામને મુક્ત કર.'

એ માણસે કહ્યું : 'મારી એટલી તાકાત નથી.'

'તો બે મહિનાના રોજા રાખ.'

'એ તાકાત પણ નથી.'

'તો ગરીબોને જમાડ.'

'એ હેશિયત પણ નથી.'

એટલામાં કોકે આવી હજરતને એક ખજૂરની ટોપલી અર્પણ કરી. ત્યારે હજરતે એ માણસને કહ્યું : 'આ ખજૂર લઇ જા, ને ને કોઇ ગરીબને ખેરાત કરી આવ.'

પેલાએ કહ્યું : 'આ મદીનામાં મારાથી વધારે ગરીબ કોણ છે?'

હસીને હજરતે કહ્યું : 'તો તું એ લઇ જા, ને તારા ઘરનાંને ખવાડ.'

૧૨. એક વાર હજરતે એક જણ પાસેથી ખજૂર ઊછીની લીધી. થોડા દિવસ પછી પેલાએ ઉઘરાણી કરી, ત્યારે તેમણે તેમની પાસે તે વખતે જે ખજૂર હતી તે આપી. પણ આ ખજૂર પેલી ઊછીની લીધેલી ખજૂર જેટલી સારી નહોતી, એટલે એ માણસે તે લેવાની ના પાડી, કહે : 'રસૂલ ન્યાય નહિ કરે તો કોણ કરશે ? હું હલકી જાતની ખજૂર શા સારુ લઉં ?' આ સાંભળી હજરતની આંખો ભરાઇ આવી. તેમણે કહ્યું : 'તારી વાત ખરી છે.'

૧૩. હજરતને મન બધી રૈયત સરખી હતી. એક વાર એક મુસલમાને વાતવાતમાં કોઇ યહૂદીને તમાચો ચોડી દીધો. યહૂદી સીધો હજરતની પાસે દોડી ગયો. તેની ફરિયાદ સાંભળી હજરતે મુસલમાનને શિક્ષા કરી.

૧૪. એક વાર એક યહૂદી ગુજરી ગયો.

હજરત બેઠા હતા ત્યાં થઇને એનો જનાજો નીકળ્યો.

હજરત એકદમ ઊભા થઇ ગયા. કોકે કહ્યું : 'અરે, એ તો યહૂદી છે !'

હજરતે કહ્યું : 'માણસ છે !'

૧૫. એક હબશી મસીદમાં કચરો કાઢતો હતો. એ ગુજરી ગયો, ત્યારે આ કંઇ પેગંબર સાહેબને કહેવા જેવી વાત નથી એમ સમજી કોઇએ એમને વાત કરી નહિ. જયારે એમને ખબર પડી ત્યારે તેઓ દુ:ખી થયા, ને એની કબરે જઇ નમાજ પઢી આવ્યા.

૧૬. એક વાર ખ્રિસ્તીઓનું એક પ્રતિનિધિમંડળ એમની મુલાકાતે આવ્યું. હજરતે એને મસીદમાં ઉતારો આપ્યો, ને ઇસાઇ રિવાજ પ્રમાણે મસીદમાં પ્રાર્થના વગેરે કરવાની પણ એમને છૂટ આપી. કેટલાક મુસલમાનોએ તેનો વિરોધ કર્યો, તો હજરતે તેમને તેમ કરતાં રોકયા.

૧૭. એક વાર હજરત કેટલાક આગેવાનો જોડે વાતોમાં હતા, તેવામાં એક અંધ આવીને એમની જોડે બેસી ગયો, પણ વાતોની ધૂનમાં તેમનાથી તેના તરફ ધ્યાન અપાયું નહિ. પાછળથી આ વાતનો ખ્યાલ આવતાં તેમને ખૂબ જ પસ્તાવો થયો કારણકે અંધ,

અપંગ અને બીમારની તો તેઓ ખૂબ જ સંભાળ રાખતા હતા.

૧૮. એક વાર તેઓ એક મિજલસમાં બેઠા હતા, તેવામાં એક અમીર ત્યાંથી પસાર થયો. લોકોએ અમીરના ખાનદાનનાં અને તેની સાધન સંપત્તિનાં વખાણ કર્યાં. પછી એક ગરીબ ત્યાં થઈને નીકળ્યો. ત્યારે લોકોએ કહ્યું: 'બાપડો સાવ ગરીબ છે, એની પાસે કશું નથી. એને કોણ કન્યા આપે ?' ત્યારે હજરતે કહ્યું : 'પેલો અમીર ગયો તેવા લાખ અમીરો કરતાં આ એક ગરીબ બહેતર છે. હે ખુદા, તું મને સદા ગરીબ રાખ, અને ગરીબો ભેગો રાખ !'

પત્ની હજરત અમિશાને તેઓ કહેતા કે 'કોઈ ગરીબને કદી પાછો કાઢતી નહિ. ખજૂરની એક પેશી પણ તેને આપજે !'

૧૯. એક વાર હજરતની દીકરી ફાતિમાએ પૂછ્યું કે પેગંબરની દીકરી તરીકે હું તો બેહસ્તની અધિકારિણી ખરીને ?'

હજરતે જવાબમાં કહ્યું : 'ના ! તારાં સારાંમાઠાં કર્મો પરથી જ તારો ન્યાય થશે !'

૨૦. ફાતિમા પર હજરતને એટલો બધો પ્રેમ હતો કે તેને જોતાં જ તેઓ ઊભા થઈ જતા. પરંતુ એ ફાતિમાને પણ તેમણે ગરીબ-ની રીતે જ રહેવાની ટેવ પાડી હતી. ફાતિમા જાતે પાણીની મશક ભરી લાવતાં, ને દળણું દળતાં. દળતાંદળતાં તેમના હાથે છાલાં પડી ગયેલાં. એક વાર તેમના પતિ હજરત અલીએ પેગંબર સાહેબ-ની આગળ અરજ પેશ કરી કે ફાતિમાની મદદમાં એક નોકરડી હોય તો સારું. હજરતે જવાબ દીધો : 'જ્યાં લગી બીજાઓ માટે તેવી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી હું કંઈ કરી શકું નહિ.'

૨૧. એક વાર હજરત ફાતિમાને ઘેર ગયા, તો ઘરના બારણા પર પડદા જોયા, ને છોકરાંના હાથમાં ચાંદીનાં કડાં જોયાં. તરત જ તેઓ પાછા ફરી ગયા, ને ફરી ત્યાં ગયા જ નહિ. ફાતિમા તરત સમજી ગયાં. તેમણે પડદા ફાડી નાખ્યા. ને છોકરાઓના હાથમાંથી કડાં ઉતારી લીધાં, પછી પિતાની પાસે જઈ કડાં તેમણે તેમના હાથમાં મૂકી દીધાં. તે વખતે એમની આંખોમાંથી પશ્ચાત્તાપનું પૂર વહી રહ્યું હતું. જેવા પિતા, તેવી જ દીકરી !

૨૨. એક વાર એક માણસે આવી હજરતને પૂછ્યું : 'હે ખુદા-ના પેગંબર, મારો નોકર રોજ રોજ ભૂલો પર ભૂલો જ કરે છે. મારે એને રોજ તે કેટલી વાર માફી આપવી ?' હજરતે કંઈ જવાબ દીધો નહિ. ત્યારે એ માણસે ફરી એ સવાલ કર્યો, ફરી કર્યો; આમ ત્રણ વાર પૂછ્યું ત્યારે હજરતે કહ્યું : 'રોજ સિત્તેર વાર !'

૨૩. નોકરની સાથે કેવી રીતે વર્તવું એવો પ્રશ્ન થતાં હજરતે એક વાર કહ્યું: 'તમારા નોકરને તમારા ભાઈઓ ગણજો. ભાઈને ખવડાવો તેમ એને ખવડાવજો, ભાઈને પહેરાવો ઓઢાડો તેમ તેને પહેરાવજો ! નોકર તમારા માટે ખાણું લાવે તો એને પણ જોડે જમ-વા બેસાડજો, છેવટે ભાણામાંથી થોડુંક પણ એને આપજો !'

૨૪. એક વાર પેગંબર સાહેબ બજારમાં થઈને જતા હતા. જતાંજતાં એક ઠેકાણે અનાજનો ઢગલો હતો તેમાં તેમણે હાથ નાખ્યો ; તો અંદરનું અનાજ ભીનું માલમ પડયું. તેમણે વેપારીને પૂછ્યું : 'આમ કેમ ? ઉપરનું અનાજ સૂકું દેખાય છે, ને અંદરનું ભીનું કેમ છે ?' વેપારીએ કહ્યું : 'વરસાદ પડવાથી એ ભીનું થયું છે.' ત્યારે પેગંબર સાહેબે કહ્યું : 'તો ઉપર સૂકું અનાજ નાખી એ ભીનું અનાજ સંતાડવાની શી જરૂર ? લોકોને છેતરવા માટે ? ખસૂસ જાણ કે લોકોને જે છેતરે છે તે મુસલમાન નથી.'

૨૫. પેગંબર સાહેબ મુસાફરીએ જતા ત્યારે સૌની વચ્ચે કામ-ની વહેંચણી કરતા; પોતે પણ કામમાં ભાગ લેતા. એક વાર આવી વહેંચણીમાં તેમના ભાગે જંગલમાંથી લાકડાં લાવવાનું કામ આવ્યું. તેઓ લાકડાં લેવા જતા હતા ત્યાં એક જણે કહ્યું : 'રહો, એ કામ અમે કરી દઈશું.' ત્યારે હજરતે કહ્યું 'હું મને તમારા કરતાં મોટો કહેવડાવવા માગતો નથી ; ખુદા એ પસંદ નહિ કરે !'

૨૬. એક વાર એમને એક લડાઈમાં જવાનું હતું. પણ એમની પાસે પૂરતાં ઊંટ નહોતાં. વહેંચણી કરતાં ત્રણ માણસ વચ્ચે એક ઊંટ આવ્યું. વારાફરતી એક એક જણે સવારી કરવી એવું નકકી થયું. હજરતના ભાગે પણ બીજાઓની પેઠે જ ત્રણ જણ વચ્ચે એક ઊંટ આવ્યું. તેમના બે સાથીઓએ કહ્યું કે અમે ચાલશું, તમે સવારી કરો ! હજરતે કહ્યું : 'એ ન બને !'

વારા પ્રમાણે તેઓ ચાલ્યા જ.

૨૭. એક વાર તેમનાં પત્ની હજરત આયશાએ પોતાના ઘરની છત કાપડથી શણગારી. તે જોઈ હજરતને એવું દુ:ખ થયું કે એમણે એ શણગાર પોતાનાં હાથે દૂર કર્યો ને કહ્યું : 'અલ્લા દોલત આપે છે તે ઈંટપથ્થરને કપડાં પહેરાવવા નથી આપતો.'

૨૮. એકવાર એક બાઈ માથે લાકડાનો ભારે બોજો લઈ રડતી રડતી જતી હતી. હજરતે એ જોઈ પૂછ્યું : 'બાઈ, તું કેમ રડે છે ?'

બાઈએ કહ્યું: 'હું માંદી છું, મારાથી ભારો ઊંચકાતો નથી. પણ ન ઊંચકું તો મારો શેઠ મને મારી નાખે !'

'બસ, આજ વાત છે ?' કહી હજરતે પોતે તેનો ભારો ઊંચકી લીધો, ને એના શેઠના ઘર સુધી એ પહોંચાડી દીધો.

૨૯. એક ઘાયલ થયેલો માણસ જિંદગીથી કંટાળી ગયો હતો, ને મોત માગતો હતો. હજરતે તેને કહ્યું : 'ખુદાને એવી પ્રાર્થના કર કે મારે માટે જીવવું લાભકારક હોય ત્યાં સુધી મને જિવાડ, અને મરવું લાભકારક હોય ત્યારે મને મોત આપ !'

૩૦. એક વાર કેટલાક મુસલમાનોએ હજરતનાં ખૂબ વખાણ કર્યાં. આવું તેઓ ઘણી વાર કરતા. હજરતને એ સાંભળી બહુ શરમાવા જેવું લાગતું. તેમણે કહ્યું : 'મારાં વખાણ ન કરો. હું તો ખુદાનો ગુલામ માત્ર છું. કહેવો હોય તો મને ખુદાનો સંદેશો લઈ આવનારો દાસ કહો !'

૩૧. એક વાર હજરત એક ઝાડ નીચે આરામ કરતા હતા, ત્યાં ઓચિંતો એક આરબ આવી ચડયો, ને તલવાર તાણી બોલ્યો : 'બોલ, અત્યારે કોણ તને બચાવી શકે એમ છે ?'

હજરતે શાંતિથી કહ્યું : 'ખુદા !'

આ સાંભળી આરબ એવો ઢીલોઢસ થઈ ગયો કે એના હાથમાંથી

તલવાર નીચે પડી ગઇ. એ તલવાર ઊંચકી લઇ હજરતે હવે એની જ ડોક પર ઉગામી કહ્યું : 'બોલ, હવે કોણ તને બચાવે એમ છે ?'

આરબે કહ્યું : 'તમે !'

અને ખરેખર , હજરતે એને માફી બક્ષી !

૩૨. 'મોહંમદ' શબ્દોનો અર્થ 'પ્રશંસનીય' એવો થાય છે. તેથી મકકાના કુરેશીઓ પેગંબરસાહેબને એ નામે બોલાવતા નહિ. તેઓ તેમને મુઝમ્મિન કહેતા. મુઝમ્મિન એટલે નિંદ્ય. પરંતુ આથી હજરત જરીકે ગુસ્સે થતા નહિ. કોઇ કહે કે જુઓને, આ કુરેશીઓ તમને કેવી ગાળો ભાંડે છે ! તો તેઓ કહેતા : 'તેઓ કયાં મને ભાંડે છે ! તેઓ તો મુઝમ્મિને ભાંડે છે !

કોઇ વેર લેવાનું કહે તો તેઓ કહેતા : 'શું તમે નથી ઇચ્છતા કે અલ્લા તમને ક્ષમા આપે ?'

કેટલાક માણસો મુસલમાન હોવાનો ઢોંગ કરી હજરતની મંડળીમાં ભળી જતા, ને પછી દુશ્મનોને છૂપી બાતમી પહોંચાડતા. આવા કેટલાક માણસો મુદ્દામાલ સાથે પકડાયા હતા, છતાં હજરતે તેમને ક્ષમા કરી હતી.

ત્રણત્રણ વરસ સુધી મકકાના લોકોએ તેમનો બહિષ્કાર કર્યો હતો, ને તેમને અનાજનો એક દાણો મળવા દીધો નહોતો. તે પછી એકવાર એવો બનાવ બની ગયો કે યમામાના અમીરે મકકાને અનાજ આપવું બંધ કર્યું, ને મકકા ભૂખે મરવા લાગ્યું. ત્યારે હજરતે અમીર ને હુકમ કરી અનાજની છૂટ કરાવી હતી. હજરત આવા દયાળુ હતા. તેઓ કોઇને દુશ્મન માનતા નહિ. લડાઇના મેદાનમાં પણ તેઓ તેમના પર તીર ભાલાં ને તલવાર વીંઝનાર માટે દુઆ માગતા. તેમની તલવારની મૂઠ પર આ શબ્દો કોતરેલા હતા : 'તને અન્યાય કરે તેને તું ક્ષમા કર, જે તને વિખૂટો પાડે તેની સાથે મેળ કર, જે તારી બૂરાઇ કરે તેની તું ભલાઇ કર, અને સત્ય તારા વિરૂદ્ધ જતું હોય તો પણ તું સાચું બોલ !'

૩૩. એકવાર કોઇકે હજરતને કહ્યું : 'દુશ્મનોને શાપ દઇ દોને !'

હજરતે કહ્યું : 'મને ખુદાએ શાપ દેવા નહિ, પણ દયા કરવા મોકલ્યો છે !'

૩૪. એકવાર એક માણસે આવી હજરતને કહ્યું કે ફલાણા માણસે મને જાનમાલનું ઘણું નુકસાન કર્યું છે, મને એનો બદલો લેવાની રજા આપો !'

હજરતે શાંતિથી કહ્યું , 'એને માફ કરી દો !'

૩૫. એકવાર હજરત પોતાના અનુયાયીઓની સાથે બેઠા હતા. તેવામાં એક માણસે ઊભા થઇ અબૂબક્રને ગાળો દીધી. અબૂબક્ર શાંતિથી સાંભળી રહ્યા. પેલાએ ફરી ગાળો દીધી. તોયે અબૂબક્ર બોલ્યા નહિ. પેલાએ ત્રીજીવાર ગાળો દીધી ત્યારે અબૂબક્રે સામો જવાબ દીધો. તરત હજરતે ઊભા થઇને ચાલવા માંડયું. અબૂબક્રે કહ્યું 'અરે પેગંબર, તમે મારા પર ગુસ્સે થયા ? ' જવાબમાં હજરતે કહ્યું : 'ના, પણ સ્વર્ગનો ફિરસ્તો પેલા માણસને જૂઠાણાનો જવાબ દેવા આવ્યો હતો ; તમે જવાબ દેવા માંડયો એટલે એ જતો રહ્યો. ને એની જગા સેતાને લીધી. હવે તમે જ કહો, સેતાનની સાથે હું અહીં કેવી રીતે બેસી શકું ? એટલે જાઉં છું. '

૩૬. એક વાર હજરતે પોતાના અનુયાયીઓને પૂછ્યું કે 'તમને તમારી મિલકત વહાલી કે તમારા વારસની ? '

સૌએ જવાબ દીધો : 'અમારી ! '

ત્યારે હજરતે કહ્યું: 'તો જાણો કે તમારા મૃત્યુ પહેલાંજ મિલકત ભરાઇ જાય એ તમારી. અને તમારી પાછળ રહે તે તમારી નહિ ! માટે ઉદારતાથી દાન કરો ! માણસ મારું ધન, મારું ધન કરે છે, પણ એના ધનમાંથી માત્ર ત્રણ જ ચીજો એની છે - જે તેણે પહેર્યું ઓઢયું અને જે તેણે દાનમાં આપ્યું. આ સિવાયનું જે કંઇ રહ્યું તે તેનું નહિ, બીજાનું !

૩૭. એક વાર એક માણસે હજરતની આગળ ફરિયાદ કરી કે અમુક સ્ત્રી દાન, ઉપવાસ, નમાજ બધું બરાબર કરે છે, પણ એની જીભ કાબૂમાં નથી. પડોશીઓ પ્રત્યે એ એલફેલ બોલે છે ! હજરતે કહ્યું : 'એ નરકમાં પડશે.'

ત્યારે એ માણસે કહ્યું : 'અને અમુક સ્ત્રી દાન, ઉપવાસ, નમાજ કશું કરતી નથી, પણ પડોશીઓની સાથે મીઠાશથી બોલેચાલે છે. ' ત્યારે હજરતે કહ્યું કે જન્નતમાં જશે.

એક વાર એક માણસે કહ્યું કે 'હું જે કરું છું તે સારું છે કે ખોટું છે તે મારે કેવી રીતે જાણવું ?'

હજરતે કહ્યું : 'તારો પડોશી ખુશ થાય તો સમજવું કે એ તારું સારું કામ છે, ને નાખુશ થાય તો સમજવું કે એ ખરાબ છે. પડોશીને અવારનવાર કંઇ ભેટ મોકલતા રહો, ને પડોશી તરફથી નજીવી પણ કંઇ ચીજ મળે તો તેથી ખુશ થતા રહો !'

૩૮. એક વાર એક યુવાને આવીક હ્યું : 'મારે લડાઇમાં જવું છે.'

હજરતે પૂછ્યું: 'તારે મા છે ?'

યુવાને કહ્યું : 'હા !'

'બીજું કોઇ એનું પાલનપોષણ કરનાર છે ખરું ?'

'ના !'

તરત હજરતે કહ્યું : 'તો જા, તારી માની સેવા કર. જન્નત એનાં ચરણમાં છે.'

કોઇકે પૂછ્યું કે ખુદાની ખુશી કે નાખુશી કેમ જાણવી ?'

હજરતે કહ્યું : 'માતાપિતાની ખુશી તે ખુદાની ખુશી, અને એમની નાખુશી તે ખુદાની નાખુશી.'

૩૯. કોઇકે પૂછ્યું : 'હજરત, માણસનું ઉત્તમમાં ઉત્તમ ધન કયું ?'

હજરતે જવાબ દીધો : 'સુશીલ પત્ની ? -જે સદા હસતું મોં રાખે, પતિની આજ્ઞાનું પાલન કરે, અને પતિની ગેરહાજરીમાં એના કલ્યાણની પ્રાર્થના કરે !'

૪૦. હજરતે એકવાર પોતાના અનુયાયીઓને પૂછ્યું : 'બળવાન કોણ ? '

જવાબ મળ્યો : 'બીજાને ભોંય ભેગો કરી નાખે તે ! '

હજરતે કહ્યું : 'ના - જે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખે તે . પોતાના ગુસ્સાને જીતવો એ સૌથી મોટી જેહાદ છે. '

૪૧. એક વાર હજરત નમાજની તૈયારી રૂપે વજૂ કરતા હતા, એટલે કે હાથ મોં ધોતા હતા. તે વખતે એમના હાથ પરથી પડતું પાણી ઝીલી લઇ કેટલાક પોતાના શરીર પર ચોળતા હતા. હજરતે કહ્યું : 'આમ શા સારુ કરો છો ?' ઘેલા શિષ્યોએ કહ્યું : 'ખુદાના પ્રેમ માટે ! '

ત્યારે હજરતે કહ્યું : 'ખુદાનો પ્રેમ જોઇતો હોય તો જે બોલો તે સાચું જ બોલો, પારકી થાપણ સચ્ચાઇથી સાચવો અને પડોશીનું દિલ જીતી લો !

૪૨. એક વાર હજરત ક્યાંક જતા હતા. એમની સાથેના એક માણસે રસ્તામાં એક પંખીનાં બે બચ્ચાં જોઇ પકડી લીધાં. બચ્ચાંની માએ કલબલાટ કરી મૂક્યો. હજરતે કહ્યું : 'અને, આ બાપડીને શું કામ સતાવો છો ? એનાં બચ્ચાં પાછાં આપી દો ! '

તરત એમણે બચ્ચાંને મુક્ત કરાવી દીધાં.

એકવાર એક માણસે જંગલમાંથી એક પંખી અને એનાં બચ્ચાંને પકડી લાવી હજરતને ભેટ ધર્યાં. ભેટ ધરતાં એણે કહ્યું કે મેં પહેલાં બચ્ચાંને પકડયાં, એટલે એની મા આપોઆપ આવીને મારા હાથમાં પડી ! '

હજરતે કહ્યું : 'હમણાં ને હમણાં એમને જ્યાંથી પકડયાં હતાં હતાં ત્યાં મૂકી આવ !

હુકમનો અમલ થયો જ.

૪૩. હજરતને બાળકો પર ખૂબ પ્રેમ હતો. બાળકો પણ તેમને જોઇ હરખથી ઘેલાં થઇ જતાં. હજરત બાળકોની સાથે ગેલ કરતાં. રસ્તામાં બાળકોને જોઇ તેમને સલામ કરતા, ને પોતાની સાથે તેમને સવારી કરાવતા - એકને પોતાની આગળ બેસાડતા ને એકને પાછળ. હબશી બાળકોની સાથે હબશી ભાષામાં વાત કરી આનંદ કરતા. મોસમનો નવો મેવો આવતાં પહેલાં તો એ બાળકોને આપતા. બાળકો પર પ્યાર એટલી હદ સુધી કે નમાજ વખતે કોઇ બાળક તેમની પીઠપર સવાર થઇ જતું તોયે હજરત એને વઢતા નહિ. એક વાર એક જણે એમને બાળકો જોડે રમતા જોઇ કહ્યું : 'અરે, તમે આવાં ટાબરિયાં જોડે રમો છો ? મારે દશ છોકરાં છે , પણ હું એમને પ્યાર કરતો નથી. ત્યારે હજરતે કહ્યું : 'એટલી તમારા પર ખુદાની દયા ઓછી ! '

એકવાર ઇદનો તહેવાર હતો. બધા આનંદમાં હતા. તે વખતે એક છોકરો એક ખૂણે ઊભોઊભો રડતો હતો. હજરતે પૂછ્યું. 'બેટા, કેમ રડે છે !'

છોકરાએ કહ્યું : 'બધાં છોકરાં એમના બાપની આંગળી પકડી ઇદનો તહેવાર માણવા જાય છે. હું કોની આંગળી પકડીને જાઉં ? મારા બાપા ગુજરી ગયા છે. '

હજરતે કહ્યું : 'તું મારી આંગળી પકડી લે ! ચાલ મારી સાથે !'

અને તેઓ એ અનાથ બાળકને ઇદનો તહેવાર ઉજવવા પોતાની સાથે લઇ ગયા.

એકવાર એક માણસે કહ્યું : હજરત, મારી પાસે એક દીનાર (સોનામહોર) છે.

હજરતે કહ્યું : 'તો તારા સુખ માટે વાપર !'

પેલાએ કહ્યું : 'મારી પાસે બીજો દીનાર પણ છે.'

હજરતે કહ્યું : 'તો તારાં બાળકો માટે વાપર !

પેલાએ કહ્યું : 'મારી પાસે ત્રીજો દીનાર પણ છે.'

'તો એ તારી પત્ની માટે વાપર !'

'મારી પાસે હજી એક દીનાર છે.'

'તો એ તારાં નોકરચાકરો માટે વાપર !'

'મારી પાસે હજીયે એક દીનાર છે.'

'તો તને યોગ્ય લાગે તેના પર એ વાપર !'

'ખુદા શું પૂછશે ?' કોઇકે પૂછ્યું.

હજરતે કહ્યું : 'ખુદા પાંચ વાનાં પૂછશે. પહેલું તો એકે મેં તને જિંદગી આપી, તેં તે કેવી રીતે ગાળી ? બીજું એ કે તેં જુવાની કેવી રીતે વિતાવી ? ત્રીજું એ કે તેં ધન કેવી રીતે મેળવ્યું? ચોથું એ કે તેં ધન કેવી રીતે વાવર્યું ? અને પાંચમું એકે તેં તારા જ્ઞાનનો શો ઉપયોગ કર્યો ?'

## ૨૫

# ખ્રિસ્તી ધર્મકથા

એક સંતપુરુષ હતા. એક વાર એક શિષ્યે એમને પૂછ્યું: 'ગુરુજી, મારો ભાઈ મારો અપરાધ કરે તો મારે કેટલી વાર એને ક્ષમા કરવી ?' 'સાતવાર ? ' ત્યારે એ સંતે કહ્યું : 'સાતવાર નહિ, સિત્તેર વખત સાત વાર ! '

સિત્તેર વખત સાતવાર એટલે અસંખ્ય વાર! માફી આપવાની કદી હદ હોય નહિ. આવો પરમ ક્ષમાનો ઉપદેશ કરનારા એ સંત પુરુષ તે ખ્રિસ્તી ધર્મના સ્થાપક ભગવાન ઈસુ.

એકવાર ઈસુ શિષ્યોને લઈને એક પહાડ પર ચડયા, ને ઊંચી જગાએ જઈને બેઠા. તેમના શિષ્યો તેમને ઘેરીને બેઠા. પછી ઈસુએ શિષ્યોને આ પ્રમાણે ઉપદેશ આપ્યો :

'અંતરના દીન પરમ સુખી છે, ઈશ્વરનું રાજ્ય તેમનું છે.

'શોકાર્ત પરમ સુખી છે, તેમને સાંત્વન મળશે.


'નમ્ર પરમ સુખી છે, તેઓ ધરતીના ધણી થશે.

'દયાળુ પરમ સુખી છે, તેઓ દયા પામશે.

'ચોખ્ખા દિલના પરમ સુખી છે, શાંતી સ્થાપકો પરમ સુખી છે, તેમને ઈશ્વરનાં દર્શન થશે. તેઓ ઈશ્વરનાં સંતાન કહેવાશે.

'તમે ધરતીનું લૂણ છો; પણ લૂણ અલૂણ થઈ જાય તો એ કશા કામનું રહેતું નથી. તમે દુનિયાના દીવા છો. માટે દીવાની પેઠે તમારો પ્રકાશ લોકો આગળ પડવા દો.

'તમે જાણોછો કે તમારા પૂર્વજોને એમ કહેવામાં આવ્યું હતું કે



ખૂન કરીશ નહિ, જે ખૂન કરશે તેણે અદાલતમાં જવાબ દેવો પડશે. પણ હું તમને કહું છું કે જો કોઇ પોતાના ભાઇ ઉપર ગુસ્સો કરશે તેણે અદાલતમાં જવાબ દેવો પડશે. તારા ભાઇ સાથે કંઇ ઝગડો હોય તો પહેલાં તેની સાથે સમાધાન કરજે, ને પછી વેદીપર નૈવધ ધરાવવા જજે.

'જો તારી જમણી આંખ તને પાપ પ્રેરતી હોય તો તેને કાઢીને ફેંકી દે અને જો તારો જમણો હાથ તને પાપ પ્રેરતો હોય તો તેને વાઢીને ફગાવી દે ! કારણ તારો આખો દેહ નરકમાં પડે તેના કરતાં તારું એક અંશ નાશ પામે એ બહેતર છે.

'સોગન બિલકુલ ખાશો નહિ— નહિ આકાશના, કારણ, એ ઇશ્વરનું સિંહાસન છે ; નહિ પૃથ્વીના, કારણ, એ ઇશ્વરની પાદ-પીઠ છે. નહિ તારા માથાના, કારણ, એક વાળ સુદ્ધા તું કાળો કે ધોળો કરી શકે તેમ નથી.

'આંખ સાટે આંખ, અને દાંત' એમ કહ્યું છે, પણ હું તમને કહું છું કે તમારું બૂરું કરનારાનો પણ સામનો કરશો નહિ. બલ્કે, જો કોઇ તારા જમણા ગાલ ઉપર તમાચો મારે તો તેની આગળ બીજો ગાલ ધરવો. કોઇ તારા પહેરણ માટે દાવો કરવા તાકે તો તેને તારો ડગલો સુદ્ધાં આપી દેવો . જે કોઇ માગે તેને આપ અને કોઇ ઊછીનું લેવા આવે તો મોં ન ફેરવીશ.

'તારા મિત્ર ઉપર પ્રેમ રાખ અને તારા શત્રુ ઉપર દ્વેષ રાખ ' એમ કહેલું છે, પણ હું કહું છું કે તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને અને તમને રંજાડનાર માટે દુઆ માગો. ઇશ્વર કેવો ભલા અને ભૂંડા સૌને સૂર્યનો પ્રકાશ આપે છે, અને પાપી અને પુણ્યશાળી સૌને માટે વરસાદ વરસાવે છે ! તમારા ઉપર પ્રેમ રાખે તેમના ઉપર જ તમે પ્રેમ રાખો તો એમાં તમે બદલો મેળવવા જેવું શું કર્યું ? તમારે તો ઇશ્વર જેવા પૂર્ણ છે તેવા પૂર્ણ બનવાનું છે.

'લોકોની નજરે ચડવા માટે તેમના દેખતાં ધર્મકાર્ય કરશો નહિ. જ્યારે તું દાનધર્મ કરે ત્યારે તારો જમણો હાથ શું કરે છે તેની જાણ તારા ડાબા હાથને થવા ન દઇશ. તું જ્યારે પ્રાર્થના કરે ત્યારે તારી એકાંત ઓરડીમાં જઇને બારણાં વાસજે, ને પછી પ્રાર્થના કરજે. પ્રાર્થનામાં નિરર્થક લપલપાટ કરતો નહિ. કારણ કે તારા માગ્યા પહેલાં જ તારા પિતાને ખબર છે કે તારે શાની જરૂર છે.

'જો તમે બીજાઓના અપરાધ ક્ષમા કરશો તો ઇશ્વર તમારા અપરાધ ક્ષમા કરશે. તમે ઉપવાસ કરો ત્યારે ઉદાશી દેખાશો નહિ! જેથી તમે ઉપવાસ કર્યા છે તે લોકો જાણવા ન પામે.

'કોઇ પણ માણસ બે માલિકની સેવા નહિ કરી શકે. તમે પરમેશ્વરને અને પૈસાને એક સાથે સેવી નહિ શકો.

'એટલે હું કહું છું કે શું ખાશું, શું પીશું, શું પહેરવું એવી ચિંતા ન કરશો. આકાશમાંનાં પંખીઓ નથી વાવતાં, નથી ભેગું કરતાં , છતાં ઇશ્વર તેમનું પાલન કરે છે. વગડાનાં ફૂલો નિહાળો ! એ નથી મહેનત કરતાં કે નથી કાંતતાં, છતાં મોટામાં મોટા બાદશાહે પણ એમના જેવો પોશાક પહેર્યો નહિ હોય ! ઘાસને પણ જો ઇશ્વર આટલું સજાવે છે, તો તમને એથી રૂડી પેરે સજાવશે એમાં શંકા શી ?

'કોઇનો ન્યાય તોળશો નહિ , જેથી તમારો પણ ન્યાય નહિ તોળાય. તમે જે માપે માપશો તે જ માપ આપવામાં આવશે. તું તારા ભાઇની આંખમાંની રજ શા માટે જુએ છે, અને તારી આંખમાંનો ભારટિયો કેમ જોતો નથી ? પહેલાં તારી આંખમાનો ભારટિયો કાઢી નાખ, તો પછી તને તારા ભાઇની આંખમાંથી રજ કાઢતાં બરાબર સૂજશે.

'માગો એટલે મળશે, શોધો એટલે જડશે, ખખડાવો એટલે બારણાં ખૂલી જશે, કારણ જે કોઇ માગે તેને મળે છે, શોધે તેને જડે છે, અને ખખડાવે તેને માટે બારણાં ખૂલે છે. તમારામાં એવો કોણ છે જે પુત્ર રોટલો માગે તો થોડું આપે ? આમ તમે તમારાં બાળકોને સારી વસ્તુ આપવાનું સમજો છો. તો ઇશ્વર પોતાની પાસે માગ-નારને સારી વસ્તુ આપે જ એમાં શંકા શી ?

'લોકો તમારી સાથે જે રીતે વર્તે એમ તમે ઇચ્છતા હો તેજ રીતે તમે પણ તેમની સાથે વર્તો. તમે સાંકડે દરવાજેથી દાખલ થજો , કારણ, વિનાશ તરફ જતો માર્ગ મોકળો છે, પણ જીવન તરફ જતો માર્ગ સાંકડો છે. '

આટલો ઉપદેશ કર્યા પછી, છેલ્લે ઇસુએ એક વાત કહીં. બે માણસો હતા. તેમને ઘર બાંધવું હતું. એક વિચાર કર્યો કે હું ખડક ઉપર ઘર બાંધું. તકલીફ તો ઘણી પડશે, પણ મારે માટે એ જ તક છે. આવો વિચાર કરી એણે ખડકમાં ઊંડા પાયા ખોદી ઘર ઊભું કર્યું. બીજા માણસે વિચાર કર્યો કે પાયા ખોદવાની આવી ઝંઝટ કોણ કરે ? એટલે એણે રેતીમાં પોતાનું ઘર ઊભું કર્યું. પછી પડ્યો વરસાદ, ને વરસાદની સાથે વાવંટોળ. રેતીમાં ઊભું કરેલું ઘર કડડ-ભૂસ કરતું તૂટી પડ્યું, પણ પેલું ખડક પર ઊભેલું ઘર વાવંટોળ અને વરસાદના મારની સામે ટકી રહ્યું, ને એના માલિકને આશરો આપી રહ્યું. વાત પૂરી કરી ઇસુએ કહ્યું - જે મારા વચનો સાંભળશે, ને તે પ્રમાણે ચાલશે તેનું ઘર ખડક ઉપર બાંધેલું છે એમ હું સમજીશ.

એકવાર ઇસુ લોકોને ઉપદેશ કરતા હતા, ત્યાં મા અને ભાઇઓ તેમને મળવા આવ્યાં. ઇસુની સાથે વાત કરવાનું એમને મન હતું. એ જોઇ કોઇએ ઇસુને કહ્યું : 'આપના મા અને ભાઇઓ બહાર ઊભાં છે, અને આપની સાથે વાત કરવા ઇચ્છે છે. ' ત્યારે ઇસુએ કહ્યું : 'મારી મા કોણ ? ને મારા ભાઇ કોણ ? ' પછી પોતાના શિષ્યો તરફ હાથ કરીને કહ્યું : 'આ રહ્યાં મારાં મા અને મારા ભાઇ! જે કોઇ મારા પ્રભુની ઇચ્છા પ્રમાણે ચાલે તે મારો ભાઇ, તે મારી બહેન અને તે મારી મા !'

ફરતાફરતા ઇસુ સરોવર આગળ આવ્યા, ને એના કાંઠે જઇને બેઠા. ત્યાં તો લોકોનું એવડું મોટું ટોળું ભેગું થઇ ગયું કે એ ભીડમાંથી બચવા ઇસુ એક હોડીમાં જઇને બેઠાં; લોકોએ એમનો ઉપદેશ સાંભ-ળવા શોર બકોર કરી મૂક્યો. ત્યારે ઇસુએ એક દૃષ્ટાન્તથી કહ્યું :

એક ખેડૂત હતો. તે બી વાવવા ગયો. વાવતાં વાવતાં કેટલાંક બી પગથી પર પડ્યાં, અને પંખીઓ આવીને તે ખાઇ ગયાં. કેટલાંક

બી ખડકાળ જગાએ પડયાં, જયાં માટી ઝાઝી નહોતી. અને માટી ઊંડી નહોતી એટલે એ બી એકદમ ઊગી તો નીકળ્યાં, પણ તડકો નીકળ્યો એટલે કરમાઇ ગયાં, અને મૂળ બાઝયાં નહોતાં એટલે સૂકાઇ ગયાં. કેટલાંક બી ઝાંખરાંમાં પડયાં અને ઝાંખરાં ફાલ્યાં એટલે તે રૂંધાઇ ગયાં. અને કેટલાંક બી સારી જમીનમાં પડયાં અને તેને સારો પાક આવ્યો - કેટલાંકને સો ગણો, કેટલાંકને સાઠ ગણો અને કેટલાંકને ત્રીસ ગણો ! જેને કાન હોય તે સાંભળે !'

'જેને કાન હોય તે સાંભળે!' એટલે જેને જે શબ્દો લાગુ પડતા-હોય તેણે તેવો અમલ કરવો. બી એટલે ઇશ્વરની વાણી ; અને સારી જમીન એટલે સાચા અને ચોખ્ખા દિલના માણસો.

ઇસુ સૌની જોડે પ્રેમભાવથી વર્તતા. સમાજના આગેવાનો ને પંડિતો તેમને હલકા ગણી તિરસ્કારતા તેમના તરફ પણ ઇસુના હૃદયમાં કેવળ કરૂણા ભરી હતી. એકવાર તેમણે ઉડાઉ દીકરા નું આ દૃષ્ટાન્ત કહ્યું :

એક હતો માણસ. તેને બે દીકરા હતા. તેમાંના નાના દીકરાએ એકવાર બાપને કહ્યું : 'મારા ભાગની મિલકત મને આપી દો ! મારે જુદા રહેવું છે. ' બાપે કહ્યું : 'ભલે, તો જુદો રહે ! તું એમ સુખી થતો હોય તો એમ ! ' આમ કરી બાપે પોતાની મિલકત - માંથી એનો ભાગ એને કાઢી આપ્યો. એ લઇને નાનો દીકરો દૂર દેશાવર ચાલી ગયો. ત્યાં તેણે અમનચમનમાં પોતાના દિવસો કાઢવા માંડયા ; અને એમ એણે મિલકત બધી ઉડાડી મેલી. હવે તેની પાસે કાંઇ રહ્યું નહિ. એવામાં દુકાળ પડયો, ને ભૂખે મરવા વારો આવ્યો. ત્યારે પેટિયું કાઢવા આ છોકરો કોઇકને ત્યાં નોકરી-એ રહ્યો. શેઠે તેને ખેતરમાં ભૂંડ ચારવાનું કામ સોંપ્યું. આટલી મજૂરી કરતાંયે પેટ પૂરું ભરાતું નહિ ; ભૂખના દુઃખે કેટલીકવાર તો એ ભૂંડને નાખેલું ખાવાનું ખાવા લલચાતો ; પણ તેયે એને મળતું નહિ. ત્યારે એની આંખો ઊઘડી. હવે તેને થયું કે મારા બાપને ઘેર કેટલા બધા નોકરો છે, અને એ બધાને પેટ ભરાય એટલું, અરે, ખાતાં વધે એટલું ખાવાનું મળે છે, અને હું અહીં ભૂખે મરું છું. ' તો લાવને, હું મારા બાપને જઇને કહું કે બાપુ, મેં તમારો ને ઇશ્વરનો અપરાધ કર્યો છે. હું તમારો દીકરો કહેવડાવવાને લાયક રહ્યો નથી. મને તમારા નોકર જેવો ગણી ને યે તમારે ઘેર રાખો તો તમારી કૃપા ! મનમાં આવો નિશ્ચય કરી એ બાપને ઘેર જવા નીકળ્યો.

દૂરથી એને આવતો જોઇ બાપનું હૈયું ભરાઇ આવ્યું. એને મળવા એ સામો દોડયો. ને વહાલથી એને ભેટી પડયો. દીકરાનું હૃદય પશ્ચાતાપથી બળતું હતું. તેથી તેણે કહ્યું : 'બાપુ, હું તમારો દીકરો કહેવડાવવાને લાયક રહ્યો નથી. મને તમારો નોકર કરીને યે રાખો તો તમારી દયા ! ' પણ બાપે એવું કશું સાંભળ્યું નહિ. એણે તરત જ નોકરોને હુકમ કર્યો : ઝટઝટ સારામાં સારાં કપડાં લાવી એને પહેરાવો. એના હાથમાં વીંટી ને પગમાં પગરખાં પહેરાવો ! ને ઘરમાં આનંદ ઓચ્છવ કરો ! કારણ આજે મારા સુખનો પાર



નથી. મારો આ દીકરો મરી ગયો હતો તે સજીવન થયો છે, એ ખોવાઇ ગયો હતો તે પાછો જડયો છે. અને એ દિવસે એ ઘરમાં આનંદ આનંદ થઇ રહ્યો.

મોટો દીકરો તે વખતે ઘરમાં હાજર નહોતો. તે ખેતરમાં કામ કરવા ગયો હતો. સાંજે એ ઘેર આવ્યો, ત્યારે એણે ઘરમાં આનંદ-ઓચ્છવ થઇ રહેલો જોયો. નાચગાનની મહેફિલ મંડાઇ ગઇ હતી એણે નોકરને બોલાવી પૂછ્યું : શું છે આ બધું ? ત્યારે નોકરે કહ્યું. તમારા નાના ભાઇ ઘર છોડી જતા રહ્યા હતા, તે પાછા આવ્યા છે. તેની ખુશાલીમાં આ બધું થઇ રહ્યું છે ! '

'કોના કહેવાથી ? '

'તમારા બાપના કહેવાથી ! '

મોટાભાઇને થયું : 'ઓહોહો ! હું આટલાં વરસથી રાતદિવસ વૈતરું કરું છું, એનું કાંઇ નહિ. અને આ ભાગેડું ઘરમાંથી ભાગી ગયો એના માનમાં આવી ખુશાલી ! '

એણે ઘરમાં પગ દેવાની જ ના પાડી.

ત્યારે એના બાપ એને સમજાવવા આવ્યા. પણ બાપને મોં પર જ એણે કહ્યું : 'હું કાયમ તમારું વૈતરું કરતો આવ્યો છું. મેં કદી તમારી આજ્ઞા ઉથાપી નથી. અને છતાં તમે કદી મને મારા મિત્રો દોસ્તારો સાથે જયાફત ઉડાવવા કહ્યું નહિ. અને આજે તમારો આ દીકરો એના ભાગની બધી મિલકત ફનાફતિયા કરી દઇ

ભીખમંગો થઇને ઘેર આવ્યો, ત્યારે તમે એના માનમાં આનંદ ઓચ્છવ કરો છો ! તમારી આ રીતભાત મને સમજાતી નથી. '

ત્યારે બાપે કહ્યું : 'ભાઇ, તું તો સદા મારી સાથે જ છે, અને મારું જે કંઇ છે તે બધું તારું જ છે. પણ આ તારો ભાઇ મરીગયો હતો તે ફરી સજીવન થયો છે, ખોવાઇ ગયો હતો તે જડયો છે. એટલે એનો આનંદોત્સવ કરવો જ જોઇએ, ' ધર્મ માર્ગથી ચૂકેલો માણસ ફરી ધર્મમાર્ગે વળે તો એથી પિતા પરમેશ્વરને કેવો આનંદ થાય તે આ દૃષ્ટાન્તમાં બતાવ્યું છે.

એકવાર ઇસુ જતા હતા. લોકો એમની ઉપર એવી પડાપડી કરતા હતા કે ગૂંગળાઇ જવાય. એ ગિરદીમાં એક બાઇ હતી, બાર વરસથી તે દરદથી પીડાતી હતી. અનેક વૈદ્યોની એણે દવા ખાધી હતી, અને એમ દવાદારૂ પાછળ એણે પોતાનું જે કંઇ હતું તે બધું ખલાસ કરી નાખ્યું હતું, છતાં તેને કશો ફાયદો થયો નહોતો; બલ્કે બગાડો થયો હતો. ઇસુનાં દર્શન કરવા તે પણ ભીડમાં ભળી હતી. તેને થયું કે ઇસુના વસ્ત્રને અડું તો સાજી થઇ જાઉં. એટલે ભીડમાંથી જેમતેમ રસ્તો કરી આગળ આવી તેણે ઇસુના વસ્ત્રનો સ્પર્શ કર્યો. બન્યું એવું કે એનાં ઘણાં વર્ષનું જૂનું દર્દ તેજ ઘડી મટી ગયું, ને એણે ખૂબ રાહત અનુભવી.

કેવી રીતે ઇસુને એ વાતની ખબર પડી ગઇ. તેણે ભીડ ભણી જોઇને પૂછ્યું : 'મારા વસ્ત્રને કોણ અડયું ? ' શિષ્યોએ કહ્યું : 'ચારે તરફથી લોકો આપની ઉપર પડાપડી કરે જ છે, પછી કોણ અડયું એમ પૂછવાનો શો અર્થ છે ? '

ત્યાંતો પેલી બાઇ બીતીબીતી આગળ આવી ઇસુના પગમાં પડી બોલી : 'હું આપનાં વસ્ત્રોને અડી હતી ! '

આમ કહી વસ્ત્રને સ્પર્શ કરવાથી પોતે કેવી રીતે એકદમ સાજી થઇ ગઇ તેની તેણે વાત કરી. ત્યારે ઇસુએ કહ્યું : 'તારી શ્રદ્ધાએ તને સાજી કરી છે, બાઇ ! ઘેર જા, અને સુખી થા !'

એક વાર ઇસુ એક મંદિરના આંગણામાં બેઠા હતા. તેમની સામે જ શિંગડાના આકારની તેર પેટીઓ હતી. ભકતો તેમાં પૈસા નાખતા. આ જગા મંદિરના ભંડાર તરીકે ઓળખાતી. આવતા-જતા લોકો ભંડારમાં પૈસા નાખતા તે ઇસુ જોતા હતા. ઘણા પૈસા-દાર લોકો મોટી મોટી રકમો નાખતા હતા. એવામાં એક ગરીબ વિધવા બાઇ આવી. તેની પાસે માત્ર બે જ કોડીઓ હતી. તેણે એ બંને કોડીઓ મંદિરના ભંડારમાં નાખી. એ જોઇ ઘણાઓએ મશ્કરીમાં હસી લીધું. ત્યારે ઇસુએ પોતાના શિષ્યોને પાસે બોલાવી-ને કહ્યું : 'હું તમને ખાતરીથી કહું છું કે ભંડારમાં પૈસા નાખનાર બીજા બધા કરતાં આ ગરીબ વિધવાએ વધારે નાખ્યું છે. કારણ , એ બીજા લોકોએ તો પોતાની પાસે જે વધારાનું હતું તેમાંથી નાખ્યું છે, પણ આ બાઇ પાસે તો પોતા માટે પણ પૂરતું નથી, છતાં એણે પોતાની પાસે જે કંઇ હતું તે બધું જ આપી દીધું છે ! '

એટલે કે શું અપાય છે તે નહિ, પણ કેવી રીતે અપાય છે તેની કિંમત છે.

એક રાજા હતો. તેના એક અમલદારને હિસાબ ચોખ્ખા કરવા માટે તેની આગળ રજૂ કરવામાં આવ્યો. આ અમલદારને રાજાનું લાખોનું દેવું હતું. રાજાએ હુકમ કર્યો કે એની તમામ માલમિલકત જપ્ત કરી દેવું વસૂલ કરો. અમલદાર કરગરી પડી બોલ્યો : 'મારા પર થોડી દયા કરો, માબાપ ! ' રાજાને દયા આવી, એણે એનું બધું દેવું માફ કરી એને છોડી દીધો.

અમલદાર ખુશ થતો બહાર નીકળ્યો. ત્યાં આંગણામાં જ એને એક માણસ મળ્યો. એણે એ અમલદારની પાસેથી થોડાક રૂપિયા ઊછીના લીધા હતા , ને પછી એ પાછા વાળી શકયો નહોતો. એને જોતાં જ પેલા અમલદારે એને બોચીમાંથી પકડયો ને રાડ પાડી કહ્યું : 'હમણાં ને હમણાં મારું લેણું ચૂકતે કર, નહિ તો તારી ખેર નથી ! ' પેલો માણસ અમલદારને પગે પડયો, રડીરડીને એને કરગર્યો કે બાપજી, મારાપર થોડી દયા કરો ! પણ અમલદારે એનું માન્યું નહિ એણે એને પકડીને ધીબી નાખ્યો, ને એને દેવું વાળતાં સુધી જેલમાં પુરાવ્યો.

આ વાત રાજાના કાને આવી, ત્યારે રાજાના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેમણે એ અમલદારને તરત જ બોલાવી મંગાવી કહ્યું : 'બદમાશ, તારી વિનંતીથી મેં તારું બધું દેવું માફ કર્યું, તો મેં જેમ તારા પર દયા કરી, તેમ તારે બીજા પર દયા કરવી જોઇએને ! એને બદલે તું એને ધીબી કાઢે છે ને અને જેલમાં પૂરે છે, તો તું પણ હવે એવી જ શિક્ષાને પામ ! '

આમ કરી રાજાએ એને સખ્ત સજા કરી, ને એની માલમિલકત બધી જપ્ત કરી.

આ દૃષ્ટાન્ત કહીને ઇસુએ કહ્યું : 'તમે જો એકબીજાને ખરા દિલથી માફ ન કરો, તો ઇશ્વર તમને કેમ માફ કરશે ?' અર્થાત જો આપણે થોડાં ફદિયાં નહિ માંડી વાળીએ તો ઇશ્વર આપણું લાખોનું દેવું (અસંખ્ય દોષો) કેમ માંડી વાળશે ?

એક વાર એક યુવાને ઇસુની પાસે આવી કહ્યું : 'ગુરુદેવ, હું શું કરું તો મને શાશ્વત જીવન મળે ? '

એ યુવાન શ્રીમંત હતો, ફક્કડ કપડાંમાં સજ્જ હતો. યહૂદીઓનો એ આગેવાન પણ હતો. ઇસુ ઇશ્વરના રાજ્યમાં દાખલ થવાની વાત કરતા હતા, એ સાંભળી ઇશ્વરના રાજ્યમાં દાખલ થવાની એનામાં ઇચ્છા જાગી હતી. ભોગ આપ્યા વગર એ નથી બનવાનું એની પણ એને ખબર હતી. તેથી શું કરવું તે એણે ઇસુને પૂછ્યું.

ઇસુએ તેને કહ્યું : 'આજ્ઞાઓનું પાલન કર ! '

'કઇ આજ્ઞાઓ ? '

ઇસુએ કહ્યું : 'ખૂન કરીશ નહિ, ચોરી કરીશ નહિ, પરસ્ત્રી પર કુદૃષ્ટિ કરીશ નહિ. ખોટી સાક્ષી પૂરીશ નહિ, માતાપિતાને માન આપ, અને તારા માનવબંધુ ઉપર તારી જાતના જેટલો પ્રેમ રાખ ! '

પેલા યુવાને કહ્યું : 'એવું બધું તો હું પાળતો આવ્યો છું. છતાં મારામાં શી ઊણપ છે ? '

યુવાનનો જવાબ સાંભળી ઈસુને આનંદ થયો. કોઈપણ ભોગે આ યુવાન પોતાની સલાહ સૂચના પ્રમાણે ચાલવાનો નિશ્ચય કરીને આવ્યો છે એવું એમને લાગ્યું. એટલે એમણે કહ્યું : 'તો જા, તારું સર્વસ્વ વેંચી દે અને જે ઊપજે તે ગરીબોને આપી દે !'

પેલો યુવાન તો આ સાંભળીને એકદમ મૂઢ બની ગયો. કારણ કે તે ઘણી સંપત્તિનો ધણી હતો ! માલમિલકત ગરીબોને દઈ દેવાની વાત એને ભારે પડી !

એને આમ ઉદાસ બની ચાલી જતો જોઈ ઈસુ પણ ઉદાસ થઈ ગયા , અને પોતાનો દુ:ખભાર હળવો કરવા માગતા હોય એમ શિષ્યોની સામે જોઈ બોલ્યા : 'હું તમને ખાતરીથી કહુ છું કે સોયના નાકમાંથી ઊંટને પસાર થવું સહેલું છે, પણ ઈશ્વરના રાજ્યમાં શ્રીમંતને દાખલ થવું મુશ્કેલ છે. '

આ સાંભળી શિષ્યો આભા બની ગયા. .

ત્યારે ઈસુએ કહ્યું : 'પણ ઈશ્વરને માટે કશું અશક્ય નથી !'

એટલે કે ઈશ્વરની કૃપા થાય અને શ્રીમંતો પોતાની રહેણીકરણી રીતરસમ બદલી નાખી પોતાના ધનનો સારો ઉપયોગ કરે તો બચી જાય !

કેટલાંક પંડિતો ચતુરાઈ ભર્યા પ્રશ્નો પૂછી ઈસુની પરીક્ષા કરતા. એવા એક શાસ્ત્રીએ એકવાર ઈસુને પૂછ્યું : 'ગુરુદેવ, શું કરું તો મને શાશ્વત જીવન મળે ? '

ઈસુએ કહ્યું : 'તમે શાસ્ત્રી છો, તમે જ કહોને, શાસ્ત્રમાં શું લખ્યું છે ? '

શાસ્ત્રીએ કહ્યું : 'શાસ્ત્રમાં તો એવું છે કે તું તારા પ્રભુ પરમેશ્વર પર ખરા દિલથી પ્રેમ કર, અને તારા માનવબંધુ ઉપર તારી જાત જેટલો પ્રેમ કર !'

ઈસુએ કહ્યું : 'બસ, તો એ પ્રમાણે કર ! '

શાસ્ત્રી જરી ભોઠો પડી ગયો, પણ ભોંઠામણ દબાવી દઈ પોતાની વિદ્યાનું પ્રદર્શન કરવા તેણે બીજો પેચદાર પ્રશ્ન કર્યો : 'પણ મારો બંધુ કોણ ? '

ત્યારે ઈસુએ એને આ દૃષ્ટાન્ત કહ્યું : 'એક યહૂદી જંગલમાં થઈને જતો હતો. ત્યાં એક લૂંટારાઓના હાથમાં સપડાયો. લૂંટારાઓએ તેને લૂંટી લીધો, તેનાં કપડાં ઉતારી લીધાં, ને તેને ખૂબ માર્યો. બાપડો અધમૂઓ થઈને ત્યાં પડયો. લૂંટારાઓના ચાલી ગયા પછી એવું બન્યું કે એક પુરોહિત ત્યાં થઈને નીકળ્યો. તેણે આ માણસને ત્યાં પડેલો જોયો, પણ એના સામું જોયા વિના એ બાજુએ થઈને ચાલી ગયો. એક રીતે એક પુરોહિત સહાયક પણ પણ ત્યાં આવ્યો, અને તે પણ એને જોઈને ચાલી ગયો. પછી એક શમરૂની (યહૂદીનો વિરોધી) મુસાફરી કરતો કરતો તે ઠેકાણે આવી પહોંચ્યો ; પેલા માણસને જોઈને તેના દિલમાં દયા પ્રગટી. તેણે તેની પાસે જઈને તેના ઘા ઉપર તેલ અને દ્રાક્ષાસવ રેડીને પાટા બાંધ્યા, અને પોતાના જાનવર ઉપર બેસાડીને તે તેને એક સરાઈમાં લઈ આવ્યો, અને ત્યાં તેની સંભાળ લીધી. ઉપરાંત, બીજે દિવસે બે દીનાર કાઢીને તેણે સરાઈવાળાને આપ્યા, અને કહ્યું : 'તમે એની સંભાળ રાખજો, અને તમે જે કંઈ વધારાનું ખર્ચ કરશો તે હું વળતાં તમને આપી જઈશ ! '

પછી ઈશુએ શાસ્ત્રીને પૂછ્યું : 'હવે આ માણસમાંથી કોણ પેલા લૂંટારાઓના હાથમાં સપડાયેલા માણસનો બંધુ કહેવાય ? અર્થાત આપણા માનવ બંધુ પર પ્રેમ રાખવાની આજ્ઞાનું આ ત્રણમાંથી કોણે પાલન કર્યું કહેવાય ? '

શાસ્ત્રીએ જવાબ દીધો : 'જેણે તેના ઉપર દયા લાવી તેની સેવા કરી તે ! '

'તો જા, તું પણ એ પ્રમાણે કરજે ! ' કહી ઈસુએ શાસ્ત્રીને છેલ્લી શીખ દીધી.

યરીખો નામે એક ગામ હતું. ત્યાં જાખ્ખી નામે એક યહૂદી રહેતો હતો. એ જકાતદારોનો ઉપરી હતો. બધા જકાતદારો લોકોને લૂંટીને પૈસાવાળા થતા હતા. તો આ તો જકાતદારોનો ઉપરી એટલે એની પાસે પૈસો ઘણો હતો. લોકોને આ જકાતદારો પર ખૂબ રોષ હતો. તેઓ એમને પાપનો પૈસો ખાનારા પાપી કહેતા.

આ જાખ્ખીએ એકવાર સાંભળ્યું કે ઈસુ એના ગામમાં થઈને પસાર થવાના છે. ઈસુ વિશે એણે ઘણી વાતો સાંભળી હતી, તેથી એનાં દર્શન કરવાનું એને મન થયું. લોકોનાં ટોળાં ભેગો એ પણ ઈસુનાં દર્શન કરવા ચાલ્યો. પણ ભીડ ઘણી હતી, અને જાખ્ખી હતો ઠીંગણો, એટલે લોકોના ટોળામાં રહીને એનાથી ઈસુનાં દર્શન કરવાનું બને એવું નહોતું. તેથી તે એક ઊંબરાના ઝાડ ઉપર ચડી ગયો. આ ખેલ જોઈ લોકો હસ્યા.

એટલામાં ઈસુ એ રસ્તે થઈને નીકળ્યા. ઝાડ ઉપર ચડીને બેઠેલા જાખ્ખીને જોઈ એમણે કહ્યું : 'જાખ્ખી, ચાલ, આજે મારે તારા ઘરમાં મુકામ કરવાનો છે. '

આટલાં બધાં માણસોમાંથી ઈસુએ પોતાને એમનો યજમાન થવા માટે પસંદ કર્યો, તેથી એ ઠીંગણા ભાઈના આનંદનો પાર ન રહ્યો. પણ ટોળામાંના લોકોને આ ગમ્યું નહિ. તેમણે ખુલ્લું બબડવા માંડયું : 'આ તો પાપીને ઘેર મુકામ કર્યો ! ' જાખ્ખીએ પણ આ ટીકા સાંભળી હશે. પણ એની એણે પરવા ન કરી. ઈસુની પોતાના પર અનહદ દયા જોઈ એણે ત્યાં ને ત્યાં જ જાહેર કર્યું કે હું મારી અડધી મિલકત ગરીબોને દાનમાં આપું છું; અને જો મેં કોઈને છેતરીને કંઈ લીધું હશે તો હું એને ચારગણું પાછું આપવા તૈયાર છું.'

ઈસુએ કહ્યું : 'આજે આ ઘરનો ઉદ્ધાર થયો. હું તો ખોવાયલાંને શોધવા ને ઉદ્ધારવા અવતર્યો છું. '

ઈસુને પકડી તેમને ક્રૂસે ચડાવી મારી નાખવાની સજા કરવામાં આવી. સિપાઈઓ ઈસુને ક્રૂસે ચડાવવા લઈ ચાલ્યા. જમાદાર ઘોડા પર બેસી આગળ ચાલ્યો. આગળ પાછળ સ્ત્રી પુરુષોનું મોટું ટોળું હતું, ને સિપાઈઓના ઘેરા વચ્ચે ઈસુ પોતાનો ક્રૂસ ઊંચકીને ચાલતા હતા. પણ ક્રૂસના બોજા હેઠળ ત્રણ વખત એ જમીન પર ઢગલો થઈને પડી ગયા હતા. તેથી સિપાઈઓએ એક


બીજા જ માણસને પકડી તેની પાસે ઈસુનોક્રૂસ ઈચકાવ્યો
હતો. કેટલીક સ્ત્રીઓ ઈસુને જોઈ રડતી ને વિલાપ કરતી હતી.
ઈસુએ તેમને કહ્યું : 'મારે માટે રડશો નહિ ! તમારા પોતાના માટે
અને તમારાં સંતાનો માટે રડો ! '

સરઘસ 'ખોપરીનું સ્થાન' નામે ઓળખાતી ટેકરી પર પહોંચ્યું.
'જ્ઞાનેન્દ્રિયો જડ બની જાય અને મરણની વેદના ઓછી લાગે એટલા
માટે કેટલીક સ્ત્રીઓએ ઈસુને કટુરસ ભેળવેલો દ્રાક્ષાસવ પીવા
આપ્યો, પણ ઈસુએ તે જરી ચાખી જોઈને પાછો આપ્યો. સંપૂર્ણ
સભાન રહીને દુ:ખ સહન કરતાં મરવાનો તેમનો સંકલ્પ હતો.
પછી ઈસુને ક્રૂસની ઉપર સુવાડી તેમના બંને હાથની હથેળીઓમાં
અને બંને પગમાં ઘણના ઘા મારી, લાંબા ખીલા ઠોકવામાં આવ્યા.
ખીલા એમનાં અંગો વીંધીને ક્રૂસના લાકડામાં ઊંડા ઊતરી ગયા.

પછી ક્રૂસને ઊભો ખોડી દેવામાં આવ્યો. ઈસુનું ઘાયલ શરીર
ક્રૂસ પર લટકી રહ્યું. પુરોહિતો, શાસ્ત્રીઓ અને આગેવાનો ઈસુની
મશ્કરી કરવા લાગ્યા : 'જોતું ઈશ્વરનો પુત્ર હોય તો તો તારી જાતને
જ બચાવને ! ક્રૂસ ઉપરથી હેઠો ઊતરી આવને ! ઈશ્વરને તારી
પડી હોય તો તને બચાવે ! '

આ મહેણાં ટોણાંનો એકએક અક્ષર ઈસુએ સાંભળ્યો. પછી
તેમણે આકાશભણી નજર કરી, અને એમના અંતરના ઊંડાણમાંથી
વિજયઘોષ સરખા પ્રાર્થનાના આ અમર બોલ નીકળી પડયા.
'હે પિતા, આ લોકોને માફ કર ! પોતે શું કરે છે એનું એમને
ભાન નથી ! '

'તમારા શત્રુઓ ઉપર પ્રેમ કરજો ! ' એવો ઈસુએ ઉપદેશ કર્યો
હતો, અને એ ઉપદેશને એમણે બરાબર આચરી બતાવ્યો.



# નેકીનો ચાહક

અઢી હજાર વર્ષ પહેલાંની, અથવા એથીયે પહેલાંની આ વાત છે. ઈરાનમાં ગુસ્તાસ્પ કરીને એક રાજા હતો. તેને ધર્મની અને ઈશ્વરની વાતો સાંભળવાનો રસ હતો. તેથી તેણે પોતાના દરબારમાં મોટા મોટા પંડિતોને અને શાસ્ત્રીઓને રાખ્યા હતા. પણ એ બધા પંડિતો કેવળ પોથી પંડિતો હતા. તેઓ રાજાની જિજ્ઞાસા તૃપ્ત કરી શકતા નહોતા. રાજાના મનમાં કાયમ ઘડભાંગ ચાલ્યામ કરતી હતી કે સત્ય શું ને અસત્ય શું ? ધર્મ શું ને અધર્મ શું ? શું કરવાથી ઇશ્વર રાજી થાય ? શું કરવાથી માણસ સુખી થાય ?

એવામાં રાજાએ પેગંબર અષો જરથુષ્ટ્ર વિશે સાંભળ્યું. તેઓ લોકોને સત્યનો અને નેકીનો ઉપદેશ કરતા હતા. રાજાએ જરથુષ્ટ્રને મળવાનું નકકી કર્યું. આ વાતની ખબર પડતાં પંડિતો અને શાસ્ત્રીઓને બીક લાગી કે રાજા જરથુષ્ટ્રને મળશે તો પછી અમારું મહત્ત્વ નહિ રહે. તેથી તેમણે જરથુષ્ટ્રને રોકવાનો પ્રયત્ન કર્યો. તેમણે કહેવડાવ્યું કે ખબરદાર, અહીં આવ્યા છો તો !

પણ જરથુષ્ટ્ર ડર્યા નહિ. તેઓ રાજા ગુસ્તાસ્પના દરબારમાં આવી ઊભા. રાજા એમના તેજસ્વી મુખમંડળ સામે જોઇ રહ્યો.

એ જોઇ રાજાના પુરોહિતો, પંડિતો ને શાસ્ત્રીઓએ કહ્યું : ‘મહારાજ, આ જરથુષ્ટ્ર ભામટો છે, જાદુગર છે. અને ધર્મ શાસ્ત્રોનું કશું જ જ્ઞાન નથી. તેથી એ પોતાનું આગવું શાસ્ત્ર ચલાવી લોકોને ઊંધે રસ્તે દોરે છે. ’

રાજાએ કહ્યું : ‘તો તમે એની સાથે શાસ્ત્રાર્થ કરો ને એને હરાવો!

પંડિતોએ કહ્યું : ‘આવા ભામટાની સાથે અમે શાસ્ત્રાર્થ કરીએ? મહારાજ, એને કશું જ આવડતું નથી. અમારા સવાલના જવાબમાં એ માત્ર ગપ્પાં મારશે, અને ધડમાથા વગરની વાતો કરશે. છતાં આપનો હુકમ છે તો અમે શાસ્ત્રાર્થ કરવા તૈયાર છીએ. આવી જા, બચ્ચા જરથુષ્ટ્ર, અમારા સવાલનો જવાબ દે ! ’

પછી એ બધા પંડિતોએ ભેગા થઇને અઘરામાં અઘરા તેવીસ તેવીસ સવાલો શોધી કાઢી જરથુષ્ટ્રને પૂછયા. પરંતુ જરથુષ્ટ્રે તો સહેલાઇથી એમને સૌને સમજ પડે એવી રીતે એ બધા સવાલોના ત્યાં ને ત્યાંજ જવાબો દીધા. રાજાને એ જવાબો ગમ્યા. તેને ખાતરી થઇ ગઇ કે જરથુષ્ટ્ર સાધારણ માણસ નથી, પરમજ્ઞાની અને પેગંબર છે.

જરથુષ્ટ્રે કહ્યું : ‘સત્કર્મોનો સંઘરો કર, ઘોડા ધૂળ થશે, બળદ ધૂળ થશે, સોનું રૂપું થશે, વીર યોદ્ધો ધૂળ થશે, માણસ માત્ર ધૂળ થશે, પણ સાચા ને પુણ્યશાળીએ કરેલાં દાનપુણ્ય કદી ધૂળ થતાં નથી. સાચું કામ કરવું એ કર્તવ્ય નથી પણ ધર્મ છે ત્યાં આનંદ છે, સુખ છે. ભૂખ્યાનું પેટ ભર્યા પછી જ તારા ભાણા પર બેસજે. જો તું ભૂખ્યાને ભાખરી આપવાની ના કહેશે તો તારી ભાખરી બળતો અંગારો થઇ તારા માથા પર પડશે. માણસે સાચું બોલવું જોઇએ એટલું બસ નથી. તેણે અસત્યની સામે લડવું જોઇએ. જે દીનદુ:ખીને મદદ કરે છે તેના પર ઈશ્વર પ્રસન્ન થાય છે. આપણો ધર્મ દુનિયાને દોસ્તી શીખવવાનો છે, દુષ્ટને ભલાઇ શીખવવાનો છે, અને મૂર્ખને ડહાપણ શીખવવાનો છે. જે અનાજ વાવે છે તે ધર્મ વાવે છે ; જે અનાજ લણે છે તે ધર્મ લણે છે. વિચારમાં સાચા બનો, વાણીમાં સાચા બનો, ને કામ કાજમાં સાચા બનો. જે મનમાં ન હોય તે જીભથી બોલો નહિ.’

રાજાએ કહ્યું : ‘મને જરથુષ્ટ્રની વાતો વિચારવા જેવી લાગે છે. ’

હવે પંડિતોએ નવો દાવ અજમાવ્યો. તેમણે રાજાના કાન ભંભેરી કહ્યું : ‘મહારાજ, એ જાદુગર છે એમાં શંકા નથી. અહીં જે ઘરમાં એણે મુકામ કર્યો છે ત્યાં શું ભર્યું છે એ જુઓ ! ’

રાજાએ કહ્યું : ‘શું ભર્યું છે ? ’

‘શું તે કૂતરાં, બિલાડાં, ઉંદરને ઊંટની આંખો, નાક, કાન ને ખોપરી ! એ બધું લઇને એ મેલી સાધના કરે છે, ને પછી ખરી ખોટી વાતો કરી લોકોને ભરમાવે છે ! ’

રાજાએ તરત જ એ ઘરની તપાસ કરાવી તો પંડિતોએ કહેલું તેવું બધું ત્યાંથી નીકળ્યું. જરથુષ્ટ્રની જાણ બહાર એ લોકોએ એવું બધું એ ઘરમાં ભરી દેવડાવ્યું હતું.

રાજાના ગુસ્સાનો પાર ન રહ્યો. એણે જરથુષ્ટ્રને કેદમાં નાખ્યા, ને ભૂખેતરસે રિબાવી રિબાવીને મારવાનો હુકમ કર્યો.

જરથુષ્ટ્ર કહે : ‘જેવી અહુરમઝદની (ઈશ્વરની) ઇચ્છા !

હવે બન્યું એવું કે રાજાની ઘોડારમાં એક કાળો ઘોડો હતો. રાજાને તે ખૂબ વહાલો હતો. અચાનક અશ્વપાલે આવી રાજાને ખબર આપ્યા કે ઘોડાને કંઇ થઇ ગયું છે.


રાજા તરત જ ઘોડાની પાસે પહોંચી ગયો. જઇને જુએ તો તો ઘોડો મરેલા જેવો થઇને પડયો હતો ! તરત જ રાજાએ વૈદ -

હકીમોને બોલાવ્યા. તેમણે ઘણી દવાઓ કરી, પણ કશાથી ફાયદો થયો નહિ.

એકાએક રાજાના મનમાં વિચાર આવ્યો કે મેં જરથુષ્ટ્ર જેવા અષો (પવિત્ર) માણસને કેદખાનામાં નાખ્યા, તેથી તો આવું નહિ થતું હોય !

રાજાની રાણી, વજીર, અને બીજા દરબારીઓ પણ ત્યાં હાજર હતા. રાજાને ઉત્સાહથી ધર્મપ્રચારની પ્રતિજ્ઞા કરતો જોઇ રાણીએ આગળ આવી કહ્યું : 'હે અષો જરથુષ્ટ્ર , હું તારો ધર્મ સ્વીકારું છું. '

ત્યારે જરથુષ્ટ્રે કહ્યું : 'હું કંઇ જાદુગર નથી, પણ નેકીનો ચાહક



તરત જ એણે જરથુષ્ટ્રને કેદખાનામાંથી બહાર કઢાવ્યા. ને તેમને વિનય પૂર્વક પ્રાર્થના કરી કે આપ મારો ઘોડો સાજો થાય તેમ કરો.

જરથુષ્ટ્રે કહ્યું : 'હું કંઇ જાદુગર નથી, પણ નેકીનો ચાહક છું. હું કહું છું કે મેં કદી કોઇને ખોટો ઉપદેશ ન કર્યો હોય તો તમારા ઘોડાનો એક પણ પગ સાજો થાઓ ! '

તે જ ઘડીએ રાજાએ જોયું તો ઘોડાનો એક પગ સાજો થઇ ગયો હતો ને તેનામાં હલનચલન આવ્યું હતું. તે જોઇ તેણે કહ્યું. 'હે અષોજરથુષ્ટ્ર, તમારો ઉપદેશ સાચો છે, ને હું તેનો સ્વીકાર કરું છું.'

હવે જરથુષ્ટ્રે કહ્યું : 'હું કંઇ જાદુગર નથી, પણ નેકીનો ચાહક છું. હું કહું છું કે રાજાએ જો ખરા દિલથી મારો ઉપદેશ સ્વીકાર્યો હોય તો ઘોડાનો બીજો પગ સાજો થાઓ ! '

અને તરત જ ઘોડાનો બીજો પગ સાજો થઇ ગયો. એ જોઇ રાજાએ કહ્યું : 'હે અષો જરથુષ્ટ્ર, તારો ધર્મ સાચો છે, ને હું તેનો પ્રચાર કરવામાં તને મદદ કરવાની પ્રતિજ્ઞા લઉં છું. '

છું. હું કહું છું કે રાજાની રાણીએ જો સાચા દિલથી મારા ધર્મનો સ્વીકાર કર્યો હોય તો ઘોડાનો ત્રીજો પગ સાજો થાઓ ! '

અને તરત જ ઘોડાનો ત્રીજો પગ પણ સાજો થઇ ગયો. અને ત્રણ પગે ઘોડો ઊભો થવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

એ જોઇ રાજાએ કહ્યું : 'હે અષો જરથુષ્ટ્ર, તારા શ્વતનો(સતનો) મહિમા જોઇ હું પ્રસન્ન થયો છું. તને અત્યાર સુધી મેં જે દુ:ખ દીધું છે તેને માટે હું ક્ષમા માગું છું, ને જે ભૂંડા શાસ્ત્રી પંડિતોએ મને ભરમાવી તને બદનામ કર્યો છે તેમને સખ્ત સજા કરવાની પ્રતિજ્ઞા કરું છું. '

એ સાંભળી જરથુષ્ટ્રે કહ્યું : 'હું કંઇ જાદુગર નથી , પણ નેકીનો ચાહક છું. હું કહું છું કે રાજાને મારી નેકીની અને મારા દુશ્મનોની દુષ્ટતાની ખાતરી થઇ ગઇ હોય તો ઘોડાનો ચોથો પગ સાજો થાઓ ! '

તરત ઘોડો ચારે પગે ઊભો થઇ ગયો ને હણહણાટી દેવા લાગ્યો.

# ૨૭

# ગરીબનું પુણ્ય

જરથોસ્તી ધર્મને પાળનારાઓમાં રાજા નૌશીરવાનની ઘણી વાતો પ્રચલિત છે. તેમાંની એક આ નીચે આપી છે.

એક વાર બાદશાહ નૌશીરવાને મોટો તહેવાર ઊજવ્યો. હજારો માણસોએ એ ઉત્સવમાં ભાગ લીધો. ઉત્સવ પાંચ દિવસ ચાલ્યો. સૌની રહેવાની જમવાની વ્યવસ્થા બાદશાહે કરી હતી. આ ઉત્સવ પાછળ તેણે લાખો રૂપિયાનું ખર્ચ કર્યું હતું. ચોમેરે તેની જય બોલાતી હતી.

થોડે દૂર એક ગામડું હતું. તેમાં મર્ઝબાન નામનો એક ગરીબ જરથોસ્તી રહેતો હતો. બાદશાહના મહેમાન બની તહેવારની ઉજવણીમાં ભાગ લેવાનું એને ઘણું મન હતું, પણ જો જાય તો ઘરમાં બૈરી છોકરાં ભૂખે મરે એવી હાલત હતી. એટલે તે જઇ શક્યો નહિ. . જરથુષ્ટ્રના ઉપદેશને યાદ કરી તે મનમાં બોલ્યો. 'હે મારા નાશવંત શરીર, તારા મનથી સારા વિચાર કર ! હે મારા નાશવંત શરીર, તારી જીભથી સારા શબ્દો બોલ ! હે મારા નાશવંત શરીર તારા હાથ વડે સારાં કામ કર ! એ તારો ઉત્સવ !'

પણ આ ઉત્સવનો છેલ્લો દિવસ આવ્યો ત્યારે તેને થયું કે પવિત્ર તહેવારો તો પૂરા થવા આવ્યા, પણ મેં કશું પુણ્ય હાંસલ કર્યું નહિ. ન તહેવાર જાતે ઊજવ્યો કે ન તહેવારમાં ભાગ લીધો. આથી તેને બહુ દુ:ખ થયું. તેણે જાતે તહેવાર ઊજવવાનું નક્કી કર્યું, ને પત્નીને એ વાત કરી. પત્ની પણ ખુશ થઇ. પણ પાસે પૈસા નહોતા. તહેવાર ઊજવવો કેવી રીતે ?

એટલામાં એની નજર ઘરનાં બારણાં પર પડી. એ બોલ્યો : 'ઘણાં ગરીબોનાં ઘર બારણાં વગરનાં હોય છે. આમ, બારણાં જ વેચી કાઢું !'

ઘરનાં બારણાં કાઢી પીઠ પર ઉપાડી એ શાહુકારને ત્યાં ગયો, ને બારણું ગીરો મૂકી પૈસા લઇ બજારમાંથી જોઇતી ચીજો લઇ એ ઘેર આવ્યો.

પણ પૂજા પાઠ કોણ કરાવે ? ગામના બધા મોબેદો (પુરોહિતો) રાજાના મહેમાન થઇને ગયા હતા !

પત્નીએ કહ્યું : 'એક લંગડો મોબેદ ઘેર છે. એને બોલાવો !'

મર્ઝબાન એ લંગડા મોબેદને ઘેર ગયો. મોબેદ કહે : 'હું લંગડો છું, ને ઘરડો છું. મારાથી ચલાશે નહિ !'

'કંઇ ફિકર નહિ,' કહી મર્ઝબાન એને પોતાના ખભા પર બેસાડી પોતાને ઘેર લઇ આવ્યો, લંગડા મોબેદે પૂજાપાઠ કરાવ્યો, એટલે તેને યથાશક્તિ દક્ષિણા આપી. પોતાના ખભા પર બેસાડી મર્ઝબાન એને ઘેર પાછો મૂકી આવ્યો. આમ એણે એનો તહેવાર ઊજવ્યો, ને પછી શાંતિથી અહુરમઝદનું સ્મરણ કરી સૂતો.

હવે બન્યું એવું કે બાદશાહ નૌશીરવાનને એ રાતે સ્વપ્નું આવ્યું સ્વપ્નામાં તેણે જોયું તો દૂર દેશાવરથી વહાણોનો એક કાફલો આવ્યો છે. એ વહાણોમાં કિંમતી જરજવાહિરોથી ભરેલાં હતાં. નૌશીરવાને પૂછ્યું : 'આ બધું ધન કોનું છે ?'

જવાબ મળ્યો ! 'આજનું પર્વ જેણે સારામાં સારી રીતે ઊજવ્યું છે તેનું!'

બાદશાહ મનમાં ખુશ થઇ બોલ્યો : 'હં, ત્યારે તો એ મારું !'

પોતાનું નામ સાંભળવાની આશાએ એણે પૂછ્યું : 'એ પુણ્ય પુરુષનું નામ ?'

જવાબ મળ્યો : 'નામ મર્ઝબાન !'

સાંભળવામાં પોતાની કંઇ ભૂલ તો નથી થતીને, એમ સમજી નૌશીરવાને પૂછ્યું. 'કોણ ?'

'મર્ઝબાન ! અહીં મર્ઝબાન કરીને એક ગરીબ માણસ રહે છે. તેણે તહેવાર ઊજવ્યો તેનું આ પુણ્ય છે !'

'તો મારું પુણ્ય ક્યાં ?' નૌશીરવાનથી પૂછ્યા વિના ન રહેવાયું.

'આ !' કહી ખૂણામાં એક નાનીશી ઢગલી પડી હતી તે બાદશાહને દેખાડવામાં આવી.

બાદશાહને એવો આઘાત લાગ્યો કે એકદમ એની આંખ ઊઘડી ગઇ. સવાર થતાં જ એણે માણસો દોડાવી મર્ઝબાનની ખબર કઢાવી. મર્ઝબાન બારણાં વગરના ઘરમાં બેઠો હતો, ને કામ પર જવાનો વિચાર કરતો હતો, ત્યાં બાદશાહના સિપાઇઓ આવી પહોંચ્યા, ને એને ખેંચી બાદશાહની પાસે લઇ ગયા.

બાદશાહે જોયું તો સાવ કંગાળ માણસ ! તેને નવાઇ લાગી કે આવાએ તહેવાર કેવી રીતે ઊજવ્યો હશે ને પુણ્ય કર્યું હશે ! તેણે પૂછ્યું : 'મર્ઝબાન, તેં પવિત્ર તહેવાર કેવી રીતે ઊજવ્યો ને તેમાં શું ખર્ચ કર્યું તે કહે !'

મર્ઝબાને બનેલી બધી વાત કરી.

એ સાંભળી બાદશાહ એના પુણ્યનો પ્રતાપ સમજી ગયો. તેણે કહ્યું ! 'મર્ઝબાન, તારું એ તહેવારનું પુણ્ય મને આપ, હું તને ઢગલો

સોનામહોર આપું !'

મર્ઝબાને કહ્યું : 'મારા પુણ્યમાં આપવા જેવું શું છે તે, મહારાજ? છતાં હું મારી પત્નીને પૂછી જોઉં !'

બાદશાહે કહ્યું : 'એમાં પત્નીને શું પૂછવાનું ?'

મર્ઝબાને કહ્યું : 'અષો જરથુષ્ટ્રનું વચન છે કે ઝડપી ઘોડાને પણ ચાબખાની જરૂર પડે છે, તીક્ષ્ણ છરાને પણ સરાણની જરૂર પડે છે, તેમ ડાહ્યા માણસને પણ સલાહની જરૂર પડે છે !'

બાદશાહે કહ્યું : 'ઠીક, તો ઘેર જઈ પૂછી આવ !'

ઘેર જઈ મર્ઝબાને પૂછ્યું કે બાદશાહ આપણું જશનનું ઘર ધનથી ભરી દેવાનું કહે છે !

પત્નીએ કહ્યું : 'ઓહ, બાદશાહ પુણ્યલોભી થયો છે એમ કહોને ! પણ અષો જરથુષ્ટ્રનું વચન છે કે લોભીના ભાગીદાર થવું નહિ, બેસમજની દોસ્તી કરવી નહિ, ને પીધેલની સાથે રસ્તા પર ચાલવું નહિ ! આપણું પુણ્ય આપણી ગરીબાઈ. આપણે એ કોઈને આપી તવંગર થવું નથી !'

પતિપત્ની બંનેએ બાદશાહને કહી દીધું કે ગરીબનું પુણ્ય ગરીબની પાસે છો રહ્યું !

બાદશાહ બોલ્યો : 'ખરેખર, ગરીબનો એક દિરહમ મારી લાખો સોના મહોરોને હરાવી ગયો ! મારા રાજ્યમાં આવો પુણ્યશાળી માણસ વસે છે તે મારું મોટું ભાગ્ય છે.'

૨૮

# મનુષ્ય સામે પશુપક્ષીની ફરિયાદ

એક હતો રાજા. કોઇ પણ માણસ એની પાસે ન્યાય માગવા જઇ શકે એટલા માટે પોતે પોતાના મહેલમાં ન્યાયની સાંકળો રાખી હતી. સાંકળોના છેડા મહેલ બહાર લટકતા રહે, ને ન્યાય માગવા આવનારો એ ખેંચે, એટલે રાજાના દરબારમાં ને મહેલમાં બધે ઘંટ વાગવા માંડે - રાજાને તરત ખબર પડી જાય કે કોઇ ફરિયાદી ન્યાય માગવા આવ્યો છે. તરત જ એ એને પોતાની પાસે બોલાવે ને એની ફરિયાદ સાંભળી એનો ન્યાય કરે .

એકવાર રાજા દરબાર ભરીને બેઠો હતો ત્યાં અચાનક ન્યાયની સાંકળ ખેંચાઇ ને જોરથી ઘંટ વાગવા માંડયો, રાજાએ વજીરને કહ્યું: 'ફરિયાદીને અંદર લઇ આવો ! '

વજીર બહાર આવીને જુએ તો એક ઊંટ ! કંઇ પણ બોલ્યા વગર તેણે રાજાને જણાવ્યું કે ભૂલથી સાંકળ ઊંટના મોંમાં આવી જવાથી ખેંચાઇ છે. આટલું કહે છે ત્યાં તો ફરી સાંકળ ખેંચાઇ-ખેંચાઇ ને ઘંટ વાગ્યો. રાજા કહે: 'માનો, ન માનો, પણ ઊંટને કંઇ ફરિયાદ કરવાની છે. વજીર, ફરી તપાસ કરો ! '

આ વખતે વજીરે જઇને ઊંટને પૂછ્યું : 'તારે કંઇ ફરિયાદ કરવાની છે ?'

ઊંટે કહ્યું : 'હા. '

વજીર નવાઇ પામી ગયો. ત્યાં તો ઊંટે કહ્યું : 'હું એકલો નથી, અમે સાત છીએ ! '

અને ખરેખર, ઊંટની સાથે બીજાં પણ પ્રાણીઓ હતાં.

રાજાનો હુકમ, એટલે એ બધાંને દરબારમાં બોલાવ્યાં. ઊંટની પાછળ મંકોડો, કાચબો, કરોળિયો, મોર, શિયાળ ને હુમા નામનું પંખી હતાં. એ સૌ રાજાના દરબારમાં આવી ઊભાં. રાજાને પ્રણામ કરી તેમણે જાહેર કર્યું કે 'હે રાજા, માણસ જાતની ફરિયાદ કરવા અમે તારા દરબારમાં આવ્યાં છીએ.'

હવે રાજા પણ નવાઇ પામ્યો. આવી ફરિયાદ તેના દરબારમાં કદી આવી નહોતી. ન્યાયમાં પોતાને મદદ કરવા તેણે સાત ન્યાયાધીશો રાખ્યા હતા. તેમની સામે જોઇ તેણે કહ્યું : 'કરી શકશો તમે આનો ન્યાય ? '

સાત ન્યાયાધીશોએ કહ્યું : 'મહારાજ, આખી માણસજાતની સામે આ ફરિયાદ છે, એટલે એનો ન્યાય કરવાનું અમારું ગજું નહિ. પણ સદ્દભાગ્યે અષો જરથુષ્ટ્ર આજે આપણા નગરમાં પધાર્યા છે. તેઓ પ્રાણીમાત્ર પ્રત્યે સમદૃષ્ટિથી જોવાવાળા છે. અન્યાયનું કામ તેમને સોંપાય તો સારું !'

રાજાને પણ એ વાત ગમી. તેણે તરત જ અષો જરથુષ્ટ્રને દરબારમાં પધારવા નિમંત્રણ મોકલ્યું. અને જરથુષ્ટ્ર દરબારમાં પધાર્યા ત્યારે સામો ચાલીને એમનું સ્વાગત કરવા ગયો. આખી સભાએ ઊભા થઇ જરથુષ્ટ્રને પ્રણામ કર્યા. ફરિયાદી સાતે પ્રાણીઓએ પણ જરથુષ્ટ્રને જોઇ આનંદ વ્યકત કર્યો.

રાજાએ જરથુષ્ટ્રને પોતાની પાસે બિરાજમાન કર્યા. પછી સાતે પ્રાણીઓની વતી ઊંટે આગળ આવી નિવેદન કર્યું : 'હે અષો ! હે પુણ્યશ્લોક ! માણસ અમારા પર ખૂબ જુલમ ગુજારે છે તેથી અમે તેની સામે ફરિયાદ કરવા આવ્યાં છીએ. માણસ પોતાને અહુરમઝદની શ્રેષ્ઠ કૃતિ સમજે છે, પણ અમે કહીએ છીએ કે માણસ કરતાં અમે પશુપંખી સારાં ! હવે અમારામાં કોણ સારું ને ચડિયાતું તે તમે જ કહો ! '


જરથુષ્ટ્રે કહ્યું : 'અહીં આ સાત ન્યાયાધીશો બિરાજ્યા છે , માણસોમાં તેઓ ઉત્તમ છે ; તેમને વાદમાં હરાવી તમારી શ્રેષ્ઠતા બતાવો - પછી હું મારે જે કહેવું છે તે કહીશ ! '

ખુશ થઇ રાજાએ તાળીઓ પાડી. આખી સભાએ તાળીઓ પાડી.

પછી વાદ શરૂ થયો. એક તરફ માણસ જાતના પ્રતિનિધિ રૂપે સાત વિદ્વાન ન્યાયાધીશો, ને બીજી તરફ ઊંટ, મંકોડો, કાચબો, કરોળિયો, મોર શિયાળ ને હુમા.

પહેલા ન્યાયાધીશે કહ્યું : 'હું કહું છું કે માણસને અહુરમઝદે શ્રેષ્ઠ જ સરજ્યો છે, ને પશુપંખીને માણસની સેવા કરવા સરજ્યાં છે. જુઓને, માણસ બોલે ચાલે છે, બીજું કોઇ પશુપંખી બોલે ચાલે છે ? '

આનો જવાબ દીધો ઊંટે. એણે નમ્રતા પૂર્વક કહ્યું : 'ઈશ્વરે એકને શ્રેષ્ઠ ને બીજાને અધમ સરજ્યા એમ કહેવાથી ઈશ્વર ઉપર પક્ષપાત કર્યાનો અને અન્યાય કર્યાનો આરોપ આવે છે ; ઈશ્વર કદાપી એવો પક્ષપાત કે અન્યાય કરે નહિ. વળી માણસ બોલે છે ચાલે છે એમ કહ્યું. તો અમે પણ બોલીએ ચાલીએ છીએ. માણસ-ની વાણી સશબ્દ છે. તો અમારી અશબ્દ છે. અમે મૌન દ્વારા વાત કરીએ છીએ. વળી પશુપંખીને માણસની સેવા કરવા સરજ્યાં



છે એમ કહીએ તો એનો અર્થ એ થયો કે માણસને પશુપંખીની સેવા કરવા સરજ્યો છે ! માણસ જુઓને, એ પશુપંખીને પાળે પોષે છે, ખવડાવે છે, પિવડા છે, અને વરસાદ ટાઢ તડકાથી રક્ષે છે. માણસ એનું આટલું બધું કામ કરે તો એ સામું માણસનું કામ ન કરે ? કરે જ. માણસ કરે એના કરતાં વધારે કરે ! માણસ કૃતઘ્ની ખરો, પણ પશુપંખી સદા કૃતજ્ઞ છે. તેથી હું કહું છું કે માણસ કરતાં પશુપંખી ચડી જાય !'

ન્યાયાધીશ ચૂપ થઇ ગયો.

હવે બીજો ન્યાયાધીશ ઊભો થયો. તેને જવાબ આપવા મંકોડો આગળ આવ્યો. આને તો હું આમ ચપટીમાં હરાવી દઇશ એમ સમજી બીજા ન્યાયાધીશે ગર્વથી માથું ઉલાળી કહ્યું : 'હું કહું છું કે માણસ શ્રેષ્ઠ છે. એ ઘર બાંધે છે, ગામ બાંધે છે, અને વ્યવસ્થિત સુઘડ જીવન જીવે છે. માણસ ઘર બાંધી બૈરી છોકરાં સાથે એમાં રહે છે ત્યારે ધરતી પણ પ્રસન્ન થાય છે. '

જવાબમાં મંકોડાએ કહ્યું : 'અને અમને જોઇને ધરતી ઓછી પ્રસન્ન થાય છે એમ તમારું કહેવું છે ? પૂછો મા ધરતીને ! અમારો કીડી સમાજ તમે જોયો છે ? એનાં ઘર કેવાં સુઘડ, કેવાં સ્વચ્છ, અને કેવાં સલામત ? કારીગરી પણ કેવી ? તમારે ઘર બાંધવા ઈંટ ચૂનો લોઢું લાકડું ને એવી હજાર ચીજો જોઇએ. અમારે કશું ન જોઇએ. અમારી મધમાખીઓનાં ઘર જોયાં છે ? એવું એક તો તમે બાંધી દેખાડો, વળી શિસ્ત તો અમારી જ! સમાજ જીવન પણ અમારું. જે તમે બધા 'મારું, મારું' કરો છો, અમે 'મારું' નથી કહેતા, 'અમારું, આપણું' કહીએ છીએ.

બીજો ન્યાયાધીશ પણ ચૂપ.

પછી ત્રીજો ન્યાયાધીશ આગળ આવ્યો. તેણે કહ્યું: 'માણસ શ્રેષ્ઠ છે એ વિશે કંઇ શંકા નથી. માણસ રૂપગુણનો ભંડાર છે. એ ગાઇ બજાવી જાણે છે ! '

આનો જવાબ દેવા આગળ આવ્યો કાચબો. એણે કહ્યું: 'શ્રેષ્ઠ કદી રૂપ ગુણનો ગર્વ કરે નહિ, અને રૂપગુણનો ગર્વ કરે તે કદી શ્રેષ્ઠ હોઇ શકે નહિ. માણસ ગાઇબજાવી જાણે છે એમ કહ્યું. તો શું બધાં માણસ ગાઇબજાવી જાણે છે ? એમ તો અમારામાં પણ કોયલ ગાય છે, ચંડોળ ગાય છે, મયૂર નૃત્ય કરે છે - અને એ ગાન નૃત્ય પણ કેવાં ? માણસ પોતાની ઉત્તમોત્તમ ગાનારીને 'કોકિલકંઠ' કહે છે એટલા પરથી જ સમજી જાઓને કે કોણ અસલ છે ને કોણ નકલ છે !'

ત્રીજો ન્યાયાધીશ પણ ચૂપ. હવે ચોથો ન્યાયાધીશ આગળ આવ્યો. તેણે કહ્યું : 'માણસ શ્રેષ્ઠ છે જ. એણે રૂ માંથી કાપડ બનાવ્યું, ને કાપડમાંથી કેવો ફક્કડ પોશાક બનાવ્યો. એ તો જરી જુઓ ! આનું નામ સંસ્કૃતિ !'

આનો જવાબ દેવા આગળ આવ્યો કરોળિયો. એણે કહ્યું : 'તો એ સંસ્કૃતિના ઠેકેદારને હું કહું છું કે મારી પેઠે મોઢામાંથી તાર કાઢી, વગર શાળે રેશમી ચાદર વણી બતાવો જોઇએ ! ' બોલતાં

એની નજર ઊંટ પર પડી. ઊંટે એને મૂક ઇશારો કરી સૂચવ્યું કે અહંકાર કરવો નહિ, વિનય વિવેક ચૂકવો નહિ. તરત જ પોતાનો પોતાનો કંઠસ્વર નીચો ઉતારી કરોળિયાએ કહ્યું : 'ઈશ્વરી બક્ષિસને અંગત સિદ્ધિ ગણી બિરદાવવી એ ભૂલ છે, હું માત્ર એટલું જ કહેવા માંગું છું કે પોશાકની પાછળ માણસ પોતાની કેટલીયે કુરૂપતાને ઢાંકતાં શીખ્યો છે, અમે એવું નથી કરતાં. માણસ ટાઢ તડકો વરસાદ વેઠી શકતો નથી, એનાથી એ બીએ છે, અમે નથી બીતાં. એ કૃત્રિમ બની ગયો છે, અમે ઈશ્વરે જેવાં સરજ્યાં તેવાં જ છીએ.'

ચોથો ન્યાયાધીશ પણ ચૂપ. હવે પાંચમો ન્યાયાધીશ આગળ આવ્યો. તેણે કહ્યું : 'માણસ શ્રેષ્ઠ છે એનો સૌથી મોટો પુરાવો એ કે ખેતી કરે છે, ને મા ધરતી એના પર પ્રસન્ન થઇ એને ફળફૂલ ધાનની ભેટ ધરે છે.'

આનો જવાબ દીધો મોરે. એણે કહ્યું: 'મા ધરતી ફળફૂલધાન્ય ભેટ ધરે છે એ મા ધરતીનો ગુણ થયો, માણસનો નહિ ! મા દયાળુ છે, એ દયા કરે છે એનો જશ માણસે લેવાનો હોય નહિ. અથવા એકલા માણસ પર જ મા આવી દયા કરે છે એવું કહેવું એ માને અન્યાય કરવા બરાબર છે. શ્રેષ્ઠ કદી આવું બોલે નહિ !'

પાંચમો ન્યાયાધીશ પણ ચૂપ. હવે છઠ્ઠો ન્યાયાધીશ આગળ આવ્યો. તેણે કહ્યું : 'માણસ શ્રેષ્ઠ છે તેની નજરે દેખાય તેવી સાબિતી એ કે એ કાયદાકાનૂન બનાવે છે, કોર્ટ કચેરીઓ ચલાવે છે, એમાં રાજા હોય છે, પ્રધાનો હોય છે, ન્યાયાધીશો હોય છે !'

આનો જવાબ દીધો શિયાળે. એણે આગળ આવી વિનયપૂર્વક જણાવ્યું. 'અમારે પશુપંખીઓને પણ રાજા હોય છે, રાણી હોય છે, પ્રધાનો હોય છે, ન્યાયાધીશ હોય છે. સિંહને તમે 'વનરાજ' નથી કહેતા ? એ વનરાજના પ્રધાન તરીકે મને કોણ નથી ઓળખતું ? અને કપિને ન્યાયાધીશ તરીકે કોણ નથી જાણતું ? તમારા કાયદા કાનૂન લખેલા હોય છે, અને તે બનાવવા પડે છે. અમારા કાયદાકાનૂન કુદરતી છે, અમે આપોઆપ જ તે જાણીએ છીએ અને તે પ્રમાણે અનુસરીએ છીએ. હવે તમે જ કહો, જેને કાનૂનની તલવારથી બિવડાવીને ચલાવીએ તે શ્રેષ્ઠ કે જે સ્વયં હૈયા ઉકલતી કાનૂનસર ચાલે તે શ્રેષ્ઠ ?'

છઠ્ઠો ન્યાયાધીશ પણ ચૂપ. હવે સાતમો ને છેલ્લો ન્યાયાધીશ આગળ આવ્યો. હવે માણસના કેસની જીતનો આધાર એક તેના પર જ હતો, તેથી આખી સભા ઉત્કંઠ બનીને સાંભળી રહી હતી. તેણે કહ્યું : 'માણસ સારાખોટાનો વિવેક કરી જાણે છે, તે સદાચારનું પાલન કરી સંત બની શકે છે માટે માણસ જ સર્વ શ્રેષ્ઠ છે.

એને જવાબ દીધો હુમા પંખીએ. એણે કહ્યું : 'વિવેકનું કહો છો તો હું પૂછું છું કે માણસમાં નિરક્ષરને જુદાં કરવાનો વિવેક છે ? અમારાં બચ્ચાં જન્મતાં જ માને ઓળખે છે, ને મા લાખ બચ્ચામાં પોતાનાં બચ્ચાંને તરત ઓળખે છે. પણ માનવમા તેવી રીતે તરતનાં જન્મેલાં પોતાનાં બચ્ચાંને ઓળખી શકતી નથી, તેથી તો પેલે દિવસ આ કચેરીમાં જ બે માતાઓ એક બચ્ચા પર હક કરવા આવી હતી ! મા જ્યાં બચ્ચાને નથી ઓળખી શકતી, ત્યાં બચ્ચું માને શું ઓળખવાનું ? જન્મે ત્યારે માનવબચ્ચું કેવળ અપંગ હોય છે ! તમે કહ્યું કે સદાચારનું પાલન કરી માણસ સંત બની શકે છે. પણ એવા કેટલાક? અહુરમઝદની તાકાત અને અહરીમાનની ચાલાકી સમજનારા માણસો કેટલા ? સંત થવાનું તો રહ્યું, માણસ પહેલાં માણસ તો બને ! નિર્દય મટી દયાળુ તો બને ! એની સામે અમારી એ જ સૌથી મોટી ફરિયાદ છે !'

સાતમો ન્યાયાધીશ પણ ચૂપ.

હવે રાજાએ જરથુષ્ટ્રને કહ્યું : 'આપ ચૂકાદો જાહેર કરો !'

જરથુષ્ટ્રે શાંતિથી જાહેર કર્યું : 'માણસ પશુપંખીઓને તુચ્છ સમજી એમના પ્રત્યે નિર્દયતાથી વર્તે છે એ વિશે કોઇ શંકા નથી. સૂર્ય, ચંદ્ર, તારા, અગ્નિ, મનુષ્ય, પશુપંખી સૌને અહુરમઝદે સરજેલાં છે, એટલે બાપને મન બધાં સંતાનો સરખાં એમાં શ્રેષ્ઠતાનો દાવો કરવો ખોટો. પણ જે સદાચારી તે શ્રેષ્ઠ. જે સદાચારમાં બળિયો તે ખરો બળિયો. જે સદાચારમાં મહાન તે ખરો મહાન ! બોલો, તમારામાંથી કોઇ હવે શ્રેષ્ઠતાનો દાવો કરોછો ખરા ?'

સાતે ન્યાયાધીશોએ અને આખી સભાએ એક અવાજે કહ્યું : 'ના !'

જરથુષ્ટ્રે પશુમંખીઓને પૂછ્યું : 'તમે તેવો દાવો કરો છો ?'

તમામ પશુમંખીઓએ એક અવાજે દૃઢ સ્વરે કહ્યું 'ના !'

છેલ્લે જરથુષ્ટ્રે કહ્યું : 'માણસ અહુરમઝદને પૂરો ઓળખતો નથી. ઓળખે તો એ એને જ અનુસરે અને એને જ પ્રસન્ન કરવા મથે ! તેવી રીતે માણસ અહરિમાનને પણ ઓળખતો નથી. ઓળખે તો એ કદી પણ એ દુષ્ટ શેતાનની પડખે ચડે નહિ અને એની પકડમાં ફસાઇ દુષ્કર્મો કરે નહિ ! એટલે હું મનુષ્યને કહું છું કે ભાઇ, તું સૌનો મિત્ર થા, મૈત્રી એ તારો સ્વભાવ હો ! તું સૌને સચ્ચાઇના માર્ગે રાખ – સચ્ચાઇ એ તારું ડહાપણ હો ! તું સૌને તારાં પોતીકાં જ માન – સમભાવ એ તારો ધર્મ હો ! સૌના દ્વારા તારું સુખ પેદા થાઓ – એ તારો આત્મા હો !'

પછી મનુષ્યોને પશુમંખીઓ એકબીજાને ખૂબ આનંદથી મળ્યાં ને તેમનો પરસ્પર પ્રેમ ભર્યો ભર્યો રહ્યો !

## ૨૯

# લાઓત્ઝે અને તાઓ--ધર્મકથા

અઢી હજાર વર્ષ પહેલાંની વાત છે. ચીનમાં લાઓત્ઝે કરીને એક મહાન સંત પુરુષ થઇ ગયા. લાઓત્ઝે એટલે વૃદ્ધ ગુરુ. તેઓ એવા જ્ઞાનવૃદ્ધ હતા કે જન્મ્યા ત્યારથી જ વૃદ્ધ હતા એમ કહેવાય છે. ખરેખર તો લાઓત્ઝે નામની કોઇ વ્યકિત હતી કે નહિ તેની કોઇને ખબર નથી. પણ દંતકથા એવી છે કે તેમણે ૮૭ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું. કાવાદાવાથી કંટાળી પાછલી વયે તેઓ દૂરના ગામડામાં ચાલી ગયા હતા. ત્યાં જતાં રસ્તામાં એક સરહદી ચોકીદારે તેમને કહ્યું કે તમે તો હવે નિવૃત્તિમાં ચાલ્યા ! તો મારા માટે એક ગ્રંથ લખી કાઢજો ને ! એટલે લાઓત્ઝેએ એક ગ્રંથ લખ્યો.

એ ગ્રંથનું નામ તાઓ-તે-ચિંગ અર્થાત માર્ગદર્શક ગ્રંથ. ચીની તત્ત્વજ્ઞાનનું એ ઉત્તમ પુસ્તક ગણાય છે. તાઓ એટલે માર્ગ , નિસર્ગનો માર્ગ.

લાઓત્ઝેએ તાઓ શબ્દ ખૂબ વિશાળ અર્થમાં વાપર્યો છે. તેઓ કહે છે : "તાઓ સર્વ વ્યાપી છે. તાઓ અનંત છે. તાઓ દેખાય છે છતાં નથી દેખાતો, સંભળાય છે છતાં નથી સંભળાતો, પકડાય છે છતાં નથી પકડાતો. તમામ આકાર પ્રકારો તાઓની અંદર છે. તાઓ અદ્વિતીય છે, એને કોઇ નામ નથી. તાઓ કશું કરતો નથી, છતાં બધું તેના દ્વારા થાય છે. રાજાઓને અમીરો તાઓનું પાલન કરે તો દુનિયા એની મેળાએ સુધરી જાય.

પોતાના એ પ્રખ્યાત ગ્રંથમાં લાઓત્ઝે કહે છે :

૧. જે જાણે છે તે બોલતા નથી, જે બોલે છે તે જાણતો નથી.
પછી રાગદ્વેષ એને સ્પર્શતાં નથી, નફો નુકસાન એને અડતાં નથી.
માનઅપમાન એને અસર કરતાં નથી,
એટલે હમેશાં એ દુનિયાનો સામાન્ય માણસ બની રહે છે.

૨. જે જાણે છે કે હું કશું જાણતો નથી એ સર્વશ્રેષ્ઠ છે.
જે વાત નથી જાણતો તે જાણવાનો જે દેખાવ કરે છે તે મંદબુદ્ધિ છે.
અને જે મંદબુદ્ધિ તરીકે જાણે છે તે મંદબુદ્ધિ નથી.
સંત બુદ્ધિ નથી.

કારણ કે એ મંદબુદ્ધિને મંદબુદ્ધિ જ જાણે છે, તેથી એ મંદ-બુદ્ધિ નથી.

૩. વિદ્યા પાછળ લાગેલો રોજ જાણવા મથે છે.
તાઓ પાછળ લાગેલો રોજ ખોવા મથે છે.
અને એમ ખોઇખોઇને એ કંઇ ન કરવા સુધી પહોંચી જાય છે.
કંઇ ન કરવાથી બધું થાય છે.

દુનિયાને જીતનારો કંઇ ન કરીને (નૈતિક અસર દ્વારા) દુનિયાને દુનિયાને જીતે છે

પણ જયારે માણસને કંઇ ન કરવાની ફરજ પડે છે ત્યારે દુનિયા એની પકડ બહાર ચાલી જાય છે.

૪. મોટામાં મોટી હોશિયારી મૂર્ખાઇ જેવી દેખાય છે.
મોટામાં મોટું વકતૃત્વ ગુંગાપણ દેખાય છે.

૫. બીજાને જાણે તે પંડિત, અને પોતાને જાણે તે પ્રજ્ઞ.
બીજાને જીતે તે પહેલવાન, પોતાને જીતે તે વીર !

## ૩૦

# કોન્ફ્યુશિયસની ધર્મ કથા

એકવાર લાઓત્ઝેની પાસે એક જુવાન આવ્યો. તેણે ચીનની પ્રાચીન વિદ્યાનાં અને જાહોજલાલીનાં ઘણાં વખાણ કર્યાં. લાઓત્ઝે મૂંગામૂંગા સાંભળી રહ્યો. જુવાન બોલી રહ્યો ત્યારે તેમણે ધીરેથી આટલા શબ્દો કહ્યા : 'તું જેમની વાતો કરે છે એ તો બધાં મરી ગયા, ભાઇ ! ભાઇ ! મેં સાંભળ્યું છે કે શ્રીમંતો પોતાનું ધન ભોંયરામાં ભરી રાખે છે ને પાસે કશું નહોય તેમ રહે છે. ગરીબ બાપડા !'

જવાન કંઇ બોલ્યો નહિ, ત્રણ દિવસ સુધી એ વિચારમાં રહ્યો. એ મનમાં કહે : 'પંખી કેમ ઊડે છે, માછલી કેમ તરે છે, ને પશુઓ કેમ દોડે છે તે હું કહી શકુ છું, પણ ડ્રેગન કેવી રીતે પવનપર સવાર થઇ વાદળાં વીંધીને સ્વર્ગલોકમાં પહોંચે છે તે હું કહી શકતો નથી. માઓત્ઝે આ ડ્રેગન જેવા છે.'

આ જવાનનું નામ કુંગફુત્ઝે. અથવા કોન્ફ્યુશિયસ. અઢી હજાર વર્ષ પહેલાં, ભારતમાં ભગવાન બુદ્ધ થયા તે અરસામાં તે ચીનમાં થઇ ગયા. ચીનના તમામ સમ્રાટોની ભેગી અસર કરતાં એક કોન્ફ્યુશિયસની ચીન ઉપર વધારે અસર છે. તેમણે કોઇ ધર્મ નથી સ્થાપ્યો, છતાં તેમના ઉપદેશે ધર્મનું રૂપ ધારણ કર્યું છે. કોન્ફ્યુશિયસ ગુરુઓના ગુરુ ગણાય છે.



ધીરેધીરે કોન્ફ્યુશિયસને લાઓત્ઝેના શબ્દોનો મર્મ સમજાયો. દેશમાં તે વખતે અંધાધુંધી ચાલતી હતી તે રાજકર્તાઓના જુલમનો પાર નહોતો. તેથી માઓત્ઝેનું કહેવું હતું કે વિદ્યાર્થીધનને ભોંય-રામાં ભંડારી રાખવાને બદલે લોકો સુધી પહોંચાડો તો એ કામનું! રાજકર્તાના જુલમથી કોન્ફ્યુશિયસ પોતાના શિષ્યોને લઈને ચાલી નીકળ્યા. જંગલ પહાડ પર્વતો વટાવીને એ જતા હતા ત્યાં એમણે એક બાઈને એક તાજી જ બનાવેલી કબર આગળ ચોધાર આંસુએ રડતી જોઈ. કોન્ફ્યુશિયસને નવાઈ લાગી. તેમણે પૂછ્યું : 'બાઈ, તું કેમ રડે છે ! '

બાઈએ કહ્યું : 'મારા દીકરાને વાઘે ફાડી ખાધો ! અહીં મેં એને દાટયો હતો ! '

'દીકરાનો બાપ તો સલામત છે ને ? '

'એનેયે થોડા વખત પહેલાં વાઘે ફાડી ખાધો - અહીં , આ જગાએ જ ! ' વળી થોડી વાર રહી તે બોલી 'અને મારા સસરા ને પણ વાઘે ફાડી ખાધા - અહીં, આ જગાએ જ. '

'તો પછી તું અહીં શું કરવા પડી રહી છે ? શહેરમાં જતી રહે ને ? '

'શહેરમાં જઈને શું કરું, ભાઈ ! વનમાં વાઘ છે, પણ અહીં કોઈ જુલમગાર સરકાર તો નથી ને ? '

આ સાંભળી કોન્ફ્યુશિયસે શિષ્યોને કહ્યું : 'આ શબ્દો ભૂલતા નહિ ! જુલમગાર સરકાર વાઘ કરતાંયે વધારે ભયાનક છે. '

ફરતા ફરતા કોન્ફ્યુશિયસ એક રાજાના દરબારમાં જઈ ચડયા. રાજાએ એમને પૂછ્યું : 'સારી સરકાર કોને કહેવી ? ' જ્યાં રાજા રાજા છે, પ્રધાન પ્રધાન છે, બાપ બાપ છે, ને દીકરો દીકરો છે એ સારી સરકાર ! ' એટલે કે જ્યાં સૌ પોતપોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવે છે તે. પણ રાજાને કાંઈ સમજાયું નહિ. તેણે કહ્યું : 'તમે શું કહો છો તે સમજાતું નથી, પણ લાગે છે રૂડું રૂપાળું ! '

એકવાર રાજાએ ખુશ થઈ કોન્ફ્યુશિયસને એક પ્રાંતનો સૂબો બનાવવાનો વિચાર કર્યો. પણ દરબારીઓએ કહ્યું કે રાજ્ય ચલાવ-વાનું કામ આવા પંડિતોને સોંપાય નહિ. પરિણામે સૂબો બનાવ-વાની વાત તો દૂર રહી, રાજાએ કોન્ફ્યુશિયસને સલાહ આપી કે જીવ વહાલો હોય તો અહીંથી જતા રહો ! કોન્ફ્યુશિયસ જતા રહ્યા.

હવે તેઓ પોતાના વતન 'લુ' શહેરમાં (આજનું શાન્ટુંગ) આવી વસ્યા. હવે અહીંનું વાતાવરણ સુધર્યું હતું, એટલે તેમને એક શહેર-ની સૂબાગીરી સોંપવામાં આવી. કોન્ફ્યુશિયસે લોકોની નાનામાં નાની વાતોમાં પણ રસ લીધો. લોકોએ શું ખાવું, કયા પ્રસંગે કેવાં કપડાં પહેરવાં, કેટલી વાર માથું નમાવવું, શબપેટીનું લાકડું કેટલું જાડું રાખવું, કબરનો ખાડો કેટલો ઊંડો કરવો, વગેરે ના એમણે નિયમો કર્યા. પુરુષો એ રસ્તાની જમણી બાજુ ચાલવું ને સ્ત્રીઓ-એ ડાબી બાજુ એવો એમણે કાયદો કર્યો. એમના શાસનની એટલી બધી અસર થઈ કે જાદુની પેઠે ગુનાખોરી અદ્દશ્ય થઈ ગઈ, પ્રમા-ણિકતા ન હોય તો એ પુરુષ અને લજ્જા તથા પવિત્રતા ન હોય તો હોય તો સ્ત્રી નહિ એવું મનાયું. લોકોએ કોન્ફ્યુશિયસ ની સ્તુતિનાં સ્તોત્રો રચ્યાં.

રાજાએ ખુશ થઈ એમને પોતાના વડા વજીર બનાવ્યા. પણ પડોશના રાજાઓને બીક લાગી કે 'લુ' નું રાજ્ય સારું ચાલશે તો એ મારી રૈયત ત્યાં ચાલી જશે, એટલે એમણે બધાએ ભેગા થઈને થઈને લુ ના રાજાને એંશી રૂપવતી નૃત્યાંગનાઓ ભેટ મોકલી લુ થો રાજા હવે નાચગાનમાં પડયો. કોન્ફ્યુશિયસને લાગ્યું કે હવે અહીં મારી જરૂર રહી નથી એટલે શિષ્યમંડળી લઈને એ ફરી પાછાં દેશ છોડી ચાલી નીકળ્યા. પૂરાં તેર વરસ એ આમ ભટકયા. લોકો એમની મશ્કરી કરે, હુરિયો બોલાવે ને પથરા પણ મારે. એકવાર એક રાજાએ તેઓ જે ઝાડ હેઠળ બેઠા હતા તે ઝાડ કાપીને એમના ઉપર પાડવાનો હુકમ કરેલો ! આવી મુસીબતમાં પણ તેમના શિષ્યો એમને વળગી રહ્યા હતા. એકવાર લોકોએ એમનાપર હુમલો કર્યો. આ ધમાધમમાં એમનો એક શિષ્ય ગુમ થયો તે કેટલાક દિવસ પછી પાછો દેખાયો. ત્યારે કોન્ફ્યુશિયસે કહ્યું : 'મેં તો ધાર્યું કે તું ઝપાઝપીમાં મરાયો ! ' ત્યારે શિષ્યે કહ્યું : 'તમે જીવતા છો ત્યાં લગી મારી મગદૂરી છે કે હું મરી ભઉં ? '

કોન્ફ્યુશિયસ એવા ઉદાર હતા કે પોતે પોતાની મજાક કરતાં પણ પાછા પડતા નહિ. એકવાર તેઓ એમના શિષ્યોથી વિખૂટા પડી ગયા, ને એક શહેરના દરવાજે જઈ ઊભા. કેટલાક લોકોએ તેમના શિષ્યોને એ માહિતી આપતાં કહ્યું કે 'પણે દરવાજા આગળ એક માણસ ઊભા છે, તેનું કપાળ સમ્રાટ યાઓ જેવું છે, ને ડોક પુરાણકાલમાં થઈ ગયેલા પ્રધાન કાઓયાઓ જેવી છે, પણ બધેથી રખડુ કૂતરાની પેઠે એ હડહડ થતો લાગે છે ! ' શિષ્યોએ જયારે કોન્ફ્યુશિયસને આ કહ્યું ત્યારે તેમણે હસીને કહ્યું : 'મારી આકૃતિ વિશે હું નથી જાણતો, પણ મને હડહડ થતા રખડું કૂતરા જેવો કહ્યો તે બિલકુલ સાચું છે, બિલકુલ સાચું છે ! '

કોઈ રાજ્ય કોન્ફ્યુશિયસને આશરો આપતું નહોતું, તોયે એમ-નો વિદ્યાવ્યાસંગ હજી એવો ને એવો હતો. તેઓ કહેતા હતા કે ત્રણ માણસોની સાથે હું ચાલું, તો એમાંના એકની પાસેથી મને કંઈનેકંઈ શીખવા મળે જ છે. વિદ્યાની ઉપાસનામાં તેઓ ખાવા-પીવાનું ભૂલી જતા, થાક પણ ભૂલી જતા. પોતાની ચિંતા કરવાનો તેમને વખત જ નહોતો. એકવાર એક જણે એમને કહ્યું : 'તમારી વાત સાંભળવા કોઈ તૈયાર નથી, તોયે તમે અપમાન અને ગુંબા ખાતા લોકોની પાછળ શું કામ ભટકો છો ? આના કરતા સંસારનો ત્યાગ જ કરી દોને ! '

કોન્ફ્યુશિયસ સંસારનો ત્યાગ કરવામાં માનતા નહોતા. તેઓ તો લોકો ભેગા રહી લોકોનાં દુ:ખ ઓછાં કરવા મથતા. તેમણે કહ્યું: 'સંસાર છોડી કયાં જાઉં ? દુ:ખી માણસ ની સાથે ન રહું તો શું પશુ-પંખીઓ ભેગો રહું ? '

કોન્ફ્યુશિયસ તરંગી તત્ત્વજ્ઞાની નહોતા, પણ ભારે વ્યવહારૂ માણસ હતા. એકવાર એક યુવાન શિષ્યે એમને પૂછ્યું : ' કોઈ

આપણું ભૂંડું કરે તો આપણે સામે એનું સારું કરવું ? ' જવાબમાં કોન્ફ્યુશિયસે કહ્યું : 'અને કોઇ આપણું સારું કરે તો આપણે સામે એનું કેવું કરવું ? ' એમના કહેવાની મતલબ એ હતી કે ભૂંડાની સામે ભૂંડું નહિ કરો ને સારું પણ નહિ કરો, પણ જે ઉચિત હોય , ન્યાયી હોય તે જ કરો ! '

એક વાર એક રાજાએ કોન્ફ્યુશિયસને પૂછ્યું : 'ઉત્તમ રાજવહીવટ કેવો હોય ? '

કોન્ફ્યુશિયસે કહ્યું : 'જ્યાં અન્નની કમી ન હોય , સેનાની કમી ન હોય, અને રૈયતનો વિશ્વાસ હોય તે ઉત્તમ રાજવહીવટ. '

રાજાએ પૂછ્યું: 'આ ત્રણમાંથી કોઇ એક તમારે જતું કરવાનું હોય તો ? '

'તો હું સેના જતી કરું ! '

'અને બીજું પણ એક જતું કરવું પડે તો ? '

'તો હું અન્ન જતું કરું. દુકાળમાં અન્ન વિના માણસો મરે જ છે ને ! પણ એથી દેશ નથી મરી જતો, પણ જો રૈયતનો વિશ્વાસ ગયો તો દેશ ડૂબ્યો સમજવો !'

એક વાર એક નાનકડા ઠાકોરે પૂછ્યું : 'રાજાએ શૂરાતનને સૌથી પહેલું મહત્ત્વ આપવું જોઇએ એમ તમને નથી લાગતું ? '

કોન્ફ્યુશિયસે કહ્યું : 'ના, પહેલું મહત્ત્વ સચ્ચાઇને. સચ્ચાઇ વગરનું શૂરાતન રાયને ભય રૂપ છે. સચ્ચાઇ વગરનો શૂરવીર એ શૂરવીર નથી, લૂટારો છે.'

કોન્ફ્યુશિયસ પવિત્ર પુરુષ હતા. વિદ્યાની ઉપાસનામાં તેઓ એકચિત્ત થઇ જતા. તેમને ગાનવાદનનો પણ શોખ હતો. એક વાર એક સંગીતકાર પાસે તેઓ પ્રાચીન રાગરાગિણી શીખતા હતા. તેમાં તેઓ એવી ઝડપથી આગળ વધ્યા કે થોડા વખતમાં સંગીતકારે કહ્યું કે તમે ભાવ પ્રગટ કરવાનું શીખી ગયા છો. પણ કોન્ફ્યુશિયસ કહે : 'હજી હું આ સ્વરકારનું વ્યકિતત્વ મારા મનમાં સાકાર કરી શકતો નથી. થોડા વખત પછી સંગીતકારે કહ્યું : 'આ સ્વર - રચના પાછળ એક મહાન પુરુષ છે. ' કોન્ફ્યુશિયસ કહે : 'ઓહ, હું એને ઊંડું છું. એ ઊંચો કદાવર માનવી છે. એનું ચિત્ત સમ્રાટ જેવું લાગે છે. રાજા વેન તો એ નહોય ! ' આ સાંભળી સંગીત - શિક્ષક એકદમ પોતાની બેઠક પરથી ઊભો થઇ ગયો , ને ફરી ફરી કોન્ફ્યુશિયસને પ્રણામ કરી બોલ્યો : ' ખરી વાત ! રાજા વેનની જ આ કૃતિ છે. વર્ષોના પરિશ્રમે અમને જેનો સાક્ષાત્કાર નથી થતો તેનું તમને સહજમાં દર્શન થઇ ગયું ! '

કોન્ફ્યુશિયસ સ્વર્ગમાં કે નરકમાં માનતા નહિ. એમને તો માણસમાં શ્રદ્ધા હતી. માણસને કેવળ માણસ જ સુખી કરી શકશે એવું તેઓ માનતા હતા. તેઓ કહેતા કે માત્ર એક સૈકું જો માણસો ઉપર ન્યાય નીતિથી રાજ્ય ચાલે તો પૃથ્વી પરથી હિંસાનું નામ - નિશાન દૂર થઇ જાય ! શ્રેષ્ઠ પુરુષો જ આ કરી શકે.

આ શ્રેષ્ઠ પુરુષ એટલે કેવો માણસ ? વિદ્વાન, સદાચારી, પ્રમાણિક અને વફાદાર. બીજા માણસોમાં ને આ શ્રેષ્ઠ માણસમાં ફેર એટલો કે બીજા માણસો બીજા પર હકૂમત ચલાવવાનો વિચાર કરે, શ્રેષ્ઠ માણસ પોતાના પર હકૂમત ચલાવે !

આવા કોન્ફ્યુશિયસ શિષ્યોને મન કેવળ ગુરુ નહોતા, પેગંબર હતા. અને શિષ્યો કંઇ પાંચ પંદર નહોતા, ત્રણ હજાર જેટલા હતા. એ સૌ એમની સાથે જ ફરતા.

કોન્ફ્યુશિયસ માનતા કે સમાજ એક કુટુંબ છે અને રાજા એ કુટુંબનો વડો છે, પિતા છે. દીકરો બાપને માન આપે તેમ પ્રજાએ રાજાને માન આપવું જોઇએ, અને એની આજ્ઞામાં રહેવું જોઇએ, પવન વાય ત્યારે ઘાસે માથું નમાવવું જ જોઇએ. લોકોમાં પિતૃ - ભકિત જોઇએ, અને રાજામાં વાત્સલ્ય જોઇએ - આ દૈવી આજ્ઞા છે. તેમ છતાં જો બાપ અન્યાયી માગણી કરે તો દીકરાઓએ બાપના અન્યાયનો સામનો કરવો જોઇએ. રાજા જો અધિકારનો દુરુપયોગ કરે તો તેની સામે બળવો કરવાનો રૈયતને દૈવી અધિકાર છે.

કોન્ફ્યુશિયસ કહે છે કે સમુદ્રોથી વીંટળાયેલી આ પૃથ્વી પર મનુષ્યો બધા ભાઇઓ છે. રાજ્ય સારું હોય તો પૃથ્વી પર માણસની ભ્રાતૃતા સ્થપાય, અને આખી દુનિયા એક રાજ્ય બની જાય. લોકો પરસ્પર પ્રેમથી વર્તે અને જગતમાં શાંતિની સ્થાપના થાય. પછી તેઓ કેવળ પોતાનાં માબાપને જ માબાપ નહિ માને અથવા તો પોતાનાં જ બાળકોને પોતાનાં બાળકો નહિ માને. પણ દરેક માણસને પોતાના અધિકારો હશે અને દરેક સ્ત્રીને પોતાનું વ્યકિતત્વ હશે. સ્વાર્થી કારસ્તાન એવાં ભોંયમાં ભંડારાઇ જશે કે ફરી ઊભાં નહિ થાય. પૃથ્વી પર કયાંય ચોરલૂંટારા કે દ્રોહીઓ નહિ હોય. વસુધૈવ કુટુંબકમ્ !

તેર વર્ષે કોન્ફ્યુશિયસ 'લુ' નગરમાં પાછા આવ્યા. તેમના મગજ પર ભાર હતો કે કોઇ મને સમજતું નથી. પરંતુ તેમણે સંકલ્પ કર્યો કે આ નહિ ચાલે, નહિ ચાલે. કંઇ કર્યા વિના મરી જવું એ શરમ ભરેલું છે. મારા આદર્શો પ્રમાણે કામ કરવાની સરકારમાં તક મને મળવાની નથી, પણ ભવિષ્યની પ્રજા શાપ ન દે એટલા ખાતર કંઇક તો કરું જ. એટલે અથાક પરિશ્રમ લઇ તેમણે ચીનની પ્રાચીન કવિતા અને ચીનના પ્રાચીન ઇતિહાસના ગ્રંથો તૈયાર કર્યા.

હવે મૃત્યુનાં પગલાં તેમને સંભળાઇ ચૂકયાં હતાં. એવામાં એક વાર તેમનો એક શિષ્ય મળવા ગયો ત્યારે તેઓ લાકડીના ટેકે ઘર આગળ ફરતા હતા, ને મનમાં ગીત ગણગણતા હતા :

તૂટી પડશે મોટો પહાડ, તૂટી પડશે મોટો મોભ,
ચીમળાઇ જાશે પ્રજ્ઞ પુરુષ જાણે કાચો કુમળો છોડ !

શિષ્યની સાથે વાત કરતાં કરતાં તેમની આંખોમાં આંસુ આવીગયાં. તેમણે કહ્યું : 'ઘણા વખતથી દુનિયામાં નૈતિક અંધેર ચાલી રહ્યું છે, પણ કોઇ રાજા મારા કહ્યા પ્રમાણે ચાલવા તૈયાર નથી. ' આ પછી અઠવાડિયામાં જ એ પહાડ તૂટી પડયો. ઇ. સ. પૂર્વે - ૪૭૮. એમની પાછળ શિષ્યોએ આંસુ સાર્યાં : 'એ સૂર્ય હતો , ચંદ્ર હતો - મહાપ્રતાપી, અદ્વિતીય અને મહાદર્ય ! પૃથ્વી પરથી

નિસરણી માંડી જો આકાશને માપી શકાય તો એની મહત્તાને માપી શકાય. '

નદી કિનારે એમને દફનાવવામાં આવ્યા. શિષ્યો અને ભકતોનાં સો કુટુંબો એ કબર આગળ જઇ વસ્યાં. ત્યાં મંદિર બન્યું, અને ધીરેધીરે ગામ વસી ગયું. પછી તો ત્યાં ઉત્સવો ને મેળાઓ થવા લાગ્યા. કોન્ફ્યુશિયશની ટોપી, ઝભ્ભો, ચોપડીઓ ને વાદ્યો એ મંદિરમાં આવ્યાં, ને લોકો એનાં દર્શન કરવા આવવા લાગ્યા.

જીવતાં જેની સામે કોઇએ ન જોયું એની કીર્તિ મૃત્યુ પછી ઘણી જ વધી ગઇ. સમ્રાટો ભુલાઇ ગયા, પણ સાદાં કપડાંવાળો આ વિદ્વાન ગુરૂણામૂ ગુરુ બની રહ્યો. સમ્રાટોએ એની છબીઓ પોતાના રાજભવનોમાં અને દરબારોમાં મુકાવી, એના વચનોને પથ્થરમાં કોતરાવ્યાં, એકેએક જિલ્લાના પાટનગરમાં એના નામનાં મંદિરો બંધાયાં, અને વર્ષમાં ચાર વખત એની આગળ ભોગ અપાવા માંડયો. 'પરમદેવી પુરુષ', 'મહારાજા,' 'મહાન ગુરુદેવ' એવી એવી પદવીઓ સાથે એની પૂજા થવા માંડી, ને સમ્રાટો એને પગે લાગવા માંડયા.

કોન્ફ્યુશિયસ મરી ગયા, પણ એમની વાણી જીવતી રહી. એક કાળે એ વાણીનો નાશ કરવાના ઘણા પ્રયત્નો થયા. એક વાર એક મહા જુલમી રાજાએ કોન્ફ્યુશિયસનાં તમામ પુસ્તકો બાળી નાખવાનો હુકમ કર્યો. જેમણે એ હુકમ માનવાની ના પાડી એમને જીવતા બાળી મેલવામાં આવ્યા. આવી રીતે ૪૬૦ વિદ્વાનો બળી મૂઆ. આ જૂલમીયે છેવટે મરી ગયો, પણ કોન્ફ્યુશિયસનો મહિમા ચીનની પ્રજાની રગેરગમાં વ્યાપી રહ્યો.

હવે આપણે કોન્ફ્યુશિયસના જીવનના કેટલાક પ્રસંગો જોઇએ. આજે પણ સંસારભરમાં આ પ્રસંગોનું શ્રદ્ધાભાવે વાચન થાય છે:

૧. એકવાર કોન્ફ્યુશિયસના ત્રણ શિષ્યોએ નકકી કર્યું કે આપણે એવી રીતે સાથે રહેવું જોઇએ જાણે રહેતા જ નથી ; આપણે એવી રીતે એકબીજાને મદદ કરવી જોઇએ જાણે કરતા જ નથી. અને ત્રણે જણ પાકા મિત્ર બની ગયા.

થોડા વખત પછી તેમાંનો એક મિત્ર મરણ પામ્યો. ત્યારે કોન્ફ્યુશિયસે તેની સ્મશાનયાત્રામાં સામેલ થવા સેકુંગ નામના પોતાના એક શિષ્યને મોકલ્યો. સેકુંગે આવીને જોયું તો એક મિત્ર કોશેટાની માવજત કરતો હતો, ને બીજો વાદ્ય વગાડતો હતો; અને બંને જણા એ કામ કરતાં કરતાં ગાતા હતા :

પાછો આવને મારા દોસ્ત, પામો આવને વહાલા દોસ્ત,<br>
તું તો તારા ખરા સ્વરૂપને પામ્યો,<br>
પણ અમે તો કેવળ ઠેરના ઠેર રહ્યા, માણસના માણસ રહ્યા !

સેકુંગે દોડતા ઘરમાં ઘૂસી જઇ રાડ પાડી : 'અરે, અહીં મડદું પડયું છે તેને અવલ મંજલ પહોંચાડવાને બદલે તમે ગાણાં ગાવા બેઠા છો ? વિવેક મર્યાદાનું પણ તમને ભાન નથી ? '

ત્યારે પેલા બે મિત્રો એક બીજાને સામે જોઇ હસ્યા, ને શબની સામે જોઇ બોલ્યા : 'વિનયમર્યાદાનો એને મન કંઇ અર્થ ખરો ? '

સેકુંગે પાછા આવી કોન્ફ્યુશિયસને કહ્યું : 'આ તે કેવા માણસો ? મડદા આગળ બેસીને તેમને ગાવું સૂઝે છે !'

ત્યારે કોન્ફ્યુશિયસે કહ્યું : 'તને મોકલ્યો તે મારી ભૂલ થઇ ! મારી પેઠે એ લોકો દુન્યવી ચીજોમાં રમતા નથી. એવા લોકોને કોઇના જન્મનો કે મરણનો શોક હોતો નથી ; દુનિયાનાં ધારા - ધોરણોથી તેઓ પર છે.'

'મને તો એ લોકો વિચિત્ર લાગ્યા ! ' સેકુંગે કહ્યું .

'દુનિયાની નજરે વિચિત્ર ખરા, પણ ઈશ્વરની નજરે તેઓ જ સહજ અને સ્વસ્થ છે. '

૨. એક વાર એક શિષ્યે કોન્ફ્યુશિયસને કહ્યું: 'પેલા - - - ની મા મરી ગઇ ત્યારે એ રડયો, પણ એનું નાક દદડયું નહિ. એણે શોકનો પોશાક પહેર્યો, પણ મનમાં શોક નહિ. '

કોન્ફ્યુશિયસે કહ્યું : 'હું અને લુ રાજયનો સર્વોત્તમ ડાહ્યુ ગણું છું. ડાહ્યાઓ કરતાં એ ડાહ્યો છે, ને જ્ઞાનીઓ કરતાં એ જ્ઞાની છે. માણસ કયાંથી આવે છે ને મૂઆ પછી કયાં જાય છે એની ભલે એને ખબર ન હોય, પણ એ સમજે છે કે માણસને મૂઆ પછી કયાં જાય છે એની ભલે એને ખબર નહોય, પણ એ સમજે છે કે માણસ માત્ર પરિવર્તનને પાત્ર છે, અને છતાં એનું મન સ્વસ્થ રહે છે. ખરેખર માણસ મરે છે એવું એ નથી માનતો, પરંતુ મૃત્યુને એ નવા ઘરમાં જવા જેવું ગણે છે.'

૩. એક વાર લુ ના રાજાએ કોન્ફ્યુશિયસને કહ્યું કે વી રાજયમાં એક માણસ રહે છે એ એવો તો કદરૂપો છે કે જોઇને ઘૃણા થાય , પણ લોકો એને ચાહે છે, એની પાસે ધન નથી, સત્તા નથી, એ કોઇનો ગુરુ નથી , છતાં લોકો એની પૂંઠળપૂંઠળ ફરે છે. એટલે મેં એને બોલાવ્યો. જોયું તો એવો કદરૂપો કે વાત ન પૂછો. પણ થોડા સહવાસથી મને લાગ્યું કે એનામાં કાંઇક છે. થોડા મહિનામાં તો મને એનામાં વિશ્વાસ બેસી ગયો, ને મેં એને મારો વડો વજીર થવાનું કહ્યું. પણ એણે ના પાડી. કદાચ હું એને લાયક નહિ લાગ્યો હોઉં. છતાં મેં એને એ જગાએ નીમ્યો. તો થોડા વખતમાં એ મને છોડી જતો રહ્યો. તો આ કેવો માણસ ?

જવાબમાં કોન્ફ્યુશિયસે કહ્યું : 'એકવાર ચુ રાજયમાં મેં એક મરી ગયેલી ભૂંડણને ધાવતાં બચ્ચાં જોયાં. થોડી વાર પછી બચ્ચાંને ભાન થયું કે મા એમની સામે જોતી નથી ; એ પહેલાં જેવી મા નથી રહી એટલે એ એને છોડી જતાં રહ્યાં. મા એમને વહાલી હતી, પણ આ કયાં મા હતી ? આ તો માનું શરીર હતું , પણ જેનાથી એ શરીર મા બનતું હતું એ ચીજ ખૂટતી હતી. માણસનો પગ કપાઇ જાય પછી પગરખાંની એને કંઇ કિંમત ખરી ? શરીર સાજું તાજું ને અખંડ હોય તો એનું બધું મૂલ્ય છે. અખંડ શરીરનું આવડું મૂલ્ય તો જેનું ચારિત્ર અખંડ છે તેનું કેટલું મૂલ્ય ગણાય ? પેલો કદરૂપો કશું બોલ્યો નથી, છતાં બધાને તેના પર વિશ્વાસ છે. એણે કશું કર્યું નથી તોયે બધા એની પાછળ ફરે છે, ને એને રાજયની ધુરા સુદ્ધાં સોંપાય છે - સામેથી એ ના પાડે છે. સાચે જ, એ જ

સાચો બુદ્ધિશાળી ને સાચો ગુણિયલ હોવો જોઇએ. '

'એટલે ? '

કોન્ફ્યુશિયસે કહ્યું : 'જીવન અને મૃત્યુ, લાભ અને હાનિ, વિજય અને પરાજય, શ્રીમંતાઇ ને ગરીબાઇ, ગુણ ને અવગુણ, ભૂખ ને તરસ - આ કુદરતી છે. એ કયાંથી પેદા થઇ આવે છે તે કોઇ કહી શકે તેમ નથી. એટલે માણસે સદા સ્વસ્થ રહેવું જોઇએ. એવી રીતે જે રહે તે સાચો બુદ્ધિશાળી ! '

'અને સાચો ગુણિયલ કોણ ? '

'બહારથી ગુણનો દેખાવ ન કરે તે. પાણી જેમ અંદરથી ને બહારથી સ્થિર રહે છે તેમ જે સ્થિર રહે તે. '

દિવસો સુધી રાજાએ આ વિશે વિચાર કર્યો. પછી તેણે કહ્યું : 'ખરેખર, કોન્ફ્યુશિયસની આગળ હું રાજા નથી, એ મારો વજીર નથી. અમે મિત્રો છીએ. '

૪. લુ રાજ્યમાં વાંગ તાઇ કરીને એક માણસ હતો. એનો એક પગ કપાઇ ગયેલો હતો. એકવાર એક શિષ્યે કોન્ફ્યુશિયસને કહ્યું : 'આ વાંગ તાઇ ઊભા થઇને કે બેઠાંબેઠાંયે કોઇને કશો ઉપદેશ કરતો નથી, છતાં જે એની પાસે જાય છે તે ભરપૂર થઇને પાછો ફરે છે. એમ કેમ ? '

ત્યારે કોન્ફ્યુશિયસે કહ્યું : 'એનું મૌન વાણી છે. એ મૌનથી ઉપદેશ કરે છે, ને લોકોનાં ચિત્તને અસર કરે છે. એ સંત છે. '

શિષ્યે કહ્યું : 'લોકોનાં ટોળાં એની પાછળ ફરે છે એટલાં તો તમારી પાછળ નથી ફરતાં ! '

"હાસ્તો ! વહેતા પાણીમાં માણસ પોતાનું મોં જોઇ શકતો નથી, પણ સ્થિર પાણીમાં જોઇ શકે છે. જે પોતે શાંત સ્વસ્થ છે તે જ બીજામાં શાંતિ પ્રેરી શકે છે. "

૫. એકવાર એક લંગડો માણસ કોન્ફ્યુશિયસને મળવા આવ્યો. તેનો એક પગ અને બીજા પગનાં આંગળાં કપાઇ ગયાં હતાં. તેને જોઇ કોન્ફ્યુશિયસે કહ્યું : 'તારી જ બેદરકારીથી તારી આ દશા થઇ છે. હવે તું મારી પાસે શું કરવા આવ્યો છે ? '

ત્યારે એ આંગળાં વિનાનાએ કહ્યું : 'વાત ખરી છે. મારી જ મૂર્ખાઇથી હું અપંગ બન્યો છું. પણ પગ કરતાં વધારે કિંમતી ચીજ કેમ સચવાય એ જાણવા હું તમારી પાસે આવ્યો છું. આકાશનું છાપરું સૌને આશ્રય આપે છે, અને ધરતીની પીઠ સૌને ટેકો આપે છે. એટલે મેં ધાર્યું કે તમે પણ મને આશરો આપશો. '

આ સાંભળી કોન્ફ્યુશિયસ શરમાઇ ગયા. તેમણે તરત જ પોતાની ભૂલ કબૂલ કરી કહ્યું : 'અરે, હું કેવો મૂર્ખ છું ! મારી મૂર્ખાઇની મને ક્ષમા કર, ભાઇ !' આમ કહી તેમણે એને માનપૂર્વક પોતાના ઘરમાં બોલાવ્યો, ને તેની સાથે જ્ઞાનની વાતો કરી.

તેના ગયા પછી કોન્ફ્યુશિયસે પોતાના શિષ્યોને કહ્યું : 'આમાંથી ધડો લો. એને એક જ પગ છે, છતાં એ પોતાનાં દુષ્કર્મોનો પશ્ચાત્તાપ કરી જ્ઞાન મેળવવા માગે છે, તો પછી જેને દુષ્કર્મોનો પશ્ચાત્તાપ કરવાનો નથી તેણે તો કેવા જોરથી જ્ઞાન પાછળ મંડવું જોઇએ ?'

૬. એકવાર કોન્ફ્યુશિયસ ખૂબ બીમાર પડયા. શિષ્યોને લાગ્યું કે એ મરી જશે. શિષ્યોને કોન્ફ્યુશિયસ પર અપાર શ્રદ્ધા હતી. લોકો કોન્ફ્યુશિયસની નિંદા કરતા, પણ તેમના શિષ્યો કહેતા કે બીજા મહાનપુરુષો નાની ટેકરી જેવા છે, જેની ઉપર તમે ચડી જઇ શકો, પણ અમારા ગુરુ તો સૂર્યચંદ્ર જેવા છે, જેને તમે પહોંચી જ ન શકો ! આવા ગુરુની સ્મશાનયાત્રા રાજમહારાજાની પેઠે ભારે દબદબાથી કાઢવાનો શિષ્યોએ મનસૂબો કર્યો, ને એને ઘણા નોકરચાકરો છે એવું લોકોને દેખાડવા એમણે સૌએ નોકરોનો સાજ સજ્યો. બન્યું એવું કે કોન્ફ્યુશિયસની તબિયત સુધરવા માંડી. પહેલું જ કામ તેમણે શિષ્યોને ઠપકો આપવાનું કર્યું : તેમણે કહ્યું. 'હું કયાં રાજમહારાજા છું, ને મારા ઘરમાં કયાં નોકર છે કે તમે મારી પાછળ આવો દેખાવ કરતા હતા ! શું હું ઈશ્વરને છેતરવા માગું છું ? ' શિષ્યો શું બોલે ?

૭. એક માણસ સાવ નિરૂપયોગી જીવન જીવતો હતો. કોન્ફ્યુશિયસ એને ઉપદેશ દઇ દઇને થાકયા, પણ એની કશી અસર થતી નહોતી. એક વાર એને પોતાની સામે બેઠેલો જોઇ કોન્ફ્યુશિયસ એવા ઊકળી ગયા કે એમણે હાથમાં સોટી લીધી , ને કહ્યું : 'તું નાનો હતો ત્યારે ઉછાંછળો હતો. મોટો થયો ત્યારે તેં કશું કર્યું નહિ, અને હવે ઘડપણમાં તું જલદી જલદી મરતો નથી ! ' આમ કહી એમણે એને નેતર ફટકારી.

૮. એક રાજા હતો. લોકોને પીડીને એ ઘણું ધન ભેગું કરતો હતો. એના રાજ્યમાં ચોર લૂંટારાનો ઘણો ઉપદ્રવ હતો. તેથી તે કોન્ફ્યુશિયસની સલાહ લેવા આવ્યો. કોન્ફ્યુશિયસે કહ્યું : 'સલાહ સીધી ને સટ છે. તમે તમારો ધનનો લોભ છોડી દો, તો તમે ચોરી કરવા માટે ઇનામ આપશો તોયે કોઇ ચોરી કરશે નહિ ! '

કોન્ફ્યુશિયસનો એક શિષ્ય એ રાજાની નોકરી કરતો હતો , અને રોજ નવા નવા કરવેરા નાખી લોકોને લૂંટતો હતો, ને રાજાની તિજોરી ભરતો હતો. કોન્ફ્યુશિયસને આ વાતની ખબર પડી, ત્યારે તેમણે ખુલ્લેખુલ્લું જાહેર કર્યું કે એ મારો શિષ્ય નથી. તેમણે શિષ્યોને હુકમ કર્યો કે નગરમાં ઢંઢેરો પીટી આ વાત જાહેર કરો !

૯. એક વાર એક શિષ્યે પૂછ્યું : 'ગુરુજી, ગામના બધા લોકો એક માણસ પર વારી જતા હોય તો શું સમજવું ?' કોન્ફ્યુશિયસે કહ્યું : 'તો સમજવું કે કંઇક ખામી છે. '

'અને ગામના બધા લોકો એક માણસને નાપસંદ કરતા હોય તો ? '

'તો સમજવું કે કંઇક ખામી છે. ખરેખર તો એવું જોઇએ કે ગામના સારા માણસો એને પસંદ કરે અને ખરાબ માણસો એને નાપસંદ કરે. '

૧૦. કોન્ફ્યુશિયસ માનવભકત હતા. અંધ કે અપંગને જોઇ તેઓ તરત જ ઊભા થઇ તેને માન આપતા. પહેલો માણસ, પછી બીજું બધું. એક વાર એક ઘોડાના તબેલામાં આગ લાગી. કોન્ફ્યુ-

શિયસ તે વખતે કચેરીમાં હતા. કચેરીમાંથી આવ્યા પછી તેમને આગની ખબર પડી. તેમણે પહેલું જ પૂછ્યું : 'કોઇ માણસને ઇજા નથી થઇને ? ' ઘોડાઓ વિશે તેમણે ન પૂછ્યું.

એક વાર એક શિષ્યે કોન્ફ્યુશિયસને પૂછ્યું કે આપણે દિવ્યાત્માઓની ઉપાસના કેવી રીતે કરવી ?' જવાબમાં કોન્ફ્યુશિયસે કહ્યું: 'અરે ભાઇ, માણસ જે હાજરાહજૂર છે તેની ઉપાસના કેવી રીતે કરવી એ હજી આપણે જાણતા નથી, અને દિવ્યાત્માની ઉપાસનાનું કેવી રીતે જાણવાનું ? '

ત્યારે બીજા શિષ્યે સવાલ પૂછ્યો : 'ગુરુદેવ, મૃત્યુ શું છે ? '

કોન્ફ્યુશિયસે કહ્યું : 'જીવવું શું છે એ હજી આપણે જાણતા નથી તો મૃત્યુ વિશે શું જાણવાના? માણસને કેમ ઉપયોગી થવું એ તો હજી આપણે જાણતા નથી !'

૧૧. એકવાર એક શિષ્યે કહ્યું : 'કોઇ માણસ માનવનું ભલું કરવા મથતો હોય ને લોકોને મદદ કરતો હોય તો એને તમે સાચો માણસ કહેશો ? '

કોન્ફ્યુશિયસે કહ્યું : 'હું એવા માણસને કેવળ સાચો માણસ નહિ, સંત કહીશ. ' મોટા મહારાજા કરતાંયે એ ચડિયાતો છે.

ત્યારે કોઇકે અમુક અમુક માણસોનાં નામ દઇ કહ્યું : '- - - સાચો માણસ કહેવાય ખરો ?' કોન્ફ્યુશિયસે કહ્યું : 'શી ખબર !'

પણ શિષ્યને તો સ્પષ્ટ જવાબ જોઇતો હતો, એટલે તેણે ફરી એનો એ પ્રશ્ન કર્યો, ત્યારે કોન્ફ્યુશિયસે કહ્યું : 'તમે એને આખા રાજ્યનો ખજાનચી બનાવી શકો, પણ હું એને સાચો માણસ નહિ કહું ! '

'અને, ... વિશે તમે શું કહો છો ? '

'તમે એને મોટા શહેરનો સૂબો બનાવી શકો, પણ હું એને સાચો માણસ નહિ કહું ! '

'અને ... ફલાણાને ? '

'તમે એને ભપકાબંધ પોશાક પહેરાવી દરબારી બનાવી શકો , પણ હું એને સાચો માણસ નહિ કહું. '

પછી કોન્ફ્યુશિયસે કહ્યું : 'જે સાચો માણસ નથી તે ગરીબાઇ સામે ટકી નહિ શકે, કે સમૃદ્ધિની સાથે લાંબું ટકી નહિ શકે. સાચો માણસ જ લોકોને ચાહી જાણે છે ને ફિટકારી જાણે છે. ડાહ્યા માણસને વિમાસણ હોતી નથી, સાચા માણસને સંતાપ હોતો નથી અને વીર પુરુષને ભય હોતો નથી. સાચો માણસ વાતોમાં ધીમો હોય હોય છે, કારણ કે બોલવા કરતાં કરવું અઘરું હોય છે, તેથી એ બોલવામાં ઉતાવળો થઇ શકતો નથી.

૧૨. શ્રેષ્ઠ કોણ ને કનિષ્ઠ કોણ તે કોન્ફ્યુશિયસે બહુ સ્પષ્ટ શબ્દોમાં બતાવ્યું છે. તેમણે કહ્યું છે : 'શ્રેષ્ઠ માણસ શું સાચું છે તે તે સમજે છે, કનિષ્ઠ માણસ શેના ભાવ આવશે તે જાણે છે. શ્રેષ્ઠ માણસ પોતાના આત્માને ચાહે છે, કનિષ્ઠ પોતાની મિલકતને ચાહે છે. શ્રેષ્ઠ માણસ પોતાની ભૂલોની કેવી સજા થઇ હતી તે કદી ભૂલતો નથી, કનિષ્ઠ પોતાને કેવી બક્ષિસ મળેલી તે કદી ભૂલતો નથી. શ્રેષ્ઠ માણસ પોતાનો દોષ કાઢે છે, કનિષ્ઠ બીજાનો દોષ કાઢે છે. શ્રેષ્ઠ માણસ અભિપ્રાયોને માન આપે છે, પણ તેની સાથે સંપૂર્ણ સંમત થતો નથી, કનિષ્ઠ બીજાના અભિપ્રાયોની સાથે સંપૂર્ણ સંમત થાય છે, પણ તેને જરીકે માન આપતો નથી.'

'સજ્જનની સેવા કરવી સહેલી હોય છે, પણ તેને પ્રસન્ન કરવાનું અઘરું હોય છે. કારણ કે અધર્મને રસ્તે પ્રસન્ન થવાની એ ના પાડે છે. બીજા માણસોની સેવા કરવી અઘરી હોય છે, પણ એમને ખુશ કરવાનું સહેલું હોય છે, કોઇ પણ રસ્તે તેઓ ખુશ થતા હોય છે. પોતાનાં કાર્યો કરતા વાણી આગળ ન વધી જાય તેની તેઓ કાળજી રાખે છે.'

૧૩. એક વાર કોન્ફ્યુશિયસ શિષ્યો સાથે કરતા હતા - ઘણાદિવસ સુધી તેમને કંઇ ખાવાનું મળ્યું નહિ. તેથી કેટલાક શિષ્યો માંદા પડ્યા, ને પથારીવશ થયા, એ જોઇ એક જણે મશ્કરી કરી : 'શ્રેષ્ઠ માણસ પણ મુસીબતમાં પડે છે શું ? ' કોન્ફ્યુશિયસે કહ્યું : 'હા, શ્રેષ્ઠ માણસ પણ કોઇ વાર મુસીબતમાં પડે છે; પણ કનિષ્ઠ માણસ મુસીબતમાં આવી પડે છે ત્યારે ગમે તે કરવા તૈયાર થઇ જાય છે: તેમ એ થતો નથી. '

કોઇકે પૂછ્યું : 'શ્રેષ્ઠ માણસ કોઇને ધિક્કારે ખરો ? '

'હા, જેઓ બીજાઓની ટીકા કરે છે, બીજાઓ પર જાસૂસી કરે છે, પ્રામાણિકતાનો ઢોંગ કરે છે, પોતાને ખૂબ ચતુર માને છે, અને જેઓ સાંકડા મનના છે તેમને તેઓ ધિક્કારે છે.'

૧૪. એક વાર એક રાજાએ કોન્ફ્યુશિયસને કહ્યું: 'ભૂંડા માણસોની હું કતલ કરી નાખું તો કેવું ? ' કોન્ફ્યુશિયસે કહ્યું : 'રાજાએ લોકોની કતલ શું કરવા કરવી પડે ? તમને જો સજ્જનતા પ્રિય હશે તો લોકો પણ સજ્જન થશે. રાજાનું ચારિત્ર્ય પવન જેવું છે ને લોકોનું ઘાસ જેવું છે. ઘાસ પવનની દિશાએ નમવાનું જ. જો રાજા પોતે સાચને જ અનુસરશે તો વગર શાસને લોકો પર તેની અસર થશે, પણ જો રાજા સાચને નહિ અનુસરતો હોય તો એના બધા હુકમો નિષ્ફળ જશે. રાજા જો પોતાની વર્તણૂક સુધારે તો રાજ્ય કરવું સહેલું છે, પણ જો પોતાની વર્તણૂક સુધારવા એ તૈયાર ન હોય તો બીજાઓને એ કેવી રીતે સુધારવાનો ?

૧૫. પોતાનો એક શિષ્ય ગુજરી ગયો ત્યારે કોન્ફ્યુશિયસ ખૂબ રડ્યા. એ જોઇ એમના શિષ્યોએ કહ્યું : 'તમે તો એકદમ વિહ્વળ બની ગયા ! ' ત્યારે કોન્ફ્યુશિયસે કહ્યું : 'આવા માણસના મૃત્યુથી જો હું વિહ્વળ ન બનું તો પછી ક્યારે બનવાનો? કોઇનું પણ મરણ થયું હોય તો તેમના પર તેની અસર થતી. તે દિવસે તેમને ખાવાનું ભાવતું નહિ, ને તેઓ ગાઇ શકતા નહિ.'

૧૬. કોન્ફ્યુશિયસના એક દીકરાને કોઇકે પૂછ્યું કે તારા બાપે તને કંઇ ખાસ શિક્ષણ આપ્યું છે ખરું ?

છોકરાએ કહ્યું : 'ના, એક દિવસ તેઓ ઊભા હતા, ને હું ત્યાં થઇને દોડતો જતો હતો, ત્યારે તેમણે મને ઊભો રાખી પૂછ્યું: 'તું કવિતા શીખ્યો ?' મેં કહ્યું : 'ના ! ' ત્યારે તેમણે કહ્યું : 'જો તું

કવિતા નહિ શીખે તો તારી ભાષા સુસંસ્કૃત નહિ બને !' એટલે હું કવિતા શીખ્યો. બીજી વખત એ ઊભા હતા, ને હું ત્યાં થઈને જતો હતો, ત્યારે તેમણે પૂછ્યું : 'તું શાસ્ત્રો શીખ્યો ?' મેં કહ્યું : 'ના !' તેમણે કહ્યું : 'શાસ્ત્રો નહિ શીખે તો તારું જીવન તું ઘડશે કેવી રીતે ?' બસ, પછી હું શાસ્ત્રો શીખ્યો.

આ સાંભળી પ્રશ્ન પૂછનારે કહ્યું : 'ખરેખર, ગુરુજીએ પોતાના પુત્રમાં અને બીજા શિષ્યોમાં કંઈ જ ભેદભાવ ગણ્યો નથી.'

૧૭. કોન્ફ્યુશિયસ વિદ્યાના પુરસ્કર્તા હતા. તેઓ કહેતા કે પ્રાચીન કાળમાં માણસ આત્મસુધારણા માટે ભણતો, આજે બીજા-પર છાપ પાડવા ભણે છે.'

એકવાર તેમણે એક શિષ્યને પૂછ્યું. 'દોષ વિશેનાં છ વચનોની તને ખબર છે ?'

પેલાએ કહ્યું 'ના !'

'તો સાંભળ, તને હું કહું. પહેલું તો એ કે જે માણસમાં દયા-માયા હોય, પણ વિદ્યાપ્રેમ ન હોય તો એનામાં એક દોષ આવશે--અજ્ઞાન ! બીજું એ કે માણસને ડહાપણ ગમતું હોય, પણ તેનામાં વિદ્યાપ્રેમ ન હોય તો એનામાં બીજો દોષ આવશે-તરંગી વિચારો! ત્રીજું એ કે માણસમાં પ્રમાણિકતા હોય, પણ વિદ્યા પ્રેમ ન હોય તો એનામાં ત્રીજો દોષ આવશે - ઊંધુચતું કરવાનો! ચોથું એ કે માણસને સાદાઈ ગમતી હોય, પણ વિદ્યાપ્રેમ નહોય તો એનામાં ચોથો દોષ આવશે - ચીલાચાલુ પણું ! પાંચમું એ કે માણસમાં હિંમત હોય, પણ વિદ્યાપ્રેમ ન હોય તો એનામાં પાંચમો દોષ આવશે - હિંસા, અને ઉછાંછળાપણું ! છઠ્ઠું એ કે માણસ ચરિત્રશીલ હોય, પણ એનામાં વિદ્યાપ્રેમ ન હોય તો એનામાં છોઠ્ઠો દોષ આવશે-અહંકાર!

આટલું કહ્યા પછી તેમણે કહ્યું : 'જ્ઞાન એટલે શું તે જાણવું છે ? જ્યારે તું કંઈ જાણે ત્યારે તું એ જાણે છે એ જાણવું અને જ્યારે તું કંઈ ન જાણે ત્યારે તું એ જાણતો નથી એમ જાણવું એનું નામ જ્ઞાન !'

૧૮. કોન્ફ્યુશિયસ કવિતાના શોખીન હતા. એક વાર કોઈકે પૂછ્યું કે તમને કઈ કવિતા સૌથી વધારે ગમી?' ત્યારે તેમણે કહ્યું: કવિતા નહિ, કવિતાની કડી ! આમ કહી એમણે એ કડી ગાઈ સંભળાવી 'કોઈનું ભૂંડું તાકતો નહિ !'

૧૯. કોન્ફ્યુસિયસ શિષ્યોને લઈને ફરતા હતા તેવામાં કોઈ એક ગામમાં મૂછનો દોરોયે ફૂટેલો નથી એવો એક જુવાન છોકરો એમનો શિષ્ય થવા આવ્યો. બીજા શિષ્યોને બીક લાગી કે આવડો નાનો છોકરો ઉપદેશ સમજી નહિ શકે ને ગુરુજીની ખાલી વગોવણી થશે, એટલે તેને અંદર પેસતાં રોક્યો. ત્યારે કોન્ફ્યુશિયસે કહ્યું : 'એને અંદર આવવા દો, આપણે બહુ ચોખલિયા થવાની જરૂર નથી. જો કોઈ સ્નાન, ઉપવાસ કરીને આપણી પાસે આવતું હોય તો ભલે આવે, આપણે એનો સ્વીકાર કરીએ છીએ. આપણી પાસેથી ગયા પછી એ શું કરે છે એ જોવાનું છે.

૨૦. એક વાર એક રાજ્યના વજીરે કોન્ફ્યુશિયસના શિષ્યોને કહ્યું : 'તમારા ગુરુ દૈવી પુરુષ છે, તો તેમનામાં આટલું બધું વ્યવહારૂ ડહાપણ કયાંથી ?

શિષ્યોએ કહ્યું : 'અમારા ગુરુ દૈવી પુરુષ છે અને વ્યવહારુ સિદ્ધ પુરુષ પણ છે.'

કોન્ફ્યુશિયસે એ સાંભળી કહ્યું : 'વજીરની વાત સાચી છે. નાનપણમાં હું બહુ ગરીબ ઘરમાં ઊછર્યો છું. તેથી સાદી રોજીંદી બાબતોમાં હું વ્યવહારૂ બની શકું છું. ખાનદાન ઘરના નબીરાને આટલી બધી વ્યવહારૂ સિદ્ધિઓ શોભે ખરી ? એને એની જરૂર પણ શી?'

૨૧. કોન્ફ્યુશિયસ જુવાનોને ખૂબ માન આપતા. તેઓ કહેતા કે જુવાનોને માન આપો. કારણ કે તેઓ મોટા થઈને મહાન નહિ થાય તેની શી ખાતરી ? માણસ ચાલીસ વર્ષનો થાય, પચાસ વર્ષનો થાય, ને એની કીર્તિ ક્યાંય સંભળાય નહિ, તો હું કહીશ કે એ માનને લાયક નથી.

૨૨. એક વાર એક શિષ્યે કહ્યું: 'શી અને શિંગ માં ચડિયાતું કોણ ?'

કોન્ફ્યુશિયસે કહ્યું : 'શી ખૂબ જ આગળ વધી જાય છે અને શિંગ જોઈએ એટલો આગળ વધતો નથી !'

'ત્યારે તો શી ચડિયાતો ગણાય !'

કોન્ફ્યુસિયસે કહ્યું: 'ખૂબ આગળ વધી જવું એ જોઈએ એટલા આગળ નહિ વધવા જેટલું જ ખરાબ છે !'

૨૩. એકવાર કોઈકે કોન્ફ્યુશિયસને પ્રાર્થના કરી : 'મને કંઈ ઉપદેશ કરો !' કોન્ફ્યુશિયસે કહ્યું : 'સાંભળ, રસ્તામાં સાંભળેલી વાત ગલીમાં જઈને કરવી નહિ !'

૨૪. યુ અને ચ્યુ બંને પ્રધાનો હતા. એક વાર યુએ પૂછ્યું. 'ગુરુજી, કોઈ સૂત્ર સાંભળ્યા પછી તરત જ એને અમલમાં મૂકવું કે નહિ ?'

કોન્ફ્યુશિયસે કહ્યું : 'તારા બાપ ને મોટા ભાઈ હજી જીવતા છે !'

એવો જ પ્રશ્ન ચ્યુએ કર્યો : 'ગુરુજી, કોઈ સૂત્ર સાંભળ્યા પછી તરત તેનો અમલ કરવો કે નહિ ?' કોન્ફ્યુશિયસે કહ્યું : 'તરત જ કરવો.'

એક ત્રીજો શિષ્ય આ બંને પ્રસંગે હાજર હતો. ગુરુના આ ઉત્તરથી તે મૂંઝાયો. તેણે હિંમત કરી ગુરુને જ પૂછી નાખ્યું: 'આમ કેમ ? એકને ના ને બીજાને હા ?'

કોન્ફ્યુશિયસે કહ્યું : 'યુ ધર્મપાલનનો ઝનૂની છે, તેથી મેં તેના ઝનૂનને રોકવાનું કર્યું અને ચ્યુ મંદ છે તેથી મેં તેને આગળ વધવા કહ્યું.'

એક શિષ્ય ઊંચોનીચો થતો હતો. કોન્ફ્યુશિયસે તેને કહ્યું : 'તારે કંઈ પૂછવું છે ?' ત્યારે એ શિષ્યે પૂછ્યું : 'આ યુ અને ચ્યુને મોટા પ્રધાનો કહી શકાય ?'

કોન્ફ્યુશિયસે કહ્યું : 'પૂછી પૂછીને તેં આ પૂછ્યું.' જે ઈશ્વરની

વિરૂદ્ધ ગયા વગર પોતાના રાજવીની સેવા બજાવી શકે અને તેમ કરવું અશક્ય જણાય તો રાજીનામું આપી દે તેને જ હું મોટો પ્રધાન કહું. યુ અને હું એવા ગણતો નથી.'

'તો શું તમે એમ ધારો છો કે તેઓ ઊંધું ઘાલીને રાજા જે કહે તે કરનારા છે ?'

'ના, રાજા તેમના બાપનું માથું કાપી નાખવાનો હુકમ કરે તો તેઓ એ નહિ માને !'

૨૫. એક વાર એક શિષ્યે નિસાસો નાખી કહ્યું : 'બધાને ભાઈ-ઓ છે, મારે કોઈ નથી. હું એકલો છું.' તેને જવાબ મળ્યો : 'માણસ પોતાનું કામ લગનથી કરે, આળસમાં વખત કાઢે નહિ અને બીજાઓ તરફ સ્નેહથી વર્તે તો આખી દુનિયામાં બધે તેને ભાઈઓ જ ભાઈઓ છે, પોતે ભાઈ વગરનો છે એવું કોઈ સજ્જન કહી જ કેમ શકે ?'

૨૬. એકવાર એક શિષ્યે કહ્યું : 'ગુરુની સાથે કદી હોડમાં ઉતરાય ખરું ?'

કોન્ફ્યુશિયસે કહ્યું : 'હા, સદાચારની બાબતમાં હોડમાં ઊતરવું જ.'

૨૭. કોઈકે કહ્યું : 'સજ્જનને વળી ચિંતા શું ?'

કોન્ફ્યુશિયસે કહ્યું : 'સજ્જનને એક નહિ, નવ ચિંતા હોય છે. જોતી વખતે એણે સ્પષ્ટ જોવું પડે છે, સાંભળતી વખતે સ્પષ્ટ સાંભળવું પડે છે; દેખાવે માયાળુ, વર્તાવમાં વિનયી, વાણીમાં વફાદાર અને કામમાં ઉત્સાહી રહેવું પડે છે; ન સમજાતી વાત પૂછીને જાણી લેવાની ચિંતા, ગુસ્સાના પ્રસંગે તેના પરિણામની ચિંતા, અને લાભનો અવસર હોય ત્યારે સન્માર્ગનું જ દ્રવ્ય કમા-વાની ચિંતા ! આ ચિંતાઓ ઓછી છે, કહે ! સજ્જનની સેવા કરવાનો પ્રસંગ આવે તો ત્રણ ભૂલ કરવી નહિ - ધૃષ્ટ બનવું નહિ, એટલે કે બોલવાનું કહેવામાં ન આવે ત્યાં લગી બોલવું નહિ. મીંઢા બનવું નહિ, એટલે કે બોલવાનું કહેવામાં આવે ત્યારે મૂંગા રહેવું નહિ, અને ત્રીજું આંધળા થવું નહિ, એટલે કે શેઠના મોંનો ભાવ જોયા પછી જ બોલવું.

૨૮. એક વાર બે છોકરાઓ વચ્ચે વાદ થઈ ગયો. એક કહે કે સૂરજ સવારે ધરતીની નજીક હોય છે, અને બીજો કહે કે બપોરે ! ઝઘડાનો કંઈ અંત ન આવ્યો, ત્યારે બંને કોન્ફ્યુશિયસની પાસે ગયા, ને તેમની પાસે તેમના વિવાદનો ઉત્તર માગ્યો. કોન્ફ્યુશિયસે કહ્યું : 'તમારી વાતના સમર્થનમાં તમારે શું કહેવાનું છે એ કહો !' ત્યારે એક છોકરાએ કહ્યું : 'સવારે સૂરજ મોટો દેખાય છે કે નહિ ?



બસ, તે પરથી સાબિત થાય છે કે સૂરજ સવારે પૃથ્વીની નજીક હોય છે, કારણ કે વસ્તુ નજીક હોય ત્યારે મોટી દેખાય છે. પછી બીજા છોકરાએ કહ્યું ખોટી વાત! હું કહું છું કે બપોરે સૂરજ વધારે નજીક હોય છે. એથી તો બપોરે એનો તાપ વધારે લાગે છે! જે નજીક હોય તે વધારે દઝાડે એ કોણ નથી જાણતું ?'

છોકરાઓના આ પ્રશ્નથી કોન્ફ્યુશિયસ વિચારમાં પડી ગયા. તેઓ તેનો કંઇ જવાબ દઇ શકયા નહિ, ત્યારે છોકરાઓ કહે: 'અમે તો સમજતા હતા કે તમે મહા વિદ્વાન છો, બધું જાણો છો, પણ તમે તો આટલું યે જાણતા નથી!'

કોન્ફ્યુશિયસે કહ્યું : 'તમારી વાત ખરી છે, ભાઇ! હું જાણું છું કે હું જેટલું જાણું છું તેના કરતાં ઘણું વધારે નથી જાણતો!' પછી તેમણે છોકરાઓને વહાલથી કહ્યું : 'સૂર્ય ચંદ્રનો વિચાર કરજો, પણ એના કરતાંયે વધારે મહત્ત્વની એક વાત મારે તમને કરવાની છે. બીજાઓ તમારી સાથે જે રીતે વર્તે નહિ એવું તમે ઇચ્છતા હો તે રીતે તેમના પ્રત્યે વર્તતા નહિ!' આમ કહી એમણે છોકરાઓને પ્રેમથી થાબડયા.

વિદ્વાનો કોન્ફ્યુશિયસના આ છેલ્લા વાકયને એમના આખાયે ઉપદેશનો સાર ગણે છે.

# ૩૧

# જ્ઞાનવૃક્ષનું ફળ

ઈશ્વરે કહ્યું : 'પ્રકાશ થાઓ !' અને પ્રકાશ પેદા થયો.

પછી ઈશ્વરે માટીમાંથી માનવી બનાવ્યો, અને તેનાં નસકોરાંમાં પ્રાણ ફૂંક્યો અને માણસ જીવતોજીવ બની ગયો. ઈશ્વરે એનું નામ આદમ પાડયું. મનુષ્યજાતિનો એ આદિપુરુષ - બાવા આદમ !

પછી ઈશ્વરે એક સ્વર્ગીય બગીચો પેદા કર્યો. તેનું નામ ઇદનનો બાગ, બાગમાં ભાતભાતનાં ઝાડ હતાં અને તેના પર સુંદર ફળ બેઠેલાં હતાં. તેમાં એક જીવનવૃક્ષ હતું. તેને જ્ઞાનવૃક્ષ પણ કહે છે.

ઈશ્વરે માણસને એ બાગમાં મૂક્યો ને કહ્યું : 'તારે અહીં રહેવાનું, ને આ બાગને સાચવવાનો. મન થાય તો બગીચાનાં ફળ ખાજે ને આનંદ કરજે. પણ ખબરદાર! બગીચાની વચમાં ઊભેલા પેલા જ્ઞાનવૃક્ષનું ફળ ખાતો નહિ ; નહિ તો તું મરી જશે.'

માણસે કહ્યું : 'જેવી આજ્ઞા ! '

પછી ઈશ્વરે ભાતભાતનાં પશુપંખીઓ સરજ્યાં. કોઇ જમીન પર ફરે, કોઇ પાણીમાં તરે, તો કોઇ આકાશમાં ઊડે. આદમે એ પ્રાણીઓનાં નામ પાડયાં, અને એ નામે એ પ્રાણીઓ ઓળખાયાં.

પછી ઈશ્વરને થયું કે માણસ બાપડો એકલો છે, એને કોઇ યોગ્ય સાથીદાર હોય તો સારું. એટલે એમણે એવું કર્યું કે એક વાર આદમ ઊંઘતો હતો, તેવામાં તેમણે તેની છાતીમાંથી એક પાંસળી કાઢી લીધી, ને એ પાંસળીમાંથી તેમણે એક સ્ત્રી પેદા કરી. આદમને એ સ્ત્રી આપીને તેમણે કહ્યું : 'આ તારા અંગનું અંગ છે, તારા પ્રાણનો પ્રાણ છે, તારી અર્ધાંગના છે.'

એ સ્ત્રી તે હવા.

આદમ ને હવા બંને નગ્ન હતાં , પણ નગ્નતાની તેમને શરમ નહોતી, કેમકે તેમને તેની ખબર નહોતી.

બગીચાનાં પ્રાણીઓમાં એક સર્પ હતો. એક વાર એ સર્પે હવાને કહ્યું : 'હેં બગીચાના કોઇ પણ ઝાડનું ફળ ખાવાની ઈશ્વરે તમને મનાઇ કરી છે ? '

હવાએ કહ્યું : 'ના, અમને બધાં ઝાડનાં ફળ ખાવાની છૂટ છે, માત્ર બગીચાની વચ્ચોવચ્ચ પેલું ઊગેલું છે તે - શું નામ એનું ? - -પેલું જ્ઞાનવૃક્ષ ! તેનું ફળ ખાવાની મનાઇ છે ! '

'ખાઓ તો શું થાય ? '

'ઈશ્વરે કહ્યું છે કે એનું ફળ ખાશો તો - અરે, એને હાથ અડકાડતાં તમે મરી જશો ! '

એ સાંભળી સર્પ જોરથી હસી પડયો. તે બોલ્યો : 'નહિ મરી જાઓ !'

'તો શું ઈશ્વરે ખોટું કહ્યું ? '

'ખોટું જ તો' ખરી વાત એ છે કે આ ઝાડનું ફળ ખાતાં જ તમારી આંખો ઊઘડી જશે, ને તમે નથી દેખતા એ દેખતા થશો , જે નથી જાણતા તે જાણતા થશો. સાચું ખોટું પારખવાની તમારામાં શકિત આવશે ને તમે દેવદેવતા જેવા બની જશો ! '

આ સાંભળી સ્ત્રીનું મન લોભાયું. તે બીતાં બીતાં ઝાડ પાસે ગઇ. તેણે ધીરેથી ઝાડને હાથ અડકાડયો, કંઇ થયું નહિ ! પછી ઝાડના ફળને હાથ અડકાડયો, કાંઇ થયું નહિ, પછી ફળને ચૂંટયું, કાંઇ થયું નહિ ! તે બોલી : 'હે, સર્પની વાત સાચી લાગે છે ! અડકવાથી કાંઇ થયું નહિ તો હવે ખાવાથી શું થવાનું છે ? ફળ કેવું મજાનું છે ! જેવું દેખાય છે તેવું જ મીઠું હશે !'

ફળ લઇને એ એના પતિની પાસે ગઇ. તેને પણ સર્પની વાત સાચી લાગી. અને બંને જણે આનંદથી જ્ઞાનવૃક્ષનું એ ફળ ખાધું.

સર્પે કહ્યું હતું તેવું જ થયું. તેમની આંખો ઊઘડી ગઇ. તેમની આંખો નહોતી દેખતી તે દેખતી થઇ. હવે તેમને ખબર પડી કે અમે તો નગ્ન છીએ, એટલે અંજીરનાં પાંદડાં ગૂંથી લુગડું બનાવી તેમણે પોતપોતાનું અંગ ઢાંકયું.

મંદમંદ સમીર વાતો હતો, ને ઈશ્વર બાગમાં ટહેલવા નીકળ્યા હતા. ત્યાં એમનાં પગલાંનો અવાજ સાંભળી, તેમની નજરે ન પડી જવાય એટલા માટે આદમ અને હવા બંને નાઠાં ને બાગનાં ઝાડ પાછળ સંતાઇ ગયાં.

એ જોઇ ઈશ્વરે બૂમ મારી : 'એ . . ઇ આદમ, તું કયાં છે ? '

આદમે ઝાડ પાછળથી કહ્યું : 'તારી સમક્ષ પ્રગટ થતાં મને શરમ આવે છે, હું નાગો છું. '

ત્યારે ઇશ્વરે કહ્યું : 'કોણે કહ્યું તને કે તું નાગો છે ? તને એ વાતની કેમ ખબર પડી ? '

'હવે મારી આંખો ઊઘડી ગઇ છે. ' આદમે કહ્યું.

ઈશ્વરે કહ્યું : 'મના કરેલ જ્ઞાનવૃક્ષનું ફળ તેં ખાધું લાગે છે ! '

ત્યારે આદમે કહ્યું : 'તેં મને હવા આપી, હવાએ મને એ વૃક્ષનું ફળ આપ્યું, ને મેં ખાધું ! '



ઈશ્વરે હવાને ઠપકો આપ્યો, ત્યારે હવાએ કહ્યું કે મને સર્પે ફળ ખાવા લલચાવી.

ત્યારે ઈશ્વરે સર્પને શાપ દીધો : 'આજથી માણસ તારો દુશ્મન અને તું માણસનો દુશ્મન ! આજથી તું ધરતી પર પેટ ઘસડતો ચાલજે ને ધૂળ ફાકીને રહેજે !'

પછી હવાને ઈશ્વરે કહ્યું : 'તેં પતિને લલચાવ્યો, એટલે હવે તારા પર તારા પતિની આજ્ઞા ચાલશે !'

અને આદમને તેમણે કહ્યું : 'લોભમાં પડી તું અણહકનું ખાવા-ગયો એટલે હવે પરસેવો પાડીને તારી રોટી તારે કમાવી પડશે. તું માટી છે, માટીમાંથી પેદા થયો છે, ને પાછો માટીમાં જ મળી જશે.'

આમ કહી ઈશ્વરે આદમ - હવાને સ્વર્ગમાંથી પૃથ્વી પર ધકેલી દીધાં.

# ૩૨

# રેબેકા

ચારેક હજાર વર્ષ પહેલાં યહૂદીઓના દેવ યહવેહે પોતાના એક ભકત અબ્રાહમને પોતાના માણસોને લઇ મેસોપોટેમિયાનું મૂળ વતન છોડી યુફ્રેટિસ નદીને સામે કિનારે આવેલા કનાનમાં જઇને વસવાની આજ્ઞા કરી. અબ્રાહમ ત્યાં જઇને વસ્યા.

અબ્રાહમની પત્ની સારાએ મોટી વયે એક પુત્રને જન્મ આપ્યો. એ પુત્રનું નામ ઇસાક. ઇસાક સુખી વયનો થયો તે પહેલાં તેની માતાનું મરણ થયું, એટલે અબ્રાહમે પુત્રને પરણાવવાનો વિચાર કર્યો. પણ તેનો વિચાર કનાનની કન્યા લેવાનો નહોતો. તેને તો મેસોપોટેમિયાના પોતાના મૂળ વતનમાંથી કન્યા મેળવવી હતી. એટલે તેણે પોતાના એક વિશ્વાસુ નોકરને બોલાવી કહ્યું : 'મેસોપોટેમિયા જઇ મારા દીકરા માટે તું યોગ્ય કન્યા શોધી લાવ !'

નોકરે કહ્યું : 'પણ કન્યા આટલે દૂર આવવાની ના કહેશે તો ? તો ઇસાક ત્યાં જઇ રહેશે ? '

'ના, યહવેહે આ પ્રદેશમાં જ રહેવાની મને આજ્ઞા કરી છે. તેણે આ પ્રદેશ અમને આપેલો છે, ઈશ્વરનો એ કોલ છે, એટલે કન્યા જ ત્યાંથી અહીં આવશે.'

દશ ઊંટપર સામાન લાદી બીજા નોકરોને લઈને વડો નોકર શેઠના દીકરા માટે કન્યા શોધવા મેસોપોટેમિયા ગયો. ફરતો ફરતો તે એક ગામમાં આવી પહોંચ્યો અને ગામની ભાગોળે એક કૂવો હતો, તેની નજીક એક ઝાડ હેઠળ એણે મુકામ કર્યો.



સાંજનો સમય હતો. એટલામાં એક કન્યા ખભા પર ઘડો લઈને કૂવે પાણી ભરવા આવી. ઘડો ભરી તે પાછી ફરવા જતી હતી ત્યાં અબ્રાહમના નોકરે તેની પાસે જઈ કહ્યું : 'બહેન , મને પાણી પાશે ? '

કન્યાનું નામ રેબેકા. એણે હસીને કહ્યું : 'અજાણ્યા અતિથિનો જલપાનથી સત્કાર કરવો એ તો અમારી ફરજ છે. તમે કોઈ પર-દેશી લાગો છો ! '

'હા, દૂર કનાનથી આવું છું. '

રેબેકા તેને પાણી પાતાં પાતાં બોલી : ' તમારી સાથે બીજા માણસોયે છે. તો તેમને યે બોલાવોને ! એય બધા તરસ્યા થયા હશે.'

નોકરે કહ્યું : 'તું કેટલાને પાણી પાશે ? થાકી જશે ! '

હસીને રેબેકાએ કહ્યું : 'અતિથિની સેવામાં વળી થાકવાનું કેવું ? '

આમ કરી એણે કૂવામાં ઘડો નાખ્યો, ને વળી પાણી ખેંચતાં બોલી : 'પેલાં ઊંટ છે તેય તમારાં જ હશે. એય તરસ્યાં થયાં હશે. બાપડાં મૂગાં પ્રાણીઓ કંઈ બોલે છે ! '

'તું શું એ બધાં ઊંટનેયે પાણી પાશે ? '

'શા સારુ નહિ ? થોડા ઘડા પાણી ખેંચતાં હું કંઈ મરી જવાની નથી. '

અને પછી તો એણે કેટલાયે ઘડા પાણી ખેંચ્યું, ને તમામ માણસો-ને તથા ઊંટને પાણી પાયું.

નોકરના મનમાં ખૂબ સંતોષ થયો. તે બોલ્યો : 'ખરેખર , આ જ લાયક કન્યા છે ! '

એટલે એણે વિનયપૂર્વક એનાં અને એનાં માબાપનાં નામઠામ પૂછ્યાં, ત્યારે એને માલમ પડ્યું કે અબ્રાહમનો એક ભાઈ મેસો-પોટેમિયામાં રહ્યો હતો તેની એ દીકરી હતી.

પછી નોકરે રેબેકાને પૂછ્યું : 'તેં તો અમારો અતિથિસત્કાર કર્યો, પણ તારા બાપને ઘેર અમને પડી રહેવાની જગા મળે ખરી? '

'પડી રહેવાની શા સારું ? આરામથી રહેવાની જગા મળશે. મારા બાપના ઘરમાં અનાજ પાણીની કે ઘાસચારાની ખોટ નથી. તમારા બધાયે માણસોને તથા ઊંટને લઈને ખુશીથી ત્યાં પધારો !'

'તને કોઈ વઢશે તો ? '

'અતિથિસત્કાર માટે કોઈ વઢે ખરું ? ' હું હમણાં જ ઘેર જઈને મારા ભાઈને અહીં મોકલું છું. ' રેબેકાએ કહ્યું.

ઘેર જઈ રેબેકાએ પોતાનાં માબાપને અને ભાઈને આ પરદેશી મહેમાનોની વાત કરી. તરત જ રેબેકાનો ભાઈ દોડતો આવ્યો , ને ખૂબ આગ્રહ કરીને સૌને પોતાને ઘેર તેડી ગયો. એમને સારો ઉતારો આપ્યો, ને પગ ધોવાને પાણી આપ્યું.

પછી ભોજનની હાકલ થઈ. પણ અબ્રાહમના નોકરે કહ્યું : 'પહેલા મારી એક વાતનો ખુલાસો થઈ જવા દો. હું એક ખાસ કામે નીકળેલો છું. મારું એ કામ પતે તો જ હું અહીં જમી શકું.'

આમ કહી એણે પોતાના આવવાનો હેતુ કહ્યો. બધાંએ અબ્રાહમ વિશે ઘણા ઘણા પ્રશ્નો પૂછ્યા, ને અબ્રાહમની ઉન્નતિ થઈ છે એ જાણી બધાં ખૂબ રાજી થયાં. ત્યારે અબ્રાહમના નોકરે શેઠના દીકરા માટે રેબેકાના હાથની માગણી કરી. રેબેકાનાં માબાપે તથા ભાઈએ રેબેકાને પૂછ્યું : 'તને આ સંબંધ મંજૂર છે ? ' રેબેકાએ હા કહી.

રેબેકાના ભાઈએ પૂછ્યું : 'તું આમની જોડે કનાન જશે ? '

રેબેકાએ કહ્યું : 'હા ! '

ઈસાકની સાથે રેબેકાનું વેવિશાળ નક્કી થઈ ગયું.

તરત જ અબ્રાહમના નોકરે પોતાની પાસેથી બંગડીઓ, વાળી-ઓ, વગેરે સોનાનાં આભૂષણો કાઢી રેબેકાને પહેરાવી દીધાં. પછી બધાં ખૂબ આનંદથી જમ્યાં.

બીજે દિવસે રેબેકા પોતાની સખીઓ સાથે ઊંટ પર સવાર થઈ શ્વસૂરગૃહે જવા નીકળી. ત્યાં ઈસાકની સાથે ધામધૂમથી એનાં લગ્ન થયાં, અને સસરાના સૂના ઘરનો કારભાર બધો એણે સંભાળી લીધો.

## ૩૩


# સુલેમાનનો ન્યાય

યહૂદીઓ કનાનમાં જઇ વસ્યા, ત્યારે એમનો કોઇ રાજા ન હતો. યહૂદીઓને થયું કે આપણો કોઇ રાજા હોય તો સારું ; એ દુશ્મનોની સામે લડે ને આપણું રક્ષણ કરે ! શમૂએલ કરીને યહૂદીઓના એક આગેવાન હતા. તે ચતુર પુરુષ હતા. તેમણે લોકોને સમજાવ્યા કે રાજા લાવવાથી કંઇ ફાયદો નથી. એ રાજા આપણા પણ જાનમાલનો માલિક બની જશે, આપણા દીકરાઓને એના નોકર ઠરાવશે, અને એમની પાસે બધી જાતનું વૈતરું કરાવશે. આપણી દીકરીઓને પણ તે મજૂરણો અને દાસીઓ બનાવી દેશે. આપણાં ખેતરો તેનાં બની જશે, આપણાં ઘરબાર તેનાં બની જશે, આપણે બધી રીતે તેના નોકર બની જશું ને પછી રડવા વખત આવશે. પણ લોકોએ કહ્યું કે અમારે તો રાજા જોઇએ જ. એટલે ત્યાં રાજાનું રાજ્ય શરૂ થયું.

તેમાં સુલેમાન કરીને એક રાજા થઇ ગયો. એ ઘણો વિલાસી રાજા હતો. સાતસો તો એની રાણીઓ હતી. પણ એ પરાક્રમી હોઇ એણે રાજ્યમાં શાંતિ સ્થાપી, તથા વેપાર ઉદ્યોગોનો વિકાસ કર્યો. તેણે દેશની દોલત ખૂબ વધારી. સુલેમાન ન્યાય પ્રિય રાજા હતો. તેના ન્યાયની એક વાર્તા ખૂબ જ પ્રચલિત છે. તે નીચે પ્રમાણે છે :

એકવાર રાજા સુલેમાન દરબાર ભરીને બેઠો હતો. તેવામાં બે બાઇઓ 'ફરિયાદ ! ફરિયાદ ! ' કરતી આવી.

એક બાઇએ કહ્યું : 'મહારાજ, અમે બે બાઇઓ એક જ ઘરમાં રહીએ છીએ. થોડા દિવસ પહેલાં મેં એ જ ઘરમાં એક છોકરાને



જન્મ આપ્યો. તે પછી ત્રણ દિવસ કેડે આ બાઈએ પણ એ જ ઘરમાં એક છોકરાને જન્મ આપ્યો. પણ એનું નસીબ ફૂટેલું તે એનો છોકરો એ રાતે જ મરી ગયો. એટલે મધરાતે ઊઠીને એને મને ઊંઘતી જોઈ મારા પડખામાંથી મારા છોકરાને લઈ લીધો, એણે તેના મરેલા છોકરાને મારા પડખામાં સુવાડી દીધો. સવારે હું ઊઠીને છોકરાને ધવડાવવા ગઈ ત્યારે મને ખબર પડી કે આ તો મરેલું છોકરું છે, અને મેં જણ્યું હતું તે નથી.'

આટલું કહ્યું ત્યાં બીજી બાઈ આગળ આવી બોલી : 'મહારાજ, એ ધરાર જૂઠું બોલે છે. એ મરી ગયેલું છોકરું એનું છે. અને જે જીવતું છે એ મારું છે !'

ત્યાં તો પહેલી બાઈ બોલી : 'ખોટી વાત ! મરેલું છોકરું તારું છે, ને જીવતું છે તે મારું છે !'

રાજા સુલેમાનને બંનેની વાત સાંભળી લીધા પછી થોડી વાર વિચાર કર્યો, પછી કહ્યું : 'ઠીક, છોકરા પર બંને બાઈઓ પોતાનો હક કરે છે તો બંનેનો હક હું કબૂલ રાખું છું ને હુકમ કરું છું કે એ છોકરાના બે ટુકડા કરી એક એક ટુકડો બંને બાઈઓને આપી દો ! કોટવાલ, ચલાવ તલવાર !'

આ સાંભળી એક બાઈ બોલી: 'હાસ્તો, ન્યાય એટલે ન્યાય !'

પણ બીજી બાઈ માથું ને છાતી કૂટતી બોલી ઊઠી : 'કાપશો નહિ, બાપજી, મારા દીકરાને કાપશો નહિ ! એને જીવતો રહેવા દો, ને પેલી મૂઈને આપી દો ! મને છોકરો ન મળે તો કંઈ નહિ, પણ એ જીવતો રહે એટલે બસ !'

આ સાંભળી સુલેમાને એ છોકરો એ બાઈને જ અપાવ્યો, ને જાહેર કર્યું કે એ એનો જ છે. મા વિના કોઈને આવી લાગણી થાય નહિ.'

આમ કહી એણે પેલી ગળેપડુ બાઈને સખ્ત સજા ફરમાવી.

આ બનાવથી રાજા સુલેમાનની કીર્તિ આખા દેશમાં ફેલાઈ ગઈ.

## ૩૪

# હજરત મૂસા

ચાર હજાર વર્ષ પહેલાંની વાત છે. એક યહૂદી જુવાન જંગલમાં ઘેટાંબકરાં ચારતો હતો, તેવામાં એક ઝાડીમાં આગના ભડકા જોયા. નવાઈની વાત એ હતી કે આગના ભડકા નીકળતા હતા, પણ ઝાડીને એની આંચ સરખી લાગતી નહોતી. એ કૌતુક જોઈને એ ઝાડીની નજીક જવા આગળ વધ્યો, ત્યાં ગેબમાંથી એક અવાજ સંભળાયો : 'મૂસા, મૂસા, તારા પગમાંથી જોડા કાઢી નાખ ! તું ઊભો છે તે જગા અતિ પવિત્ર છે.' મૂસા સમજી ગયો કે આ યહવેહ (ઈશ્વર)નો અવાજ છે, ને જે જ્યોત દેખાય છે તે ઈશ્વરની છે. પછી મૂસાને ઈશ્વરે આજ્ઞા કરી કે તું પાછો મિસર જા, ને ત્યાંના રાજાને કહે કે યહૂદીઓને ગુલામીમાંથી છૂટા કર ! પછી તું એ છૂટા કરેલા યહૂદીઓને કનાનના ફળદ્રૂપ પ્રદેશમાં લઈ જઈને વસાવજે !



ઈશ્વરની આજ્ઞા માથે ચડાવી મૂસા પાછો મિસર ગયો. મિસરનો રાજા બહુ ક્રૂર હતો. તેના રાજ્યમાં યહૂદીઓની હસ્તી કેવળ ગુલામો તરીકે જ હતી. એમને ગંદા ખેતરો ખેડવાની અને મકાનો માટે માટે ઈંટ પાડવાની સખ્ત મજૂરી કરવી પડતી, ને ગંદા વસવાટોમાં પડી રહેવું પડતું. તેમ છતાં તેમના સંખ્યાબળથી રાજા બીતો હતો. એટલે યહૂદીઓની સંખ્યા ન વધે એટલા માટે તેણે એવો હુકમ કર્યો કે દરેક યહૂદી છોકરાને જન્મતાં જ નદીમાં ડુબાડીને મારી નાખવો.

મૂસા યહૂદી હતો. તેનો જન્મ થતાં તેની માએ તેને ત્રણ મહિના સુધી સંતાડી રાખ્યો, પણ પછી એ અશકય બની જવાથી તે એને ટોપલીમાં મૂકી નદી કિનારે મૂકી આવી. તે પછી રાજકુંવરી નદીએ નહાવા ગઇ, ત્યાં પેલી ટોપલી તેના જોવામાં આવી. તેને કુતૂહલ થયું. ટોપલી ઉઘાડીને જોયું તો નાનકડું બાળક! એને એ બાળક ગમી ગયું. એટલે એને એ ઘેર લઇ આવી. આમ મૂસા રાજ્ય - મહેલમાં ઊછર્યો. પણ મોટા થતાં એને ખબર પડી કે પોતે બીજા યહૂદીઓ જેવો યહૂદી છે. એટલે તે યહૂદીઓ ભેગો ફરવા લાગ્યો. યહૂદીઓ પ્રત્યેની રાજાની અને મિસરવાસીઓની ક્રૂર વર્તણૂક જોઇ એ મનમાં બળતો હતો. એક વાર એક મિસરી મુકાદમે એક યહૂદી મજૂરને ચાબખે ચાબખે બેહદ ફટકાર્યો - એ જોઇ મૂસાને એવો ક્રોધ ચડયો કે એણે એ મિસરીને ત્યાં ને ત્યાં જ પૂરો કરી નાખ્યો. પરિણામ એ આવ્યું કે મિસર છોડી એને ભાગવું પડયું. દૂર દેશાવર જઇને એ રહ્યો, ને ત્યાં જ પરણ્યો. ત્યાં સસરાના ઘેટાબકરાં ચરાવતાં ચરાવતાં તેને યહેવરનાં દર્શન થયાં, ને યહૂદીઓને મુકત કરવાની ઈશ્વરી આજ્ઞા મળી.

ઈશ્વરી આજ્ઞા પ્રમાણે મૂસાએ મિસરના રાજદરબારમાં જઇ રાજાને કહ્યું કે યહૂદીઓને ગુલામીમાંથી મુકત કરી દો!

રાજાએ કહ્યું : 'તું કોણ મને આવું કહેનારો ?'

મૂસાએ કહ્યું : 'હું ઈશ્વરની આજ્ઞાથી આ કહું છું.'

'ઈશ્વર વળી કોણ ? એ કયાંનો રાજા છે ? કેટલાં વરસથી એ રાજા છે ? એણે શી બહાદુરી કરી છે ? કેટલા દેશો એણે જીત્યા છે ?'

મૂસાએ કહ્યું : 'સૃષ્ટિનો પેદા કરનારો એ ઈશ્વર છે ; સૃષ્ટિ પેદા થઇ તે પહેલાં પણ એ હતો, ને સૃષ્ટિનો નાશ થયા પછી પણ એ હશે. એ પ્રસન્ન થાય તો પરમ દયાળુ છે, કરુણાનો કમરપટો ને પ્રેમનો મુગટ એ ધારણ કરે છે. પણ એ અપ્રસન્ન થાય તો અગ્નિ એનું બાણ છે, અને વીજળી એની તલવાર છે.'

રાજાએ મૂસાની વાતને હસી કાઢી. તેણે કહ્યું : 'સ્વર્ગ અને પૃથ્વી પર મારાથી મોટો કોઇ નથી. હું જ ઈશ્વર છું. મારા સિવાય બીજો કોઇ ઈશ્વર કયાંય હસ્તીમાં નથી.'

આ અહંકારમાં એણે યહૂદી મજૂરોને રોજ બમણી ઈંટો પાડવાનો હુકમ કર્યો. કામમાં જો એક પણ ઈંટ ઓછી હોય તો એક ઈંટની જગાએ એકએક યહૂદી બાળકને જીવતો દીવાલમાં ચણી દેવામાં આવતો. બધે ત્રાસત્રાસ વ્યાપી ગયો. હવે યહવેહે ગુસ્સે થઇ મિસરના માથે શાપ વરસાવ્યો. તેણે ઉપરા ઉપરી ઉપદ્રવો મોકલ્યા. પહેલા ઉપદ્રવમાં મિસરની બધી નદીઓ અને તળાવોનાં પાણી બગડી ગયાં ને લોહી જેવાં લાલ થઇ ગયાં ; માછલાં બધાં મરી ગયાં. પછી દેડકાનો ઉપદ્રવ થયો. પછી જૂ જેવી જીવાત -નો ઉપદ્રવ થયો ; પછી માખીનો, પછી ઘોડા ઊંટ બળદ બકરાં વગેરે પ્રાણીઓમાં રોગ ચાળો થયો, પછી લોકોમાં ગડગુમડનો રોગચાળો થયો, પછી ભયાનક વાવાઝોડું થયું, ને માથું ફાટી જાય તેવો કરાનો વરસાદ થયો ; પછી તીડ આવ્યાં ; પછી આખો દેશ ઘનઘોર અંધકારમાં ડૂબી ગયો, ત્રણ દિવસ સુધી કોઇ કોઇનું મોં જોઇ શકયું નહિ. આ દરેક ઉપદ્રવ થાય ત્યારે રાજા ભયભીત બની નરમ થઇ જાય ને યહૂદીઓને મુકત કરવાનું કહે, પણ એના વચન પર વિશ્વાસ રાખી મૂસા યહવેહને પ્રાર્થના કરી ઉપદ્રવ બંધ કરાવે એટલે પાછો રાજા હતો એનો એ ! આવું નવ વખત થયું. ત્યારે છેલ્લે યહવેહે ભયાનક શાપ દઇ દીધો : 'મિસરીઓનાં પહેલાં બાળકો બધાં મરી જશે !' હવે રાજા એવો ફફડી ગયો કે એણે યહૂદીઓને ગુલામીમાંથી મુકત કરી દીધા.

વીસ લાખ જેટલા યહૂદીઓને લઇને હજરત મૂસા ઈશ્વરે કહેલા પુનિત પ્રદેશ ભણી જવા નીકળ્યા. તેઓ થોડે ગયા હશે ત્યાં વળી રાજાનું મગજ ફરી ગયું. યહૂદીઓની મજૂરી પર મિસર જીવતું હતું, તેથી તેમના જવાથી મિસરની આબાદીને મોટો ધકકો પહોંચતો હતો. રાજાથી એ કેમ સહન થાય ? એણે તરત જ લશ્કરને હુકમ કર્યો કે એ લોકોને પાછા લઇ આવો. લશ્કરે એનો પીછો કર્યો. ત્યાં લગીમાં તો યહૂદીઓ રાતા સમુદ્ર સુધી પહોંચી ગયા હતા. પાછળ આવી પહોંચેલી મિસરી સેનાને જોઇ હજરત મૂસાએ સમુદ્ર ભણી હાથ લાંબો કરી યહેવહને પ્રાર્થના કરી કે તારી આજ્ઞા પ્રમાણે હું ચાલ્યો છું, તારે સંભાળવાનું છે ! ત્યાં તો ચમત્કાર થયો. સમુદ્રના જાણે બે ભાગ થઇ ગયા - બે બાજુ પાણીની બે દીવાલો બની ગઇ અને વચમાં કોરોકટ જમીનનો રસ્તો ! એ રસ્તે થઇને યહૂદીઓ સામે પાર પહોંચી ગયા, પણ મિસરીઓ એમને પકડવા ત્યાં ધસી આવ્યા કે સમુદ્ર સંધાઇ ગયા ને ઘોડા, ઊંટ, ખચ્ચર વગેરે તમામ સરસામાન સાથે મિસરીઓ સમુદ્રના પેટમાં હોઇયાં થઇ ગયા.

છેવટે યહૂદીઓ મુકત થયા. મહિનાઓની રખડપટ્ટી પછી તેઓ સિનાઇ પહાડ પર પહોંચ્યા. આ પવિત્ર પહાડ પર હજરત મૂસાએ ૪૦ દિવસ અને ૪૦ રાત સુધી તપસ્યા કરી. યહવેહે પ્રસન્ન થઇ સૌ યહૂદીઓને ભેગા કરવાનું કહ્યું. મૂસાએ તેમને સૌને ભેગા કર્યા. પણ તેઓ ઈશ્વરનું તેજ સહન કરી શકયા નહિ, ત્યારે મૂસાએ તેમની વતી ઈશ્વરની આજ્ઞાઓ ઝીલી. આ પ્રસંગે ઈશ્વરે યહૂદીઓને જ દશ આજ્ઞાઓ આપી તે આ પ્રમાણે છે : (૧) તમને મિસરની ગુલામીમાંથી મુકત કરી લઇ આવનાર હું છું. (૨) હું એક અને અદ્વિતીય છું. મારા સિવાય બીજા કોઇની કદી પૂજા કરવી નહિ. (૩) મૂર્તિ બનાવવી નહિ અને મૂર્તિની

પૂજા કરવી નહિ. જે મારા પર પ્રેમ રાખે છે તેના પર હું પ્રસન્ન થાઉં છું, અને જે નથી રાખતો તેનાપર હું રોષ કરું છું. (૪) છ દિવસ કામ કરવું ને સાતમો દિવસ વિશ્રામવાર તરીકે પાળવો. (૫) માતાપિતાને માન આપવું, તેથી દીર્ઘાયુષ્ય મળશે. (૬) કોઇની હત્યા કરવી નહિ. (૭) પરસ્ત્રીને માતા સમાન ગણવી. (૮) ચોરી કરવી નહિ. (૯) ખોટી સાક્ષી પૂરવી નહિ. (૧૦) પડોશીનું કંઇ પણ પડાવી લેવાની ઇચ્છા કરવી નહિ.

મૂસાએ આ આજ્ઞાઓ લોકોને કહી સંભળાવી પૂછ્યું : 'તમને આ કબૂલ છે ? તમે આ પાળશો ? ' ત્યારે લોકોએ કહ્યું કે અમે એ પાળશું. ત્યારે ઈશ્વરે કહ્યું કે તમે આ આજ્ઞાઓ પાળશો તો હું તમને મદદ કરીશ ને નહિ પાળો તો તમને સજા કરીશ. આમ યહવેહ અને યહૂદીઓ વચ્ચે કરાર થયો. આને 'જૂનોકરાર' કહે છે. યહૂદી પ્રજાનો આખો ઇતિહાસ આ કરારભંગને લીધે થયેલી સજા અને પાલનથી મળેલી યહવેહની સહાયનો ઇતિહાસ છે.

કહે છે કે સિનાઇ પહાડ પર આ આજ્ઞાઓ આપતી વખતે યહવેહ રડતા હતા. એ જોઇ હજરત મૂસાએ પૂછ્યું કે આજે તો આપની કૃપા વર્ષાનો દિવસ છે, ને આપ કેમ રડો છો ? ત્યારે યહવેહે કહ્યું : 'મૂસા, હું મનુષ્ય પર (આ આજ્ઞાઓ આપીને) કૃપા કરું છું એટલું જ તું જુએ છે, પણ હું એથી વધારે જોઉં છું. - મનુષ્ય આ આજ્ઞાઓની કેવી દશા કરશે એ હું જાણું છું તેથી મને રડવું આવે છે.'

આજ્ઞાઓ પછી યહવેહે હજરત મૂસાને કેટલાક કાયદા કાનૂનો આપ્યા. હિંદુઓની જેવી મનુસ્મૃતિ, તેવી યહૂદીઓની એ મૂસાસ્મૃતિ છે. આ સ્મૃતિમાં યહવેહ કહે છે કે 'હું કેવળ વેરની વસૂલાતનો ઈશ્વર નથી, પણ કરૂણાનો ઈશ્વર છું. માટે ગરીબો પર, નોકર ચાકરો પર, મજૂરો પર કરૂણા રાખવી. જો કોઇ પોતાના ગુલામને મારે તો તેણે એ અપકૃત્યના બદલામાં એ ગુલામને મુક્ત કરી દેવો. ગુલામ છ વરસ ગુલામી કરે, પછી એને કંઇ પણ લીધા વગર માનપાન અને બક્ષિસ આપી છૂટો કરવો. અનાથ અને વિધવાને સહાય કરવી અને અજાણ્યાને પ્રીતિથી અન્નવસ્ત્ર આપવાં. મિસરમાં તુંય આ અજાણ્યા જેવો હતો, આ ગુલામ જેવો હતો, એ કદી ભૂલવું નહિ.

આમ નિર્માલ્ય અને મરવા પડેલી યહૂદી જાતિમાં હજરત મૂસાએ નવો પ્રાણ ફૂંક્યો. અને એને ચેતનવંતી બનાવી દીધી. પરંતુ સૈકાઓની જડતા ઘડીકમાં થોડી જ દૂર થાય છે ? રખડી-રખડીને એ લોકો હવે કંટાળતા જતા હતા, ને પ્રભુએ બક્ષેલી ધરતી તો હજી દેખાતી નહોતી. તેઓ હવે હજરત મૂસાનો વાંક કાઢવા લાગ્યા હતા ને એમને વઢતા હતા કે અમે મિસરમાં સુખી હતા, તમે અમને દુ:ખી દુ:ખી કરી મેલ્યા. તમારા સ્વાર્થ માટે તમે અમને હેરાન કરો છો !

હવે મૂસાને ખૂનની ધમકીઓ પણ મળવા માંડી : 'પાછા મિસર લઇ જાઓ, નહિ તો તમને મારી નાખીશું.' પરંતુ હજરત મૂસાએ ક્ષમાભર્યું હૈયું રાખી એ બધું સહી લીધું. છતાં કોઇ કોઇ વાર તેઓ ગુસ્સે થઇ જતા ને બોલી ઊઠતા કે આ લોકો મદદને લાયક નથી ; આંધળાને પ્રકાશ કેવી રીતે દેખાડવો ?

હજરત મૂસાના મનના આ વિચારો જાણી યહવેહે તેમને ઠપકો આપતાં કહ્યું : 'મૂસા , માણસ પર વિશ્વાસ ખોવો એ માણસનો દ્રોહ કર્યા બરાબર છે. તેં એવો દ્રોહ કર્યો છે, પાપ કર્યું છે. તું મારી આજ્ઞા સમજ્યો, ને એ લોકો નહિ સમજે એવું તું કેમ માને છે ?'

ત્યારે હજરત મૂસાએ કહ્યું : 'પણ એ લોકો ક્યારે શીખવાના?'

યહવેહે કહ્યું : 'શીખવા માટે અનંત કાળ પડ્યો છે. માણસે ધીરજ ખોવી ન જોઇએ. જોને, હું કેવું અનંત ધૈર્ય ધરી રહ્યો છું !'

હજરત મૂસા સમજ્યા કે ધીરજ એ ઈશ્વરનો ગુણ છે. આજે નહિ તો કાલે, કંઇ અસંખ્ય વર્ષ કેડે પણ મનુષ્ય સમજશે, ને ઈશ્વરના રાહે ચાલશે.

આજે ચાર ચાર હજાર વર્ષના રઝળપાટ પછી પણ યહૂદી પ્રજા પોતાના અંતરમાં આ શ્રદ્ધા જીવંત રાખી રહી છે ને એથી જ એ જીવતી રહી છે.

તે પછી થોડા વખતમાં હજરત મૂસાનું અવસાન થયું : તે વખતે તેમની ઉંમર ૧૨૦ વર્ષની હતી. એમની પછી બીજાઓએ યહૂદીઓની કૂચ આગળ ચલાવી, ને એમ ચાલીસ વર્ષ રણમાં ભમી ભટકીને છેવટે યહૂદીઓ કનાનમાં પહોંચ્યા.